©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, NOVEMBER 20, 2025 / KARTIKA 29, 1947** **[No. 47**

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	3921-4150
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	47
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	93
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1737-1774

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ મુજબ

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક /૨૨/૨૦૨૫.-હું, જી.એસ.મલિક, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે આગામી તા.૬/૭/૨૦૨૫ ના રોજ મહોરમ તાજીયાના તહેવાર નિમિત્તે જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન અને ટ્રાફિક વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઇ રહે તે હેતુસર નીચે મુજબનો હુકમ કરુ છું.

આગામી તા.૬/૭/૨૦૨૫ ના રોજ મહોરમ તાજીયાના તહેવાર નિમિત્તે અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી તાજીયા નિકળશે અને નજીકના વિસ્તારોમાં ફરી છેવટે વિસર્જન અર્થે ભેગા થશે. આ દિવસે બપોર કલાક ૧૪.૦૦ થી કલાક ૨૪.૦૦ સુધી નીચે મુજબના જાહેર માર્ગો ઉપર અવર-જવરના સરળ ટ્રાફિક નિયમન માટે વાહન-વ્યવહારની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

-: વાહન વ્યવહારની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ :-

૧) દિલ્હી ચકલાથી મિરઝાપુર તરફ તથા ઘી કાંટા તરફનો માર્ગ. (મિરઝાપુર રોડ તેમજ ઘી કાંટા રોડ)

૨) શાહપુર દરવાજા હવાબંદરથી મીરઝાપુર ચોક તરફ સુધીનો માર્ગ.

૩) રેવડી બજારથી રિલિફ રોડ તરફ વિજળીઘર સુધીનો માર્ગ

૪) જમાલપુર દરવાજાથી ખમાસા ચાર રસ્તા સુધીનો માર્ગ

૫) રાયખડથી ખમાસા ચાર રસ્તા સુધીનો માર્ગ

૬) સારંગપુર સર્કલથી આસ્ટોડીયા દરવાજા અને ખમાસા સુધીનો માર્ગ

૭) નહેરુબ્રિજ તરફથી રૂપાલી સિનેમા તરફનો માર્ગ

૮) કામા હોટલ સર્કલ થી ખાનપુર દરવાજા સુધીનો માર્ગ

૯) રખિયાલ ચાર રસ્તા થી કાળીદાસ ચાર રસ્તા થી ચારતોડા કબ્રસ્તાન થઈ ચતુરસિંગની ચાલી (ડબ્બા બજાર) થઈ સરસપુર ITI ચાર રસ્તા થઈ ગુરુદ્વારા ચાર રસ્તા સુધીનો માર્ગ.

૧૦) વિક્ટોરીયા ગાર્ડન ચાર રસ્તાથી ઈટાલીયન બેકરી સુધીનો માર્ગ

૧૧) ખારુનાળાથી ખાસબજાર તરફનો માર્ગ

૧૨) રાયખડ ચાર રસ્તાથી મધર ટેરેસા ચોક સુધીનો માર્ગ

૧૩) જસવંત શોપ ફેક્ટરી તરફથી રાજનગર માર્કેટ સુધીનો માર્ગ

૧૪) જલારામ મંદિરના ખાંચા તરફથી રાજનગર માર્કેટ સુધીનો માર્ગ

૧૫) મ્યુનિસિપલ કોઠાથી દાણાપીઠ ચાર રસ્તા સુધીનો માર્ગ

૧૬) ખમાસા ચોકી તરફથી પારસી અગીયારી તરફનો માર્ગ

૧૭) જીલ્લા પંચાયત તરફથી ભદ્ર તરફનો માર્ગ

૧૮) વિજળીઘર ચાર રસ્તા તરફથી ભદ્ર તરફનો માર્ગ

૧૯) રિલિફ ચાર રસ્તા તરફથી ખાસ બજાર તરફનો માર્ગ

૨૦) પાનકોર નાંકાથી ભદ્ર મંદિર તરફનો માર્ગ

૨૧) સાબરમતિ નદીના પૂર્વ છેડે નહેરુબ્રીજ તથા એલીસબ્રીજની નીચે તાજીયા ઠંડા થવા માટે આવનાર હોય અને આ તહેવારમાં મોટી સંખ્યામાં લોકોની જનમેદની એકઠી થતી હોય જેથી નીચે જણાવેલ (એ) અને (બી) મુજબનો રિવરફ્રન્ટનો માર્ગ "નો-વ્હીકલ ઝોન" રહેશે.

(એ) પીકનીક હાઉસ રિવરફ્રન્ટ રોડ ટી થી સરદાર બ્રીજ તરફ જતો માર્ગ

(બી) સરદારબ્રીજ નીચેથી શાહીબાગ પીકનીક હાઉસ તરફ આવતો માર્ગ

-: વૈકલ્પિક માર્ગ :-

૧) ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર તરફથી આવતા વાહનો આશ્રમ રોડ થઈ પાલડી ચાર રસ્તાથી જમાલપુર ઓવરબ્રિજ થઈ એસ.ટી. તથા ભુલાભાઈ ચાર રસ્તા થઈ કાંકરીયા થઈ ઝઘડીયા ઓવરબ્રિજ થઈ અવર-જવર કરી શકાશે.

૨) કાલુપુર રેલ્વે સ્ટેશન તરફ આવ-જા કરવા માટે દિલ્હી દરવાજા, પ્રેમ દરવાજા થઇ ચોખા બજાર થઇ કાલુપુર રેલ્વે સ્ટેશન તરફ આવ-જા કરી શકાશે અને નરોડા તરફથી કાલુપુર રેલ્વે સ્ટેશન તરફ આવ-જા કરવા માટે અમદુપુરા પોલીસ ચોકી થઇ કાલુપુર રેલ્વે ઓવરબ્રિજ થઇ આવ-જા કરી શકાશે. તેમજ રખિયાલ ચાર રસ્તાથી પોટલીયા ચાર રસ્તા થઈ નિર્મળપુરા ચાર રસ્તા થઇ કાલુપુર બ્રિજ થઇ કાલુપુર રેલ્વે સ્ટેશન તરફ આવ-જા કરી શકાશે.

૩) સાબરકાંઠા -હિમંતનગર તરફથી એસ.ટી. તરફ અવર જવર કરવા માટે નરોડા પાટીયા થી મેમ્કો-બાપુનગર થઇ અજીતમીલ થી હાટકેશ્વર સર્કલ થી ખોખરા સર્કલ-અનુપમ સર્કલ થઇ ગાયત્રી ડેરી થઇ ઝઘડીયા ઓવરબ્રિજ થઈ ફુટબોલ ચાર રસ્તા થઇ એસ.ટી. તરફ અવર જવર કરી શકાશે.

૪) અમદાવાદ શહેરના પુર્વ તથા પશ્ચિમ વિસ્તારને જોડતા સાબરમતી નદી પરના સુભાષબ્રીજ, દધિચીબ્રીજ, સરદારબ્રીજ, આંબેડકરબ્રીજ વાહનોની અવર-જવર માટે ચાલુ રહેશે.

શહેર વિસ્તારના તાજીયાનો સમગ્ર રૂટ "નો-પાર્કિંગ ઝોન" જાહેર કરવામાં આવે છે.

અપવાદ :

આ જાહેરનામું ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી/ફરજ દરમિયાન લાગું પડશે નહી.

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૬/૭/૨૦૨૫ ના કલાક ૧૪.૦૦ થી તાજીયા વિસર્જન પુર્ણ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/પોલીસ કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩/૭/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધા :

પોલીસ કમિશનર અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૧૮/૨૦૨૩, તા.૫/૪/૨૦૨૩.

જાહેરનામું

પોલીસ કમિશનર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૨૩/૨૦૨૫.-હું, જી.એસ.મલિક, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) તથા ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મુંબઈ-અમદાવાદ હાઇસ્પીડ રેલ પ્રોજેકટ અંતર્ગત ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઈ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ/ડાયવર્ઝન કરવા હુકમ કરૂ છું.

અમદાવાદ શહેરમાં મુંબઈ-અમદાવાદ હાઇસ્પીડ રેલ પ્રોજેક્ટ અંતર્ગત આર.ટી.ઓ. સર્કલથી કેશવનગર થઈ સેન્ટ્રલ જેલ પોલીસ લાઈન થઈ જે.પી.ની ચાલી થઈ UGVCL સાબરમતી કચેરીથી ચિમનભાઈ બ્રિજના ઉત્તર છેડે થઈ ચાંદખેડા તરફ જતા રોડ ઉપર પીલ્લર બનાવવાનું કામ શરુ થનાર છે. જેમાં ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર પસાર થઈ શકે તેટલી આશરે ૩-મીટર જેટલી જગ્યા રાખી તે સિવાયનો તમામ રોડ પતરાથી બેરીકેડીગ કરી કરવો જરૂરી હોય બાંધકામ કરનાર એજન્સી દિનેશચંદ્ર આર.અગ્રવાલ ઈન્ફ્રાકોન પ્રા.લી., આંબાવાડી, અમદાવાદ નાઓની રજુઆત મુજબ રસ્તો બંધ કરવામાં આવે તો રોજીંદા ટ્રાફિકને વાંધા સરખુ ન હોય જેથી નીચે મુજબની રીતે વાહન વ્યવહાર માટે રસ્તો બંધ/ડાયવર્ઝન કરવામાં આવે છે.

અનં.	વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગની વિગત	વૈકલ્પિક માર્ગની વિગત
૧	અમદાવાદ શહેરમાં મુંબઈ-અમદાવાદ હાઇસ્પીડ રેલ પ્રોજેક્ટ અંતર્ગત આર.ટી.ઓ. સર્કલથી કેશવનગર થઈ સેન્ટ્રલ જેલ પોલીસ લાઈન થઈ જે.પી.ની ચાલી થઈ UGVCL સાબરમતી કચેરીથી ચિમનભાઈ બ્રિજના ઉત્તર છેડે થઈ ચાંદખેડા તરફ જતો રોડ તમામ પ્રકારના વાહન ચાલકો માટે બંધ રહેશે. જેમાં જરૂરીયાત મુજબ સ્થાનિક રહીશો માટે ફક્ત ટુ-વ્હીલર લઈ જવા માટે રસ્તો ખુલ્લો રાખવામાં આવનાર છે.	આર.ટી.ઓ. સર્કલ થઇ ચિમનભાઈ પટેલ બ્રિજ થઈ સાબરમતી તથા ચાંદખેડા તરફ અવર-જવર કરી શકાશે.

તેમજ ઉપર્યુક્ત ડાયવર્ઝનવાળો સમગ્ર રૂટ 'નો-પાર્કિંગ ઝોન' રહેશે.

અપવાદ :

ફરજમાં રોકાયેલા સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તથા આકસ્મિક સંજોગોમાં વાહન સાથે જનારને આ જાહેરનામું લાગું પડશે નહી.

-: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૪/૭/૨૦૨૫ થી તા.૨૦/૬/૨૦૨૬ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી / પોલીસ કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩/૭/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જી.એસ.મલિક,
પોલીસ કમિશનર
અમદાવાદ (શહેર)

:: જાહેરનામુ ::

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે ::

ક્રમાંક : એસ.બી./તાજીયા મોહરમ/૧૨૨/૨૦૨૫.-સુરત શહેરમાં દર વર્ષે મુસ્લીમ સમુદાયમાં તાજીયા રાખવામાં આવે છે. સુરત શહેરમાં આ વર્ષે તા.૦૬/૦૭/૨૦૨૫ ના રોજ તાજીયા મોહરમ છે. આ તહેવાર અગાઉ બનાવવામાં આવતા તાજીયાઓના કદ બાબતે ઊંચાઈનું યોગ્ય અને નિયત ધોરણ જાળવી રાખવામાં આવે જેથી જુલુસ પ્રક્રિયા સરળતાથી થાય અને આ દરમ્યાન ટ્રાફિક સરળતાથી ચાલુ રહે અને કાયદો-વ્યવસ્થાનાં પ્રશ્નો ઉપસ્થિત ન થાય. તેમજ બીજા ધર્મના લોકોની ધાર્મિક લાગણી દુભાય એવા કૃત્યો ન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે.

વાસ્તે, હું અનુપમસિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ નીચે મુજબ હુકમ કરૂં છું,

:: પ્રતિબંધિત કૃત્યો ::

(૧) બેઠક સહિત ૦૯ (નવ) ફુટ કરતા વધારે ઉચાઈના તાજીયા બનાવવા, વેચવા તથા જાહેર માર્ગ ઉપર પરીવહન કરવા ઉપર.

(૨) નિયત કરેલ સ્થળ સિવાયના અન્ય સ્થળ પર તાજીયા મુકવા પર.

(૩) જે જગ્યાએ તાજીયા બનાવવાની કામગીરી કરે છે તથા જે જગ્યા વેચાણ માટે રાખે છે, તે જગ્યાની આજુબાજુ તથા નજીકમાં કોઈપણ પ્રકારની ગંદકી કરવા કે કોઈપણ પ્રકારના તાજીયા રોડ ઉપર જાહેરમાં ટ્રાફીકને અડચણ થાય તે રીતે રાખવા ઉપર.

(૪) તાજીયાઓને બિનવારસી હાલતમાં મુકવા ઉપર.

(૫) કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઈ પણ પ્રકારના વર્તન કરવા પર.

(૬) પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર નિકળવા ઉપર.

(૭) સુપ્રીમ કોર્ટની ગાઇડલાઇન તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણના જાહેરનામાં મુજબ રાત્રીના ક.૨૨/૦૦ થી સવારના ક.૦૬/૦૦

સુધી લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ છે. તેમજ ગૃહવિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૨૧/૦૩/૨૦૨૪ ના પત્રક્રમાંક: HD/cou/e-file/8/2023/0331/m/p.f મુજબ દરેક સાઉન્ડ સીસ્ટમમાં ફરજીયાત સાઉન્ડ લીમીટર લગાડવાના રહેશે.

:: પ્રતિબંધિત વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશ્નરની હકુમ હેઠળનો સમગ્ર વિસ્તારમાં

-: પ્રતિબંધની અમલવારીનો સમયગાળો :-

તા.૦૪/૦૭/૨૦૨૫ ના કલાક.૦૦/૦૦ થી તા.૦૮/૦૭/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ. ૩૦/૦૬/૨૦૨૫ ના રોજ મારા સહી અને સિકકો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

-:: ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ ::-

ક્રમાંક : એસ.બી./હથિયારબંધી/૧૨૩/૨૦૨૫..-સુરત શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ આગામી સમયમાં અગત્યના તહેવારો આવતા હોય અને સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત વિસ્તારમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

:: હુકમ ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

:: પ્રતિબંધિત કૃત્યો ::

(ક) શસ્ત્રો, બંદુક, તલવાર, ભાલા, ખંજર, ચપ્પા તથા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવા કે અન્ય રીતે સ્વ-બચાવના ચોકકસ કારણો સિવાય સાથે રાખીને ફરવા ઉપર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા તેમજ સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈપણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(ઘ) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા એકઠા કરવા તથા તૈયારી કરવા ઉપર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ લાવવા અથવા રાખવા કે વેચાણ કરવા ઉપર.

(છ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવા ઉપર.

(જ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા બાળવા/લટકાવવા, દેખાડવા કે પુતળાને ફાંસી આપવા ઉપર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

(ટ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પ્રદાર્થ વસ્તુ

તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવાં છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

:: અપવાદ ::

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઇ પણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઇપણ અધિકારીઓએ જેને શારિરીક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિને લાગુ પડશે નહીં.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૧/૦૭/૨૦૨૫ ના ક.૦૦-૦૦ થી તા.૧૫/૦૭/૨૦૨૫ ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

આજ તારીખ :-૩૦/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

:: જાહેરનામુ ::

:: ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ ::

ક્રમાંક: એસ.બી./ચાર કરતા વધુ વ્યકિત ભેગા થવા ઉપર/ ૧૨૪ /૨૦૨૫.-સુરત શહેરમાં આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો તેમજ રેલીઓ/ ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઈ પણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ સુરત પોલીસ કમિશનરેટની હદ વિસ્તારમાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર. ગુજરાત પોલીસ એકટની કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

:: પ્રતિબંધીત કૃત્યો ::

સુરત પોલીસ કમિશનરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં. તેમજ કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઇ પણ જાતની સભા-સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

:: અપવાદ ::

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

:: અમલવારીનો સમય તથા વિસ્તાર. ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૧/૦૭/૨૦૨૫ ના ક.૦૬-૦૦ થી તા.૧૫/૦૭/૨૦૨૫ ના ક.૨૪-૦૦ વાગ્યા સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનામ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ-કલમ ૧૩૫ (૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૩૦/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

:: જાહેરનામુ ::

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ::

ક્રમાંક : એસ.બી./જાહેરનામુ/દશામાં/૧૫૧ /૨૦૨૫.-સુરત શહેરમાં ચાલુ વર્ષે તા.૨૪/૦૭/૨૦૨૫ ના રોજ દશામાની મુર્તિની સ્થાપના અને તા.૦૨/૦૮/૨૦૨૫ ના રોજ દશામાની મુર્તિના વિસર્જન અનુસંધાને ધાર્મિક યાત્રાઓ નિકળનાર છે. આ સમગ્ર બાબતને ધ્યાનમાં લેતા આ મહોત્સવના અગાઉ મુર્તિકારો માતાજીની મુર્તિઓ બનાવતા હોય છે. અને આ મુર્તિઓની ધર્મપ્રેમીઓ સ્થાપના કરી પુજા-અર્ચના કરતા હોય છે. આ અનુસંધાને મુર્તિકારો તરફથી મુર્તિઓના કદ બાબતે ઊંચાઈનુ યોગ્ય ધોરણ જળવાય રહે તથા વિસર્જન પ્રક્રિયા સરળતાથી થાય અને વિસર્જન સરઘસનુ ટ્રાફિક સરળતાથી ચાલુ રહે તેમજ કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત ન થાય તેમજ મુર્તિ બનાવવાના સ્થળે ગંદકી કરવાના કારણે રોગચાળો ફેલાવવાની શક્યતા રહે છે. તેમજ ધાર્મિક લાગણી ના દુભાય તદઉપરાંત મુર્તિની બનાવટમાં બીજા ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઈ ચિન્હો કે નિશાની રાખવામાં ના આવે તેમજ કેમિકલયુક્ત રંગોનો ઉપયોગ મુર્તિઓના કલર કામ માટે થતો હોય આવી મુર્તિઓને નદી તથા તળાવના પાણીમાં વિસર્જન કરવાથી પાણીમાં રહેતા પાણીજન્ય જીવો માછલી તેમજ મનુષ્યને પણ નુકશાન થાય છે. જેથી પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવા કેન્દ્રીય પ્રદૂષણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ ગાઈડલાઈન મુજબ તેમજ સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ વખતો-વખતના ઠરાવો અને નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા સદરહુ તહેવારની ઉજવણીને લઈ આપવામાં આવેલ ગાઈડલાઈનને ધ્યાને લઈ સદર તહેવારની ઉજવણી દરમિયાન આ બાબતોને ધ્યાને રાખી સુરત શહેરની જનતામાં સુલેહ શાંતી અને સલામતિ જળવાય રહે તેમજ કાયદો અને વ્યવ્સથાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી સાવચેતીના પગલા રૂપે નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાનુ જરૂરી જણાય છે.

પર્યાવરણ (એન્વાયરમેન્ટ પ્રોટેકાશન) એક્ટ-૧૯૮૬ ની કલમ-૫ મુજબ ગુજરાત સરકારના પર્યાવરણ વિભાગના પત્ર નં. ઈએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪/ઈ તા.૨૬/૦૭/૨૦૧૦ ની સુચના અનુસાર નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા મહારાષ્ટ્ર હાઈકોર્ટ ની સુચના તથા આપેલ આદેશ અનુસાર પર્યાવરણને નુકસાન ન થાય તે હેતુ માટે સાવચેતીના પગલા પગલા લેવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ નીચે મુજબ હુકમ કરૂં છુ.

:: પ્રતિબંધિત કૃત્યો ::

(૧) દશામા તહેવાર અનુસંધાને માટીની મૂર્તિ બેઠક સહિતની ૦૯ (નવ) ફુટ કરતા વધારે ઉચાઈની બનાવવા, વેચવા, સ્થાપના કરવા તથા જાહેર માર્ગ ઉપર પરીવહન કરવા ઉપર.

(૨) દશામાની પી.ઓ.પી.ની મુર્તીઓ અને ફાયબરની મૂર્તિ બેઠક સહિતની ૦૫ (પાંચ) ફુટથી વધારે ઊચાઈની બનાવવા, વેચવા, સ્થાપવા, જાહેર માર્ગ ઉપર પરીવહન કરવા અને નદી, તળાવ સહિતના કુદરતી જળસ્ત્રોતમાં વિસર્જન કરવા ઉપર. (માટી તથા પી.ઓ.પી.ની મુર્તીઓનું SMC દ્વારા કૃત્રિમ રીતે બનાવેલ તળાવમાં અથવા દરીયામાં વિસર્જન કરવાનું રહેશે.)

(૩) ઓવારા વાઈઝ જ્યાં કૃત્રિમ તળાવ બનાવેલ હોય તેવા ઈસ્યુ કરેલ પાસ સિવાયના અન્ય ઓવારા ઉપર આયોજકોને મૂર્તીઓનું વિસર્જન કરવા ઉપર.

(૪) મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિઓ બનાવવાની કામગીરી કરે છે તે જગ્યા તથા વેચાણ માટે રાખે છે તે જગ્યાની આજુબાજુ તથા નજીકમાં કોઈપણ પ્રકારની ગંદકી કરવા કે કોઈપણ પ્રકારની મૂર્તિ રોડ ઉપર જાહેરમાં ટ્રાફીકને અડચણ થાય તે રીતે ખુલ્લી રાખવા ઉપર.

(૫) દશામાની મૂર્તિઓના સ્થાપના દિવસ બાદ મૂર્તિકારોએ વેચાણ ન થયેલી તથા બનાવટ દરમ્યાન ખંડીત થયેલી મૂર્તિઓને બિનવારસી હાલતમાં મુકવા ઉપર.

(૬) કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઇ ચિન્હો કે નિશાની વાળી મૂર્તિઓ બનાવવા, ખરીદવા, વેચવા અને સ્થાપના કરવા ઉપર.

(૭) દશામા તહેવાર પૂર્ણ થયા બાદ તમામ બાદ તમામ મંડપો બે દિવસ કરતા વધારે દિવસ સુધી રાખવા ઉપર.

(૮) ફાયબરની મૂર્તિ વિસર્જનના દિવસે તથા ત્યારબાદ સરઘસના રૂપે બહાર કાઢવા ઉપર.

(૯) પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર વિસર્જન કરવા ઉપર

(૧૦) મુર્તિઓની બનાવટમાં પાણીમાં સરળતાથી ઓગળી ન શકે તેવા ઝેરી કેમિકલયુક્ત રંગોનો ઉપયોગ કરવા ઉપર.

અધિક મુખ્ય સચિવશ્રી વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર નાઓનો પત્ર નં. ઈએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪/ઈ તા.૨૬/૦૭/૨૦૧૦ દ્વારા પાઠવેલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સરકારશ્રી ના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરીયા, નદી, તળાવના પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણને અટકાવવા માટે આપેલ સુચનો તથા ધી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના તા.૦૯/૦૫/૨૦૧૩ના હુકમ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુશનલ, સેન્ટ્રલ ઝોન બેન્ચ, ભોપાલના તા.૧૮/૦૮/૨૦૧૫ના હુકમને આધારે ઉપર મુજબના પ્રતિબંધો સુરત શહેરમાં બહારથી દશામાની મૂર્તિઓ લાવી વેચતા મૂર્તિકારો અને વેપારીઓને પણ લાગુ પડશે.

વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-: પ્રતિબંધની અમલવારીનો સમયગાળો :-

તા.૨૪/૦૭/૨૦૨૫ ના કલાક.૦૦/૦૦ થી તા.૦૨/૦૮/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ વાગ્યા સુધી.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ.:૨૩/૦૭/૨૦૨૫ ના રોજ મારા સહી અને સિકકો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ ::

ક્રમાંક: એસ.બી./ સરકારી કચેરીઓમાં અનઅધિ. વ્યક્તિ પ્રવેશ-પ્રતિબંધ /૧૨૫/૨૦૨૫.–પોલીસ કમિશનરશ્રી સુરત શહેર ના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવા કે, જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા ન્યાયાલય કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમા આવેલ સરકારી કચેરીઓ, જીલ્લા સેવા સદન-૨, મહાનગર પાલીકાની કચેરીઓ અને ઝોન ઓફીસો, પ્રાદેશીક વાહનવ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી ઉક્ત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે, અથવા તો ગેરકાયદેસરની પ્રવૃતીઓ કરી ઉલટી સીધી વાતો કરી જાહેર જનતાને ભોળવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃતીઓ કરી રહેલ હોવાનું પોલીસના જેવો લોગોં મુકી સમાચારપત્રો, આઈકાર્ડ કે વિઝીટીંગ કાર્ડ રાખી સરકારી કર્મચારી કે અધિકારી હોવાનો સમાજમાં ખોટો ભ્રમ ઉભો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી આમ જનતાને ગુમરાહ કરતા હોય છે. તથા NGO કે અન્ય સંસ્થાઓ કે જે કાયદેસર રીતે કાર્યરત છે. તેમના નામે કર્મચારીઓને હેરાનગતી કરવાના ઈરાદે અથવા આમ જનતાને ખોટી ઓળખ આપી ખોટા કાર્ડ છપાવી/ બતાવીને પોતે આવી સંસ્થા સાથે સંકળાયેલા હોવાનો ભ્રમ ઉભો કરી સરકારી કચેરી અથવા અન્ય સ્થળોએ કેટલાક ઇસમો અનધિકૃત રીતે NGO કે અન્ય સંસ્થાઓ જેવી કે રાષ્ટ્રીય માનવ અધિકાર સંસ્થા, રાષ્ટ્રીય લાંચરુશ્વત વિરોધી સંસ્થા વગેરેના સરકારી કર્મચારી કે અધિકારી હોવાનું કે તે સંસ્થા સાથે સંકળાયેલ હોવાનું જણાવીને છેતરપીંડી કરતા હોય છે. અને લોકો તેમને સરકારી કર્મચારી/ અધિકારી ગણી છેતરાઇ જાય છે.

::હુકમ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩(BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું હુકમ કરું છું

પોલીસ કમિશનર સુરત શહેરના કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલ ઉક્ત પેરામાં જણાવ્યા પ્રમાણેની તમામ સરકારી કચેરીઓ તમામ પોલીસ સ્ટેશનો તેમજ જ્યાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી અન્ય તમામ સરકારી કચેરીઓમાં પોતાના સરકારી કામ માટે આવેલા હોય, અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનધિકૃત ઈસમો કે, ઈસમોની ટોળી, સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનધિકૃત વચેટીયા તરીકે કામ કરતાં ઈરાદો રાખતા આવા વ્યકિત ઓ/ઈસમોના પ્રવેશ ઉપર તથા NGO કે તેના જેવી સંસ્થાઓના નામે કાર્ડ છપાવી/બતાવીને સરકારી કર્મચારી/અધિકારી હોવાનો ભ્રમ ઉભો કરી NGO કે તેના જેવી સંસ્થાઓ જોડે સંકળાયેલા હોવાનું જણાવી સરકારી કચેરી અથવા અન્ય સ્થળોએ છેતરપીંડી કરતા વ્યક્તિઓ/ઈસમો પર પણ પ્રતિબંધ ફરમાવુ છું.

અમલવારીનો સમય

આ જાહેરનામાનો અમલ તા.૦૩/૦૭/૨૦૨૫ ના ક.૦૦-૦૦ થી તા.૩૧/૦૮/૨૦૨૫ ના ક.૨૪-૦૦ સુધીનો રહેશે.

અમલવારીનો વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તા.૦૨/૦૭/૨૦૨૫ના રોજ મેં મારી સહી તથા સિક્કા કરી આપેલ છે

:: જાહેરનામું ::

-:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ ::-

ક્રમાંક: એસ.બી/ડ્રોન કેમેરા/૧૨૬/૨૦૨૫.–પોલીસ મહાનિરીક્ષકશ્રી સ્ટેટ ઈન્ટેલીજન્સ બ્યુરો, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાઓ ના પત્રક્રમાંક જી.-૨/ડ્રોન/કામગીરી/૭૮૯/૨૦૨૧ તા:૦૧/૧૧/૨૦૨૧ અન્વયે અત્રેના સુરત શહેર વિસ્તારમાં આવેલ ક્રિટિકલ અને સ્ટ્રેટેજીક મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશનને રેડ, યલો ઝોન કે ગ્રીનઝોનમાં વિભાજીત કરેલા જેને અપ્રૂવ કરેલાની માહિતી અત્રે મોકલેલ છે. અત્રેના સુરત શહેર વિસ્તારમાં આવેલ વાઈટલ ઈન્સ્ટોલેશન, એરપોર્ટ, દરિયાકિનારાના વિસ્તારમાં, હજીરા પોર્ટ, વી.આઈ.પી / વી.વી.આઈ.પી. રહેઠાણ તેમજ કચેરીઓ, અગત્યની સરકારી કચેરીઓ વગેરે જગ્યાની સુરક્ષા કરવાની જવાબદારી શહેર પોલીસની છે. UAV (Unmanned Aerial Vehicle) કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરિયલ મિસાઈલ, હેલીકોપ્ટર, રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફ્ટ કે પેરાગ્લાઈડર જેવા સંસાધનોથી દેશ-વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈને સુરત શહેરની સુરક્ષાને હાની પહોંચાડવાની શકયતા નકારી શકાય નહીં, તેમજ તાજેતરમાં જમ્મુ-કાશ્મીરમાં બનેલ ડ્રોન હુમલાના બનેલ બનાવ તથા આ પ્રકારના સંસાધનોથી શહેરમાં આંતક ફેલાવી, સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શકયતા રહેલી છે. જેથી પોતાના અંગત વ્યવસાય માટે ઉપર જણાવેલ UAV(Unmanned Aerial Vehicle) ઉપર નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાને લેતા સુરત શહેરના અત્રેની કચેરીના રેકર્ડ ઉપર સમાવિષ્ટ કરેલ રેડ ઝોન- કુલ: ૪૪ અને યલ્લો ઝોન કુલ: ૭૭ મળી કુલ: ૧૨૧ ઝોનના વિસ્તારોને અત્રેની કચેરીથી રીમોટલી પાઈલોટેડ એરક્રાફ્ટ સીસ્ટમ (RPAS) DRONE-UAV અંગેની ડાયરેક્ટર જનરલ સિવિલ એવિએશન, ભારત સરકારનાઓની ગાઈડલાઈન મુજબ DRONE-UAV ઉડાડવા માટે પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ છે. આ વિસ્તારમાં કોઈપણ સમયે DRONE -UAV ઉડાડવા માટે લાગતા વળગતા અરજદાર / ઓપરેટરશ્રીએ સંબંધિત કચેરી, વિભાગ તથા ડીજીસ્કાય એપ (એપ્લીકેશન) ઉપર અપલોડ કરેલી વિગતે પરવાનગી લઈ DRONE -UAV ઉડાડવાની કાર્યવાહી કરવાની રહેશે તથા DRONE

-UAV ઉડાડવા માટેની પ્રવર્તમાન સમયમાં સિવિલ એવિએશનની ગાઇડલાઈન ધ્યાને લેતા DRONE-UAV ના ઓપરેટર / સંચાલકશ્રી એ રેડ ઝોનના વિસ્તાર માટે મિનિસ્ટ્રી ઓફ હોમ અફેર્સ, તથા મિનિસ્ટ્રી ઓફ સિવિલ એવિએશન, ભારત સરકારશ્રી તથા યલ્લો ઝોનના વિસ્તાર માટે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડીયાની પરવાનગી લેવાની રહેશે. તેમજ ગ્રીન ઝોન વિસ્તારમાં DRONE -UAV ઉડાડવા માટે સંબંધિત પોલીસ સ્ટેશનના થાણા ઈન્ચાર્જશ્રીને અગાઉથી જાણ કરવાની રહેશે

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો માટે પ્રતિબંધ ફરમાવુ છું.

:: પ્રતિબંધિત કૃત્યો ::

સુરત શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં U.A.V (Unmanned Aerial Vehicle) કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરીયલ મિસાઈલ, હેલિકોપ્ટર, રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફ્ટ કે પેરાગ્લાઈડર ચલાવનાર સંચાલકે કે જેઓ પોતાના અંગત વ્યવસાય માટે રાખતા હોય છે. તેના માલિકે આ U.A.V (Unmanned Aerial Vehicle)ની સંપૂર્ણ માહિતી જેવી કે મોડલ નંબર, વજન, ક્ષમતાની વિગતો સાથે DGCA (DIRECTOR GENERAL CIVIL AVIATION) DGSKY એપ ઉપર રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે અને જરૂરી વિગતો અપલોડ કરવાની રહેશે અને એરપોર્ટના ત્રણ કિલોમીટરના પરીઘમાં તેમજ વાઈટલ ઈન્સ્ટોલેશનના બે કિલોમીટરના પરીઘમાં, દરિયાકિનારાના ૫૦૦ મીટરના આગળના ભાગે આવેલ જમીન ઉપરના ગ્રાઉન્ડ સ્ટેશનના ફીક્ષ્ડ પ્લેટફોર્મના વિસ્તારમાં " નો U.A.V (Unmanned Aerial Vehicle) ફલાય ઝોન " જાહેર કરુ છુ. તેમજ નેનો ડ્રોન એટલે કે ૨૫૦ ગ્રામ અથવા ૨૫૦ ગ્રામ કરતા ઓછા વજનના ડ્રોન સિવાયના U.A.V (Unmanned Aerial Vehicle)નો ઉપયોગ કરતાં પહેલા અગાઉ જે વિસ્તારમાં ઉપયોગ કરવાનો હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનના થાણા ઈન્ચાર્જશ્રીને અગાઉથી જાણ કરવાની રહેશે. તેમજ ડ્રોન કે અન્ય U.A.V (Unmanned Aerial Vehicle) સંસાધન કોઈને ભાડે આપવામાં આવે તેની જાણ અગાઉથી ભાડે આપતા પહેલા નજીકના પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જને કરવાની રહેશે.

પ્રવર્તમાન સ્થિતીને અનુસંધાને સુરત શહેરની સુરક્ષાની બાબત ધ્યાને લેતા આ જણાવેલ વિગતોનુ કોઈપણ વ્યક્તિ / અરજદાર / એજન્સી ઉલ્લંઘન કરતા જણાઈ આવશે તો તેઓ વિરૂધ્ધ BNS (223) કાયદા અનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૦૩/૦૭/૨૦૨૫ ના ક.૦૦-૦૦ થી તા.૩૧/૦૮/૨૦૨૫ ના ક.૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

:: પ્રતિબંધિત વિસ્તાર ::

પોલીસ કમિશ્નર શ્રી સુરત શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

:: અપવાદ ::

સુરક્ષા એજન્સીના રીમોટ કંટ્રોલ માઈક્રો લાઈટ એરક્રાફ્ટને આ જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

:: શિક્ષા::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૦૨/૦૭/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ :-

ક્રમાંક: એસ.બી./જેલસુરક્ષા/૧૨૭/૨૦૨૫.–ભુતકાળમાં બનેલ દેશ વિરોધી તથા સમાજ વિરોધી બનાવોની તપાસ દરમ્યાન આવા બનાવોમાં સંડોવાયેલ આરોપીઓમાં જેલમાં રહેલ કેદીઓ પણ સામેલ હોવાની હકિકત જાણવા મળેલ છે તેમજ તાજેતરમાં જેલ કસ્ટડીમાં રહેલ આરોપીઓ જામામાંથી ભાગી જવાના બનાવોની તપાસ દરમ્યાન પણ જે હકિકત બહાર આવેલ છે તે મુજબ આ કેદીઓ તેઓની જેલ કસ્ટડી દરમ્યાન પોતાની પાસેના મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા હોવાની હકિકત તપાસ દરમ્યાન જણાયેલ છે તેમજ જેલમાં રહેલ દેશ વિરોધી કૃત્ય કરવા વાળા ઈસમો આ રીતે જેલમાં રહી મોબાઈલનો ઉપયોગ કરી ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે જેથી દેશની આંતરીક સલામતી તથા માનવ જીંદગીની ખુવારી ન થાય અને લોકોની મિલકતને નુકસાન ન થાય તેવા કૃત્ય અટકાવવા તથા સુરક્ષાને ધ્યાને લઈ તકેદારી ના પગલા રૂપે સુરત લાજપોર મધ્યસ્થ જેલ પ્રિમાઈસીસમાં (સંકુલમાં) અમુક નિયંત્રણો મુકવાનુ જરૂરી જણાય છે.

:: હુ ક મ ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરુ છું કે, સુરત શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ સુરત લાજપોર મધ્યસ્થ જેલ પ્રિમાઈસીસમાં (સંકુલમાં) સલામતી અને સુરક્ષાના કારણોને ધ્યાને લઈ આ પ્રિમાઈસીસમાં કોઈપણ વ્યક્તિ મોબાઈલ ફોન, આઈપેડ કે દૂર સંચાર માધ્યમના અન્ય ગેઝેટ્સ નો ઉપયોગ કરી શકશે નહીં અને મોબાઈલ ફોન કે સીમકાર્ડ કે દૂર સંચાર માધ્યમના અન્ય ગેઝેટ્સ સાથે રાખી શકશે નહીં તેમજ આવા કોઇ સાધનો/ ગેઝેટ્સ સાથે જેલના પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરી શકશે નહીં /કરશે નહીં

:: અપવાદ::

કોઈ પણ જાહેર રાજ્ય સેવક કે જે પોતાની ફરજ ના ભાગ રૂપે બંધાયેલ છે તેવી વ્યક્તિ ને તેની ફરજ દરમ્યાન આ હુકમ લાગુ પડશે નહીં.

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૦૩/૦૭/૨૦૨૫ના ક.૦૦-૦૦ થી તા.૩૧/૦૮/૨૦૨૫ના ક.૨૪-૦૦ વાગ્યા સુધી સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળ ના સમગ્ર વિસ્તારમા રેહેશે.

:: પ્રતિબંધિત વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળ સુરત લાજપોર મધ્યસ્થ જેલ પ્રિમાઈસીસમાં (સંકુલ માં) નો સમગ્ર વિસ્તારમાં રેહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તા.૦૨/૦૭/૨૦૨૫ના રોજ મારા સહી સીક્કા કરી આપેલ છે.

:: જાહેરનામું ::

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ :-

ક્રમાંક:એસ.બી./ કપલ બોક્ષ /૧૨૮/૨૦૨૫.–સુરત શહેરના ઘણા વિસ્તારમાં કોફીશોપ, હોટલો, કાફે, રેસ્ટોરન્ટો, પાનના ગલ્લા, વિગેરેની આડમાં એકાંતમાં બેસી કોઈ જોઈ ન શકે તેવી બંધ જગ્યા (કપલ બોક્ષ) ઉભા કરી તેમા અસામાજિક પ્રવુતિઓ ચાલતી હોય છે. જેમાં અશ્લીલ કૃત્યો, નશીલા કેફી દ્રવ્યોનું સેવન થતું હોવાનું જણાઈ આવેલ છે. એકાંતમાં બેસી કોઈ જોઈ ન શકે તેવી બંધ જગ્યા (કપલ બોક્ષ) ની આડમાં ચાલતી પ્રવુતિઓને કારણે નાની વયના યુવક-યુવતિઓ ભોગ બનતા હોય છે. જેનાથી મ્રુત્યુ, રેપ, અને બ્લેકમેઈલીંગના કિસ્સાઓ પણ બનતા હોય છે.જેથી તાત્કાલિક અસરથી પ્રતિબંધિ મુકવો જરૂરી જણાય છે.

:: હુ ક મ ::

વાસ્તે, હુ અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ નીચે મુજબ હુકમ કરૂ છું કે,

(૧) કોફીશોપ, હોટલો, કાફે, રેસ્ટોરન્ટો, પાનના ગલ્લા વિગેરે જગ્યાઓએ એકાંતમાં બેસી કોઈ જોઈ ન શકે તેવી બંધ જગ્યા (કપલ બોક્ષ) કેબિન બનાવવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૨) કોફીશોપ, હોટલો, કાફે, રેસ્ટોરન્ટો, પાનના ગલ્લા વિગેરે જેવી જગ્યાએ સ્પષ્ટ રીતે દેખાય તેવી બેઠક વ્યવસ્થા રાખવાની રહેશે.

(૩) ઉપરોક્ત તમામ જગ્યાઓએ સ્પષ્ટ દેખાય તે રીતે CCTV કેમેરા લગાડવાના રહેશે.

:: અમલવારીનો સમય તથા વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૩/૦૭/૨૦૨૫ના ક.૦૦-૦૦ થી તા.૩૧/૦૮/૨૦૨૫ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે

આજ તારીખ :૦૨/૦૭/૨૦૨૫નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

-:: જાહેરનામુ::-

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ :-

ક્રમાંક : એસ.બી./રાજકીય/પ્લેગૃપ-નર્સરી-૧૨ વર્ષથી નાના બાળકો અંગે/૧૨૯/૨૦૨૫.–સુરત શહેરમાં ભૂતકાળમાં બનેલ પ્લેગૃપ, નર્સરી, શાળામાંથી બાળકોના અપહરણના બનાવોમાં એવુ જોવા મળે છે કે, આવા ગુનામાં વિવિધ કારણોસર જેવા કે, માતા-પિતા પાસેથી ખંડણી/ફિરોતીના રૂપિયા પડાવવાનાં બાળક સાથે બદકામ કરવાના કે, બદલો લેવાના હેતુથી અથવા બીજા કોઈ કારણસર માતા-પિતાને દબાણ હેઠળ મુકવાના હેતુથી અપહરણ કરવામાં આવે છે. આવા ગુનામાં સંડોવાયેલ વ્યકિતઓ માતા-પિતા સાથે ધરોબો (સંબંધ) કેળવી તેઓની દિનચર્યા એકત્રિત કરી સંબંધિત બાળક સાથે પરિચય કેળવી ત્યારબાદ લલચાવી ફોસલાવી ભણવા અથવા તો રમવા માટે ગયેલ હોય ત્યારે તે સમયે પોતાની ઓળખાણ બાળકના સગા તરીકે આપી બાળકનું અપહરણ કરવાના ગંભીર ગુના આચરતા હોય છે, જેના લીધે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી કાયદો વ્યવસ્થા અને શાંતિ-સલામતી જળવાઈ રહે તે હેતુથી આવી ગુનાહિત પ્રવૃતિ અટકાવવા માટે નીચે જણાવ્યા મુજબની માહિતી પ્લેગૃપ/નર્સરી/શાળાનાં સંચાલકોઓએ રાખવાની રહેશે.

:: હુકમ ::

વાસ્તે, હુ અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂ છું કે,

સુરત શહેરમાં આવેલ તમામ પ્લેગૃપ/ નર્સરી તથા શાળાઓ કે જેમાં બાળકો ભણવા માટે અથવા તો રમવા માટે જતાં હોય તેવી સંસ્થાઓએ નીચે જણાવેલ માહીતી એકત્ર કરવી.

(૧) તમામ પ્લેગૃપ, નર્સરી તથા શાળાઓમાં ૧૨ વર્ષ અને તેનાથી ઓછી ઉમરના બાળકોને ઘરેથી શાળાએ મોકલવાના તથા શાળાનો સમય પુરો થયા પછી કોની સાથે ઘરે પરત જશે તે અંગેનો રેકોર્ડ રાખવાનો રહેશે.

(૨) જેમાં બાળકો ભાડાના વાહનો જેવા કે ઓટોરિક્ષા, મીનીબસ, મારૂતીવાન જેવા વાહનોમાં જાય તે વાહનનો રજીસ્ટેશન નંબર, ડ્રાઈવરનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર, લાયસન્સ અને ફોટો તથા વાહન માલિકનું નામ, સરનામુ, ટેલીફોન/મોબાઈલ નંબર સબંધિત સંસ્થાએ રાખવાના રહેશે.

આ માહીતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે

અ.નં.	વિગત	
૧	વાહનમાલિકનું નામ સરનામુ/ટે.નં./મો.નં.	
૨	ડ્રાઈવરનું નામ, સરનામું, ટે.નં./મો.નં	
૩	વાહનનો પ્રકાર તથા રજીસ્ટેશન નંબર	
૪	ડ્રાઈવરનો લાયસન્સનો નંબર તથા બેઝ નંબર	
૫	ડ્રાઈવર નો ફોટો	
૬	ડ્રાઈવર લઈ ને આવતાં તથા જતાં બાળકનું નામ તથા ધોરણ, અને ઉમર ની વિગત	

(૩) જે બાળકો ઉપર જણાવેલ વય મર્યાદા વાળા કોઈ નિયત પ્રાઈવેટ વાહન અથવા તો ખાનગી માણસ સાથે આવવા-જવાનો હોય ત્યારે તે કિસ્સામાં વાલીની સંમતિથી તે કોની સાથે ઘરે જઈ શકશે તે અંગે વાલી પાસેથી તેના સગા-સંબંધીના પુરૂ નામ, સરનામું, મોબાઈલ/ફોન નંબરની વિગતો સંસ્થાઓ તેમના રેકોર્ડ ઉપર રાખશે.

(૪) ઘણી ખરી પ્લેગૃપ/નર્સરી/શાળા વિગેરેમાં સ્કુલ તરફથી સ્કુલના વાહનો જેવા કે બસ, મેટાડોર વિગેરે મારફતે બાળકોને તેમના ઘરથી શાળા સુધી અને શાળાથી ઘર સુધી લાવવા લઈ જવાની પધ્ધતિ હોય છે. આવા કિસ્સાઓમાં પણ સ્કુલના શિક્ષક અથવા તો જવાબદાર વ્યકિત વિગેરેએ બાળકના માતા-પિતા અથવા તો અધિકૃત માણસને બાળક સોંપવાના રહેશે.

:: ઉપરના મુદ્દા નંબર-(૩) અને (૪) ના અંગેની માહીતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે. ::

અ.નં	વિગત	
૧	વિધાર્થીનું નામ તથા ધોરણ અને ઉમર	
૨	વાલીએ તેમના બે સગા-સંબંધી જે તેડવા માટે આવશે તેઓ ના નામ સરનામા અને ટે.નં/મો.નં.	
૩	પ્રાઈવેટ વાહનનો નંબર	
૪	ડ્રાઈવરનું નામ સરનામું ટે.નં. મો.નં.	
૫	ફોટો	

ઉપરોકત રેકર્ડ ગમે ત્યારે લાગતા પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીઓ તેમજ તેનાથી ઉપરના પોલીસ અધિકારીઓ ચકાસી શકશે અને પોલીસ અધિકારી તરફથી માંગણી થયેથી સ્કુલ સત્તાવાળાઓ તે રજુ કરવાના રહેશે.

(૫) શાળાનો સમય પુરો થાય અને બાળકો શાળાએથી છૂટે ત્યારે શાળાએ નિયત શિક્ષકની સીધી દેખરેખ હેઠળ ૧૨ વર્ષ થી ઓછી ઉમરના બાળકોને રવાના કરવાના રહેશે અને રવાના કરે ત્યારે તે બાળકને ઉપર મુજબ અધિકૃત કરેલ માણસને સોપવામાં આવેલ છે તેની ખાત્રી કરશે. બાળકોના વાલી આવી શકે તેમ ન હોય તેવા કિસ્સામાં ખાનગી માણસને બાળક સોપવામાં આવે ત્યારે તે અધિકૃત માણસને બાળકની સોપણી કરશે. કોઈ ખાસ કિસ્સામાં અધિકૃત કરેલ માણસ બાળકને તેડવા ન આવી શકે અને તેના બદલે બીજી કોઈ વ્યકિત બાળકને શાળાએ તેડવા માટે આવી હોય તેવા કિસ્સામાં શિક્ષકે જરૂરી ખાત્રી કર્યા બાદ જ બાળકનો કબજો સોપશે અને આ રીતે સોંપેલ બાળકની વિગત નીચે પ્રમાણે શાળામાં રાખવાની રહેશે અને પોલીસ તરફથી માંગણી થયે રજુ કરવાની રહેશે.

:: આ માહીતી નીચે દર્શાવેલ કોલમ મુજબ રાખવાની રહેશે. ::

અ.નં	વિગત	
૧	વિધાર્થીનું નામ તથા ધોરણ અને ઉમર	
૨	વાલી/અધિકૃત વ્યકિત સિવાય અન્યને બાળક નો કબજો શાળામાંથી સોંપવામાં તે વ્યકિતના નામ સરનામા અને ટે.નં/મો.નં.ની વિગત	
૩	બાળકની સોંપણી કરતાં પહેલાં ખાત્રી કરેલ તેની ચોકકસ વિગત	
૪	બાળકનો કબજો જેને સોંપેલ તેના વાહનનો પ્રકાર અને નંબર	

ઉપરોકત વ્યવસ્થાનો અમલ કરવા માટે અમુક શાળાઓમાં બાળકોને બે ઓળખકાર્ડ ફોટા સાથે આપવાની પધ્ધતિ છે તે પૈકી એક બાળક પાસે અને બીજો કાર્ડ બાળકને લેવા માટે આવનાર માણસ/વાહનના ડ્રાયવર વિગેરે પાસે રાખવાનો હોય છે અથવા અધિકૃત શિક્ષક અથવા સ્કુલના કર્મચારીએ જે તે ઓળખકાર્ડ ધરાવનાર વ્યકિતને જ બાળક સોંપવામાં આવે તે રીતેની યોગ્ય પ્રથા તમામ શાળાઓમાં અમલમાં મુકી આ સુચનાનો અમલ કરવાનો રહેશે.

નોધ :-જે માહિતી ૧૨ વર્ષ અને તેનાથી ઓછી ઉમરના બાળકો માટે આપવાની સુચવેલી તેમાં જણાવવામાં આવે છે કે, જે કિસ્સામાં બાળકના વાલીઓ/ગાર્ડીયન એવું ઈચ્છતા હોય કે, પોતાનું સંતાન ૮ વર્ષથી વધુ અને ૧૨ વર્ષથી ઓછી ઉમરનું છે તે બાળક પોતે-પોતાની રીતે સંસ્થામાં આવવાનાં સમયે જાતે એકલા આવશે અને સમય પુરો થયે બાળક પોતાની રીતે પરત જશે ત્યારે તેવા કિસ્સામાં કોઈ અજુગતો બનાવ બને તો તેની સંપુર્ણ જવાબદારી સંબંધિત વાલી/ગાર્ડીયનની રહેશે. તે માટે આ અંગેનું બાંહેધરી ખત વાલી/ ગાર્ડીયન ને સંસ્થાને આપવાનું રહેશે. શૈક્ષણિક સંસ્થાઓએ વાલીનું આવું બાંહેધરી ખત સ્વીકારી તેને રેકર્ડ ઉપર રાખવાનું રહેશે. આ પ્રમાણેની કાર્યવાહી વાલી સ્વતંત્ર રીતે કરવા માંગતાં હોય તો તેને આ જાહેરનામાનો બાધ નડશે નહી.

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૦૩/૦૭/૨૦૨૫ના ક.૦૦-૦૦ થી તા.૩૧/૦૮/૨૦૨૫ના ક.૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

:: હદ વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ : ૦૨/૦૭/૨૦૨૫નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

-:: જાહેરનામુ ::-

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ :-

ક્રમાંક : એસ.બી./મહિલા સુરક્ષા/૧૩૦/૨૦૨૫.–કોઈપણ સમાજ ત્યારે સભ્ય જણાય કે જ્યારે સમાજના તમામ વર્ગ શાંતિ અને નિર્ભયતાથી પોતાનુ જીવન પસાર કરી શકે વિશેષ કરીને મહિલાઓ અને બાળકીઓ પોતાને સુરક્ષિત સમજે અને નિર્ભય થઈને ઘરની બહાર જઈ શકે અને હરી-ફરી શકે તે ખુબ જરૂરી છે.

તેમ છતાં કેટલાક અનીષ્ટ તત્વો સ્કૂલ/કોલેજ જતી છાત્રાઓ તથા પોતાના કામે જતી મહિલાઓ તેમજ એકલી જતી મહિલાઓને અશ્લીલ ચેનચાળા કરીને કે પીછો કરીને કે અશ્લીલ શબ્દોનો ઉચ્ચારણ કરીને અથવા તેમના ઉપર હુમલો કરીને પજવતા હોય છે. અમુક કેસોમા બળાત્કાર જેવા ગંભીર બનાવો પણ બની જાય છે. જેથી આવા બનાવોને અટકાવવા તેમજ મહિલા સુરક્ષા વધારવાના હેતુસર વ્યાજબી કારણ વગર સ્કૂલો/

કોલેજો /ટ્યુશન/કલાસ તથા મહિલા હોસ્ટેલ આજુ-બાજુ બેસી રહેતા/ઉભા રહેતા ઈસમો(પુરુષો) ઉપર કેટલાંક નિયંત્રણો મુકવાનુ જરૂરી જણાય છે.

:: હુ ક મ ::

વાસ્તે, હુ અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છુ, કે સુરત શહેરમાં સમગ્ર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ સ્કૂલ/કોલેજ/ટ્યુશન કલાસીસ /કોચીંગ ઈન્સ્ટી ટ્યુટ તથા મહિલા હોસ્ટેલની આસપાસના ૫૦ મીટર સુધી જાહેર માર્ગ ઉપર કોઈપણ પુરૂષ/પુરૂષોએ વાજબી કારણ વગર વાહન સાથે અથવા વાહન વગર ઉભા રહેવા કે બેસવા ઉપર મનાઈ ફરમાવવામા આવે છે.

:: ઉપરોક્ત પ્રતિબંધ નીચે જણાવેલ વ્યક્તિઓ ઉપર લાગુ પડશે નહિ::

(૧) સ્કૂલો/કોલેજો/ટ્યુશન/કલાસ તથા મહિલા હોસ્ટેલ ખાતે આવતા વિદ્યાર્થીઓ

(૨) સ્કૂલો/કોલેજો/ટ્યુશન/કલાસ તથા મહિલા હોસ્ટેલ ઉપર છોડવા તથા આવતા ઓટો તથા વાન, માલિક/ડ્રાઈવરો(જેમની પાસે ઓળખપત્ર હોય તેવા જ)

(૩) સ્કૂલો/કોલેજો/ટ્યુશન/કલાસ તથા મહિલા હોસ્ટેલ ઉપર છોડવા તથા લેવા માટે આવતા વાલીઓ

(૪) સ્કૂલો/કોલેજો/ટ્યુશન/કલાસ તથા મહિલા હોસ્ટેલ ઉપર વાજબી કામથી આવતા વિદ્યાર્થી તથા વાલીઓ.

:: અમલવારીનો પિરિયડ અને વિસ્તાર ::

આ હુકમનો અમલ તા.૦૩/૦૫/૨૦૨૫ ના ક.૦૦-૦૦ થી તા.૦૧/૦૭/૨૦૨૫ના ક.૨૪-૦૦ સુધી સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં રહશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તા.૦૨/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપેલ છે.

:: જાહેરનામું ::

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ :-

ક્રમાંક: એસ.બી/ CCTV કેમેરા /૧૩૧/૨૦૨૫.–આગામી દિવસોમાં વિવિધ તહેવારો અનુસંધાને તેમજ તાજેતરમાં ગુમચર એજન્સીઓ દ્વારા અન્ય રાજ્ય સહિત ગુજરાતમાં પણ આંતકવાદી સંગઠનો તરફથી ખતરાની શક્યતા વ્યક્ત કરેલ છે. તે ઉપરાંત ભુતકાળમાં આંતકવાદી તત્વો દ્વારા અલગ-અલગ જગ્યાએ શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકા કરી મોટી જાનહાની તથા મિલ્કતની જાનહાની કરવામાં આવેલ. ગુમ સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અનુસાર આવી ઘટનાઓની શક્યતા ભવિષ્યમાં પણ રહેલી છે.

ઉપરાંત સુરત શહેરમાં વિભિન્ન પ્રકારના લુંટ, ધાડ જેવા ગુનાઓ બનતા હોય છે. જાહેર સ્થળોએ લગાડવા આવેલ સી.સી.ટી.વી કેમેરા આંતકવાદી પ્રવૃતિઓ તેમજ ગુનાઓ નિવારવા, ગુનાઓ શોધવા તથા ઈન્વેસ્ટીગેશનમાં ઉપયોગી અને મહત્વની કડીરૂપ બને છે. જેથી પુરતા પ્રમાણમાં સી.સી.ટીવી કેમેરા લગાડવા તથા લોકોનું ચેકીંગ કરવું જરૂરી જણાય છે.

:: હુ ક મ ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે,

સુરત શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલ નીચે મુજબની તમામ જગ્યાએ સી,.સી.ટી.વી. ગોઠવવાના રહેશે.

(૧) તમામ બેંકો/ગેર બેન્કીંગ સંસ્થાઓ, ATM સેન્ટરો, આંગડીયા પેઢીઓ, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર/ રાખનાર દુકાનદારો તથા શો રૂમો.

(૨) શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ થિયેટર, શોપીંગ સેન્ટરો, ગરબા ક્લાસીસો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ-રેસ્ટોરન્ટ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ,

ધર્મશાળા, સામાજીક તથા ધાર્મીક પ્રસંગો યોજાતા તમામ પાર્ટી પ્લોટો/અતિથિગૃહો, જયાં બહારના માણસોને રહેવાની સુવિધા પુરી પડાતી હોય તેવા સ્થળો.

(૩) મોબાઈલ ટાવર તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔધોગિક એકમો, તથા ટોલપ્લાઝા, પેટ્રોલ પંપ, ડીઝલપંપ તથા ગેસ ફીલીંગ સ્ટેશનો તેમજ, નાના- મોટા ધંધાના માલીકો/વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશદ્વાર ઉપર પુરતા પ્રમાણમાં તાલીમ પામેલા માણસોને સીકયુરીટી માટે મેટલ ડીટેકટર સાથે ફરજ ઉપર નિયુકત કરવાના રહેશે

(૪) મોટા ધાર્મિક સ્થળોના પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નિકળવાના દ્વાર, રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યા તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ કે અવર-જવર હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી કેમેરાની વ્યવસ્થા કરવાની રહેશે.

(૫) સ્કૂલો, કોલેજો, યુનિવર્સિટીઓ, તથા તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં સ્પષ્ટ દેખાય તે રીતે સી.સી.ટી.વી કેમેરા લગાડવાના રહેશે.

(૬) સોસાયટીઓ તેમજ રહેણાંક વિસ્તારોમાં અંદર તથા બહારના ભાગે સી.સી.ટી.વી કેમેરા લગાડવાના રહેશે. સી.સી.ટી.વી કેમેરા હાઈડેફીનેશન/ નાઈટવિઝન ધરાવતા સીસીટીવી કેમેરા માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવી રીતે ગોઠવવાના રહેશે. તથા આ સી.સી.ટી.વીના રેર્કોડીંગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે. આ સી.સી.ટી.વી કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/વહીવટકર્તાઓની રહેશે. સીસીટીવી કેમેરા લગાવવા તથા સીકયુરીટી ગાર્ડની વ્યવસ્થા હાલ હયાત તમામ ઉપરોકત એકમોએ આ જાહેરનામા પ્રસિધ્ધિની તારીખ થી દિન-૭માં ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ એકમો શરૂ કરવાના રહેશે.

-:: સીસીટીવી કેમેરા કેવી રીતે ગોઠવવા તથા સુચનાઓની અમલવારી ::-

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ સંપુર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) દરેક જગ્યાની અંદરના/બહાર ના ભાગે, બેઝમેન્ટ /ભુતલ પાર્કીંગ એરીયા,તથા પ્રવેશતા અને બહાર નિકળતા તમામ માણસો અને વાહનોની અવર-જવર ને સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ ૨- મેગા પિકસલ (IP) કેમેરા ગોઠવવા.

(૪) શોપીંગ કોમ્પલેક્ષને મોલના માલીક/ સંચાલકોએ તેની તમામ બાજુએ આવેલા સામેના જાહેર રોડ પરથી અવર જવર નું રેકોડીંગ થઈ શકે તે પ્રમાણે ના ૨-મેગા પિકસલ (IP) CCTV કેમેરા લગાડવાના રહેશે.

(૫) મોબાઈલના તમામ ટાવરો પાસે બિલ્ડીંગના ટેરેસ ઉપર ૨-મેગા પિકસલ (IP) CCTV કેમેરા લગાડવો.

(૬) તમામ પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૭) રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપુર્ણ કવરેજ થાય તે રીતે કેમરા ગોઠવવા.

(૮) મોલના એનટ્રીગેટના વિસ્તારમાં તેમજ EXIT ગેટ અને પાછળના વિસ્તારમાં પણ દરેક ગેટ પર ૨-મેગા પિકસલ (IP) CCTV કેમેરા સહીતની યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૯) મોલની અંદર દાખલ થતા વાહનો (મોટર સાયકલ/ફોર વ્હીલર) વિગેરેનું ચેકીંગ કરવામાં આવે. પરંતુ આ પ્રકારના વાહનોની અંદર બેસેલ વ્યક્તિઓનું ચેકીંગ પણ સંપુર્ણ પણે કરાવવું જરૂરી છે.

(૧૦) મોલની માલિકી બદલાતી રહેતી હોય છે. આથી જયારે જયારે મોલની માલિકી બદલાય ત્યારે નવા તેમજ માલિકી ફેરબદલી અંગેની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનના પો.ઈ.શ્રીને કરવાની રહેશે. ઉપરાંત મોલમાં આવતા સામાનનું પણ ચેકીગ થવું જરૂરી છે. મોલમાં કોઈ કાયદાની પ્રતિબંધિત માલસામાન, સ્ફોટક પદાર્થો આવી જતા નથી. તેનું નિરીક્ષણ થવું પણ જરૂરી છે. જે અંગેની કાળજી અને જરૂરી વ્યવસ્થા સંચાલકોએ કરવાની રહેશે.

(૧૧) મોલમાં મોલ માલીકના ખર્ચે ખાનગી સીકયુરીટી રાખવી અનિવાર્ય રહેશે. તેઓ સીકયુરીટી ચેકના નિયમોથી માહીતગાર હોવા જોઈએ. આ અંગે તાલીમબધ્ધ થયેલ હોવાજોઈએ. મોલની સુરક્ષા ૨૪X૭ કલાક જાળવવામાં આવેતે જોવાનું રહેશે. મોલની મુલાકાત લેતી તમામ વ્યક્તિઓના લગેજ ચેકીંગની જવાબદારી સંપુર્ણ પણે મોલના માલીકોની રહેશે. મોલમાં સ્ફોટક પદાર્થો ન આવે તે અંગેની વ્યવસ્થા કરવાની રહેશે તેમજ મોલના ચેકીંગ સલામતી વ્યવસ્થા સૂનીફર ડોગ મારફત ઉભી કરવાની રહેશે.

(૧૨) રાત્રીના સમયે પણ સી.સી.ટીવી. કેમેરાનું રેકોડીંગ સ્પષ્ટ રીતે દેખી શકાય તે રીતેના નાઈટ વિઝન અથવા આઈ.આર.હાઈડેફિનેશન કેમેરા લગાવવાના રહેશે અને જરૂરી પ્રકાશની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૩) સી.સી.ટીવી. કેમેરાનું આઉટપુટ ડીસપ્લે (મોનીટર) અને ડી.વી.આર જ્યારે પણ અધિકૃત અધિકારી ચેક કરવા માંગતા હોય ત્યારે તે સરળતાથી જોઈ શકે તેમાટે જાણકાર ટેકનીશીયન સ્થળ ઉપર અથવા ટેલિફોન સંપર્ક ઉપર હાજર મળે તે રીતેની વ્યવસ્થા રાખવાની રહેશે.

:: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૩/૦૭/૨૦૨૫ના ક.૦૦-૦૦ થી તા.૩૧/૦૮/૨૦૨૫ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ :- ૦૧/૦૫/૨૦૨૫નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

-: જાહેરનામું :-

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ -:

ક્રમાંક : એસ.બી./ ટેક્ષટાઈલ માર્કેટ અંગે/૧૩૨/૨૦૨૫.–સુરત શહેરમાં ટેક્ષટાઈલ માર્કેટમાંથી ચોરી, પાર્સલ ચોરી, ટ્રાન્સપોર્ટર દ્વારા વિશ્વાસઘાત, છેતરપીંડીના બનાવો બને છે. કપડાના વેપારીના ઓછાયા તળે કેટલાક ઠગો ખોટી ઓળખ ધારણ કરી, વેપારી રૂપે ગોઠવાઈ જઈ, વિવર્સ, વેપારી એમ્બ્રોઈડરી કે કાપડની મુલ્યવૃધ્ધિના વ્યવસાયકારોનો વિશ્વાસ કેળવી મોટાપાયે કાવતરૂ રચી ઠગાઈઓ કરે છે. તેના વ્યાપક પ્રત્યાઘાત ભોગ બનનાર વેપારી આલમમાં પડે છે. જે સામુહિક રીતે કાયદો અને વ્યવસ્થા ખોરવવાના બનાવરૂપે તેમજ વ્યક્તિગત રીતે ઘોર નિરાશા સાથે આત્મહત્યાના બનાવ કે વ્યાપારીઓના વિશ્વાસના ભંગ કરતા બનાવમાં વધારા રૂપે શહેરના ટેક્ષટાઈલ વ્યાપારના માહોલને દુષિત કરે છે. આ બાબતથી ચિંતિત અનેક વેપારી સંગઠનોએ ટેક્ષટાઈલ માર્કેટમાં ગેરરીતી અટકાવવા તેઓના પ્રયાસોને કાનુની બળ આપવા અને પ્રત્યક્ષ પોલીસ મદદ આપવા વારંવાર રજુઆતો પણ કરેલ છે. આ બદીના નિવારણ માટે આ ક્ષેત્રમાં કામ કરતા કારીગર અને મજુરો, વેપારીઓ, કાપડના વિવિધ પ્રકારના દલાલો, ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથે સંકળાયેલ ઈસમો, દુકાન-ગોડાઉન-મકાન ભાડે અપાવતા એસ્ટેટ બ્રોકર્સ વિગેરેની ઓળખ નિયત કરવા, ભાડે થી દુકાન મેળવનાર વેપારી પર સતેજ નજર રાખવા, તેઓની વ્યવસાયની રીતે ગુનાઓની તપાસ વખતે મદદરૂપ થાય તે રીતે ગોઠવવા અને આ સબંધે પોલીસ ઉપરાંત માર્કેટ એસોસીએશન, દલાલ એસોસીએશન, ટ્રાન્સપોર્ટર્સ એસોસીએશન પણ વ્યવસાયની ગરિમા અને વેપારી હીતોના રક્ષણ કરવા, વિવિધ રેકર્ડ જાળવવા અને નીતિમત્તા આધારિત રીતભાતો નક્કી કરી વેપારની ગરિમા જાળવવા સહભાગી બને તે માટે તેમ વિવિધ ટ્રેડર્સને/ફેડરેશનને કાનુની બળ પુરૂ પાડવું જરૂરી સમજી અમુક નિર્દેષો તત્કાલ જારી કરવા હું આવશ્યક સમજુ છું.

:: હુ ક મ ::

વાસ્તે, અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે,

(૧) ટેક્ષટાઈલ વેપાર ક્ષેત્રે સંકળાયેલ તમામ વેપારી પેઢીઓ અને દુકાનદારોએ પોતાની વિગત આ પેટામાં સામેલ સ્થાનિક પોલીસ સ્ટેશન પરિશિષ્ટ - ૧ ના ફોર્મ સ્વરૂપે સ્થાનિક પોલીસ સ્ટેશન;, માર્કેટ એસોસીએશનની કચેરી અને સંબંધિત ટેક્ષટાઈલ એસોસીએશન સમક્ષ રજુ કરવાનું રહેશે..

(૨) ટેક્ષટાઈલ વેપાર ક્ષેત્રે સંકળાયેલ તમામ પ્રકારના દલાલો (Brokers) દા.ત. ગ્રે કાપડ દલાલ, ફીનીશ કાપડ દલાલ, એમ્બોઈડરી દલાલ, યાર્ન દલાલ વિગેરે અને દુકાન મિલકત ભાડે આપનાર દલાલોએ પોતાની સંપૂર્ણ વિગત આ પેટામાં સામેલ પરિશિષ્ટ - ૨ ના ફોર્મ સ્વરૂપે સ્થાનિક પોલીસ સ્ટેશન, સબંધિત દલાલ એસોસીએશન અને સંબંધિત ટેક્ષટાઈલ એસોસીએશન સમક્ષ રજુ કરવાનું રહેશે. દરેક દલાલ માટે પોલીસ વેરીફિકેશન કરાવવુ ફરજીયાત રહેશે.

(૩) ટેક્ષટાઈલ વ્યાપારક્ષેત્રે કામ કરતી તમામ પેઢીઓએ પોતાના તમામ કર્મચારીઓની વિગત જાળવી દરેક કર્મચારીની બાયોમેટ્રીક વિગત અને ફોટા સાથેનું ઓળખકાર્ડ આપવાનું રહેશે. આ ઓળખકાર્ડમાં સબંધિત કર્મચારીનું બ્લડગૃપ અને પેઢીના જનસંપર્ક વિભાગનો મોબાઈલ નંબર આપેલ હોવો જોઈશે. ઓળખકાર્ડ સબંધિત એકમ/માર્કેટની સલામતી વ્યવસ્થા અને ઉપકરણોને અનુરૂપ હોવું જોઈશે. ટેક્ષટાઈલના વિવિધક્ષેત્રે કાર્યરત દલાલો માટેનું ઓળખકાર્ડ સબંધિત દલાલ એસોસીએશન તથા સંબંધિત ટેક્ષટાઈલ એસોસીએશન દ્વારા પ્રમાણીત કરેલુ હોવું જોઈએ. દરેક માર્કેટ એસોસિએશન અને વેપારી ગૃહ કે એક થી વધુ વેપારી પેઢી સમાવિષ્ટ કરતા બિલ્ડીંગની વ્યવસ્થા સંભાળનાર મંડળે તે માર્કેટ/બિલ્ડીંગમાં અને સલામતિ વ્યવસ્થા સંભાળતા કર્મચારીઓ, માર્કેટ જાળવણીનું કામ કરતી એજન્સીના અધિકૃત વ્યક્તિઓ તેમજ મજૂર કે હમાલોને ફોટો ઓળખપત્ર જારી કરવાના રહેશે. આ તમામ ઓળખપત્રો અધ્યતન ટેક્નોલોજી યુક્ત સલામતિ વ્યવસ્થા ઉપકરણોને અનૂરૂપ અને ઓળખપત્ર ધારકની બાયોમેટ્રીક વિગત સાથેના હોવા જોઈશે.

:: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૩/૦૭/૨૦૨૫ના ક.૦૦-૦૦ થી તા.૩૧/૦૮/૨૦૨૫ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ

પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

પરિશિષ્ટ-૦૧

SHOP DETAILS

MARKET NAME/ADDRESS:

SHOP NO: NO. OF EMPLOYEES:

FIRM/COMPANY NAME:

SHOP MOBILE NO: LANDLINE NO:

FIRE SAFETY Yes No

CCTV CAMERA Yes No

HD CAMERA SIMPLE CAMERA

NO. OF CAMERAS: FOOTAGE STORAGE DAYS:

SHOP OWNER DETAILS:

FULL NAME:

TEMPORARY ADDRESS:

PERMANENT ADDRESS:

MOBILE NO: LANDLINE NO:

SHOP PURCHASED ON: RENTED TO:

EMAIL ID:

SHOP OWNER PARTNER (IF ANY)

NAME:_____

PRESENT ADDRESS:

NATIVE ADDRESS:

PREVIOUS BUSINESS NAME / ADDRESS:

MOBILE NO: LANDLINE NO:

EMAIL ID:

પરિશિષ્ટ-૦૨

BROKER'S DETAILS

MARKET NAME:_____

FULL NAME: _____

FIRM/SHOP NAME:_____

TYPE OF BROKER: 1 REAL ESTATE 2 GREY CLOTH 3 FINISHED CLOTH

REGISTRATION NO.:_____

PRESENT ADDRESS:

NATIVE ADDRESS:

EXPERIENCE IN TEXTILE BUSINESS:_____ YEARS

WORKING SINCE:_____/_____/20___

PREVIOUS BUSINESS NAME / ADDRESS:

_____

MOBILE NO: LANDLINE NO:

EMAIL ID:

આજ રોજ તા.૦૨/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

-: જાહેરનામું :-

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ-:

પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં જેવી કે જીલ્લા કલેકટરની કચેરી (ગોત્રી), કુબેર ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, જીલ્લા ન્યાયાલયની કચેરી, જીલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જનસેવા કેન્દ્ર, નર્મદા ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે, તેમજ જયાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી વડોદરા શહેરની સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલા હોય, કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય, તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહું કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ અનઅધિકૃત વચેટીયા કામ કરતા ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

-: અમલવારીનો સમય :-

આ જાહેરનામાનો અમલ તા.૨૬/૦૭/૨૦૨૫ના કલાક ૦૧:૦૦ થી તા.૦૯/૦૮/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

-: અમલવારીનો વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રીની હુકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-: શિક્ષા :-

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ અને ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૧૩૫ ની કલમ.(૩) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશનરેટમાં વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહરેનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તેમજ જી.પી.એક્ટ કલમ.૧૩૫(૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૪/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ના ૨૨નાં અધિનિયમની કલમ - ૩૭(૧) અન્વયે.

ક્રમાંક :G/CP/વિ.શા./હથિયાર બંધી જાહેરનામું/૩૯૩૭/૨૦૨૫.–વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ વડોદરા શહેર પોલીસ કમિશનર હુકુમત વિસ્તારમાં બનતાં ગુનાઓમાં છરી, ચપ્પા, ખંજર, રામપુરી ચપ્પા શસ્ત્રો, તલવાર, ભાલા, બંદૂકનો ઉપયોગ થાય છે, અને આવા હથિયારોથી ગુના બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું ડૉ. લીના પાટીલ, I.P.S. I/c પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ આથી હુકમ કરૂ છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તા.૧૨/૦૪/૨૦૨૫ના કલાક:૦૧/૦૦ થી તા.૨૬/૦૪/૨૦૨૫ ના કલાક:૨૪/૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

-: પ્રતિબંધિત કૃત્યો :-

(ક) શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, ચપ્પુ, ખંજર, તથા શારિરીક હિંસા પહોચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવના ચોક્કસ કારણ સિવાય સાથે રાખીને ફરવા ઉપર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, તથા સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈપણ સ્ફોટક ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(ઘ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના, અથવા નાંખવાના યંત્રો અથવા કે સાધનો લઈ જવા અંગે એકત્રીત કરવા અથવા તૈયારી કરવા ઉપર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ લાવવા અથવા રાખવા કે વેચાણ કરવા ઉપર.

(છ) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઈ જવા ઉપર.

(જ) વ્યક્તિ, અથવા તેના શબ, અથવા આકૃતિઓ અથવા પૂતળા બાળવા/લટકાવવા/દેખાડવા કે પૂતળાને ફાંસી આપવા ઉપર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બૂમો પાડવા, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવા ઉપર.

(ઠ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા, દેખાડવાની અથવા ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનાં અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:: વિસ્તાર ::-

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-: અપવાદ :-

આ હુકમનો ખંડ-(ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યુ હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય, તેવી વ્યકિતને લાગુ પડશે નહી.

-:: શિક્ષા ::-

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશનરેટ વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો. તથા તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૪/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ એકટ સને-૧૯૫૧ ની કલમ- ૬૩(એ)(૨) અન્વયે કાઢેલ.

ક્રમાંક :G/CP/વિ.શા./સૈન્ય ગણવેશ જાહેરનામું/૩૯૩૮/૨૦૨૫.–ભૂતકાળમાં પઠાણકોટ, પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન ઉપર આતંકવાદીઓ સૈન્યનો ગણવેશ ધારણ કરી હુમલો કરેલ હતો, તેમજ બનાસકાંઠા જિલ્લામાં પણ બે વ્યક્તિઓ સૈન્ય ગણવેશ પહેરી ગેરકાયદેસર રીતે દારૂની હેરાફેરી કરતાં પકડાયેલા અને આ સિવાય અગાઉ સૈન્યના ગણવેશમાં આવીને આતંકવાદીઓ દ્વારા હુમલા કરવામાં આવેલ છે.

રાજયમાં વિવિધ શહેર/જીલ્લાઓ ખાતે સૈન્ય તથા અન્ય દળોના ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસામાજીક તત્વો દ્વારા દેશદ્રોહી/ ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે ઉપયોગ થવાનો સંભવ હોય છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. જેથી આ બાબતે સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઈ, બજારમાં બિનઅધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓ ઉપર પ્રતિબંધ લાવવો ખુબ જ જરૂરી છે.

જેથી સૈન્ય તથા સશસ્ત્ર દળોના ગણવેશનો બિનઅધિકૃત રીતે વેચાણ તથા તેના ઉપયોગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૮,૨૦૪ અને ૨૦૫ માં જોગવાઈઓ કરવામાં આવેલ છે. જેથી સૈન્ય તેમજ અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ પોલીસ ગણવેશ તથા તેના સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોના વેચાણ ભાડે,ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી અને અનિવાર્ય હોય, જેથી આ સબંધેનું જાહેરનામુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૬૩ (એ)(૨) થી મળેલ સત્તાની રૂએ વાસ્તે હું ડૉ. લીના પાટીલ, I.P.S. I/c પોલીસ કમિશનર,વડોદરા શહેર આથી હુકમ કરૂ છુ. વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેના ઉપયોગ ઉપર સબંધિત પોલીસ સ્ટેશનમાં જરૂરી માહિતી આપ્યા સિવાય પ્રતિબંધ ફરમાવુ છુ.

જેથી શસ્ત્ર દળોનો ગણવેશ (પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓના વેચાણ/ભાડે/ઉપયોગ માટે આ સાથે નીચે જણાવેલ કોલમ મુજબની જરૂરી માહિતી જે તે પોલીસ સ્ટેશનમાં આપવાનું રહેશે તેમજ તે અંગેનું રજીસ્ટર વેચાણ કરનાર વ્યક્તિ/સંસ્થાએ નિભાવવાનું રહેશે.

ભાડે/વેચાણ લઈ જનારની વિગત						સાધનોની વિગત		વિગત		ભાડે લઈ જનારની સહિ
અ.નં	ભાડે/વેચાણ લેનારનું નામ, સરનામુ.	મો.નં.	હેતુ	વિસ્તાર	આઈ.ડી. પ્રુફની વિગત	વિગત	સંખ્યા	ભાડે આપ્યાની તારીખ	સમય	

-: અમલવારીનો સમય :-

આ જાહેરનામાનો અમલ તા.૨૬/૦૭/૨૦૨૫ના કલાક ૦૧:૦૦ થી તા.૦૯/૦૮/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ સુધીનો રહેશે.

-: વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-: અપવાદ :-

જે વ્યક્તિઓ ભારત સરકારના સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં ફરજ બજાવતાં હોય અને જે તે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં તેઓને આ પ્રકારના ગણવેશ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે તમામ વ્યક્તિઓને આ ગણવેશના ઉપયોગ માટે જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

-: શિક્ષા :-

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૪૩(એ)(૨) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો. તથા તેનાથી ઉપરનો દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એ. કલમ-૧૪૩(એ)(૨) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૪/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ.

ક્રમાંક :G/CP/વિ.શા./ચાર કરતા વધુ જાહેરનામું/૩૯૩૯/૨૦૨૫.–વડોદરા શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતીમાં આગામી દિવસોમાં તહેવારો તથા જુદી- જુદી શોભાયાત્રાઓ અને ધરણા, રેલીઓના કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. અને ભુતકાળમાં આતંકવાદી હુમલાનો બનાવ બનવા પામેલ છે. જેથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસો ભેગા નહી થવા ઉપર ને કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરુર જણાય છે.

વાસ્તે, હું ડૉ. લીના પાટીલ, I.P.S. I/c પોલીસ કમિશનર, વડોદરા શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તેમજ ગુજરાત પોલીસ એકટ કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રુએ વડોદરા શહેરના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છુ.

-: પ્રતિબંધિત કૃત્યો :-

વડોદરા પોલીસ કમિશનરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે, ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવુ નહી. તેમજ કોઈ સભા ભરવી કે, બોલાવવી નહી અને કોઈપણ જાતની સભા -સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

-: અપવાદ :-

આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેઓને તથા સ્મશાન યાત્રાને, લગ્નના વરઘોડાને લાગુ પડશે નહિ.

-:: અમલવારીનો સમય તથા વિસ્તાર ::-

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત આ હુકમનો અમલ તારીખ:૨૬/૦૭/૨૦૨૫ના કલાક ૦૧:૦૦ થી તારીખ:૦૯/૦૮/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

-:: શિક્ષા :-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ફરજ બજાવતા હે.કો અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એ. કલમ-૧૩૫(૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૨૪/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

લીના પાટીલ
I/c પોલીસ કમિશનર
વડોદરા (શહેર)

જાહેરનામું

ક્રમાંક:મુકા/વહટ/જાહેરનામું/૧૨૧૧૨/૨૦૨૫.–સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાઓનાં ઠરાવ ક્રમાંક HFWD/MSM/efile/2024/2168/A Dt.17/03/2025 આધારે ગુજરાત મેડીકલ એજયુકેશન રીસર્ચ સોસાયટી, (GMERS) સંચાલીત રાજ્યની તમામ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પીટલોને પોસ્ટમોર્ટમ અને અન્ય મેડીકો લીગલ કામગીરી કરવા માટેની મંજૂરી આપવામાં આવે છે.

તબિબિ અધિક્ષકશ્રી, GMERS મેડીકલ કોલેજ એન્ડ હોસ્પીટલ, ગોત્રી, વડોદરાઓનાં પત્ર ક્રમાંક: 4600/2025 Dt.02/05/2025 અન્વયે હાલ GMERS સંસ્થા દ્વારા સંચાલીત ગોત્રી મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ વડોદરા જે ૨૦૧૦-૨૦૧૧ થી કાર્યરત છે. જેમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા પોસ્ટમોર્ટમની પરવાનગી આપવામાં આવી છે. હાલ વડોદરા શહેરમાં એસ.એસ.જી. ગવર્મેન્ટ હોસ્પિટલમાં ફોરેન્સિક મેડીસીન વિભાગ દ્વારા પોસ્ટમોર્ટમની કામગીરી કરવામાં આવે છે. જે પોસ્ટમોર્ટમની કામગીરીનું ભારણ ઓછુ કરવા માટે અને વહેલી તકે પોસ્ટમોર્ટમ થાય તે હેતુથી રાજ્ય સરકાર ના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા GMERS મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ ગોત્રી વડોદરા ના ફોરેન્સિક મેડીસીન અને ટોકસીકોલોજી વિભાગ ખાતે પોસ્ટમોર્ટમની કામગીરી શરૂ કરવા માટે વિસ્તાર પ્રમાણે પોલીસ સ્ટેશનની ફાળવણી કરવા વિનંતી કરેલ હોય, જે અનુસંધાને અત્રેની કચેરીનાં તા.૨૫/૦૬/૨૦૨૫ના હુકમ ક્રમાંક:મુકા/વહટ/જાહેરનામું/૧૦૨૬૩/૨૦૨૫ થી વિગતવાર જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું. જે જાહેરનામામાં નીચે મુજબનો આંશિક સુધારો કરવામાં આવે છે.

સુધારા હુકમ

આથી હું નરસિમ્હા કોમાર, I.P.S. પોલીસ કમિશનર, વડોદરા શહેર, ઉપરોક્ત જોગવાઈ અનુસાર સરકારશ્રી દ્વારા સંચાલીત હોસ્પીટલો ખાતે પોસ્ટમોર્ટમની પ્રક્રિયા સમય મર્યાદામાં પૂર્ણ થાય તે હેતુથી અત્રેનાં વડોદરા શહેર યુનિટ હસ્તકના પોલીસ સ્ટેશનોની ફાળવણી કરવા હુકમ કરૂં છું.

એસ.એસ.જી. ગવર્મેન્ટ હોસ્પિટલમાં ફોરેન્સિક મેડીસીન વિભાગ ખાતે થનાર પોસ્ટમોર્ટમ માટેનાં પોલીસ સ્ટેશન	જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ ગોત્રી ના ફોરેન્સિક મેડીસીન અને ટોકસીકોલોજી વિભાગ ખાતે થનાર પોસ્ટમોર્ટમ માટેનાં પોલીસ સ્ટેશન
૧. છાણી પો.સ્ટે. વડોદરા શહેર	૧. ગોત્રી પો.સ્ટે. વડોદરા શહેર
૨. નંદેસરી પો.સ્ટે. વડોદરા શહેર	૨. જે.પી. રોડ પો.સ્ટે. વડોદરા શહેર
૩. જવાહરનગર પો.સ્ટે. વડોદરા શહેર	૩. અકોટા પો.સ્ટે. વડોદરા શહેર
૪. રાવપુરા પો.સ્ટે. વડોદરા શહેર	૪. અટલાદરા પો.સ્ટે. વડોદરા શહેર
૫. નવાપુરા પો.સ્ટે. વડોદરા શહેર	૫. સયાજીગંજ પો.સ્ટે. વડોદરા શહેર
૬. પાણીગેટ પો.સ્ટે. વડોદરા શહેર	૬. ફતેહગંજ પો.સ્ટે. વડોદરા શહેર
૭. વાડી પો.સ્ટે. વડોદરા શહેર	૭. ગોરવા પો.સ્ટે. વડોદરા શહેર
૮. કપુરાઈ પો.સ્ટે. વડોદરા શહેર	૮. લક્ષ્મીપુરા પો.સ્ટે. વડોદરા શહેર
૯. માંજલપુર પો.સ્ટે. વડોદરા શહેર	
૧૦. મકરપુરા પો.સ્ટે. વડોદરા શહેર	
૧૧. બાપોદ પો.સ્ટે. વડોદરા શહેર	
૧૨. સીટી પો.સ્ટે. વડોદરા શહેર	
૧૩. વારસીયા પો.સ્ટે. વડોદરા શહેર	
૧૪. કુંભારવાડા પો.સ્ટે. વડોદરા શહેર	
૧૫. કારેલીબાગ પો.સ્ટે. વડોદરા શહેર	
૧૬. હરણી પો.સ્ટે. વડોદરા શહેર	
૧૭ સમા પો.સ્ટે. વડોદરા શહેર	

* **નોંધ :-** ઉપરોક્ત પોલીસ સ્ટેશનનોનાં તાબા હેઠળનાં ગ્રામ્ય વિસ્તારોમાં થતાં મૃત્યુનાં બનાવોનાં સમયે, સબંધીત ગ્રામ્ય વિસ્તારો જે Primary Health Centre (PHC) / Community Health Centre (CHC) અંતર્ગત આવતા હોય અથવા લાગુ પડતા હોય ત્યાં શબ પરીક્ષણ (Posr Martem) માટે લઈ જવાનાં રહેશે.

અમલવારીનો વિસ્તાર

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં અમલ કરવાનો રહેશે.

આજ તારીખ ૨૯/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

સને ૧૯૫૧ ના ગુજરાત પાલીસ અધિનિયમની કલમ ૩૩ ની પેટા કલમ (૧) (બ) હેઠળ.

ક્રમાંક:જી/સીપી/ડીસીપી-ટ્રાફિક/દશામા મૂર્તિ વિસર્જન/નો-એન્ટ્રી, વૈકલ્પિક વ્યવસ્થા, D.J ડાયવર્ઝન, ભારદારી વાહન.એસ.ટી.બસો ડાયવર્જન /જાહેરનામ/૧૨૯૫/૨૦૨૫.–તા.૨૪/૦૭/૨૦૨૫ના રોજ વડોદરા શહેરમાં દશામાને સ્થાપના કરવામાં આવેલ છે. જેમાં તા.૨/૮/૨૦૨૫ ના રોજ

દશામા કૃર્તિ વિસર્જન શહેરના (૧) હરણી સ્કલ્પચરપાર્ક તળાવ (૨) કિશનવાડી (અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર પાસે) કૃત્રિમ તળાવ (૩) બીલ મઢી સ્મશાનની સામે કૃત્રિમ તળાવ (૪) ગોરવા, દશામા મંદિર તળાવ (૫) તરસાલી સર્કલ કૃત્રિમ તળાવ (૬) મકરપુરા ગામ (શાહી મસ્જીદ વાસે કૃત્રિમ તળાવમાં ધનાર છે.

આ પ્રસંગે જાહેર જનતાને અગવડ ન થાય અને ટ્રાફિક સુચારૂ રીતે ચાલે તે હેતુથી નો-એન્ટ્રી, વૈકલ્પિક વ્યવસ્થા, એસ.ટી. બસો, ભારે વાહનો ડાયવર્ઝન/કૃત્રિમ તળાવ તરફ જતાં DJ ડાયવર્ઝન અંગે જાહેરનામુ બહાર પાડવાની જરૂર છે. આથી, હું નરસિહા કોમાર, IPS, પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા, ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨મા) ની કલમ ૩૩ (૧) બી થી મળેલ સત્તાની રૂએ તા.૦૨/૦૮/૨૦૨૫ ના સવારથી દાશામા મૂર્તિ વિસર્જન પૂર્ણ ન થાય ત્યા સુધી ટ્રાફિક વ્યવસ્થા અંગે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરુ છું.

-: જાહેરનામાની વિગત :-

-: ટ્રાફિક ડાયવર્ઝન :- તમામ પ્રકારના વાહનો માટે (જરૂરીયાત મુજબ)

(૧) હરણી તળાવ તરફ જતાં વાહનો માટે

	પ્રતિબંધિત રસ્તો	વૈકલ્પિક વ્યવસ્થા
૦૧	માણેક પાર્ક સર્કલથી હરણી જૂના જકાતનાકા સર્કલ તરફ જઈ શકાશે નહી.	માણેકપાર્ક સર્કલથી અમિતનગર બ્રિજ નીચે, ઊર્મિ બ્રિજ ત્રણ રસ્તા, સમા ટી પોઈન્ટ, સમા લીંક રોડ થઈ જે તે તરફ જઈ શકશે.
૦૨	હરણી જુના જકાતનાકા સર્કલથી (મોતીભાઇ સર્કલ)થી ગદા સર્કલ તરફ જઈ શકાશે નહી.	હરણી જુના જકાતનાકા સર્કલથી મેટ્રો હોસ્પિટલ રોડ, ઊર્મિ બ્રિજ ત્રણ રસ્તા થઈ જે તે તરફ જઈ શકશે.
૦૩	ઉર્મિ બ્રિજ ત્રણ રસ્તાથી હરણી જુના જકાતનાકા સર્કલ (મોતીભાઇ સર્કલ) તરફ જઈ શકાશે નહીં.	હરણી જુના જકાતનાકા સર્કલથી મેટ્રો હોસ્પિટલ રોડ, ઊર્મિ બ્રિજ ત્રણ રસ્તા થઈ જે તે તરફ જઈ શકશે.
૦૪	ગદા સર્કલથી હરણી જૂના જકાતનાકા સર્કલ (મોતીભાઇ સર્કલ તરફ જઈ શકાશે નહીં.	ગદા સર્કલથી ડમરૂ સર્કલથી મોટનાથ મહાદેવ મંદિર રોડ, દેણા બ્રિજ, દુમાડ બ્રિજ/ગોલ્ડન બ્રિજ/ થઇ જે તે તરફ જઈ શકાશે

(૨) કિશનવાડી (અર્બન પ્રાયમરી હેલ્થ રોન્ટર પાસે) કૃત્રિમ તળાવ તરફ તરફ જતાં વાહનો માટે

	પ્રતિબંધિત રસ્તો	વૈકલ્પિક વ્યવસ્થા
૦૫	ગધેડા માર્કેટ ચાર રસ્તાથી કિશનવાડી, કૃત્રિમ તળાવ તરફ જઈ શકશે નહી.	ગધેડા માર્કેટ ચાર રસ્તાથી મહાવીર હોલ ચાર રસ્તા થઈ સરદાર એસ્ટેટ થઈ જે તે તરફ જઈ શકશે.
૦૬	સુપર બેકરી ત્રણ રસ્તાથી કિશનવાડી, કૃત્રિમ તળાવ તરફ જઇ શકાશે નહી.	સુપર બેકરી ત્રણ રસ્તાથી સરદાર એસ્ટેટાથી વૃંદાવન ચાર રસ્તા થઇ જે તે તરફ જઈ શકશે.
૦૭	અર્બન કોમ્યુનિટી હેલ્પ સેન્ટર, કિશનાવાડી ત્રણ રસ્તાથી કિશનાવાડી કૃત્રિમ તળાવ તરફ જઈ શકાશે નહી.	અર્બન કોમ્યુનિટી હેલ્પ સેન્ટર, કિશનાવાડી ત્રણ રસ્તાથી પરત વળી જે તે તરફ જઈ શકશે.
૦૮	કિશનવાડી, પરમધામ સોસાયટી, વુડાના મકાન ત્રણ રસ્તાથી કિશનવાડી કૃત્રિમ તળાવ તરફ જઈ શકાશે નહી.	કિશનવાડી, પરમધામ સોસાયટી, વુડાના મકાન ત્રણ રસ્તાથી પરત વળી જે તે તરફ જઈ શકશે.

(૩) બીલ મઢી સ્મશાનની સામે આવેલ કૃત્રિમ તળાવ તરફ જતાં વાહનો માટે

	પ્રતિબંધિત રસ્તો	વૈકલ્પિક વ્યવસ્થા
૦૯	બીલગામ ચોકડી (પાણીની ટાંકી ત્રણ રસ્તા)થી બીલ મઢી સ્મશાન કૃત્રિમ તળાવ તરફ જઈ શકશે નહી.	બીલ નાળા થઈ ચાપડ ચોકડી થઈ ઝવેરીપુરા ચોકડીથી જે તે તરફ જઇ શકશે.
૧૦	દાદાપુરા ચોકડીથી બીલ મઢી સ્મશાન કૃત્રિમ તળાવ તરફ જઇ શકાશે નહીં.	દાદાપુરા ચોકડીથી સમિયાળા ચોકડી થઇ ભાયલી સ્ટેશનથી જે તે તરફ જઇ શકાશે તેમજ દાદાપુરા ચોકડીથી ઝવેરીપુરા ચોકડી થઇ ચાપડથી જે તે તરફ જઇ શકાશે

(૪) ગોરવા, દશમા મંદિર તળાવ તરફ જતાં વાહનો માટે

	પ્રતિબંધિત રસ્તો	વૈકલ્પિક વ્યવસ્થા
૧૧	ગોરવા રણીયાતબા નગર, બહુમાળી ટાવર-૨ ત્રણ રસ્તાથી ગોરવા દશામા મંદિર તળાવ તરફ જઇ શકાશે નહીં.	ગોરવા રણીયાતબાગ નગર થી આકાંક્ષા ડુપ્લેક્ષ થઈ જે તે તરફ જઇ શકાશે.
૧૨	આનંદવન કોમ્પલેક્ષ ત્રણ રસ્તાથી (નાયરા પેટ્રોલપંપ, ઈલોરાપાર્ક રોડ) ગોરવા આઇ.ટી.આઇ ચાર રસ્તા તરફ જઇ શકાશે નહીં.	આનંદવન કોમ્પલેક્ષ ત્રણ રસ્તાથી ઈલોરાપાર્ક રોડ થઇ જે તે તરફ જઇ શકાશે.

૧૩	ગોરવા રિધ્ધી સિધ્ધી એપાર્ટમેન્ટ ત્રણ રસ્તાથી ઈલોરાપાર્ક રોડ તરફ જઈ શકાશે નહીં.	ગોરવા, રિધ્ધી સિધ્ધી એપાર્ટમેન્ટ ત્રણ રસ્તાથી ગોરવા ITI ચાર રસ્તા થઈ તરફ જઈ શકાશે.
૧૪	ગોરવા, સર્વેશ્વર ફલેટ ત્રણ રસ્તા:- (માનવ હોસ્પિટલવાળા) થી ગોરવા દશામા મંદિર, તળાવ તરફ જઈ શકાશે નહીં.	ગોરવા, સર્વેશ્વર ફલેટ ત્રણ રસ્તા:- (માનવ હોસ્પિટલવાળા) થી ગોરવા ITI ચાર રસ્તા તરફ તેમજ ઈલોરાપાર્ક રોડ થઈ જે તે તરફ જઈ શકાશે.

(૫) તરસાલી સર્કલ કૃત્રિમ તળાવ તરફ જતાં વાહનો માટે

પ્રતિબંધિત રસ્તો		વૈકલ્પિક વ્યવસ્થા
૧૫	તરસાલી ગુરદ્વારા સર્કલથી દિવાળીપુરાના મકાનો પાસે કૃત્રિમ તળાવ તરફ જઈ શકાશે નહીં.	તરસાલી ગુરદ્વારા સર્કલથી રવિ પાર્ક થઈ દ્વારકેશ ફાર્મ ત્રણ રસ્તા (સરદાર પટેલ સ્ટેચ્યુ) થઈ જે તે તરફ જઈ શકાશે તેમજ તરસાલી ગુરદ્વારા સર્કલથી હાઈ ટેન્શન રોડ થઈ શ્રીનાથ એવેન્યુ ત્રણ રસ્તા થઈ બરોડા ડેરી ત્રણ રસ્તા થઈ પ્રતાપનગર કોમ્યુનિટી હોલ ત્રણ રસ્તા થઈ જે-તે તરફ જઈ શકાશે તેમજ ગુરુદ્વારા સર્કલથી સુસેન સર્કલ થઈ જે તે તરફ જઈ શકાશે.
૧૬	દ્વારકેશ ફાર્મ ત્રણ રસ્તા (સરદાર પટેલ સ્ટેચ્યુ)થી દિવાળીપુરાના મકાનો પાસે કૃત્રિમ તળાવ તરફ જઈ શકાશે નહીં.	દ્વારકેશ ફાર્મથી નોવીનો-તરસાલી રોડથી રવિ પાર્ક થઈ જે તે તરફ જઈ શકાશે.
૧૭	બંસલ મોલથી દિવાળીપુરાના મકાનો પાસે કૃત્રિમ તળાવ તરફ જઈ શકાશે નહીં.	બંસલમોલથી દંતેશ્વર થઈ પ્રતાપનગર કોમ્યુનિટી હોલ ત્રણ રસ્તા થઈ જે-તે તરફ જઈ શકાશે.
૧૮	શ્રીનાથ એવેન્યુ ત્રણ રસ્તાથી દિવાળીપુરાના મકાનો પાસે કૃત્રિમ તળાવ તરફ જઈ શકાશે નહીં.	શ્રીનાથ એવેન્યુ ત્રણ રસ્તાથી હાઈટેન્શન રોડ થઈ ગુરુદ્વારા સર્કલ થઈ રવિ પાર્ક થઈ જે તે તરફ જઈ શકાશે તેમજ શ્રીનાથ એવેન્યુ ત્રણ રસ્તાથી હાઈટેન્શન રોડ થઈ ગુરુદ્વારા સર્કલથી સુસેન સર્કલ થઈ જે તે તટફ જઈ શકાશે.

(૬) મકરપુરા ગામ (શાહી મસ્જીદ) કૃત્રિમ તળાવ તરફ જતાં વાહનો માટે

પ્રતિબંધિત રસ્તો		વૈકલ્પિક વ્યવસ્થા
૧૯	મકરપુરા એરફોર્સ સ્ટેશન ગેટ તેમજ મકરપુરા ગામ ત્રણ રસ્તા (ભીડભંજન હનુમાનજી મંદિરવાળા) થી મકરપુરા ગામ (શાહી મસ્જીદ) કૃત્રિમ તળાવ તરફ જઈ શકાશે નહીં.	મકરપુરા એરફોર્સ સ્ટેશન ગેટ તેમજ મકરપુરા ગામ ત્રણ રસ્તા (ભીડભંજન હનુમાનજી) થઈ નવા મકરપુરા પોલીસ સ્ટેશન વોર્ડ નં. ૧૯ કચેરીના નાકા થઈ જે તે તરફ જઈ શકાશે.
૨૦	મકરપુરા ગામ કોમ્યુનિટી હોલ ત્રણ રસ્તાથી મકરપુરા ગામ (શાહી મસ્જીદ) કૃત્રિમ તળાવ તરફ જઇ શકાશે નહી.	મકરપુરા ગામ કોમ્યુનિટી હોલ ત્રણ રસ્તાથી ડૉ. હોમીભાભા પ્રાથમિક શાળા થઇ વોર્ડ નં. ૧૯ ની કચેરીના નાકાથી જે તે તરફ જઈ શકાશે.

(૭) એસ.ટી.બસો તેમજ ભારદારી વાહનો માટે

પ્રતિબંધિત રસ્તો		વૈકલ્પિક વ્યવસ્થા
૧	ગોલ્ડન બ્રિજ નીચેથી શહેરમાં પ્રવેશ કરી શકાશે નહીં.	હાલોલ તરફથી શહેરમાં પ્રવેશ કરતાં ભારદારી વાહનો, એસ.ટી. બસો ગોલ્ડન બ્રિજ નીચે થઈ દેણા બ્રિજ ઉપર, દુમાડ બ્રિજ ઉપર, ફર્ટીલાઈઝર બ્રિજ નીચેથી શહેરમાં પ્રવેશ કરી, છાણી જકાતનાકા સર્કલ, ફતેગંજ સર્કલ, પંડ્યા બ્રિજ થઇ સેન્ટ્રલ એસ.ટી.ડેપો અવર જવર કરી શકશે.
૨	દેણા બ્રિજ નીચેથી શહેરમાં પ્રવેશ કરી શકાશે નહી.	
૩	હરણી મુક્તિધામ ત્રણ રસ્તાથી હરણી જુના જકાતનાકા સર્કલ તરફ જઈ શકાશે નહીં.	
૪	માણેક પાર્ક સર્કલથી હરણી જુના જકાતનાકા સર્કલ થઇ ગોલ્ડન તરફ જઈ શકાશે નહીં.	
૫	તરસાલી બ્રિજ નીચેથી શહેરમાં પ્રવેશ કરી શકાશે નહીં.	(૧) તરસાલી બાયપાસ તરફથી શહેરમાં પ્રવેશ કરતાં ભારદારી વાહનો, એસ.ટી.બસો, કપુરાઈ બ્રિજ નીચેથી શહેરમાં પ્રવેશ કરી સોમાતળાવ થઈ જે-તે તરફ જઈ શકશે. (૨) સોમાતળાવ ચાર રસ્તાથી તરસાલી બ્રિજ, જાંબુઆ બ્રિજ નીચે થઇ સુસેન સર્કલ, લાલબાગ રોડ થઇ સેન્ટ્રલ એસ.ટી ડેપોથી અવર જવર કરી શકશે.
૬	સુશેન સર્કલથી તરસાલી સર્કલ, દિવાળીપુરાના મકાનો પાસે કૃત્રિમ તળાવ તરફ જઇ શકાશે નહીં.	

વાજા, વાજીંત્ર તેમજ ડીઝીટલ સાઉન્ડ સિસ્ટમ (D.J) માટે પ્રવેશબંધી અંગે

(૧) હરણી સ્કલ્પચર તળાવ, દશામા વિસર્જન મૂર્તિ ઓ સાથેના વાજા, વાજીંત્ર તેમજ

ડીઝીટલ સાઉન્ડ સિસ્ટમ (D.J) માટે પ્રવેશબંધી અંગે

	પ્રતિબંધિત રસ્તો	વૈકલ્પિક વ્યવસ્થા
૧	માણેકપાર્ક સર્કલથી દશામાની મૂર્તિ સાથે આવતા ડીઝીટલ સાઉન્ડ સિસ્ટમ (D.J) માણેકપાર્ક સર્કલ/એરપોર્ટ સર્કલ સુધી જ આવી શકશે. (હરણી પોલીસ સ્ટેશન)	હરણી એરપોર્ટ સર્કવથી સંગમ ચાર રસ્તા, અમિતનગર બ્રિજ, ન્યુ વી.આઈ.પી રોડ થઈ, જે તે તરફ જઈ શકાશે. (એરપોર્ટ સર્કલથી હરણી જકાતનાકા સર્કલ (મોતીભાઈ સર્કલ) થઈ,હરણી સ્કલ્પચર તરફ પ્રતિબંધ રહેશે
૨	ઉમિ બ્રિજ ત્રણ રસ્તાથી મેટ્રો હોસ્પિટલ થઈ હરણી જુના જકાતનાકા સર્કલ થઈ હરણી તળાવ જતાં દશામાની મૂર્તિ સાથે આવતાં ડીઝીટલ સાઉન્ડ સિસ્ટમ (D.J) ઉર્મિ બ્રિજ ત્રણ રસ્તા સુધી જ આવી શકશે. (હરણી પોલીસ સ્ટેશન)	ઉર્મિ બ્રિજ ત્રણ રસ્તાથી અમિતનગર બ્રિજ ચાર રસ્તા, અબેકસ સર્કલ થઈ, જે તે તરફ જઈ શકાશે. (ઉર્મિ બ્રિજ ત્રણ રસ્તાથી મેટ્રો હોસ્પિટલ થઈ હરણી જકાતનાકા સર્કલ (મોતીભાઈ સર્કલ) થઈ, હરણી સ્કલ્પચર તરફ પ્રતિબંધ રહેશે)
૩	ગદા સકલથી હરણી તળાવ તરફ જતાં દશામાની મૂર્તિ સાથે આવતાં ડીઝીટલ સાઉન્ડ સિસ્ટમ (D.J) ગદા સર્કલ સુધી જ આવી શકશે. (હરણી પોલીસ સ્ટેશન)	ગદા સર્કલથી સમા લીંક રોડ તળાવ, અબેકસ સર્કલ થઈ, જે તે તરફ જઈ શકાશે. (ગદા સર્કલથી હરણી જકાતનાકા સર્કલ (મોતીભાઈ સર્કલ) થઈ, હરણી સ્કલ્પચર તરફ પ્રતિબંધ રહેશે)

(૨) કિશનવાડી (અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર પાસે) કૃત્રિમ તળાવ દશામા વિસર્જન

મૂર્તિઓ સાથેના વાજા,વાજીંત્રં તેમજ ડીઝીટલ સાઉન્ડ સિસ્ટમ (D.J) માટે પ્રવેશબંધી અંગે

	પ્રતિબંધિત રસ્તો	વૈકલ્પિક વ્યવસ્થા
૧	મહાવીર હોલ, ઠેકરનાથ મહાદેવ મંદિર તેમજ સિક્યોર હોસ્પિટલ તરફથી દશામાની મૂર્તિ સાથે આવતાં ડીઝીટલ સાઉન્ડ સિસ્ટમ (D.J) ગધેડા માર્કેટ ચાર રસ્તા સુધી જ આવી શકશે. (વારસિયા પોલીસ સ્ટેશન)	ગધેડા માર્કેટ ચાર રસ્તાથી મહાવીર હોલ ચાર રસ્તા થઈ જે તે તરફ જઈ શકાશે તેમજ ગધેડા માર્કેટ ચાર રસ્તાથી સિક્યોર હોસ્પિટલ થઈ જે તે તરફ જઈ શકાશે. (ગધેડા માર્કેટ ચાર રસ્તાથી કૃત્રિમ તરફ પ્રતિબંધ રહેશે)
૨	ખોડીયાર નગર ચાર રસ્તા, સરદાર એસ્ટેટ તરફથી કૃત્રિમ તળાવ તરફ દશામાની મૂર્તિ સાથે આવતાં ડીઝીટલ સાઉન્ડ સિસ્ટમ (D.J) સુપર બેકરી ત્રણ રસ્તા સુધી જ આવી શકશે. (વારસિયા પોલીસ સ્ટેશન)	સુપર બેકરી તરફથી સરદાર એસ્ટેટ થઈ જે તરફ જઈ શકાશે તેમજ સુપર બેકરી તરફથી ખોડીયારનગર ચાર રસ્તા થઈ જે તે તરફ જઈ શકાશે. (સુપર બેકરી ત્રણ રસ્તાથી કૃત્રિમ તળાવ તરફ પ્રતિબંધ રહેશે)
૩	કિશનવાડી, પરમધામ સોસાયટી, વુડાના મકાન ત્રણ રસ્તાથી કિશનવાડી UPHC વાળા પ્લોટ, કૃત્રિમ તળાવ તરફ દશામાની મૂર્તિ સાથે આવતાં ડીઝીટલ સાઉન્ડ સિસ્ટમ (D.J) પરમધામ સોસાયટી ત્રણ રસ્તા સુધી જ આવી શકશે. (વારસિયા પોલીસ સ્ટેશન)	કિશનવાડી, પરમધામ સોસાયટી, વુડાના મકાન ત્રણ રસ્તાથી પરત વળી જે તે તરફ જઈ શકાશે. (કિશનવાડી, પરમધામ સોસાયટી, વુડાના મકાન ત્રણ રસ્તાથી કિશનવાડી UPHC વાળા પ્લોટ, કૃત્રિમ તળાવ તરફ પ્રતિબંધ રહેશે)
૪	કિશનવાડી અર્બન કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ત્રણ રસ્તાથી કિશનવાડી UPHC વાળા પ્લોટ, કૃત્રિમ તળાવ તરફ દશામાંની મૂર્તિ સાથે આવતાં ડીઝીટલ સાઉન્ડ સિસ્ટમ (D.J) કિશનવાડી અર્બન કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ત્રણ રસ્તાથી સુધી જ આવી શકશે. (વારસિયા પોલીસ સ્ટેશન)	કિશનવાડી અર્બન કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ત્રણ રસ્તાથી પરત વળી જે તે તરફ જઈ શકાશે. (કિશનવાડી અર્બન કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ત્રણ રસ્તાથી કિશનવાડી UPHC વાળા પ્લોટ, કૃત્રિમ તળાવ તરફ પ્રતિબંધ રહેશે)

(૩) બીલ મઢી સ્મશાનની સામે આવેલ કૃત્રિમ તળાવ દશામા વિસર્જન મૂર્તિઓ સાથેના

વાજા, વાજીંત્ર તેમજ ડીઝીટલ સાઉન્ડ સિસ્ટમ (D.J) માટે પ્રવેશબંધી અંગે

	પ્રતિબંધિત રસ્તો	વૈકલ્પિક વ્યવસ્થા
૧	બિલગામ પાણીની ટાંકી ત્રણ રસ્તા તરફથી કૃત્રિમ તળાવ તરફ દશામાની મૂર્તિ સાથે આવતાં ડીઝીટલ સાઉન્ડ સિસ્ટમ (D.J) ક્રિષ્ના સોસાયટીના નાકા સુધી જ આવી શકશે.	ક્રિષ્ના સોસાયટીના નાકાથી મઢી વિસ્તાર થઈ બિલગામ પાણીની ટાંકી ત્રણ રસ્તાથી જે તે તરફ જઈ શકાશે. (ક્રિષ્ના સોસાયટીના નાકાથી કૃત્રિમ તળાવ તરફ પ્રતિબંધ રહેશે)

(૪) દશામા મંદિર તળાવ, દશામા વિસર્જન મૂર્તિ ઓ સાથેના વાજા, વાજીંત્ર તેમજ ડીઝીટલ સાઉન્ડ સિસ્ટમ (D.J) માટે પ્રવેશબંધી અંગે

	પ્રતિબંધિત રસ્તો	વૈકલ્પિક વ્યવસ્થા
૧	ગોરવા, ઝાંસી કી રાણી સર્કલ, સમતા ચાર રસ્તા, લક્ષ્મીપુરાથી આરાધના ડુપ્લેક્ષ થી પ્રવેશ કરી દશામાં કૃત્રિમ તળાવ તરફ દશામાની મૂર્તિ સાથે આવતા ડીઝીટલ સાઉન્ડ સિસ્ટમ (D.J) રણીયાતબા નગર ત્રણ રસ્તા, (બહુમાળી, ટાવર-૨) સુધી જ આવી શકશે. (ગોરવા પોલીસ સ્ટેશન)	રણીયાતબા નગર ત્રણ રસ્તા બહુમાળી, ટાવર-૨) થી પરતવળી, આકાંક્ષા ડુપ્લેક્ષ થઇ જે તે તરફ જઈ શકશે (રણીયાતબા નગર ત્રણ રસ્તા, (બહુમાળી, ટાવર-૨) થી ગોરવા, દશામા મંદિર કૃત્રિમ તરફ પ્રતિબંધ રહેશે)
૨	ગોરવા ITI ચાર રસ્તાથી ગોરવા, દશામાં કૃત્રિમ તળાવ તરફ દશામાની મૂર્તિ સાથે આવતાં ડીઝીટલ સાઉન્ડ સિસ્ટમ (D.J) ગૌરવા, રિધ્ધી સિધ્ધી એપાર્ટમેન્ટ ત્રણ રસ્તા સુધી જ આવી શકશે. (ગોરવા પોલીસ સ્ટેશન)	ગોરવા, રિધ્ધી સિધ્ધી એપાર્ટમેન્ટ ત્રણ રસ્તાથી ગોરવા ITI ચાર રસ્તા થઇ, જે તે તરફ જઈ શકાશે. ગોરવા, રિધ્ધી સિધ્ધી ફલેટ ત્રણ રસ્તાથી ગોરવા, દશામા મંદિર કૃત્રિમ તરફ પ્રતિબંધ રહેશે)
૩	ઈલોરાપાર્ક, સુભાનપુરા તરફથી ગોરવા, દશામાં કૃત્રિમ તળાવ તરફ દશામાની મૂર્તિ સાથે આવતાં ડીઝીટલ સાઉન્ડ સિસ્ટમ (D.J) આનંદવન કોમ્પલેક્ષ ત્રણ રસ્તા(નાયરા પેટ્રોવપંપ/ શ્રી રણછોડરાય મસાલા મીલ) સુધી જ આવી શકશે. (ગોરવા પોલીસ સ્ટેશન)	આનંદવન કોમ્પલેક્ષ ત્રણ રસ્તા(નાયરા પેટ્રોલપંપ/શ્રી રણછોડરાય મસાલા મીલ) થી શાગ્રીલા, ગોરવા તળાવ તરફ તેમજ ઈલોરાપાર્ક થઇ, જે તે તરફ જઈ શકાશે. (આનંદવન કોમ્પલેક્ષ ત્રણ રસ્તા(નાયરા પેટ્રોલપંપ/શ્રી રણછોડરાય મસાલા મીલ)થી ગોરવા, દશામા મંદિર કૃત્રિમ તરફ પ્રતિબંધ રહેશે)

(૫) તરસાલી સર્કલ કૃત્રિમ તળાવ દશામા વિસર્જન મૂર્તિઓ સાથેના વાજા, વાજીંત્ર તેમજ ડીઝીટલ સાઉન્ડ સિસ્ટમ (D.J)માટે પ્રવેશબંધી અંગે

	પ્રતિબંધિત રસ્તો	વૈકલ્પિક વ્યવસ્થા
૧	સોમાતળાવ, દંતેશ્વર રસ્તાથી કૃત્રિમ તળાવ તરફ દશામાની મૂર્તિ સાથે આવતાં ડીઝીટલ સાઉન્ડ સિસ્ટમ (D.J) બંસલ મોલ સુધી જ આવી શકશે. (મકરપુરા પોલીસ સ્ટેશન)	બંસલ મોલથી દંતેશ્વર થઇ પ્રતાપનગર કમ્યુનીટી હોલ ત્રણ રસ્તા થઈ જે તે તરફ જઈ શકાશે. (બંસલ મોલથી તરસાલી કૃત્રિમ તળાવ તરફ પ્રતિબંધ રહેશે)
૨	બરોડા ડેરી તરફથી કૃત્રિમ તળાવ તરફ દશામાની મૂર્તિ સાથે આવતાં ડીઝીટલ સાઉન્ડ સિસ્ટમ (D.J) શ્રીનાથ અનેન્યુ ત્રણ રસ્તા સુધી જ આવી શકશે. (મકરપુરા પોલીસ સ્ટેશન)	શ્રીનાથ એવેન્યુ ત્રણ રસ્તાથી હાઈટેન્શન રોડ થઈ ગુરુદ્વારા સર્કલ થઈ રવિ પાર્ક થઈ જે તે તરફ જઈ શકાશે તેમજ શ્રીનાથ એવેન્યુ ત્રણ રસ્તાથી હાઈટેન્શન રોડ થઈ ગુરુદ્વારા સર્કલથી સુસેન સર્કલ થઈ જે તે તરફ જઈ શકાશે. (શ્રીનાથ એવેન્યુ ત્રણ રસ્તાથી કૃત્રિમ તળાવ તરફ પ્રતિબંધ રહેશે)
૩	સુશેન સર્કલ, રવિ પાર્ક રોડથી દશામાની મૂર્તિ સાથે આવતાં ડીઝીટલ સાઉન્ડ સિસ્ટમ (D.J) ગુરુદ્વારા સર્કલ સુધી જ આવી શકશે. (મકરપુરા પોલીસ સ્ટેશન)	તરસાલી ગુરદ્વારા સર્કલથી રવિ પાર્ક થઈ દ્વારકેશ ફાર્મ ત્રણ રસ્તા (સરદાર પટેલ સ્ટેચ્યુ) થઇ જે તે તરફ જઈ શકાશે તેમજ તરસાલી ગુરદ્વારા સર્કલથી હાઇ ટેન્શન રોડ થઈ શ્રીનાથ એવેન્યુ ત્રણ રસ્તા થઈ બરોડા ડેરી ત્રણ રસ્તા બરોડા થઈ પ્રતાપનગર કોમ્યુનિટી હોલ ત્રણ રસ્તા થઈ જે-તે તરફ જઈ શકાશે તેમજ ગુરુદ્વારા સર્કલથી સુસેન સર્કલ થઈ જે તે તરફ જઈ શકાશે. (ગુરુદ્વારા સર્કલથી કૃત્રિમ તળાવ તરફ પ્રતિબંધ રહેશે.)
૪	તરસાલી બ્રિજ તરફથી દશામાની મૂર્તિ સાથે આવતાં ડીઝીટલ સાઉન્ડ સિસ્ટમ (D.J) દ્વારકેશ ફાર્મ (સરદાર પટેલ સ્ટેચ્યા સુધી જ આવી શકશે. (મકરપુરા પોલીસ સ્ટેશન)	દ્વારકેશ ફાર્મથી નીવીનો-તરસાલી રોડથી રવિ પાર્ક થઈ જે તે તરફ જઈ શકાશે.) દ્વારકેશ કામ તરફથી

(૬) મકરપુરા ગામ (શાહી મસ્જીદ) કૃત્રિમ તળાવ દશામા વિસર્જન મૂર્તિઓ સાથેના વાજા, વાજીંત્ર તેમજ ડીઝીટલ સાઉન્ડ સિસ્ટમ (D.J)માટે પ્રવેશબંધી અંગે પ્રતિબંધ

	પ્રતિબંધિત રસ્તો	વૈકલ્પિક વ્યવસ્થા
૧	મકરપુરા બસ ડેપો, માણેજા ક્રોસિંગ ચાર રસ્તા તરફથી મકરપુરા ગામ કૃત્રિમ તળાવ તરફથી દશામાની મૂર્તિ સાથે આવતાં ડીઝીટલ સાઉન્ડ સિસ્ટમ (D.J) મકરપુરા ગામ ત્રણ રસ્તા (ભીડભંજન હનુમાનજી મંદિર સુધી આવી શકશે. (મકરપુરા પોલીસ સ્ટેશન)	મકરપુરા એરફોર્સ સ્ટેશન ગેટથી મકરપુરા ગામ ત્રણ રસ્તા (ભીડભંજન હનુમાનજી) થઇ નવા મકરપુરા પોલીસ સ્ટેશન વોર્ડ નં. ૧૯ કચેરીના નાકા થઇ જે તે તરફ જઈ શકાશે. (એરફોર્સ સ્ટેશન ગેટથી કૃત્રિમ તળાવ તરફ તેમજ મકરપુરા ગામ ત્રણ રસ્તા (ભીડભંજન હનુમાનજી મંદિર) થી કૃત્રિમ તળાવ તરફ પ્રતિબંધ રહેશે.)

૨	મકરપુરા ગામ મેઈન બઝાર ત્રણ રસ્તા (ભાથુજી મંદિર), વોર્ડ નંબર ૧૯ ની કચેરી તરફથી દશામાની મૂર્તિ સાથે આવતાં ડીઝીટલ સાઉન્ડ સિસ્ટમ (D.J) મકરપુરા કોમ્યુનિટી ત્રણ રસ્તા સુધી જ આવી શકશે. (મકરપુરા પોલીસ સ્ટેશન)	મકરપુરા ગામ કોમ્યુનિટી હોલ ત્રણ રસ્તાથી ડૉ હોમીભાભા પ્રાથમિક શાળા થઈ વોર્ડ નં. ૧૯ની કચેરીના નાકાથી જે તે તરફ જઈ શકાશે. (કમ્યુનીટી હોલ ત્રણ રસ્તાથી કૃત્રિમ તળાવ તરફ પ્રતિબંધ રહેશે)

ઉપરોકત જાહેરનામામાંથી ઈમરજન્સી સર્વિસમાં જોડાયેલ વાહનો એમ્બ્યુલન્સ ફાયર બ્રિગેડના વાહનો તેમજ બંદોબસ્તમાં રોકાયેલ પોલીસના વાહનોને મુકિત રહેશે.

મે આજરોજ તા.૩૦/૦૭/૨૦૨૫ ના રોજ સહી કરી સિકકો કરેલ છે.

નરસિમ્હા કોમાર,
પોલીસ કમિશનર,
વડોદરા (શહેર.)

BY THE PRINCIPAL DISTRICT & SESSIONS JUDGE

NOTIFICATION

(Under Para 569 of the Civil Manual, Vol. I, 1960)

(No.B.7/3937/2025).-The Higher & Lower Standard Departmental Examination (Year-2025) held on 7th & 8th July, 2025 in Banaskantha Judicial Department. Result of said examinations is as under :-

HIGHER STANDARD DEPARTMENTAL EXAMINATION (YEAR-2025)

The following staff members working in the cadre of Assistant on the establishment of Banaskantha Judicial District, are declared successful in the Higher Standard Departmental Examination (Year-2025), held on 7th & 8th July, 2025. Their names are arranged in order of their seat number, as under :-

Seat No.	Name of Candidate	Name of Court/Office
1	Mr. A. K. Gambhava	District Court, Palanpur
2	Mr. S. B. Trivedi	MACT Branch, District Court, Palan
3	Mr. P. M. Menpara	Record Branch, District Court, Palar
5	Mr. P. A. Thakor	4th Additional District Court, Deesa
8	Mr. A. L. Parmar	Principal Senior Civil Court, Danta
10	Mr. A. P. Desai	5th Additional District Court, Deoda
11	Mr. N. T. Desai	Principal Senior Civil Court, Deodar
12	Mr. A. J. Joshi	Principal Civil Court, Dhanera
13	Mr. K. V. Sutariya	Principal Civil Court, Vadgam
14	Mr. N. B. Mevada	Principal Civil Court, Vadgam
15	Mr. K. N. Chaudhary	Principal Civil Court, Wav
16	Mr. K. U. Goswami	Principal Civil Court, Amirgadh
17	Mr. A. N. Jagani	Principal Civil Court, Shihori
18	Mr. P. J. Patel	Principal Civil Cout, Lakhni
19	Mr. P. A. Rathod	Principal Civil Court, Bhabhar
21	Mr. G. P. Jakhesara	Principal Civil Court, Suigam

The following candidates working in the cadre of Assistant who appeared at Higher Standard Departmental Examination (Year-2025), but failed in the said Examination and has obtained 50% marks or more in the paper/papers shown against their respective name, are exempted from appearing in the said paper again :-

Seat No.	Name of Candidate	Name of Court/Office	Paper/papers in which exempted from appearing again
6	Mr. N. P. Nayi	Principal Senior Civil Court, Deesa	Paper-II
7	Mr. M. R. Lodha	Principal Senior Civil Court, Deesa	Paper-II
9	Mr. M. S. Patel	Additional District Court, Tharad	Oral
20	Mr. S. V. Thakor	Principal Civil Court, Bhabhar	Paper-II

LOWER STANDARD DEPARTMENTAL EXAMINATION (YEAR-2025)

The following staff members working in the cadre of Assistant on the establishment of Banaskantha Judicial District, are declared successful in the Lower Standard Departmental Examination (Year-2025), held on 7th & 8th July, 2025. Their names are arranged in order of their seat number :-

Seat No.	Name of Candidate	Name of Court/Office
1	Ms. D. H. Modh	Record Branch, District Court, Palanpur
2	Mr. S. D. Dabhi	2nd Additional Sr. Civil Court, Palanpur
3	Mr. J. Y. Modh	4th Additional Sr. Civil Court, Palanpur
4	Mr. P. U. Suthar	7th Additional Sr. Civil Court, Palanpur
8	Mr. V. R. Barot	Principal Senior Civil Court, Deesa

The following candidates working in the cadre of Assistant who appeared at Lower Standard Departmental Examination (Year-2025), but fail in the said Examination and has obtained 50% marks or more in the paper / papers shown against their respective name, are exempted from appearing in the said paper again :-

Seat No.	Name of Candidate	Name of Court/Office	Paper/papers in which exempted from appearing again
7	Ms. C. S. Mali	5th Additional District Court, Deodar	Paper-III
9	Mr. P. N. Suthar	Principal Senior Civil Court, Danta	Paper-III
13	Mr. B. S. Parmar	Principal Civil Court, Lakhni	Paper-III
14	Mr. S. B. Thakor	Principal Civil Court, Shihori	Paper-III

Necessary note be made in the Service Book of the employee concerned.

Palunpur, 16th July 2025

SHUBHADA BAXI
Principal District judge
Banaskantha-Palunpur

મુખ્ય જિલ્લા ન્યાયાધીશ, દ્વારા

જાહેરનામું

(નં. બી.૭/૩૯૩૭ /૨૦૨૫ (સિવિલ મેન્યુઅલ - ૧૯૬૦ના પેરા ૫૬૯).-બનાસકાંઠા જિલ્લા ન્યાયખાતામાં ઉચ્ચ અને નિમ્ન શ્રેણીની વર્ષ-૨૦૨૫ની ખાતાકીય પરીક્ષા તા.૭ અને ૮ જુલાઈ, ૨૦૨૫ના રોજ લેવામાં આવેલ હતી, જેનું પરિણામ નીચે મુજબ છે.

ઉચ્ચશ્રેણી ખાતાકીય પરીક્ષા (વર્ષ-૨૦૨૫)

તા. ૭ અને ૮ જુલાઈ, ૨૦૨૫ના રોજ લેવાયલી ઉચ્ચશ્રેણી ખાતાકીય પરીક્ષા (વર્ષ-૨૦૨૫)માં નીચે જણાવેલા ઉમેદવાર ઉત્તીર્ણ જાહેર કરવામાં આવે છે. સદર કર્મચારીઓનાં નામ તેઓના બેઠક નંબરના ક્રમાંકમાં નીચે મુજબ ગોઠવવામાં આવેલ છે.

બેઠક નં.	ઉમેદવારનું નામ	કોર્ટ/કચેરીનું નામ
૧	શ્રી એ.કે.ગાંભવા	જિલ્લા અદાલત, પાલનપુર
૨	શ્રી એસ.બી.ત્રિવેદી	એમ.એ.સી.ટી. બ્રાન્ચ, જિલ્લા અદાલત, પાલનપુર
૩	શ્રી પી.એમ.મેનપરા	રેકર્ડ બ્રાન્ચ, જિલ્લા અદાલત, પાલનપુર
૫	શ્રી પી.એ.ઠાકોર	ચોથી એડીશનલ ડિસ્ટ્રીકટ કોર્ટ, ડીસા
૮	શ્રી એ.એલ.પરમાર	પ્રિન્સીપાલ સિનીયર સિવિલ કોર્ટ, દાંતા
૧૦	શ્રી એ.પી.દેસાઈ	પાંચમી એડીશનલ ડિસ્ટ્રીકટ કોર્ટ, દિયોદર
૧૧	શ્રી એન.ટી.દેસાઈ	પ્રિન્સીપાલ સિનીયર સિવિલ કોર્ટ, દિયોદર
૧૨	શ્રી એ.જે.જોષી	પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, ધાનેરા
૧૩	શ્રી કે.વી.સુતરિયા	પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, વડગામ
૧૪	શ્રી એન.બી.મેવાડા	પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, વડગામ
૧૫	શ્રી કે.એન.ચૌધરી	પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, વાવ
૧૬	શ્રી કે.યુ.ગોસ્વામી	પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, અમીરગઢ
૧૭	શ્રી એ.એન.જગાણી	પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, શિહોરી
૧૮	શ્રી પી.જે.પટેલ	પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, લાખણી
૧૯	શ્રી પી.એ.રાઠોડ	પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, ભાભર
૨૧	શ્રી જી.પી.જાખેસરા	પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, સૂઈગામ

નીચે જણાવેલા ઉમેદવારે ઉચ્ચશ્રેણી ખાતાકીય પરીક્ષા (વર્ષ-૨૦૨૫) આપી હતી પરંતુ સદર પરીક્ષામાં નાપાસ થયા છે અને તેઓના નામ સામે દર્શાવેલ પેપરમાં તેઓએ ૫૦ ટકા અથવા તેથી વધુ ગુણ મેળવેલ હોઈ, તેમને તે પેપરની પરીક્ષા ફરીથી આપવામાંથી મુકિત આપવામાં આવે છે.

બેઠક નં.	ઉમેદવારનું નામ	કોર્ટ/કચેરીનું નામ	જે પેપરની પરીક્ષા પુનઃ આપવામાંથી મુકિત મળેલ છે તે
૬	શ્રી એન.પી.નાયી	પ્રિન્સીપાલ સિનીયર સિવિલ કોર્ટ, ડીસા	પેપર-૨
૭	શ્રી એમ.આર.લોધા	પ્રિન્સીપાલ સિનીયર સિવિલ કોર્ટ, ડીસા	પેપર-૨
૯	શ્રી એમ.એસ.પટેલ	એડીશનલ ડિસ્ટ્રીકટ કોર્ટ, થરાદ	મૌખિક
૨૦	શ્રી એસ.વી.ઠાકોર	પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, ભાભર	પેપર-૨

નિમ્નશ્રેણી ખાતાકીય પરીક્ષા (વર્ષ-૨૦૨૫)

તા. ૭ અને ૮ જુલાઈ, ૨૦૨૫ના રોજ લેવાયલી નિમ્નશ્રેણી ખાતાકીય પરીક્ષા (વર્ષ-૨૦૨૫)માં નીચે જણાવેલા ઉમેદવાર ઉત્તીર્ણ જાહેર કરવામાં આવે છે. સદર કર્મચારીઓનાં નામ તેઓના બેઠક નંબરના ક્રમાંકમાં નીચે મુજબ ગોઠવવામાં આવેલ છે.

બેઠક નં.	ઉમેદવારનું નામ	કોર્ટ/કચેરીનું નામ
૧	કુ. ડી.એચ.મોઢ	રેકર્ડ બ્રાન્ચ, જિલ્લા અદાલત, પાલનપુર
૨	શ્રી એસ.ડી.ડાભી	બીજી એડી. સિનીયર સિવિલ કોર્ટ, પાલનપુર
૩	શ્રી જે.વાય.મોઢ	ચોથી એડી. સિનીયર સિવિલ કોર્ટ, પાલનપુર
૪	શ્રી પી.યુ.સુથાર	સાતમી એડી. સિનીયર સિવિલ કોર્ટ, પાલનપુર
૮	શ્રી વી.આર.બારોટ	પ્રિન્સીપાલ સિનીયર સિવિલ કોર્ટ, ડીસા

નીચે જણાવેલા ઉમેદવારોએ નિમ્નશ્રેણી ખાતાકીય પરીક્ષા (વર્ષ-૨૦૨૫) આપી હતી પરંતુ સદર પરીક્ષામાં નાપાસ થયા છે અને તેઓના નામ સામે દર્શાવેલ પેપરમાં તેઓએ ૫૦ ટકા અથવા તેથી વધુ ગુણ મેળવેલ હોઈ, તેમને તે પેપરની પરીક્ષા ફરીથી આપવામાંથી મુકિત આપવામાં આવે છે.

બેઠક નં.	ઉમેદવારનું નામ	કોર્ટ/કચેરીનું નામ	જે પેપરની પરીક્ષા પુનઃ આપવામાંથી મુકિત મળેલ છે તે
૭	કુ. સી.એસ.માળી	પાંચમી એડીશનલ ડિસ્ટ્રીકટ કોર્ટ, દિયોદર	પેપર-૩
૯	શ્રી પી.એન.સુથાર	પ્રિન્સીપાલ સિનીયર સિવિલ કોર્ટ, દાંતા	પેપર-૩
૧૩	શ્રી બી.એસ. પરમાર	પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, લાખણી	પેપર-૩
૧૪	શ્રી એસ.બી.ઠાકોર	પ્રિન્સીપાલ સિવિલ કોર્ટ, શિહોરી	પેપર-૩

સંબંધિત કર્મચારીઓની સેવાપોથીમાં નોંધ કરવી.

બનાસકાંઠા-પાલનપુર તા.૧૬-૦૭-૨૦૨૫

શુભદા બક્ષી,
મુખ્ય જિલ્લા ન્યાયાધીશ
બનાસકાંઠા-પાલનપુર

Read : Hon'ble High Court's Notification No.C.1501/2025, Dt:26/03/2025.

Ref : Decision taken in Departmental Examination Committee's Meetinh held on dated 29th July, 2025.

NOTIFICATION

No.ADM.: B.21 of 2025.—The undersigned is pleased to notify the result of DEPARTMENTAL EXAMINATION - 2025, which was held on 7th and 8th July, 2025 as under:-

The following candidates, working as Assistants in this District, who had appeared in the Higher Standard Departmental Examination & Lower Standard Departmental Examination which was held on 7th and 8th July, 2025, have SUCCESSFULLY PASSED the Higher Standard Departmental Examination & Lower Standard Departmental Examination-2025.

HIGHER STANDARD DEPARTMENTAL EXAMINATION-2025

Sr. No.	Name of the candidate	At present working on which establishment
1.	Mr. S. R. Vaghela	Principal Sr. Civil Court, Bayad.
2.	Mr. V. A. Raval	Principal Civil Court, Meghraj.
3.	Mr. A. R. Bharvad	Principal Civil Court, Malpur.
4.	Mr. J. S. Zala	Principal District Court, Modasa.
5.	Mr. P. C. Damor	Principal District Court, Modasa.

6.	Mr. A. R. Patel	Chief Judicial Magistrate Court, Modasa.
7.	Mr. R. B. Vaghela	Principal District Court, Modasa.
8.	Mr. P. K. Vankar	Principal Sr. Civil Court, Modasa.

LOWER STANDARD DEPARTMENTAL EXAMINATION-2025

Sr. No.	Name of the candidate	At present working on which establishment
1.	Mr. S. B. Rathod	Additional Civil Court, Bhiloda.
2.	Mr. J. M. Katara	Principal District Court, Modasa.
3.	Mr. M. M. Patel	Principal Sr. Civil Court, Bayad.
4.	Mr. H. M. Panchal	Principal District Court, Modasa.
5.	Mr. A. B. Bamaniya	Principal District Court, Modasa.
6.	Mr. N. V. Asari	2nd Additional District Court, Modasa.

Necessary entry be made in the service book of the concerned person, accordingly.

District Court, Aravalli, Modasa, Date : 29/07/25.

A. N. ANJARIA,
Principal District Judge,
Arvalli - Modasa.

NOTIFICATION

B.7/3/ADM/30/2025.—The following Assistants [Junior Clerks] of the Judicial Department of Mahesana District, who appeared in the Higher Standard Departmental Examination & Lower Standard Departmental Examination-2025 of the Judicial Department held on 07.07.2025 and 08.08.2025 are declared as successful, as under :-

HIGHER STANDARD DEPARTMENTAL EXAMINATION-2025

Sr. No.	Name of the candidates	Name of the Court
1.	Mr. H. G. Zala	Principal Civil Court, Bahucharaji.
2.	Mr. H. L. Chaudhari	Additional Civil Court, Visnagar. (At present : Addl. Sr. Civil Court, Visnagar)
3.	Mr. J. B. Solanki	Principal Sr. Civil Court, Vijapur.
4.	Mr. M. M. Vaghela	3rd Additional District Court, Visnagar3
5.	Mr. N. A. Parekh	2nd Additional Civil Court, Mahesana. (At present : Additional Civil Court, Mahesana)
6.	Mr. N. J. Prajapati	Criminal Branch, District Court, Mahesana.
7.	Mr. N. P. Raval	MACT Branch, District Court, Mahesana.
8.	Mr. N. R. Bhatti	Principal Senior Civil Court, Kadi.
9.	Mr. N. V. Chaudhari	Additional Civil Court, Kadi. (At present : 2nd Addl. Sr. Civil Court, Kadi)
10.	Mr. R. P. Thakor	Principal Sr. Civil Court, Visnagar.
11.	Mr. Ramji P. Thakor	Additional District Court, Visnagar.

The following Assistant, who appeared but failed at the Higher Standard Departmental Examination, is Exempted

from appearing again in the Paper/s shown against his Name :-

LOWER STANDARD DEPARTMENTAL EXAMINATION-2025

Sr. No.	Name of the candidate	At present working on which establishment	Paper No.
1.	Mr. D. H. Chaudhari	2nd Additional Civil Court, Mahesana. (At present : Additional Civil Court, Mahesana)	I, II & Oral
2.	Mr. T. A. Ghanchi	Principal Senior Civil Court, Mahesana.	Oral
3.	Mr. Y. A. Makwana	Principal Senior Civil Court, Kadi.	I, II, IV & Oral

LIST OF THE SUCCESSFUL CANDIDATES IN LOWER STANDARD DEPARTMENTAL EXAMINATION

Sr. No.	Name of the candidate	At present working on which establishment
1.	Mr. A. R. Chaudhari	7th Additional Civil Court, Mahesana. (At present : 4th Additional Civil Court, Mahesana)
2.	Mr. B. P. Prajapati	4th Additional Civil Court, Mahesana (At present : 3rd Additional Civil Court, Mahesana)

District Court, Mahesana, Date : 16/07/25.

A. L. VYAS,
Principal District Judge,
Mahesana.

NOTIFICATION

No. ADM/10/653/2025.—The result of the Departmental Examination for the members of Staff of the Judicial Department, held on 7th and 8th July, 2025 in the District Court, Valsad is hereby declared as under:-

I

HIGHER STANDARD DEPARTMENTAL EXAMINATION - 2025.

1. The following examinee who appeared in all the papers is declared successful in the Higher Standard Departmental Examination.

Sr. No.	Name of the employee with designation	Name of the Court
1.	Mr. J. M. Parmar, Assistant	3rd Additional District Court, Valsad at Vapi.

2. The following examinee, who appeared with exemption in one or more papers in previous attempts, is declared successful in the Higher Standard Departmental Examination.

Sr. No.	Name of the employee with designation	Name of the Court
1.	Mr. M. M. Vankar, Assistant	3rd Additional Senior Civil Court, Valsad.

II

LOWER STANDARD DEPARTMENTAL EXAMINATION-2025.

3. The following examinee who appeared in all the papers is declared successful in the Lower Standard Departmental Examination.

Sr. No.	Name of the employee with designation	Name of the Court
1.	Mr. P. K. Darji, Assistant	2nd Additional District Court, Valsad at Vapi.

4. The following examinees who appeared with exemption in one or more papers in previous attempts, are declared successful in the Lower Standard Departmental Examination.

Sr. No.	Name of the employee with designation	Name of the Court
1.	Mr. A. B. Vanaliya, Assistant	2nd Additional Civil Court, Valsad.
2.	Ms. A. D. Parmar, Assistant	Principal Civil Court, Pardi

5. The following examinee who appeared in the Lower Standard Departmental Examination has failed, but as he has obtained 50 percent marks in the paper shown against his name, is exempted from appearing for the same paper again.

Sr. No.	Name of the employee with designation	Paper No.
1.	Mr. S. V. Patel, Assistant, 2nd Addl. Civil Court, Valsad.	Typing Test

District Court, Valsad, Date: 30.07.2025.

NIPA C. RAVAL,
Principal District Judge,
Valsad.

NOTIFICATION

No. B.70(i)/16/6/2025.—The result of the Lower Standard Departmental Examinations of the Assistants of the Establishment of District & Sessions Court and its subordinate Courts of Bharuch Judicial District, for the year 2025 held on Monday July 07, 2025 and Tuesday July 08, 2025, in the District Court Complex, District Court at Bharuch, is as under:

Lower Standard Departmental Examination

(1) The following candidates who appeared in all the papers of Lower Standard Departmental Examination are hereby declared successful. Their names have been arranged in order of merits.

Sr. No.	Name of the Assistant	Name of the Court where at present working
1.	Ms. D.A.Upadhyay	Additional District Court, Ankleshwar.
2.	Ms. K.M.Bhaliya	Record Branch, District Court, Bharuch.
3.	Mr. P.N.Vankar	Principal Senior Civil Court, Ankleshwar.
4.	Ms. N.J.Makwana	2nd Additional Senior Civil Court, Ankleshwar.
5.	Mr. R.A.Jotva	MACT Branch, District Court, Bharuch.
6.	Mr. H.R.Gabu	Principal Senior Civil Court, Bharuch.
7.	Mr. J.H.Jethva	Administrative Branch, District Court, Bharuch.
8.	Ms. K.S.Patel	4th Additional Senior Civil Court, Bharuch.
9.	Mrs. K.M.Rana	Principal Civil Court, Valia.
10.	Mr. M.R.Makwana	Additional Civil Court, Jhagadia.

(2) The following candidate who appeared having sought exemption in one or more than one papers which he had cleared in previous attempts is hereby declared successful in the Lower Standard Departmental Examination.

Sr. No.	Name of the Assistant	Name of the Court where at present working
1.	Mr. C.P.Rana	Additional Civil Court, Jambusar

(3) The Following candidates who appeared in the Lower Standard Departmental Examination are unsuccessful, however they having obtained 50% or more of the total marks in the paper/s shown against their names, are exempted from appearing for the said paper/s again.

Sr. No.	Name of the Assistant	Name of the Court where at present working	Exemption Paper No.
1.	Mr. G.D.Bavaliya	Principal Senior Civil Court, Jhagadia	Typing Test
2.	Mr. D.C.Gorasva	Principal Senior Civil Court, Jambusar	Paper-III & Typing Test

3.	Mr. A.T.Jamukiya	Principal Civil Court, Amod	Paper-I, III & Typing Test
4.	Mr. S.M.Makwana	Principal Civil Court, Valia	Typing Test
5.	Ms. H.N.Vyas	Nazir Branch, District Court, Bharuch	Paper-I, 111 & Typing Test

A note be made in the Service Book of concerned employees.

District Court, Bharuch, Date:01/08/2025.

R. K. DESAI,
Principal District Judge,
Bharuch.

મુખ્ય જિલ્લા ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું.

ક્રમાંક: બી.૭(૧)/૧૬૧૬/૨૦૨૫.–જિલ્લા અને સત્ર અદાલત, ભરૂચ તથા તેના તાબાની અદાલતોમાં કામ કરતાં આસીસ્ટન્ટની વર્ષ-૨૦૨૫ની નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષા જિલ્લા અદાલત સંકુલ, કણબીવગા, જીલ્લા અદાલત, ભરૂચ ખાતે તારીખ ૦૭મી જુલાઈ, ૨૦૨૫ના સોમવાર તથા તારીખ ૦૮મી જુલાઈ, ૨૦૨૫ના મંગળવારના રોજ લેવાઈ હતી, જેનું પરીણામ નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષા

(૧) નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષામાં નીચે જણાવેલા પરીક્ષાર્થીઓ પ્રથમવાર તમામ પ્રશ્નોપત્રોમાં બેઠા હતા, જેઓને ઉત્તીર્ણ જાહેર કરવામાં આવે છે. આ પરીક્ષાર્થીઓના નામો તેઓએ મેળવેલ ગુણો પ્રમાણે ગોઠવવામાં આવેલા છે.

અ.નં.	આસીસ્ટન્ટનું નામ	હાલ કઈ કોર્ટમાં ફરજ બજાવે છે
૧	શ્રીમતી ડી.એ.ઉપાધ્યાય	એડીશનલ ડીસ્ટ્રીકટ કોર્ટ, અંકલેશ્વર.
૨	કુ.કે.એમ.ભાલીયા	રેકર્ડ બ્રાંચ, જિલ્લા અદાલત, ભરૂચ
૩	શ્રી પી.એન.વણકર	મુખ્ય સીનીયર સીવીલ કોર્ટ, અંકલેશ્વર
૪	કુ.એન.જે.મકવાણા	૨જી એડીશનલ સીનીયર સીવીલ કોર્ટ, અંકલેશ્વર
૫	શ્રી આર.એ.જોટવા	જયુડીશીયલ શાખા, જિલ્લા અદાલત, ભરૂચ
૬	શ્રી એચ.આર.ગભુ	મુખ્ય સીનીયર સીવીલ કોર્ટ, ભરૂચ
૭	શ્રી જે.એચ.જેઠવા	વહીવટી શાખા, જિલ્લા અદાલત, ભરૂચ
૮	કુ. કે.એસ.પટેલ	૪થી એડીશનલ સીનીયર સીવીલ કોર્ટ, ભરૂચ
૯	શ્રીમતી કે.એમ.રાણા	મુખ્ય સીવીલ કોર્ટ, વાલીયા
૧૦	શ્રી એમ.આર.મકવાણા	એડીશનલ સીવીલ કોર્ટ, ઝઘડીયા

(૨) નીચે જણાવેલ પરીક્ષાર્થી કે જેઓ નિમ્ન શ્રેણી ખાતાકીય પરીક્ષામાં બેઠા હતા, અને તેઓએ તેમના અગાઉના પ્રયત્નોમાં એક અથવા એકથી વધુ પ્રશ્નપત્રોમાં ઉત્તિર્ણ થવાને કારણે તેવા પશ્નપત્રોમાંથી મુક્તિ મેળવેલ હતી, તેઓને નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષામાં ઉત્તિર્ણ જાહેર કરવામાં આવે છે.

અ.નં.	આસીસ્ટન્ટનું નામ	હાલ કઈ કોર્ટમાં ફરજ બજાવે છે
૧	શ્રી સી.પી.રાણા	એડીશનલ સીવીલ કોર્ટ, જંબુસર

(૩) નીચે જણાવેલ પરીક્ષાર્થીઓ કે જેઓ નિમ્ન શ્રેણી ખાતાકીય પરીક્ષામાં અનઉત્તિર્ણ થયેલ છે, પરંતુ કુલ ગુણમાંથી ૫૦% કે તેથી વધુ ગુણ તેઓના નામ સામે જણાવેલ પ્રશ્નપત્ર/પ્રશ્નપત્રોમાં મેળવેલ છે, તેઓને આ પ્રશ્નપત્ર/પ્રશ્નપત્રોમાં ફરીથી ઉપસ્થિત રહેવામાંથી મુક્તિ આપવામાં આવે છે.

અ.નં.	આસીસ્ટન્ટનું નામ	હાલ કઈ કોર્ટમાં ફરજ બજાવે છે	પેપર નંબર
૧	શ્રી જી.ડી.બાવલીયા	મુખ્ય સીનીયર સીવીલ કોર્ટ, ઝઘડીયા.	ટાઈપીંગ ટેસ્ટ

૨	શ્રી ડી.સી.ગોરસવા	મુખ્ય સીનીયર સીવીલ કોર્ટ, જંબુસર	પેપર-૩, ટાઈપીંગ ટેસ્ટ
૩	શ્રી એ.ટી.જામુકીયા	મુખ્ય સીવીલ કોર્ટ, આમોદ	પેપર-૧, પેપર-૩, ટાઈપીંગ ટેસ્ટ
૪	શ્રી એસ.એમ.મકવાણા	મુખ્ય સીવીલ કોર્ટ, વાલીયા	ટાઈપીંગ ટેસ્ટ
૫	કુ.એચ.એન.વ્યાસ	નાઝર શાખા, જિલ્લા અદાલત, ભરૂચ	પેપર-૧, પેપર-૩, ટાઈપીંગ ટેસ્ટ

ઉપરોકત અસરની નોંધ સંબંધિતોની સેવા પુસ્તિકામાં કરવી.

જિલ્લા અદાલત, ભરૂચ, તારીખ:- ૦૧/૦૮/૨૦૨૫.

આર. કે. દેસાઈ,
મુખ્ય જિલ્લા ન્યાયાધીશ,
ભરૂચ.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

// વાંચ્યા //

(૧) પ્રોજેક્ટ ડિરેક્ટરશ્રી, PIU એકતાનગર, NHAI, રાજપીપલાનાઓના પત્ર નં. NHAI/ 11056/ 1/ Maintenance/ Bodeli/NH-56/1, તારીખ: 10.07.2025

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) હેઠળનું

નં.એમએજી/વશી/૧૩૮૮/૨૦૨૫.-વંચાણ-૧ થી છોટાઉદેપુર જિલ્લાના રાષ્ટ્રીય ધોરીમાર્ગ-56 પર બોડેલી પાસે આવેલ મેરીયા નદી પુલ તથા ઓરસંગ નદી પુલને નુકસાન થવાના કારણે બંને પુલોની માળખાકીય સ્થિતિ જાણવા માટે ટેસ્ટિંગ થવાનું હોવાથી, બંને પુલ પર ભારે કોમર્શિયલ વાહનોને પ્રતિબંધિત કરીને માત્ર ટૂ-વ્હિલર, કાર અને લાઈટ કોમર્શિયલ વાહનોને પસાર થવા દેવાની ભલામણ કરેલ છે.

પ્રોજેક્ટ ડિરેક્ટરશ્રી, PIU-એકતાનગર, NHAI, રાજપીપલાની ભલામણ અન્વયે હું ગાર્ગી જૈન, IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) હેઠળ જાહેરનામાં બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ આથી નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરૂ છું.

૧. છોટાઉદેપુર થી વડોદરા તરફ જતાં ભારે કોમર્શિયલ વાહનો છોટાઉદેપુર-પાનવડ-ખાટીયાવાંટ-કલારાણી-રંગલી ચોકડી-મોડાસર ચોકડી-કોસિન્દ્રા-વાસણા ચોકડી-ભાટપુર-હાંડોદ-સંખેડા-લોટીયા થઈ વડોદરા-ડભોઈ તરફ જઈ શકશે.

અથવા

૨. છોટાઉદેપુર થી વડોદરા તરફ જતાં ભારે કોમર્શિયલ વાહનો છોટાઉદેપુર-પાનવડ-ખાટીયાવાંટ-ચલામલી-કોસિન્દ્રા-વાસણા ચોકડી-ભાટપુર-હાંડોદ-સંખેડા-લોટીયા થઈ વડોદરા-ડભોઈ તરફ જઈ શકશે.

૩. છોટાઉદેપુર થી વડોદરા તરફ જતાં ભારે કોમર્શિયલ વાહનો છોટાઉદેપુર-પાનવડ-કવાંટ-ખાટીયાવાંટ-કલારાણી-રંગલી ચોકડી-મોડાસર ચોકડી-કોસિન્દ્રા-વાસણા ચોકડી-ભાટપુર-હાંડોદ-સંખેડા-લોટીયા થઈ વડોદરા-ડભોઈ તરફ જઈ શકશે.

અથવા

૪. છોટાઉદેપુર થી વડોદરા તરફ જતાં ભારે કોમર્શિયલ વાહનો છોટાઉદેપુર-પાનવડ-કવાંટ-ખાટીયાવાંટ-ચલામલી-કોસિન્દ્રા-વાસણા ચોકડી-ભાટપુર-હાંડોદ-સંખેડા-લોટીયા થઈ વડોદરા-ડભોઈ તરફ જઈ શકશે.

અથવા

૫. છોટાઉદેપુર થી વડોદરા તરફ જતાં ભારે કોમર્શિયલ વાહનો છોટાઉદેપુર-પાનવડ-કવાંટ-ખાટીયાવાંટ-રંગલી ચોકડી-ચલામલી-કોસિન્દ્રા-વાસણા ચોકડી-ભાટપુર-હાંડોદ-સંખેડા-લોટીયા થઈ વડોદરા-ડભોઈ તરફ જઈ શકશે.

૬. વડોદરા થી છોટાઉદેપુર તરફ જંતાં ભારે કોમર્શિયલ વાહનો લોટીયા-સંખેડા-હાંડોદ-ભાટપુર-વાસણા ચોકડી-કોસિન્દ્રા-મોડાસર ચોકડી-રંગલી ચોકડી-કલારાણી-ખાટીયાવાંટ-પાનવડ થી છોટાઉદેપુર તરફ જઈ શકશે.

૭. વડોદરા થી છોટાઉદેપુર તરફ જતાં ભારે કોમર્શિયલ વાહનો લોટીયા-સંખેડા-હાંડોદ-ભાટપુર-વાસણા ચોકડી-કોસિન્દ્રા-ચલામલી-ખાટીયાવાંટ-પાનવડ થી છોટાઉદેપુર તરફ જઈ શકશે.

અથવા

૮. વડોદરા થી છોટાઉદેપુર તરફ જતાં ભારે કોમર્શિયલ વાહનો લોટીયા-સંખેડા-હાંડોદ-ભાટપુર-વાસણા ચોકડી-કોસિન્ધા-ચલામલી-ખાટીયાવાંટ-કવાંટ-પાનવડ થી છોટાઉદેપુર તરફ જઈ શકશે.

અથવા

૯. વડોદરા થી છોટાઉદેપુર તરફ જતાં ભારે કોમર્શિયલ વાહનો લોટીયા-સંખેડા-હાંડોદ-ભાટપુર-વાસણા ચોકડી-કોસિન્દ્રા-ચલામલી-રંગલી ચોકડી-ખાટીયાવાંટ-કવાંટ-પાનવડ થી છોટાઉદેપુર તરફ જઈ શકશે.

અથવા

૧૦. વડોદરા થી છોટાઉદેપુર તરફ જતાં ભારે કોમર્શિયલ વાહનો લોટીયા-સંખેડા-હાંડોદ-ભાટપુર-વાસણા ચોકડી-કોસિન્દ્રા-ચલામલી-રંગલી ચોકડી-ખાટીયાવાંટ-પાનવડ થી છોટાઉદેપુર તરફ જઈ શકશે.

૧૧. પ્રોજેક્ટ ડિરેક્ટરશ્રી, PIU-એકતાનગર, NHAI, રાજપીપલા તથા કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરા તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુર તથા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), છોટાઉદેપુર દ્વારા સદરહુ જાહેરનામાં અન્વયે તેમના/પોતાના કાર્યક્ષેત્ર હેઠળ આવતા ડાયવર્ઝન માર્ગ પર ડાયવર્ઝન તથા ગતિ સીમા અંગેના સાઈન બોર્ડ લગાવવાના રહેશે.

૧૨. સદરહું રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૫૬ ઉપર ટ્રાફિક નિયમન, અકસ્માત નિવારણ અને માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા ૨૪×૭પોલીસ બંદોબસ્ત રાખવાનો રહેશે તેમજ રાષ્ટ્રીય ધોરીમાર્ગના અધિકારીશ્રીઓ, પોલીસ અધિકારીશ્રીઓ, આરટીઓના અધિકારીશ્રીઓ તેમજ મહેસુલ વિભાગ તથા પંચાયત વિભાગના અધિકારીશ્રીઓએ સંકલનમાં રહીને મેરીયા નદી તથા ઓરસંગ નદી પરના પુલ ઉપર ટ્રાફિક નિયમન અંગેની કામગીરી કરવાની રહેશે.

// અમલવારીનો સમય //

સદરહુ જાહેરનામું તા.૧૧/૦૭/૨૦૨૫ થી તા.૦૯/૦૮/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

// સજા //

સદરહુ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા નેશનલ હાઈવે ઓથોરીટીના તાબાના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ગુજરાત પોલીસ અધિનિયમ૧૯૫૯ની કલમ- ૩૩(૧) હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તારીખ ૧૧-૦૭-૨૦૨૫ મુજબ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

// વાંચ્યા //

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરાનાઓના પત્ર જા.નં.એનએચડી/પીબી/૫૯૭/૨૦૨૫, તા.૦૨/૦૭/૨૦૨૫

// જાહેરનામું //

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) હેઠળ.

નં.એમએજી/વશી/૧૩૨૩/૨૦૨૫ વંચાણ-૧ થી છોટાઉદેપુર જિલ્લાના રાષ્ટ્રીય ધોરીમાર્ગ-56 પર પાવીજેતપુર પાસે શિહોદ ચોકડી પાસે આવેલ ટેમ્પરરી ડાયવર્ઝન પર તા.૨૧/૦૬/૨૦૨૫ થી તા.૨૬/૦૬/૨૦૨૫ નાં રોજ અતિભારે વરસાદ અને ઉપરવાસ માંથી ભારજ નદીમાં પાણીની અતિભારે આવક અને પ્રવાહ આવતા ટેમ્પરરી ડાયવર્ઝનને નુકશાન થવાને કારણે તથા પાવીજેતપુર ખાતે ચે.405/985 પરના સ્ટ્રક્ચરમાં નુકસાન થવાના કારણે નીચે મુજબ ભારજ પુલ પર તેમજ ટેમ્પરરી ડાયવર્ઝન ઉપરથી વાહન-વ્યવહાર બંધ કરવા તેમજ વાહન વ્યવહાર પસાર ન કરવાનું અને પાવીજેતપુર ખાતે ચે.405/985 પરના સ્ટ્રક્ચરમાં માત્ર એક લેન પરથી નાના વાહનો (LMV) માટે પસાર થઈ શકે તે અંગેનું જાહેરનામું તા.૦૩/૦૭/૨૦૨૫ થી તા.૦૩/૦૮/૨૦૨૫ સુધીના સમયગાળા સુધી માંગણી કરેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરાની માંગણી અન્વયે હું ગાર્ગી જૈન, IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) હેઠળ જાહેરનામાં બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ આથી નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરૂ છું.

૧. બોડેલી થી છોટાઉદેપુર તરફ જતાં નાના વાહનો તથા LMV (ભારદારી વાહનો સિવાય) વાહનો મોડાસર ચોકડી થઈ રંગલી ચોકડી થઈ રતનપુર. વનકુટીર ત્રણ રસ્તા થઈ જેતપુરપાવી રાષ્ટ્રીય ધોરીમાર્ગ-પક થઈ જઈ શકશે.

૨. છોટાઉદેપુરથી બોડેલી અને વડોદરા તરફ આવતા નાના વાહનો તથા LMV (ભારદારી વાહનો સિવાય) વાહનો જેતપુરપાવી વનકુટીર ત્રણ રસ્તા થઈ રતનપુર થઈને રંગલી ચોકડીથી મોડાસર થઈને બોડેલી જઈ શકશે.

૩. બોડેલી થી છોટાઉદેપુર તરફ આવતા ભારે વાહનો, બસો વગેરે મોડાસર ચોકડી થઈ રંગલી ચોકડી થઈ પાનવડ થઈ છોટાઉદેપુર જઈ શકશે.

૪. છોટાઉદેપુરથી બોડેલી તરફ આવતા ભારે વાહનો, બસો વગેરે છોટાઉદેપુર થી પાનવડ થઈ રંગલી ચોકડી થઈ મોડાસર ચોકડી થઈ બોડેલી જઈ શકશે.

૫. કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરા દ્વારા સદરહુ જાહેરનામાં અન્વયે સદરહું રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર ડાયવર્ઝન તથા ગતિ સીમા અંગેના સાઈન બોર્ડ લગાવવાના રહેશે.

૬. સદરહું રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૫૬ ઉપર ટ્રાફિક નિયમન, અકસ્માત નિવારણ અને માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા ૨૪X૭ પોલીસ બંદોબસ્ત રાખવાનો રહેશે તેમજ રાષ્ટ્રીય ધોરીમાર્ગના અધિકારીશ્રીઓ, પોલીસ અધિકારીશ્રીઓ, આરટીઓના અધિકારીશ્રીઓ તેમજ મહેસુલ વિભાગના અધિકારીશ્રીઓએ સંકલનમાં રહીને ભારજ નદી પરના પુલ ઉપર ટ્રાફિક નિયમન અંગેની કામગીરી કરવાની રહેશે.

// અમલવારીનો સમય //

સદરહુ જાહેરનામું તા.૦૪/૦૭/૨૦૨૫ થી તા.૦૩/૦૮/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

// શિક્ષા//

સદરહુ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા નેશનલ હાઈવે ઓથોરીટીના તાબાના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૯ ની કલમ-૩૩(૧) હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તારીખ ૦૫/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ગાર્ગી જૈન, IAS
જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર.

વંચાણે લીધુ :- પ્રોજેકટ ડાયરેકટરશ્રી, નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા, સુરતના પત્ર નં.NHAI/PIU-Surat/30-OPBC/Overlay/2025/4043, તા.૦૯/૦૭/૨૦૨૫.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ.

નં.ડીસીબી/એમએજી-૧/વશી. ૮૫૦૯ થી ૮૫૧૬/૨૦૨૫/૨જી.૭૬/૨૦૨૫.–અત્રેના જિલ્લામાંથી અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે-૪૮ પસાર થાય છે. સમાચાર પત્રમાં પ્રસિધ્ધ થયેલ અહેવાલ અને સોશ્યલ મીડીયામાં પ્રસિધ્ધ થયેલ અહેવાલ તથા અમારા જિલ્લાના પ્રવાસ કાર્યક્રમ દરમ્યાન જાણવા મળ્યા મુજબ ચોમાસાની ઋતુ દરમ્યાન વરસાદના કારણે વલસાડ જિલ્લામાંથી પસાર થતા અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે નં.૪૮ પર રસ્તાઓને ભયંકર નુકશાન થયેલ હોય, રસ્તાઓમાં મોટા ખાડાઓ પડી ગયેલ છે જેના કારણે ટ્રાફીકની સમસ્યા, અકસ્માતો, ગંભીર ઈજા તથા મૃત્યુના બનાવો બનેલ છે. આ બાબતે નેશનલ હાઈવે ઓથોરીટીના સબંધિત કચેરીને ટેલિફોનીક, મેસેજથી અવારનવાર જાણ કરેલ છે.

વંચાણમાં લીધેલ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા, સુરતના તા.૦૯/૦૭/૨૦૨૫ ના પત્ર મુજબ અત્રેની

કચેરીને વલસાડ જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે નં.૪૮ માટે આપેલ કોન્ટ્રાકટના કોન્ટ્રાકટરની માહિતી આપવામાં આવેલ છે. સંદર્ભ પત્ર સાથે સામેલ Annexure-A (તથા તેની સાથે સામેલ Annexure-I અને Annexure-II) મુજબ કયા કોન્ટ્રાકટરને નેશનલ હાઈવે ૪૮ ઉપર મરામતની જવાબદારી છે તે દર્શાવેલ છે, જે આ હુકમનો ભાગ બને છે તથા હુકમ સાથે સામેલ છે. રસ્તા રીપેરીંગ માટે નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા ધ્વારા નકકી થયેલ કોન્ટ્રાકટર ની રસ્તા રીપેરીંગની જવાબદારી બને છે અને સમયસર રસ્તા રીપેર થઈ જાય તે માટે નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયાએ જવાબદાર કોન્ટ્રાકટર પાસેથી રસ્તા રીપેર થઈ જાય તે સુનિશ્ચિત કરાવવાનું હોય છે તેમ છતા રસ્તાઓમાં કોઈ સુધારો કે સમારકામ જોવા મળેલ નથી અને ટ્રાફીક તથા અકસ્માતના બનાવો અવિરત ચાલુ છે. રસ્તામાં ખાડા પડી જવાથી અકસ્માતના બનાવો બને છે તથા રસ્તા ઉપરથી પસાર થતા વાહનો તથા જાહેર જનતા ને ખુબ જ હાડમારી થાય છે. રોડ ઉપર ખાડાને કારણે અકસ્માત થવાથી માનવ ઈજા, મૃત્યુના બનાવો પણ અવારનવાર બને છે તથા ટ્રાફીક જામ થાય છે.

ઉપરોકત વિગતે રોડ ઉપર પડેલ ખાડા સમયસર રીપેર નહીં કરીને લોકો જેનો કાયદેસર રીતે ઉપયોગ કરતા હોય તેમા ખાડા સમયસર રીપેર નહિ કરીને ગેરકાયદેસર અડચણ ઉભી કરીને જાહેર જનતાને થતી ત્રાસદાયક બાબત દુર કરવી જરૂરી છે. જે ધ્યાને લઈને આદેશ કરવો જરૂરી જણાય છે. સદરહું બાબતે તાત્કાલિક ઉપાય કરવો જરૂરી હોય સબંધિત ઓથોરીટીને નોટીસની બજવણી શક્ય ન હોય વલસાડ જિલ્લામાં ટ્રાફીકની સમસ્યા તથા જાનમાલની સુરક્ષા જળવાઈ રહે તે માટે સબંધિત નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા ની સબંધિત એજન્સીઓને જરૂરી આદેશ કરવો ઉચિત જણાય છે.

ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૦૬ મુજબ જો કોઈ વ્યકિત, ગુનાહિત મનુષ્યવધ ન ગણાય એવુ બેફામ રીતે કરેલુ કે બેદરકારી ભર્યુ કોઈ કૃત્ય કરીને કોઈ વ્યકિતનું મૃત્યુ નિપજાવે, તેને પાંચ વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પાત્ર થશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.

ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ જો કોઈ વ્યકિત, કોઈ હુકમ જાહેર કરવાની કાયદેસર સતા ધરાવતા જાહેર સેવકે જાહેર કરેલા હુકમથી પોતાને અમુક કૃત્ય કરતાં રોકવા માટે અથવા પોતાના કબજાની કે પોતાના વહીવટ નીચેની અમુક મિલકતની અમુક વ્યવસ્થા કરવા માટે આદેશ થયો હોવાનું જાણવા છતાં તે આદેશનું પાલન ન કરે તેને,

(એ) જો આવી અવજ્ઞા, કાયદેસર રીતે કામે રાખેલી વ્યક્તિઓને અડચણ, ત્રાસ કે હાનિ પહોચાડે અથવા પહોંચાડે તેમ હોય અથવા અડચણ, ત્રાસ કે હાનિનું જોખમ પેદા કરે કે કરે તેમ હોય તો તેને છ મહિના સુધીની સાદી કેદની સજા અથવા બે હજાર પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

(બી) અને જયારે એવી અવજ્ઞાા માનવ જીવન, તંદુરસ્તી કે સલામતીને ભયમાં મુકે અથવા મુકે તેમ હોય અથવા તેની હુલ્લડ કે બખેડો થાય અથવા થાય તેમ હોય તો તેને એક વર્ષ સુધીની બે માંથી કોઈ પ્રકારની કેદની અથવા પાંચ હજાર રૂપિયા સુધીની દંડની અથવા તે બંને પ્રકારની શિક્ષા કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

-::હુકમ::-

સબબ હું ભવ્ય વર્મા, જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૬૩ મુજબ મને મળેલ સતાની રૂએ ફરમાઉ છુ કે, વલસાડ જિલ્લામાંથી પસાર થતા અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે નંબર ૪૮ પર પડેલ તમામ ખાડાઓ તથા સર્વિસ રોડનું નેશનલ હાઈવે ઓથોરીટીના સંદર્ભ પત્ર સાથે સામેલ Annexure-A (તથા તેની સાથે સામેલ Annexure-I અને Annexure-II) મુજબ કયા કોન્ટ્રાકટરને નેશનલ હાઈવે ૪૮ ઉપર મરામતની જવાબદારી છે તે દર્શાવેલ છે, જે આ હુકમનો ભાગ બને છે તથા હુકમ સાથે સામેલ છે. જે મુજબની સબંધિત એજન્સીએ દિન-૧૦ માં સમારકામ કરી રસ્તાઓ અવરજવર યોગ્ય બનાવવા આથી હુકમ કરવામાં આવે છે. વધુમાં આ હુકમની સબંધિત એજન્સીને બજવણી પ્રોજેકટ ડાયરેકટરશ્રી નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા સુરતની કચેરી મારફત કરવાની રહેશે.

હુકમ મુજબ કામગીરી પુર્ણ ન થયેથી કોઈ અકસ્માત સર્જાશે તો સબંધિત એજન્સી વિરૂધ્ધ ફોજદારી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. સદરહું બાબતે હાલના સંજોગો અને પરિસ્થિતિને ધ્યાનમાં લેતા જો નોટીસ કાઢવામાં આવે તો ઘણો સમય સમય પસાર થઈ જાય તેમ હોય અને લોકોને જાનહાની થઈ જાય તેમ હોય સબંધિત ઓથોરીટીને નોટીસની બજવણી શકય ન હોય એકતરફી આ હુકમ ફરમાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન થયેથી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૦૬ અને ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા. ૧૧/૦૭/૨૦૨૫ થી તા.૧૧/૦૯/૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આજ તા. ૧૧/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કર્યો.

ભવ્ય વર્મા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ.

આમુખ:-

(૧) મુખ્ય અધિકારીશ્રી, નગરપાલિકા ભરૂચનાં જા.નં.સી.એ./૩૫૯, તા.૨૨/૦૧/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક: અરજ/ વશી/લોકલ-૪૧૦/૨૦૫૯૧/૨૦૨૪, તા.૨૭/૧૨/૨૦૨૪

(૩) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક: એમએજી/વશી/૧૧૫૪/૨૦૨૫, તા.૨૪/૦૪/૨૦૨૫

(૪) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક: એલ.આઇ.બી./ અભિપ્રાય/ ૨૩૦૬/ ૨૦૨૫, તા.૦૩/૦૭/૨૦૨૫

(૫) ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની જોગવાઇઓ.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક:એમએજી/રીક્ષા સ્ટેન્ડ જાહેરનામું/વશી/૪૩૬/૨૨૬૬/૨૦૨૫.–"જયભારત રીક્ષા એસોસિએશન" દ્વારા તા.૧૧/૦૧/૨૦૨૪ નાં રોજ મુખ્ય અધિકારીશ્રી, નગરપાલિકા ભરૂચને સંબોધીને ભરૂચ નગરપાલિકા હદ વિસ્તારમાં રીક્ષા સ્ટેન્ડ બનાવવા બાબતે રજૂઆત કરવામાં આવેલ. જે અનુસંધાને મુખ્ય અધિકારીશ્રી, નગરપાલિકા ભરૂચ દ્વારા આમુખ-૧નાં પત્રથી જણાવ્યા મુજબ તા.૦૪/૧૨/૨૦૨૪નાં રોજ પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી, ભરૂચ શહેર ટ્રાફિક સ્ક્વોડ તથા નગરપાલિકા ભરૂચની ટીમ દ્વારા અરજદારશ્રીને સાથે રાખીને રીક્ષા એસોસિએશનની માંગણી મુજબ રીક્ષા સ્ટેન્ડ આપવા માટેનાં સ્થળોનો સર્વે કરવામાં આવેલ. જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે આમુખ-૨નાં પત્રથી ભરૂચ નગરપાલિકા હદ વિસ્તારમાં આ સાથે સામેલ પરિશિષ્ટમાં જણાવેલ કુલ-૩૦ સ્થળોએ રીક્ષા સ્ટેન્ડ આપવા મુખ્ય અધિકારીશ્રી, નગરપાલિકા, ભરૂચને જરૂરી અભિપ્રાય સહિત અહેવાલ પાઠવેલ છે. આમુખ-૩ થી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ભરૂચ તથા આમુખ-૪ થી પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે હકારાત્મક અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

આમ, આમુખ-૧ તથા આમુખ-૨ થી કરવામાં આવેલ દરખાસ્ત તથા આમુખ-૩ અને આમુખ-૪ નાં અભિપ્રાય અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

-: હુકમ :-

વાસ્તે, હું ગૌરાંગ મકવાણા, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મળેલ સત્તાની રૂએ આ સાથે સામેલ પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણેનાં ભરૂચ નગરપાલિકા હદ વિસ્તારમાં આવતાં સ્થળોએ રીક્ષા સ્ટેન્ડ જાહેર કરવા અંગે હુકમ ફરમાવું છું.

વધુમાં, ભરૂચ શહેરમાં તમામ રીક્ષા ચાલકોએ પરિશિષ્ટમાં જણાવ્યા મુજબનાં રીક્ષા સ્ટેન્ડ પર જ તેઓની રીક્ષા ઉભી રાખવાની રહેશે.

-: શિક્ષા :-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ (તા. ૨જી જૂન, ૨૦૨૫) ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

ગૌરાંગ મકવાણા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભરૂચ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા -૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ

File No. PAN/OTH/e-file/454/2025/1440/Extra Chithis.-પોલીસ અધિક્ષકશ્રી પંચમહાલ ગોધરાના પત્ર નં.એસ.ઓ. જી/જાવક/૬૧૫/૨૦૨૫ તા. ૧૬/૦૬/૨૦૨૫ થી પ્રવર્તમાન પરીસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજયમાં UAV, ડ્રોન ઉડાનની પ્રવૃતિઓ પર તાત્કાલીક પ્રતિબંધ મુકવા બાબતે ગૃહ વિભાગ ગાંધીનગર ધ્વારા સમગ્ર ગુજરાત રાજયને " ટેમ્પરરી રેડ ઝોન " તરીકે જાહેર કરવા અંગે સુચના આપેલ છે. તેમજ, UAV, ડ્રોન જેવા સાધનોનો ગેરલાભ લઈને દેશ વિરોધી સંગઠનો, આંતકવાદીઓ, ભાંગફોડીયા તત્વો પંચમહાલ જિલ્લાની સુરક્ષાને હાની પહે ચાડે તેવી શકયતા નકારી શકાય નહી. જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવણી સારૂ પંચમહાલ જિલ્લા વિસ્તારમાં UAV, માનવ રહીત રીમોટ કંટ્રોલથી યલાવવામાં આવતા તમામ પ્રકારના ડ્રોન, કવાડ કોપ્ટર, પાવર્ડ એરક્રાફટ તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફટ, હેંગ ગ્લાઈડર/ પેરાગ્લાઈડર, પેરામોટર તેમજ હોટ એર બહુન તથા પેરા જમ્પીંગ વિગેરે ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી હોય જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું જે.જે.પટેલ (જી.એ.એસ) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સતાની રૂએ સમગ્ર પંચમહાલ જિલ્લાના વિસ્તારમાં UAV, માનવ રહીત રીમોર્ટ કંટ્રોલથી ચલાવવામાં આવતા તમામ પ્રકારના ડ્રોન, કવાડ કોપ્ટર, પાવર્ડ એરક્રાફટ તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફટ, હેંગ ગ્લાઈડર/પેરાગ્લાઈડર, પેરામોટર તેમજ હોટ એર બલુન તથા

પેરા જમ્પીંગ વિગેરે ચલાવવા ઉપર મનાઈ ફરમાવું છું.

આ હુકમ નીચેના વિભાગો/કચેરીઓને લાગુ પડશે નહી.

સરકારી વિભાગ, પોલીસ વિભાગ અને સુરક્ષાબળોને Remote Sensing, Mining, Law & Order, Internal Security, Defense ના હેતુ માટે ઉપરોક્ત સંસાધનોને આ જાહેરનામામાંથી મુકિત આપું છું. જુદા-જુદા કારણોસર ડ્રોનથી શુટીંગ કરવાની પરવાનગી પોલીસ અધિક્ષકશ્રી કે તેઓ ધ્વારા અધિકૃત પોલીસ અધિકારી આપી શકશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસનો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું જાહેરાતની તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

પંચમહાલ-ગોધરા તા.૧૯-૦૬-૨૦૨૫.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબનું

File No. PAN/OTH/e-file/454/2025/1783/Extra Chithis.- પંચમહાલ જિલ્લાના પાવાગઢ યાત્રાધામ ખાતે મુખ્યત્વે સરકારી જાહેર રજાઓ તેમજ રવિવારના દિવસોમાં યાત્રાળુઓ/લોકોની ખૂબ જ મોટી સંખ્યામાં અવર જવર રહેતી હોઈ તે દરમ્યાન અકસ્માત કે જાનહ ઉતરાણવાળો તથા સાંકડો હોય ટ્રાફીકનું નિયમન કરવું જરૂરી છે. જાહેર હિતમાં પાવાગઢ તળેટીથી માંચી સુધીના રસ્તાઓ ઉપર ભારે તેમજ હળવા જાનહાનિ ન સર્જાય તેમજ પાવાગઢથી માંચી સુધીનો રસ્તો ખૂબ જ વાંકો-ચુકો, ચઢાણ વાહનોની અવર જવર ઉપર તથા ચીજવસ્તુઓ સાથે અથવા ચીજવસ્તુઓ વગર ગધેડાઓ દોરી જનારા કે અન્ય પશુઓ ઉપર તરફ દોરી જનારા પર નિયંત્રણ કરવુ જરૂરી જણાતું હોઈ તા. ૧૬/૦૭/૨૦૨૫ થી બે માસ દરમ્યાન આવતાં બીજા/ચોથા શનિવાર તથા તમામ રવિવાર અને પુનમના દિવસો (તા. ૦૯/૦૮/૨૦૨૫ તથા તા. ૦૭/૦૯/૨૦૨૫) માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે જાહેરનામુ બહાર પાડવા વિભાગીય નિયામકશ્રી એસ.ટી ગોધરાના પત્ર નં.ડીસી/જીડીએ/ટીઆર/ઓપ/જન/૩૩૪ તા. ૧૪/૦૭/૨૦૨૫ થી દરખાસ્ત મોકલી વિનંતી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી પંચમહાલ ગોધરાના પત્ર નં.LIB/પાવાગઢ/સંચાલન/૨૪૧૬/૨૦૨૫ તા. ૧૯/૦૭/૨૦૨૫ થી ઉક્ત વિગતેનું જાહેરનામું પાડવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

આ અંગે અગાઉ અત્રેના No: PAN/0070/05/2025 Dt.09/05/2025 થી પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પાડેલ હતું.

ઉપરોકત મળેલ દરખાસ્ત વંચાણે લેતાં તથા પોલીસ અધિક્ષકશ્રી પંચમહાલ ગોધરાનો અભિપ્રાય હકારાત્મક હોઇ પાવાગઢ ખાતે તળેટીથી માંચી સુધીના રૂટ ઉપર ભારે તેમજ હળવા વાહનો જેવા કે ટ્રક, ટેક્ષી, ટેમ્પો, જીપ, લકઝરી બસ, મેટાડોર, ઓટોરીક્ષા, દ્વિચક્રિય વાહનો સહિત ઈંધણથી ચાલતા તમામ પ્રકારના વાહનો અવર જવર કરી ખોટી રીતે રસ્તાની વચ્ચે વાહનો પાર્ક કરી દેતાં હોવાનું ધ્યાને આવેલ છે તેમજ સદર રસ્તો પણ વાકો ચુકો હોવાના કારણે અકસ્માત સર્જાય તેવી પૂરેપૂરી સંભાવના રહેલ છે જે માટે આવા વાહનો તથા ચીજ વસ્તુઓ સાથે અથવા ચીજ વસ્તુઓ વગર પશુઓ દોરી જનારાઓ, કે તે દ્વારા માલ સામગ્રી વહન કરનારાઓ ઉપર નિયંત્રણ કરવું અને તે માટે ટ્રાફીકનું નિયમન કરવું જાહેર હિતમાં આગામી સમય માટે પણ જરૂરી જણાય છે.

અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : મકમ/વશી/૧૨૪૧થી૧૨૬૬/૧૦ તા. ૧૬/૦૮/૨૦૧૦થી સરકારશ્રીના મહેસૂલ વિભાગ, ગાંધીનગરના ઠરાવ તા.૧૫/૦૨/૧૯૯૯ ની સૂચના મુજબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ હેઠળની જિલ્લા મેજિસ્ટ્રટશ્રીની સત્તા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે.

આથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મળેલ અધિકારની રૂએ હું જે.જે.પટેલ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા આ જાહેરનામું પ્રસિધ્ધ કર્યા તા.૧૮/૦૭/૨૦૨૫ થી બે માસ એટલે કે તા. ૧૪/૦૯/૨૦૨૫ દરમ્યાન સરકારશ્રી દ્વારા નકકી થયેલ તમામ જાહેર રજાઓના દિવસો, બીજા અને ચોથા શનિવારના દિવસો તથા તમામ રવિવાર અને પુનમના દિવસો (તા. ૦૯/૦૮/૨૦૨૫ તથા હી. ૦૭/૦૯/૨૦૨૫)ના દિવસોએ ૦૦:૦૦ કલાકથી ૨૪:૦૦ કલાક સુધીના સમયગાળા માટે નીચે મુજબની વિગતોની અમલવારી કરવા ફરમાવુ છું,

(૧) પાવાગઢ ખાતે તળેટીથી માંચી સુધી જવાના રસ્તા ઉપર ટેક્ષી પાસીંગ સિવાયના તમામ ભારે તથા હળવા ખાનગી વાહનો અવર જવર કરી શકાશે. માંચી ખાતે પાર્કિંગ સ્થળ ખાતે જગ્યાની ઉપલબ્ધતાં ધ્યાને લીધા બાદ આવા ખાનગી વાહનો તળેટીથી માંચી સુધી જઈ શકશે. પાર્કિંગ સ્લોટ ફુલ થયેથી કોઈપણ ઉકત નિર્દિષ્ટ કોઈપણ વાહન તળેટીથી માંચી સુધી અવર જવર કરી શકશે નહી.

(૨) કોઈપણ પ્રકારના વાહનો અથવા પશુઓ દ્વારા સાધન સામગ્રી, ચીજ વસ્તુઓનું વહન કરી શકાશે નહિં. પશુઓ દોરી જનારાઓએ માંચીથી દુધીયા તળાવ પાવાગઢ સુધીના રસ્તા ઉપર અવર જવર કરવી નહિં.

(૩) હાલોલ ટીંમ્બી ત્રણ રસ્તાથી, જેપુરા ચોકડી, વડાતળાવ ચોકડી, ઢીંકવા ચોકડી તેમજ ધનકુવા ચોકડીથી પાવાગઢ ખાતે પ્રવેશતા ખાનગી ભારે વાહનોના પ્રવેશ ઉપર પ્રતિબંધ રહેશે. વાહનોનું પાર્કિંગ પંચમહોત્સવ વાળી ખાલી જગ્યાએ અને એસ.ટી.બસનો પોઈન્ટ વડાતળાવ રાખવો.

(૪) આ પ્રતિબંધ આવશ્યક ચીજવસ્તુઓનું પરિવહન કરતા વાહનો, એસ.ટી.બસો, સરકારી ફરજ ઉપરના વાહનો તથા આરોગ્ય સેવાઓના ઉપયોગમાં આવનાર વાહનોને લાગુ પડશે નહિં.

પોલીસ અધિક્ષકશ્રીએ આ જાહેરનામાની ગુજરાત પોલીસ અધિનિયમની જોગવાઈઓ મુજબ પુરતી પ્રસિધ્ધિ કરવાની રહેશે તથા તે અંગેનો અહેવાલ મોકલવાનો રહેશે.

આ હુકમનો ભંગ અથવ: ઉદાંદન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ: ૧૭-૦૭-૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કર્યો.

જે.જે.પટેલ
અધિક જિલ્લા મેજિસ્ટ્રટ
પંચમહાલ-ગોધરા

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંક:એમએજી/ગ્રા.પં. ચૂંટણી-૨૦૨૫/વશી/૩૦૪૪/૨૦૨૫.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩ (૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. જેથી નિયત કરેલા મતદાન મથકોએ મતદાન સરળતા પૂર્વક અને શાંતિપૂર્ણ રીતે થાય અને તેમાં કોઈ અવરોધ પેદા થાય નહિ તે માટે તેમજ આ નિયત કરેલા મતદાન કેન્દ્રોએ જુદા-જુદા પક્ષનાં લોકો / ટેકેદારો / કાર્યકરો એકઠાં થાય ત્યારે એક બીજા વચ્ચે સંઘર્ષ ન થાય તથા જાહેર સુલેહશાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ નિયત કરેલ મતદાન મથકોની આજુબાજુના ૨૦૦ મીટરનાં વિસ્તારમાં ચાર કરતાં વધુ માણસોએ ભેગા નહિં થવા માટે તેમજ ચૂંટણીના કામે ઉપયોગમાં લેવાનાર ઉપરોકત નિયત સ્થળોએ આવેલ મતદાન કેન્દ્રોના મકાનોમાં બિનઅધિકૃત વ્યકિતઓ દાખલ થાય નહિં તે માટે ભારતીય નાગરીક સુરક્ષા સહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ પગલાં લેવાં સારૂ મને પૂરતું કારણ જણાય છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ અમોને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છું કે, તા.૨૨/૦૬/૨૦૨૫ નાં ૦૦:૦૦ કલાકથી ૨૪:૦૦ કલાક સુધી અને જો પુન: મતદાન યોજવાનું થાય તો જે મતદાન મથકોએ પુન:મતદાન યોજવાનું હોય તેવા મતદાન મથકોએ તા.૨૪/૦૬/૨૦૨૫ ના 00:00 કલાક થી ૨૪:૦૦ કલાક સુધી ચૂંટણી અંગેની કામગીરી માટેનાં નિયત કરેલા મતદાન મથકોએ મતદાનની કામગીરી પૂરી થાય તે સુધીના સમય તેમજ મતદાનને લગતી અન્ય કામગીરી પૂર્ણ થાય તે સમય સુધી નીચે મુજબ આદેશ કરૂ છું.

૧) ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમગ્ર વિસ્તારનાં નિયત કરવામાં આવેલ મતદાન મથકોના ૨૦૦ મીટરનાં વિસ્તારમાં ચાર (૪) કરતા વધારે માણસોએ ભેગા થવુ નહિં, તેમજ ઉપરોકત સ્થળોએ ચૂંટણી કામ માટે ઉપયોગમાં લેવાનાર મકાનો તથા તેના કમ્પાઉન્ડની ૨૦૦ મીટરનાં વિસ્તારની અંદર બિનઅધિકૃત વ્યકિત/વ્યકિતઓએ પ્રવેશ કરવો નહિ.

૨) મતદાન મથકની ૨૦૦ મીટરનાં અંતર સુધીમાં કોઈપણ મંડપ બાંધવો નહી અને મતદાન મથકની ૨૦૦ મીટર બહારના વિસ્તારમાં એકજ મંડપ બાંધી શકાશે અને તેમાં એક ટેબલ તથા બે ખુરશી જ રાખી શકાશે. આ ટેબલ પર ઉમેદવાર તથા પક્ષનું નામ અને નિશાન સાથેનું ફકત એક જ બેનર ૩ ફુટ × ૪ ૧/૨ ફુટ સાઈઝનું મૂકી શકાશે. આવા મંડપ બાંધવા માંગતાં ઉમેદવારે જગ્યા અંગે સ્થાનિક સત્તા મંડળની લેખિત પરવાનગી મેળવી અને સબંધિત ચૂંટણી અધિકારીશ્રીને જાણ કરવાની રહેશે. મંજૂરી મેળવેલ ટેબલ-ખુરશી ટ્રાફિકને અવરોધ ન થાય તે રીતે મૂકવાના રહેશે.

૩) મતદાન કરીને આવેલ મતદારને મંડપમાં ભેગા/એકત્ર થવાની છૂટ રહેશે નહીં.

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહિ.

૧) ચૂંટણી અંગેની કામગીરીમાં રોકવામાં આવેલ ચૂંટણી ફરજ માટેના સરકારી અધિકારી અને કર્મચારીઓને.

૨) કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ અધિકારી / કર્મચારી તથા હોમગાર્ડને.

૩) સબંધિત ચૂંટણીનાં ઉમેદવારો/ચૂંટણી એજન્ટ/મતદાન એજન્ટને તથા ચૂંટણી અધિકારીશ્રીઓ તથા ચૂંટણીપંચ દ્વારા અધિકૃત કરવામાં આવે તે વ્યક્તિઓને.

૫) સ્થળે ફરજ પર હાજર પોલીસ અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરવામાં આવે તેને.

૬) ચૂંટણી માટે મતદાર યાદીમાં નોંધાયેલ માન્ય મતદારોની મતદાન સમયેની હરોળને.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ: ૧૩/૦૬/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંક:એમએજી/ગ્રા.પં. ચૂંટણી-૨૦૨૫/વશી/૩૦૪૫/૨૦૨૫.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩ (૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત મતદાનનાં દિવસે વાહનોનાં ઉપયોગ ઉપર દેખરેખ રાખવા તથા મતદારો માટે વાહનોનો દૂરોપયોગ કરી મતદારોને અયોગ્ય રીતે રીઝવવામાં ન આવે જેથી સદર ચૂંટણીઓ ન્યાયી વાતાવરણમાં નિષ્પક્ષ રીતે યોજી શકાય. મતદાનનાં દિવસે વાહનોનાં ઉપયોગ ઉપર નિયંત્રણ ન રાખવામાં આવે તો તેના દૂરોપયોગના કારણે સામાન્ય જન-માનસ ઉપર તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર સાચી-ખોટી ફરિયાદો ઉપસ્થિત થવાનો પુરતો અવકાશ રહે છે, પરિણામે એક-બીજા જુથો વચ્ચે મનદુ:ખ થાય અને ઘર્ષણ ઉભું થવાની પુરતી સંભાવના રહે છે માટે તે અટકાવવા તેમજ આગામી ચૂંટણી દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવતાં વાહનનો દૂરોપયોગ થતો અટકાવવાનાં હેતુથી સાવચેતીનાં પગલાં લેવા અનિવાર્ય જણાય છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ અમોને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

(૧) કોઈપણ રાજકીય પક્ષો કે બિન રાજકીય પક્ષો કે તેમના ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચૂંટણી એજન્ટ દ્વારા અથવા તેમની સંમતીથી બીજી કોઈપણ વ્યકિત દ્વારા મતદાનનાં દિવસે,

(ક) મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથક ખાતેથી લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા એ રીતે વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(ખ) આગામી સ્થાનિક સ્વરાજ્યની પેટા ચૂંટણી દરમ્યાન ઉમેદવાર મતદાનના દિવસે નીચે પ્રમાણેનાં વાહનોનો ઉપયોગ કરવા હકકદાર રહેશે.

(૧) ઉમેદવાર પોતાના ઉપયોગ માટે સમગ્ર મતદાર વિભાગ પૂરતું એક જ વાહનની સબંધિત ચૂંટણી અધિકારી પોતે અથવા તેમના દ્વારા અધિકૃત કરેલ સક્ષમ અધિકારીશ્રી પાસે નોંધણી કરાવીને ઉપયોગ કરી શકશે અને સદરહું વાહનની નોંધણી કરાવ્યાનો આધાર વર્ણન સાથે રાખવાનો રહેશે.

(૨) આ ઉપરાંત ઉમેદવારનાં ચૂંટણી એજન્ટ/કાર્યકરોનાં ઉપયોગ માટે સમગ્ર મતદાર વિભાગ પૂરતા એક વાહનની સબંધિત ચૂંટણી અધિકારી પોતે અથવા તેમના દ્વારા અધિકૃત કરેલ સક્ષમ અધિકારીશ્રી પાસે નોંધણી કરાવીને ઉપયોગ કરી શકશે અને સદરહું વાહનની નોંધણી કરાવ્યાનો આધાર વર્ણન સાથે રાખવાનો રહેશે. ઉપયોગમાં લેવામાં આવનાર વાહનોમાં વ્યક્તિઓને બેસાડવાની મર્યાદા વિભાગનાં જાહેરનામાં ક્રમાંક:જીજી/૨૦૬૫/૨૦૨૦/વિ-૧/કઅવ/અવ/૧૦૨૦૨૦/૪૮૨, તા.૦૧/૧૦/૨૦૨૦ તથા ત્યારબાદના વખતો-વખતની સુચના મુજબ રહેશે.

(૩) ખાનગી વ્યકિત કે ઉમેદવાર એજન્ટ પાર્ટીના સભ્યો વિગેરે પરવાનગી વગરનાં વાહનોનો ઉપયોગ કરી શકશે નહીં.

આવા વાહનોની ઓળખ સહેલાઈથી પ્રસ્થાપિત થઈ શકે અને ઉમેદવારને બિન જરૂરી અસુવિધા ઉભી ન થાય તે માટે મતદાનની દિવસે ઉપરોકત (ખ)(૧)(૨)(૩) માં દર્શાવેલ વિગેરેનાં વાહનો સદર ચૂંટણીનાં ઉમેદવારોએ ચૂંટણી અધિકારીશ્રી અથવા આ કામે તેઓશ્રી દ્વારા અધિકૃત કરવામાં આવેલ હોય તેવા સક્ષમ સત્તાધિકારીશ્રી પાસે આવા વાહનો રજીસ્ટર કરાવવાના રહેશે, અને રજીસ્ટર કરાવેલ વાહનો પરત્વેનાં પરમીટ તેઓની પાસેથી મેળવીને વાહનોની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વિન્ડસ્ક્રીન ઉપર ડાબી તરફ ઉપરની બાજુ સહેલાઈથી જોઈ શકાય તેમ લગાવવાનો રહેશે. સદરહું પરમીટ લગાવ્યા સિવાય સદરહું વાહનનો ઉપયોગ કરી શકશે નહિ.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમગ્ર વિસ્તારમાં મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ નાં દિવસ તથા પુન:મતદાન યોજવાનું થાય તો તા.૨૪/૦૬/૨૦૨૫ સુધી કરવાનો રહેશે.

આજરોજ તા.૧૩/૦૬/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે હુકમ પ્રસિધ્ધ કર્યો.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંક:એમએજી/ગ્રા.પં. ચૂંટણી-૨૦૨૫/વશી/૩૦૬૧/૨૦૨૫.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩ (૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૨૬ ની જોગવાઈ મુજબ તથા ભારતીય ચૂંટણી પંચનાં આદેશ ક્રમાંક:૪૬૪/ આઈએનસીટી/ ૦૭/ પીએલએન/ ૧/ ૪૮૩/૫૧૭/ સીઈઓ, તારીખ-૦૮/૦૧/૨૦૦૭ નાં પેરા નં.૨ માં આપેલ સૂચનાનુસાર મતદાન પૂરું થવા માટે નિયત સમય સાથે પૂરા થતાં ૪૮:૦૦ કલાકનાં સમયગાળામાં ચૂંટણી પ્રચાર બંધ કરવા ઠરાવેલ છે. વધુમાં ઉમેદવારો તેમના ચૂંટણી મતવિસ્તાર બહારનાં સમર્થકોને ચૂંટણી પ્રચાર માટે એકત્ર કરી કામે લગાડે છે પરંતુ પ્રચારનો સમયગાળો પૂરો થયા પછી મતદાર વિભાગમાં ચૂંટણી પ્રચાર થઈ શકે નહીં એ હકીકતને ધ્યાનમાં લેતાં રાજકીય પદાધિકારીઓ / પક્ષનાં કાર્યકરો /સરઘસ કાઢનારાઓ / ચૂંટણી પ્રચારકો વગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોઈ અને જેઓ મતદાર વિભાગનાં મતદારો ન હોય, તેઓએ ચૂંટણી પ્રચારનાં અંત પછી મતદાર વિભાગમાં હાજર રહે તો ચૂંટણી ન્યાયી અને મુકત રીતે થવા ઉપર અસર પડે છે, જેથી કાયદો અને વ્યવસ્થા જોખમાય છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ અમોને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમગ્ર વિસ્તાર માટે,

(૧) મતદાન પૂરું થવા માટે નિયત થયેલ સમય સાથે પૂરા થતાં ૪૮:૦૦ કલાકનાં સમયમાં ચૂંટણી પ્રચાર કરવા ઉપર, (૨) કોઈ પણ રાજકીય પક્ષ, ઉમેદવાર, તેના ચૂંટણી એજન્ટ, કાર્યકરો કે સમર્થકોએ કે અન્ય કોઈ વ્યકિતએ ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણી-૨૦૨૫ નાં મતદાન દિવસ તા.૨૨/૦૬/૨૦૨૫ નાં રોજ મતદાન પૂરું થવાના ૪૮ કલાક પહેલાથી મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી રાજકીય પ્રકારનાં તમામ શોર્ટ મેસેજ (કોક) મોકલવા ઉપર આથી પ્રતિબંધ ફરમાવું છું.

(૩) પ્રચારનો સમયગાળો પૂર્ણ થયાં બાદ રાજકીય પદાધિકારીઓ / પક્ષના કાર્યકરો / સરઘસ કાઢનારાઓ/ચૂંટણી પ્રચારકો વગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યાં હોય અને જેઓ તે મતદાર વિભાગનાં મતદારો ન હોય તેઓએ ચૂંટણી પ્રચારના અંત પછી મતદાર વિભાગમાં હાજર રહેવા ઉપર પ્રતિબંધ મૂકું છું.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૫ નાં રોજ સાંજે ૧૮:૦૦ કલાકથી તા.૨૨/૦૬/૨૦૨૫ નાં સાંજે ૧૮:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા. ૧૩/૦૬/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિકકો કરી આપી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિદ્ધ કર્યો.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંક:એમએજી/ગ્રા.પં. ચૂંટણી-૨૦૨૫/વશી/૩૦૬૨/૨૦૨૫.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩ (૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. તે અનુસાર ભારતનાં નિર્વાચન આયોગ બંધારણની કલમ-૩૨૪ હેઠળ મળેલ સત્તાની રૂએ મતદાન કેન્દ્રોની અંદર અને તેની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિતને સેલફોન લઈ જવા અંગે પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

સબબ, મુકત અને ન્યાયી રીતે ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રકિયા દરમ્યાન સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય, તેમજ મતદાન કેન્દ્રો ખાતે મતદાનનાં દિવસે તા.૨૨/૦૬/૨૦૨૫ નાં રોજ ચૂંટણી પ્રચાર થતો અટકાવવા અને કાયદો અને વ્યવસ્થા જાળવવા મતદાન કેન્દ્રોની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિતને મોબાઈલ, સેલ્યુલર ફોન-પેજર, કોર્ડલેસ ફોન અને વાયરલેસ સેટ / વોકીટોકી સાથે પ્રવેશવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી અમોને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમગ્ર વિસ્તારમાં આવેલ તમામ મતદાન કેન્દ્રોની અંદર તથા તેની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિત મતદાનનાં દિવસે મોબાઈલ, સેલ્યુલર ફોન-પેજર, કોર્ડલેસ ફોન અને વાયરલેસ સેટ /વોકીટોકી સાથે લઈ જઈ શકશે નહિ અથવા તેનો ઉપયોગ કરી શકાશે નહિ.

આ આદેશનો ભંગ કરીને જો કોઈ વ્યકિત પાસે મોબાઈલ, સેલ્યુલર ફોન-પેજર, કોર્ડલેસ ફોન અને વાયરલેસસેટ/ વોકીટોકી જેવા સાધનો મળી આવશે તો સ્થળ પરના સુરક્ષા અધિકારીઓ આ સાધનો જપ્ત કરી શકશે.

આ હુકમનાં નિયંત્રણ કાયદો અને વ્યવસ્થાનો ચાર્જ ધરાવતા અધિકારીઓ સુરક્ષા અધિકારીઓ, ચૂંટણી પંચે નિમેલા નિરીક્ષકો, મતદાનમથકનાં ચૂંટણીની ફરજમાં રોકાયેલા અધિકારીશ્રી /કર્મચારીશ્રીઓને લાગુ પડશે નહીં.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ ભરૂચ જિલ્લામાં સામાન્ય/પેટા ચૂંટણી યોજવાપાત્ર કુલ-૨૧૫ ગ્રામપંચાયતોનાં સમગ્ર વિસ્તારમાં મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ નાં દિવસ તથા પુન:મતદાન યોજવાનું થાય તો તેવા મતદાન મથકોએ તા.૨૪/૦૬/૨૦૨૫ સુધી કરવાનો રહેશે.

આજ રોજ તા.૧૩/૦૬/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી અને સિકકો કરી આપ્યો.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંક:એમએજી/ગ્રા.પં. ચૂંટણી-૨૦૨૫/વશી/૩૦૬૨/૨૦૨૫.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંક:ઈએલસી-સી.ઓ.સી.-૩ (૮)-૦૫૨૦૨૫-ક, તા.૨૮/૦૫/૨૦૨૫ થી ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/પેટાચૂંટણીઓ માટે કાર્યક્રમ જાહેર કરેલ છે અને તે મુજબ ભરૂચ જિલ્લામાં કુલ-૨૧૫ ગ્રામ પંચાયતો માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ નકકી કરવામાં આવેલ છે. ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ-૨૦૨૫ ની મત ગણતરી સમયે સુલેહ શાંતિ જળવાય રહે ચૂંટણી પ્રક્રિયા ન્યાયી અને મુકત વાતાવરણમાં યોજાય તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર નિયત કરેલ મત ગણતરી સ્થળના બિલ્ડીંગના કમ્પાઉન્ડની દિવાલની આજુ-બાજુનાં ૧૦૦ મીટર ઘેરાવામાં ચાર થી વધુ વ્યકિતઓને ભેગા થવા ઉપર તેમજ મોબાઈલ તથા સેલ્યુલર ફોન લઈને હરવા ફરવાની કે પ્રવેશ કરવા કે તેનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, GAS, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી અમોને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તા.૨૫/૦૬/૨૦૨૫ નાં સવારનાં ૦૫:૦૦ કલાકથી મત ગણતરી પૂર્ણ થાય ત્યાર સુધી નીચેના સ્થળોએ મત ગણતરી બિલ્ડીંગનાં કમ્પાઉન્ડની દિવાલની આજુ-બાજુ નાં ૧૦૦ મીટરનાં ઘેરાવામાં ૪(ચાર) કરતા વધારે વ્યકિતઓને એકત્ર થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર તેમજ મોબાઈલ તથા સેલ્યુલર ફોન લઈને હરવા ફરવાની કે પ્રવેશ કરવા કે તેનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

પ્રતિબંધિત વિસ્તાર

ભરૂચ જિલ્લા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓ અન્વયે નિયત કરેલ મત ગણતરી સ્થળનાં કમ્પાઉન્ડની દિવાલની ૧૦૦ મીટરનાં વિસ્તારનાં ઘેરાવામાં.

-:અપવાદ:-

સરકારી અધિકારી/કર્મચારી તથા પોલીસ અધિકારી / કર્મચારી કે જે ચૂંટણી મતગણતરી અંગેની ફરજ ઉપર હોય અને ગણતરીની વ્યવસ્થા સાથે સંકળાયેલા હોય તેમજ ચૂંટણી અધિકારીશ્રી, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, પોલીસ અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરે તે વ્યકિતઓને ઉપરોક્ત પ્રતિબંધમાંથી મુકિત આપવામાં આવે છે.

-:શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫ તથા ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ-૧૩/૦૬/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિકકો કરી આપેલ છે.

આમુખ:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક:એલ.આઈ.બી./અભિપ્રાય/૨૦૨૭/૨૦૨૫, તા.૧૬/૦૬/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) મુજબનું

ક્રમાંક:એમએજી/રથયાત્રા/જાહેરનામુ/વશી/૩૧૨૬.-આમુખ-૧ થી ભરૂચ શહેરમાં તારીખ-૨૭/૦૬/૨૦૨૫ નાં રોજ અષાઢી બીજ નિમિત્તે ભગવાન જગન્નાથજીની રથયાત્રા કલાક ૧૬/૦૦ થી કલાક ૨૨/૦૦ સુધી કુરજા ખાતે આવેલ દત્ત મંદિરથી નીકળી મોટા બજાર ચાર રસ્તા, કતોપોર સ્લોપ, ચોકસીવાડ, લાલ બજાર, પશ્ચિમ ચુનારવાડ, જુના બજાર, લલ્લુભાઈ ચકલા, નવાડેરા, હાજીખાના બજાર, આચારવાડ ખડકી, સોનેરી મહેલ સર્કલ થઈ મોટા ભોઈવાડ ખાતે આવેલ ઘોઘારાવ મંદિર ખાતે પૂર્ણ થનાર છે. સદર રથયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાશે. જેથી જાહેર જનતાની સલામતી માટે ઉપરોકત દિવસ દરમ્યાન વાહન વ્યવહાર ઉપર અંશતઃ નિયંત્રણ મુકવા અંગે જાહેરનામુ પ્રસિધ્ધ કરવા બાબતે પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે અત્રે રજૂઆત કરેલ છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, ભરૂચ શહેરમાં નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ:૨૭/૦૬/૨૦૨૫ નાં રોજ ૧૫:૦૦ કલાકથી ૨૩:૦૦ કલાક સુધી નીચેનાં રૂટનો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રાખવા હુકમ ફરમાવું છું. આ હુકમ પોલીસ કે બીજા અધિકારીઓ કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈ ફરતા હશે તેને બંધનકર્તા રહેશે નહિ.

અ.નં.	પ્રતિબંધિત વાહન વ્યવહાર રૂટ	ડાયવર્ઝન વાહન વ્યવહાર રૂટ
૧	મોટાબજાર ચાર રસ્તાથી કતોપોર સ્લોપ સુધીનો રસ્તો	ફાટા તળાવ, છીપવાડ થઈ મોટાબજાર ચાર રસ્તા
૨	વડાપાડા નાકા ચોક્સીવાડથી લાલબજાર, પશ્ચિમ ચુનારવાડ	કતોપોર સ્લોપ, પાયોનીયર હાઈસ્કૂલ, લાલબજાર, રાજપૂત સ્ટ્રીટ, જુની કોર્ટ થઈ પશ્ચિમ ચુનારવાડ
૩	લલ્લુભાઈ ચકલાથી હાજીખાના બજાર	જુના બજાર, લાલભાઈની પાટ, પુષ્પાબાગ, સાધના સ્કુલ, હાજીખાના બજાર
૪	હાજીખાના બજારથી સોનેરી મહેલ સર્કલ	હાજીખાના બજાર, સોની બજાર, ડુમવાડ, સરગમ સીંગ સેન્ટર થઈ સોનેરી મહેલ સર્કલ

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૩-૦૬-૨૦૨૫ રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આમુખ:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક:એલ.આઈ.બી./અભિપ્રાય/૧૯૪૯/૨૦૨૫, તા.૧૮/૦૬/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) મુજબનું

ક્રમાંક:એમએજી/રથયાત્રા/જાહેરનામુ/વશી/૩૧૨૭/ ૨૦૨૫.-આમુખ-૧ થી ભરૂચ જીલ્લાનાં અંકલેશ્વર શહેરમાં તારીખ:૨૭/૦૬/૨૦૨૫ નાં રોજ અષાઢી બીજ નિમિત્તે ભગવાન જગન્નાથજીની રથયાત્રા જુના દીવા રોડ પર આવેલ હરીદર્શન સોસાયટીથી ભગવાન જગન્નાથજીનાં મંદિરથી નિકળી જલારામ મંદીર, ભરૂચી નાકા, જયોતિ ટોકીઝ, આઈસ ફેક્ટરી-સેલારવાડ, ચૌટા નાકા, ચૌટા બજાર, હનુમાન ડેરી, અંકલેશ્વર શહેર 'એ' ડીવી. પોલીસ સ્ટેશન, જોપીયા ફળીયા, પંચાયટીવડ, સાંઈ મંદિર, ભરૂચી નાકા, રમણ મૂળજીની વાડી થઈ પરત જગન્નાથજી મંદિર ખાતે આવી હરિ દર્શન સોસાયટી ખાતે પરત આવનાર છે. સદર રથયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાશે. જેથી જાહેર જનતાની સલામતી માટે ઉપરોક્ત દિવસ દરમ્યાન વાહન વ્યવહાર ઉપર અંશતઃ નિયંત્રણ મુકવા અંગે જાહેરનામુ પ્રસિધ્ધ કરવા બાબતે પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે અત્રે રજુઆત કરેલ છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની

- રૂએ ભરૂચ જિલ્લાના અંકલેશ્વર શહેરમાં નીચે જણાવેલ વિસ્તારોમાં તારીખ-૨૭/૦૬/૨૦૨૫ નાં સવારના ૧૧:૦૦ કલાકથી રાતનાં ૨૦:૦૦ કલાક સુધી નીચે પ્રમાણેનાં રૂટ પર ડાયવર્ઝન આપવા હુકમ ફરમાવું છું. આ હુકમ પોલીસ કે બીજા અધિકારીઓ કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈ ફરતા હશે તેને બંધનકર્તા રહેશે નહિ.

સુરત-હાંસોટ તરફથી અંક્લેશ્વર તરફ આવતા મોટા વાહનો નીચે મુજબના રસ્તા ડાયવર્ટ થશે:-

(૧) સાહોલથી કીમ નેશનલ હાઈવે નંબર ૪૮ તરફ ડાયવર્ટ કરવાના રહેશે.

(૨) અંકલેશ્વરથી હાંસોટ-સુરત તરફ જતાં મોટા વાહન સુરવાડી બ્રિજથી મહાવીર ટર્નીંગ અંકલેશ્વરથી નેશનલ હાઈવે નંબર ૪૮ તરફ ડાયવર્ટ કરવાના રહેશે.

(3) એશિયાડ નગરથી સર્વોદય નગર ચાર રસ્તાથી, કસ્બાતીવાડ, ગુજરાત હાઉસિંગ બોર્ડ, ગુજરાત ગેસ ત્રણ રસ્તાથી આદર્શ સ્કુલ, પીરામણનાકા તરફ વાહનો ડાયવર્ટ કરવાના રહેશે.

(૪) ચૌટાનાકાથી પંચાટી બજાર, ભરૂચીનાકા સુધીના જાહેર રસ્તા પરની દુકાનો તથા લારી-ગલ્લા, પથારાવાળા વેપારીઓને રસ્તા પર દબાણ કરવા પર પ્રતિબંધ રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૩-૦૬-૨૦૨૫ રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આમુખ:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક: એલ.આઈ.બી./અભિપ્રાય/૨૦૨૪/૨૦૨૫, તા.૧૬/૦૬/૨૦૨૫

(૨) ડ્રોન રૂલ્સ-૨૦૨૧ ની જોગવાઈઓ.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંક:એમએજી/ડ્રોન/વશી/૩૩૨૦/૨૦૨૫.-Ministry of Civil Aviation, Government of India નાં તા.૦૫/૦૬/૨૦૨૫ નાં પત્ર અન્વયે આમુખ-૧ થી અત્રેનાં જિલ્લામાં UAV/Drone નાં ઉપયોગ પર પ્રતિબંધ મુકવા પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે અત્રે રજૂઆત કરેલ છે. જે ધ્યાને લઈ ભરૂચ જિલ્લામાં UAV/Drone નાં ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

સબબ, ઉક્ત વિગતો ધ્યાને લેતાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ અધિકારની રૂએ હુકમ કરી હુકમની તારીખથી કોઈપણ પ્રકારનાં UAV/Drone નાં ઉપયોગ ઉપર બીજો હુકમ ન થાય ત્યાં સુધી પ્રતિબંધ ફરમાવું છું.

-:અપવાદ:-

UAV/Drone નાં ઉપયોગ માટે ડ્રોન રૂલ્સ-૨૦૨૧ ની જોગવાઈઓ તથા સરકારશ્રીનાં વખતોવખતનાં નિયમો/ સુચનાઓ/ પરિપત્રો/ ઠરાવો/ જોગવાઈઓ વિગેરે ધ્યાને લઈ નિયમોનુસારની પરવાનગી સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવવાની રહેશે.

-: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૩-૦૬-૨૦૨૫ રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આમુખ:-

(૧) અધિક્ષકશ્રી, ભરૂચ જિલ્લા જેલનાં પત્ર ક્રમાંક:એસ.જે./૧૪૩૬/૨૦૨૫, તા.૨૪/૦૪/૨૦૨૫.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર નંબર: એલ.આઈ.બી./અભિપ્રાય/૧૮૮૨/૨૦૨૫, તા.૦૪/૦૬/૨૦૨૫

જાહેરનામુ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંક:એમએજી/જાહેરનામુ/વશી/૩૩૨૫/૨૦૨૫.-આમુખ-૧ થી અધિક્ષકશ્રી, ભરૂચ જિલ્લા જેલે તેઓની જેલ ખાતે ગંભીર ગુનાનાં આરોપી/કેદીઓને રાખવામાં આવેલ હોય જેથી જેલની શિસ્ત અને સલામતી જળવાઇ રહે તે હેતુસર જેલ પ્રિમાઇસસ (સંકુલ) માં અસામાજિક તત્વો મોબાઇલ ફોન કે સિમકાર્ડ કે દુરસંચાર માધ્યમનાં અન્ય ગેઝેટ્સ સાથે પ્રવેશી ન શકે અને તેનો ઉપયોગ ન કરી શકે તે અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા બાબતે અત્રે રજૂઆત કરેલ છે. આમુખ-૨ થી પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

સબબ, ઉપરોકત તમામ વિગતો તથા પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનો અભિપ્રાય વંચાણે લેતાં ભરૂચ જિલ્લા જેલ ખાતે અસામાજિક તત્વો મોબાઇલ ફોન કે સિમકાર્ડ કે દુરસંચાર માધ્યમનાં અન્ય ગેઝેટ્સ સાથે પ્રવેશી ન શકે તે અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવું યોગ્ય જણાય છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ ભરૂચ જિલ્લા જેલ ખાતે અસામાજિક તત્વો મોબાઇલ ફોન કે સિમકાર્ડ કે દુરસંચાર માધ્યમનાં અન્ય ગેઝેટ્સ સાથે પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૩-૦૬-૨૦૨૫ રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આમુખ

(૧) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક: એલ.આઈ.બી./અભિપ્રાય/૨૩૧૩/૨૦૨૫, તા.૦૩/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) મુજબનું

ક્રમાંક: એમએજી/મહોરમ/જાહેરનામું/વશી/૩૩૭૮/૨૦૨૫.-આમુખ-૧ થી ભરૂચ શહેરમાં આગામી તા:૦૬/૦૭/૨૦૨૫ નાં રોજ ઈમામ હુસેનની યાદમાં અત્રેનાં ભરૂચ શહેર 'બી' ડીવીઝન અને ભરૂચ શહેર - વિવિધ વિસ્તારોમાંથી નીકળી ફાટા તળાવ ચાર રસ્તા થઈ કતોપોર સ્લોપ ખાતે આવેલ મૌલા અલી બાવાની દરગાહ ખાતે સલામી આપવા જાય છે 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભરૂચ શહેર તાજીયા કમિટી દ્વારા તાજીયા જુલુસ કાઢવામાં આવનાર હોય આ તાજીયા જુલુસ ભરૂચ શહેરનાં ત્યારબાદ તમામ તાજીયા કતોપોર બજાર થઈ મોટા ચાર રસ્તા થઈ ફુરજા બંદર ખાતે ઠંડા કરવામાં આવતા હોય, આ તાજીયા જુલુસ દરમ્યાન ફાટા તળાવ - કતોપોર સ્લોપ, કતોપોર બજાર - ફુરજા રોડ ખાતે મોટી સંખ્યામાં જનમેદની એકત્રિત થતી હોવાથી નીચે જણાવેલ રોડ ઉપર ટ્રાફીક જામ થવાની શક્યતાઓ રહેલ છે. જેથી જાહેર જનતાની સલામતી તેમજ કોઈ મુશ્કેલી ઉભી ન થાય તે માટે તથા કોઈ ગંભીર અકસ્માત કે ટ્રાફીક જામ ન થાય તે માટે આગામી તા: ૦૬/૦૭/૨૦૨૫ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાકથી તા: ૦૭/૦૭/૨૦૨૫ ના ૦૩:૦૦ કલાક સુધી નીચે જણાવેલ રૂટ ઉપર વાહન વ્યવહાર ઉપર પ્રતિબંધ મુકવા તેમજ નીચે જણાવેલ પ્રતિબંધિત રૂટની સામે જણાવેલ રૂટ ઉપર વાહન વ્યવહાર ડાયવર્ટ કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા બાબતે પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે અત્રે રજુઆત કરેલ છે.

અ.નં.	પ્રતિબંધિત વાહન વ્યવહાર રૂટ	ડાયવર્ઝન વાહન વ્યવહાર રૂટ

૧	ફાટાફાટા તળાવથી કતોપોર સ્લોપથી જુમ્મા મસ્જીદ સુધીનો રસ્તો	પાંચબતી - લલ્લુભાઈ ચકલા - જુનાબજાર - લાલબજાર થઇ જુમ્મા મસ્જિદ
૨	ફાટા તળાવથી કતોપોર સ્લોપથી મોટા ચાર રસ્તાથી ફુરજા બંદર સુધીનો રસ્તો	વસંત મીલનો ઢાળ - મદીના હોટલ - નાના નાગોરીવાડ -લાલવાડી - પીરકાંઠી - બરકતવાડ થઇ ફરજા
૩	ફાટા તળાવથી નગીના મસ્જીદ - ધોબીવાડ - છીપવાડ ચોકથી મોટા ચાર રસ્તા સુધીનો રસ્તો	વસંત મીલનો ઢાળ - સૈયદવાડ - નાની ડુંગરી- નાની ડુગરી કબ્રસ્તાન - મુલતાનીવાડ નાના નાગોરીવાડ - સક્કર તલાવ - ઘાસ મંડાઈ થઈ છીપવાડ ચોક
૪	સોનેરી મહેલથી જાલીયા મસ્જીદ - એન્દ્રુસબાવાની દરગાહ-વલંદા કોઠી - વડાપાડા થી તોપોર સ્લોપ સુધીનો રસ્તો	પાંચબત્તી - લલ્લુભાઈ ચકલા - જુનાબજાર - લાલબજાર થઇ જુમ્મા મસ્જીદ

સબબ, ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ આગામી તા: ૦૬/૦૭/૨૦૨૫ ના રોજ મહોરમના તહેવાર દરમ્યાન જાહેર જનતાની સલામતી તેમજ કોઈ મુશ્કેલી ઉભી ન થાય તે માટે તથા કોઈ ગંભીર અકસ્માત કે ટ્રાફીક જામ ન થાય તે માટે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વાસ્તે હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ આગામી મહોરમનાં તહેવાર દરમ્યાન તા: ૦૬/૦૭/૨૦૨૫ ના રોજ બપોરનાં ૧૫:૦૦ કલાકથી તા: ૦૭/૦૭/૨૦૨૫ ના ૦૩:૦૦ કલાક સુધી ઉપરોક્ત જણાવ્યા પ્રમાણેનાં રૂટ પર વાહન વ્યવહાર પ્રતિબંધિત કરી વાહન વ્યવહારનો રૂટ ઉપરોક્ત મુજબ ડાયવર્ટ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

-: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૩-૦૬-૨૦૨૫ રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આમુખ:-

(૧) અત્રેનાં જાહેરનામા ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૩૨૪૮, તા.૨૪/૦૬/૨૦૨૫

(૨) S.S.E. (P-Way)-N-BH-W.R.'s letter no.W/350/1, ૦૧/૦૭/૨૦૨૫

(૩) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક: એલ.આઈ.બી./અભિપ્રાય/૨૩૦૫/૨૦૨૫, તા.૦૩/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૩૩૮૦/૨૦૨૫.-S.S.E.(P-Way)-N-BH-W.R. ની તા. ૧૮/૦૬/૨૦૨૫ નાં રોજ કરવામાં આવેલ રજૂઆત અન્વયે અત્રેનાં આમુખ-૧ થી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. S.S.E.(P-Way)-N-BH-W.R. એ આમુખ-૦૨ થી સદરહું જાહેરનામાની મુદત તા.૦૮/૦૭/૨૦૨૫ સુધી વધારવા બાબતે અત્રે રજૂઆત કરેલ છે. સદરહું બાબતે આમુખ-૩ થી પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચ દ્વારા અત્રે હકારાત્મક અભિપ્રાય રજૂ કરેલ છે.

'સબબ, ઉપરોક્ત વિગતે આમુખ-૦૧ નાં જાહેરનામાની મુદત આ હુકમની તારીખથી તા.૦૮/૦૭/૨૦૨૫ સુધી વધારવા અંગે મંજુરી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

આ સંદર્ભે આમુખ-૧ નાં જાહેરનામાની અન્ય તમામ વિગતો યથાવત રહેશે.

આજ તા.૦૪-૦૭-૨૦૨૫ રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

વાંચ્યો:-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ.વિભાગ રાજ્ય, ભરૂચનાં જા.નં. પીબી-૨/ અંકલેશ્વર/ જાહેરનામું/ ૩૧૭૭/ ૨૦૨૫, તા.૧૨/૦૬/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર નંબર: એલ.આઈ.બી./અભિપ્રાય/૨૩૦૭/૨૦૨૫, તા.૦૩/૦૭ /૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૩૩૮૨/૨૦૨૫.-આમુખ-૧ થી વાલીયા માંગરોલ માર્ગ ઉપરનાં બ્રીજનાં સ્ટ્રક્ચરને નુક્શાન થવાથી સદર સ્ટ્રક્ચર પર હાલ ભારે વાહનોની અવર-જવર બંધ કરાવી ડાયવર્ઝન આપવા બાબતે કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ.વિભાગ (રાજ્ય), ભરૂચે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે રજુઆત કરેલ હતી. આમુખ-૨ થી સદરહું બાબતે નીચે જણાવ્યા મુજબનાં રૂટ પર વાહન વ્યવહાર ડાયવર્ટ કરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા બાબતે પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

(૧) મોસાલીથી વાલીયા તરફ જતા ભારે વાહનો:-

- આસરમાં, અંકડોળ, ગીજરમ, મેરા ગામ ત્રણ રસ્તા થઈ વાલીયા ગામ તરફથી પસાર થવાનું રહેશે.

(૨) વાંકલ, ઝંખવાવ, વાડી ગામથી આવતા ભારે વાહનો:-

- વાડી-વાલીયા ગામ રોડ થઈને વાલીયા ગામ તરફથી પસાર થવાનું રહેશે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમની તારીખથી વાલીયા માંગરોલ માર્ગ ઉપરનાં બ્રીજનાં સ્ટ્રક્ચરને નુકશાન થવાથી સદર સ્ટ્રક્ચર પર દિન-૬૦ માટે ભારે વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા તથા ઉપરોક્ત જણાવ્યા પ્રમાણેનાં રૂટ ઉપર વાહન વ્યવહાર ડાયવર્ટ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૪-૦૭-૨૦૨૫ રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આમુખ:-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ.વિભાગ રાજ્ય, ભરૂચનાં જા.નં.પીબી-૨/ અંક્લેશ્વર/ જાહેરનામું/ ૩૧૭૬/ ૨૦૨૫, તા.૧૨/૦૬/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર નંબર: એલ.આઈ.બી./અભિપ્રાય/૨૩૪૨/૨૦૨૫, તા.૦૫/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૩૪૩૨/૨૦૨૫.-આમુખ-૧ થી અંકલેશ્વર તાલુકાનાં કરારવેલ ગામને જોડતા મુખ્ય રસ્તા ચેઈનેજ કિ.મી. ૦/૦૦ થી ૧૦૦ વચ્ચે આવેલ જુના સ્લેબ ડ્રેઈનને નુક્શાન થવાથી સદર સ્ટ્રક્ચર પર હાલ ભારે વાહનોની અવર-જવર બંધ કરાવી ડાયવર્ઝન આપવા બાબતે કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ.વિભાગ (રાજ્ય), ભરૂચે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે રજુઆત કરેલ હતી. આમુખ-૨ થી સદરહું બાબતે નીચે જણાવ્યા મુજબનાં રૂટ પર વાહન વ્યવહાર ડાયવર્ટ કરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા બાબતે પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

ડાયવર્ઝન રૂટ:-

- દઢાલ ચાર રસ્તાથી કરારવેલ, ઉટીયા અને સરદારપરા ગામ તરફ જવા અને બહાર આવવા માટે દઢાલ ચાર રસ્તાથી પેપ્સીકો ઈન્ડીયા હોલ્ડિંગ્સ લિમીટેડ કંપનીથી ઝગડીયા જી.આઈ.ડી.સી. માં અને ત્યાંથી સરદારપુરા તેમજ ઉટીયા ગામ તરફ જતા માર્ગ ઉપર વાહન પસાર કરવાના રહેશે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમની ત તારીખથી અંકલેશ્વર તાલુકાનાં કરારવેલ ગામને જોડતા મુખ્ય રસ્તા ચેઈનેજ કિ.મી. ૦/૦૦ થી ૧૦૦ વચ્ચે આવેલ જુના સ્લેબ ડ્રેઈનને નુક્શાન થવાથી સુંદર સ્ટ્રક્ચર પર દિન-૬૦ માટે ભારે વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા તથા ઉપરોક્ત જણાવ્યા પ્રમાણેનાં રૂટ ઉપર વાહન વ્યવહાર ડાયવર્ટ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૫-૦૭-૨૦૨૫ રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આમુખ:-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ.વિભાગ રાજ્ય, ભરૂચનાં જા.નં.પીબી-૨/ અંકલેશ્વર/ જાહેરનામું/ ૩૪૫૫/ ૨૦૨૫, તા.૩૦/૦૬/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર નંબર: એલ.આઈ.બી./અભિપ્રાય/૨૩૪૪/૨૦૨૫, તા.૦૫/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૩૪૩૬/૨૦૨૫.-આમુખ-૧ થી ગોવાલી ગુમાનદેવ કિ.મી.૦/૦૦ થી ૫/૨૦ (૫.૨ કિમી) લંબાઈમાં હાલ જમણી તથા ડાબી બંને બાજુ કોન્ક્રીટ રોડ બનાવવાની કામગીરી પ્રગતિમાં હોય અને સદરહું કામગીરી ઝડપથી પૂર્ણ કરવા માટે સદરહું રસ્તા પર હાલ ભારે વાહનોની અવર-જવર બંધ કરાવી ડાયવર્ઝન આપવા બાબતે કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ.વિભાગ (રાજ્ય), ભરૂચે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે રજુઆત કરેલ હતી. આમુખ-૨ થી સદરહું બાબતે નીચે જણાવ્યા મુજબનાં રૂટ પર વાહન વ્યવહાર ડાયવર્ટ કરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા બાબતે પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

ડાયવર્ઝન રૂટ:-

- રાજપીપળા, ઝગડીયા તરફથી ભરૂચ જતા વાહનો નાનાસાંજાથી અંકલેશ્વર થઈ સુરત, ભરૂચ તરફ જઈ શકશે.
- ભરૂચ, સુરત તરફથી જતા વાહનો અંક્લેશ્વર, રાજપીપળા ચોકડી થઈ ઝગડીયા જી.આઈ.ડી.સી. થી ઝગડીયા, રાજપીપળા જઈ શકશે. તેમજ આપાતકાલીન સેવા માટેનાં વાહનો મુલદથી નાનાસાંજા રોડ ઉપર જઈ શકશે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમની તારીખથી ગોવાલી ગુમાનદેવ કિ.મી.૦/૦૦ થી ૫/૨૦ (૫.૨ કિમી) લંબાઈમાં હાલ જમણી તથા ડાબી બંને બાજુ કોન્ક્રીટ રોડ બનાવવાની કામગીરી પ્રગતિમાં હોય અને સદરહું કામગીરી ઝડપથી પૂર્ણ કરવા તા.૩૦/૦૯/૨૦૨૫ સુધી ભારે વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા તથા ઉપરોક્ત જણાવ્યા પ્રમાણેનાં રૂટ ઉપર વાહન વ્યવહાર ડાયવર્ટ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

-:અપવાદ:-

- આપાતકાલીન સેવા માટેનાં વાહનો મુલદથી નાનાસાંજા રોડ ઉપર જઈ શકશે.

-: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૫-૦૭-૨૦૨૫ રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આમુખ:-

(૧) અત્રેનાં જાહેરનામા ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૩૨૬૫, તા.૨૫/૦૬/૨૦૨૫

(૨) ડેપ્યુટી જનરલ મેનેજરશ્રી, જી.એસ.આર.ડી.સી., ગાંધીનગરનાં પત્ર ક્રમાંક: DGMP/Bharuch-Dahej Elevated/972/2025, Date: 11/07/2025

(૩) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મુખ્ય મથક ભરૂચનાં પત્ર નંબર: એલ.આઈ.બી./ અભિપ્રાય/ ૨૪૧૬/૨૦૨૫, તા.૧૪/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૩૫૫૧/૨૦૨૫.-આમુખ-૧ થી અત્રેથી ભરૂચ-દહેજ રોડ ઉપર નર્મદા ચોકડીથી દહેગામ બાયપાસ સુધી તથા દહેગામ બાયપાસથી નર્મદા ચોકડી સુધી ભારે (કહનો (હેવી વ્હીકલ), ગુડ્ઝ કેરેજ વાહનો માટે રસ્તો બંધ કરવા તથા સદર સમય દરમ્યાન ભારે વાહનોને રૂટ ડાયવર્ટ કરવા બાબતે તા.૨૫/૦૬/૨૦૨૫ થી તા. ૧૩/૦૭/૨૦૨૫ સુધી અત્રેથી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતુ. જે જાહેરનામાની મુદત પુર્ણ થતાં આમુખ-૨ થી ડેપ્યુટી જનરલ મેનેજરશ્રી, જી.એસ.આર.ડી.સી., ગાંધીનગરે આમુખ-૧ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામાની મુદતમાં તા૨૭/૦૭/૨૦૨૫ સુધી વધારો કરવા બાબતે અત્રે દરખાસ્ત કરેલ. જે સંદર્ભે નાયબ પોલીસ અધિક્ષકશ્રી, મુખ્ય મથક, ભરૂચે આમુખ-૩ થી હકારાત્મક અભિપ્રાય અત્રે રજૂ કરેલ છે.

આથી, ઉક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

સબબ, ઉપરોક્ત વિગતે આમુખ-૧ નાં જાહેરનામાની મુદતમાં હુકમની તારીખથી તા.૨૭/૦૭/૨૦૨૫ સુધી વધારો કરવા અંગે આથી હુકમ કરવામાં આવે છે.

વધુમાં, અગાઉનાં તા.૨૫/૦૬/૨૦૨૫ નાં જાહેરનામાની અન્ય વિગતો/શરતો યથાવત રહેશે.

આજ તા.૦૫-૦૭-૨૦૨૫ રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આમુખ:-

(૧) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જંબુસરનાં પત્ર ક્રમાંક:એમએજી/વશી/૪૫૮/૨૦૨૫, તા.૧૧/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૩૫૨૯/૨૦૨૫.—કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ભરૂચનાં તા.૧૦/૦૭/૨૦૨૫ નાં પત્ર અન્વયે આમુખ-૧ થી ભરૂચ જિલ્લામાંથી પસાર થતો રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૬૪ નાં જંબુસરથી ભરૂચ (કી.મી.૧૭૪/૦૦ થી ૨૩૦/૩૦૦) રોડ ઉપર આવેલ ઢાઢર નદીનો બ્રીજ (કિ.મી.૧૮૦/૦૦૦ થી ૧૮૦/૪૦૦) જે ઘણો જુનો થઈ ગયેલ હોય સદરહું બ્રીજ ઉપર ભારે અને ઓવરલોડ વાહનો પસાર થતા હોય જેથી બ્રીજની સલામતીને જોતાં બ્રીજ ઉપરથી પસાર થતાં ભારે માલવાહક વાહનોની અવર-જવર બંધ કરવી યોગ્ય જણાતી હોય સદર રસ્તાનાં આમોદથી જંબુસર સેક્શનમાં ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવા તથા નીચે જણાવ્યા પ્રમાણેનાં રૂટ ઉપર ભારે વાહનો માટે રૂટ ડાયવર્ઝન આપવા અંગે જાહેરનામુ પ્રસિધ્ધ કરવા બાબતે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જંબુસરે અત્રે રજૂઆત કરેલ છે. આમુખ-૨ થી સદરહું બાબતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે અત્રે હકારાત્મક અભિપ્રાય રજૂ કરેલ છે.

રૂટ ડાયવર્ઝન:-

(૧) આમોદથી જંબુસર તરફ જતા ભારે વાહનો તથા મોટી સરકારી ST અને ખાનગી બસો માટે

- આમોદથી (માતર ટોલ) એક્ષપ્રેસ-વે થઈ પાદરા (સમીયાલા ટોલ) થી જંબુસર તરફ જઈ શકશે.
- આમોદથી સરભાણ-મંજોલા-વાસણા-ઉમજ-વણછરા-માર૬ રોડ થઈ જંબુસર તરફ જઈ શકશે.

(૨) જંબુસરથી આમોદ તરફ જતા ભારે વાહનો તથા મોટી સરકારી ST અને ખાનગી બસો માટે

- જંબુસરથી પાદરા (સમીયાલા ટોલ) એક્ષપ્રેસ-વે થઈ (માતર ટોલ) થી આમોદ તરફ જઈ શકશે.
- જંબુસરથી માસર રોડ-વણછરા-ઉમજ-વાસણા-મંજોલા-સરભાણ થઈ આમોદ તરફ જઈ શકશે.

હુકમ

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમની તારીખથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૬૪ નાં જંબુસરથી ભરૂચ (કી.મી.૧૭૪/૦૦ થી ૨૩૦/૩૦૦) રોડ ઉપર આવેલ ઢાઢર નદીનાં બ્રીજ ઉપર ભારે અને ઓવરલોડ વાહનો પસાર થતા હોય જેથી બ્રીજની સલામતીને જોતાં બ્રીજ ઉપરથી પસાર થતાં ભારે માલવાહક વાહનોની

અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા તથા ઉપરોક્ત જણાવ્યા પ્રમાણેનાં રૂટ ઉપર ભારે માલવાહક વાહનો માટે રૂટ ડાયવર્ઝન આપવા આથી હુકમ ફરમાવુ છું.

અપવાદ

લાઈટ મોટર વ્હીકલ, મીની એસ.ટી.બસ, આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ વાહનોને સદરહું જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૧-૭-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

એન.આર.ધાધલ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
ભરૂચ.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ(૧)(બી) હેઠળનું

No.EC/MAG/WS/5969 To 5989/2025.-આજ તા.૦૯/૦૭/૨૦૨૫ના રોજ વડોદરા જીલ્લાના પાદરા તાલુકાના મુંજપુર ગામ અને આણંદ જીલ્લાને જોડતો મહિસાગર નદી ઉપરનો મુંજપુર-ગંભીરા પુલ વહેલી સવારે તુટી ગયેલ હોય જેના પરીણામે સદરહું રસ્તા ઉપર વાહનની અવર-જવર બંધ કરવાનું યોગ્ય જણાઈ આવતું હોઈ મુંજપુર-ગંભીરા પુલ પુન: કાર્યરત ન થાય ત્યાં સુધી તમામ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવો ઉચિત જણાય છે તથા વૈકલ્પિક રસ્તા તરીકે નીચે મુજબના રૂટનો ઉપયોગ કરવા જાહેર જનતાને અપીલ છે.

વાસ્તે, હું બી. એસ. પટેલ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરા, ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ગુજરાતના ૨૨માની) કલમ-૩૩ની પેટા કલમ(૧)(બી) હેઠળ મળેલ સત્તાની રૂએ જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન માટે વડોદરા જીલ્લાના પાદરા તાલુકાના મુંજપુર ગામ અને આણંદ જીલ્લાને જોડતો મહિસાગર નદી ઉપરનો મુંજપુર-ગંભીરા પુલ તૂટેલ હોય જાહેર જનતાના વાહન વ્યવહાર માટે બંધ કરવા તથા તેના વૈકલ્પિક રસ્તા તરીકે નીચે મુજબનો ડાયવર્ઝનવાળો રસ્તો ઉપયોગમાં લેવા આદેશ ફરમાવું છું.

વડોદરા જીલ્લાના પાદરા તાલુકાના મુંજપુર ગામ અને આણંદ જીલ્લાને જોડતો મહિસાગર નદી ઉપરનો મુંજપુર-ગંભીરા પુલ તૂટેલ હોય વૈકલ્પિક ડાયવર્ઝનવાળો રસ્તો નીચે મુજબ છે.

૧. વડોદરા થી તારાપુર જતા વાહનોએ સીધા વડોદરા (ફાજલપુર) થઈને વાસદ તરફ જવું.

૨. વડોદરા થી બોરસદ તાલુકાના ગામડાઓ તરફ જતા વાહનોએ ગંભીરા બ્રિજ તરફ જવાની જગ્યાએ સિંધરોટ થઈને ઉમેટા નીકળવું. મોટા/ભારે વાહનોએ ફાજલપુર થઈને વાસદ નીકળવું.

૩. પાદરા તરફથી આણંદ કે તારાપુર તરફ જતા વાહનોએ ગંભીરા બ્રીજની જગ્યાએ નાના વાહનોએ સિંધરોટ થઈને ઉમેટા તરફ અને મોટા/ભારે વાહનોને ફાજલપુર થી વાસદ થઈને નીકળવું.

સદર જાહેરનામું પ્રસિધ્ધ થાય તે તારીખ થી પુલ પુન: કાર્યરત ન થાય ત્યાં સુધી સદર રસ્તો વાહનોની અવર-જવર માટે બંધ કરવામાં આવે છે, સદર રસ્તાના બદલે ઉકત જણાવ્યા મુજબનાં ડાયવર્ઝનવાળા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

આ હુકમની અમલવારી હેતુ નિયત રૂટ ઉપર જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા (ગ્રામ્ય)નાઓએ જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ જાહેરનામાંનાં કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે. વડોદરા ગ્રામ્ય જીલ્લામાં ફરજ બજાવતાં નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવતાં તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજે તા.૦૯/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરેલ છે.

વાંચ્યા :-

૧. કાર્યપાલક ઈજનેર, જીલ્લા (મા. મ) વિભાગ, સુપ્રભાત બંગ્લો, હોટેલ વેલકમની પાછળ, અલકાપુરી, વડોદરાના પત્ર જા.નં.પીબી/૨૯૪૯/૨૦૨૫ તા.૧૦/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ(૧)(બી) હેઠળનું

No.EC/MAG/WS/6003 To 6025/2025.-કાર્યપાલક ઈજનેરશ્રી, જીલ્લા (મા-મ) વિભાગ, વડોદરાના વંચાણ-(૧) પરના પત્રથી જણાવ્યા મુજબ ડભોઈ-સેગવા-રાજપીપળા રસ્તા પર પોઈચા ગામ પાસે આવેલા નર્મદા નદીના પુલ (રંગસેતુ) પર પુલ Critical (જોખમી) હાલતમાં હોય, સદર બ્રીજની ક્ષમતા ચકાસણી માટે લોડટેસ્ટ ન થાય ત્યાં સુધી ભારે વાહનો માટે બંધ રાખવા તથા તેના વિકલ્પ તરીકે નીચે મુજબનો ડાયવર્ઝન વાળો રસ્તો ઉપયોગમાં લેવાય તે અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

વાસ્તે, હું બી. એસ. પટેલ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરા, ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ગુજરાતના ૨૨માની) કલમ-૩૩ની પેટા કલમ(૧)(બી) હેઠળ મળેલ સત્તાની રૂએ જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન માટે ડભોઈ-સેગવા-રાજપીપળા રસ્તા પર પોઈચા ગામ પાસે આવેલા નર્મદા નદીના પુલ (રંગસેતુ) પર પુલ Critical (જોખમી) હાલતમાં હોય, સદર બ્રીજની ક્ષમતા ચકાસણી માટે લોડટેસ્ટ ન થાય ત્યાં સુધી ભારે વાહનો માટે બંધ રાખવા તથા તેના વૈકલ્પિક રસ્તા તરીકે નીચે મુજબનો ડાયવર્ઝનવાળો રસ્તો ઉપયોગમાં લેવા આદેશ ફરમાવું છું.

ડભોઈ-સેગવા-રાજપીપળા રોડ કિમી. ૦/૪૦૦ થી ૨૬/૦૦ ના કિમી ૨૪/૦ થી ૨૫/૦ ના વચ્ચે આવેલ નર્મદા નદીના પુલ (રંગસેતુ) પર ભારે વાહન વ્યવહાર બંધ કરવામાં આવે છે તથા સદર રસ્તાના બદલે નીચે મુજબના વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.
૧. વડોદરા થી રાજપીપળા જતાં ભારે વાહનોએ અવર-જવર માટે વડોદરા-ડભોઈ-તિલકવાડા-દેવલીયા ચોકડી-ગરુડેશ્વર-રાજપીપળા રસ્તાનો ઉપયોગ કરવો.
૨. સેગવા ચોકડી થી રાજપીપળા જતાં ભારે વાહનોએ અવર-જવર માટે સેગવા-ડભોઈ-તિલકવાડા-દેવલીયા ચોકડી-ગરુડેશ્વર-રાજપીપળા રસ્તાનો ઉપયોગ કરવો.
૩. રાજપીપળા થી વડોદરા જતાં ભારે વાહનો માટે રાજપીપળા-ગરુડેશ્વર-દેવલીયા ચોકડી-તિલકવાડા-ડભોઈ થઈ વડોદરા રસ્તાનો ઉપયોગ કરવો.
૪. રાજપીપળા થી પોઈચા જતાં તમામ વાહનો માટે રાબેતા મુજબ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

સદર જાહેરનામું પ્રસિધ્ધ થાય તે તારીખ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધી સદર રસ્તો ભારે વાહનોની અવર-જવર માટે બંધ કરવામાં આવે છે, સદર રસ્તાના બદલે ઉકત જણાવ્યા મુજબનાં ડાયવર્ઝનવાળા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

આ હુકમની અમલવારી હેતુ નિયત રૂટ ઉપર જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા (ગ્રામ્ય)નાઓએ જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ જાહેરનામાંનાં કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે. વડોદરા ગ્રામ્ય જીલ્લામાં ફરજ બજાવતાં નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવતાં તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજે તા.૧૧/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરેલ છે.

વાંચ્યા :-

૧. કાર્યપાલક ઈજનેર, જીલ્લા (મા. મ) વિભાગ, સુપ્રભાત બંગ્લો, હોટેલ વેલકમની પાછળ, અલકાપુરી, વડોદરાના પત્ર જા.નં.પીબી/૨૯૫૨/ સને ૨૦૨૫ તા.૧૦/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ(૧)(બી) હેઠળનું

No.EC/MAG/WS/6026 To 6048/2025.-કાર્યપાલક ઈજનેરશ્રી, જીલ્લા (મા-મ) વિભાગ, વડોદરાના વંચાણ-(૧) પરના પત્રથી જણાવ્યા મુજબ લીલોરા-પાલડી-ખાખરીયા રોડ પર ચેનેજ ૦/૧૦૦ થી ૦/૩૦૦ પર વિશ્વામિત્રી નદી પરનો જુનો મેશનરી બ્રીજ Critical (જોખમી) હાલતમાં હોય, હાલ તેની બાજુમાં નવીન બ્રીજના બાંધકામની કામગીરી પ્રગતિ હેઠળ છે. જેમાં સંપાદનની કામગીરી પ્રગતિમાં હોય, બ્રિજનું કામ પૂર્ણ થતાં અંદાજીત ૦૮(આઠ) મહિનાનો સમયગાળો પસાર થાય તેમ છે. જેથી સદર જુના બ્રીજ પરથી હાલ ચાલુ ટ્રાફિક પૈકી ભારે વાહનોનો ટ્રાફીક બંધ

કરી જયાં સુધી નવીન બ્રીજની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી એટલે કે (તા.૧૫/૦૨/૨૦૨૬) સુધી વાહન વ્યવહાર બંધ રાખવા તથા તેના વિકલ્પ તરીકે નીચે મુજબનો ડાયવર્ઝન વાળો રસ્તો ઉપયોગમાં લેવાય તે અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

વાસ્તે, હું બી. એસ. પટેલ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરા, ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ગુજરાતના ૨૨માની) કલમ-૩૩ની પેટા કલમ(૧)(બી) હેઠળ મળેલ સત્તાની રૂએ જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન માટે વડોદરા જીલ્લાના વાઘોડીયા તાલુકાના લીલોરા-પાલડી-ખાખરીયા રોડ પર ચેનેજ ૦/૧૦૦ થી ૦/૩૦૦ પર પર વિશ્વામિત્રી નદી પરનો જુનો મેશનરી બ્રીજ Critical (જોખમી) હાલતમાં હોય, બ્રીજ પરથી હાલ ચાલુ ટ્રાફિક પૈકી ભારે વાહનોનો ટ્રાફીક જાહેર જનતાના વાહન વ્યવહાર માટે બંધ કરવા તથા તેના વૈકલ્પિક રસ્તા તરીકે નીચે મુજબનો ડાયવર્ઝનવાળો રસ્તો ઉપયોગમાં લેવા આદેશ ફરમાવું છું.

વડોદરા જીલ્લાના વાઘોડીયા તાલુકાના લીલોરા-પાલડી-ખાખરીયા રોડ પર ચેનેજ ૦/૧૦૦ થી ૦/૩૦૦ પર વિશ્વામિત્રી નદી પરનો જુનો મેશનરી બ્રીજ પરથી હાલ ચાલુ ટ્રાફિક પૈકી ભારે વાહનોનો ટ્રાફીક જાહેર જનતાના વાહન વ્યવહાર માટે બંધ કરવા તથા વૈકલ્પિક ડાયવર્ઝનવાળો રસ્તો નીચે મુજબ છે.
૧. પાલડી-ધનોરા-હરીપુરા-જરોદ-લીલોરા રોડ ૧૦.૨ કિ.મી. ૨. પાલડી-શંકરપુરા-બોડીદ્રા-હાંસાપુરા-આસોજ-લીલોરા ૧૩.૬ કી.મી.

સદર જાહેરનામું પ્રસિધ્ધ થાય તે તારીખ થી તા.૧૫/૦૨/૨૦૨૬ સુધી સદર રસ્તો ભારે વાહનોની અવર-જવર માટે બંધ કરવામાં આવે છે, સદર રસ્તાના બદલે ઉકત જણાવ્યા મુજબનાં ડાયવર્ઝનવાળા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

આ હુકમની અમલવારી હેતુ નિયત રૂટ ઉપર જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા (ગ્રામ્ય)નાઓએ જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ જાહેરનામાંનાં કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે. વડોદરા ગ્રામ્ય જીલ્લામાં ફરજ બજાવતાં નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવતાં તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજે તા.૧૧/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરેલ છે.

વંચાણ :-

(૧) કાર્ય પાલક ઈજનેર, જિલ્લા (મા. મ) વિભાગ, સંપ્રભાત બંગ્લોઝ, હોટેલ વેલકમની પાછળ, અલકાપુરી, વડોદરાના પત્ર. નં. જા.નં. પીબી/૨૯૫૭/૨૦૨૫, તા. ૧૦/૦૭/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા (ગ્રામ્ય)ના પત્ર ક્રમાંકઃ ટ્રાફીક/જાહેરનામું/૬૨૩/૨૦૨૫, તા. ૧૨/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ -૩૩ ની પેટા કલમ (૧)(બી) હેઠળનું

નં.EC/ આર્મ્સ/વશી/6049 To 6057/2025.-કાર્યપાલક ઈજનેરશ્રી, જિલ્લા (મા-મ) વિભાગ, વડોદરાના વંચાણ-(૧) પરના પત્રથી જણાવ્યા મુજબ - કરજો - આમોદ રસ્તા પર આવેલ જુનો રેલ્વે ઓવર બ્રીજ (એલ.સી.૨૧૧બી) પર પુલની હાલની સ્થિતિ જોતાં સદર (એલ.સી.૨૧૧બી) Poor Condition જણાયેલ છે. જેથી સદર બ્રીજની ક્ષમતા ચકાસણી માટે લોડટેસ્ટ ન થાય ત્યાં સુધી ભારે વાહનો માટે બંધ રાખવા તથા તેના વિકલ્પ તરીકે નીચે મુજબનો ડાયવર્ઝનવાળો રસ્તો ઉપયોગમાં લેવાય તે અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

વાસ્તે, હું બી.એસ.પટેલ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરા, ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ગુજરાતના ૨૨ માની) કલમ-૩૩ ની પેટા કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ જાહેર જનતાના વાહન વ્યવહારનાો સરળ નિયમન માટે કરજણ- આમોદ રસ્તા પર આવેલ જુનો રેલ્વે ઓવર બ્રીજ (એલ.સી.૨૧૧બી) પર પુલની હાલની સ્થિતિ જોતાં સદર (એલ.સી.૨૧૧બી) Poor Condition જણાયેલ છે. જેથી સદર બ્રીજની ક્ષમતા ચકાસણી માટે લોડટેસ્ટ નથાય ત્યાં સુધી ભારે વાહનો માટે બંધ રાખવા તથા તેના વૈકલ્પિક રસ્તા તરીકે નીચે મુજબના ડાયવર્ઝનવાળો રસ્તો ઉપયોગમાં લેવા આદેશ ફરમાવું છું.

કરજણ- આમોદ રસ્તા પર આવેલ જુનો રેલ્વે ઓવર બ્રીજ (એલ.સી.૨૧૧બી) પર ભારે વાહન માટે વાહન વ્યવહાર બંધ કરવામાં આવે છે તથા સદર રસ્તાના બદલે નીચે મુજબના વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.
(૧) એન.એચ.૪૮ થી આમોદ, ઉમજ તેમજ પાદરા તરફ જતાં વાહનોએ અવર જવર માટે કરજણ ડાયવર્ઝન (અણસ્તુ તરફ) રસ્તાનો ઉપયોગ કરવો (૨) આમોદ, ઉમજ તેમજ પાદરાથી એન.એચ.૪૮ તરફ જતાં વાહનોએ અવર જવર માટે કરજણ ડાયવર્ઝન (અણસ્તુ તરફ) રસ્તાનો ઉપયોગ કરવો

સદરહું જાહેરનામું પ્રસિધ્ધ થયા તે તારીખથી તા. ૩૧/૧૨/૨૦૨૫ સુધી સદર રસ્તો ભારે વાહનોની અવર-જવર માટે બંધ કરવામાં આવે છે. સદર રસ્તાના બદલે ઉકત જણાવ્યા મુજબનાં ડાયવર્ઝનવાળા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

આ હુકમની અમલવારી હેતુ નિયત રૂટ ઉપર જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા (ગ્રામ્ય)નાઓએ જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ જાહેરનામાંનાં કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે. વડોદરા ગ્રામ્ય જીલ્લામાં ફરજ બજાવતાં નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવતાં તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજે તા.૧૨/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરેલ છે.

વાંચ્યા :-

૧. કાર્યપાલક ઈજનેર, પંચાયત (મા. મ) વિભાગ, સબ ડિવીઝન, સાવલી તથા મામલતદારશ્રી, સાવલીનો તા. ૧૩/૦૭/૨૦૨૫નો બ્રીજ વેરીફીકેશન દરમિયાનનો અહેવાલ.

૨. નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા. મ) પેટા વિભાગ, સાવલીના પત્ર જા.નં.પીબી/૧૫૭/૨૦૨૫ તા. ૧૨/૦૭/૨૦૨૫

૩. પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્યના પત્ર ક્રમાંક: ટ્રાફીક/જાહેરનામું/૬૨૯/૨૦૨૫ તા. ૧૪/૦૭/૨૦૨૫

૪. સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, સાવલીના પત્ર નં. એમએજી/વશી/૯૯૭/૨૦૨૫ તા. ૧૪/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ(૧)(બી) હેઠળનું

No.EC/MAG/WS/6156 To 6180/2025.-વંચાણ-(૧) થી (૪) દર્શિત પત્રોથી જણાવ્યા મુજબ ધનતેજ-તુલસીપુરા-ચાંપાનેર રોડ ચેનેજ ૦/૮૦ થી ૧/૦૦ પર તા. ૧૩/૦૭/૨૦૨૫ના રોજ બ્રીજ વેરીફીકેશન દરમિયાન બ્રીજ સર્વે ટીમ તરફથી ભારે વાહન પર પ્રતિબંધ ફરમાવવાનું જણાવેલ છે. જેથી સદર બ્રીજ પરથી હાલ ચાલુ ટ્રાફિક પૈકી ભારે વાહનોનો ટ્રાફીક બંધ કરી જયાં સુધી બ્રીજના રીપેરીંગની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી એટલે કે (તા.૩૧/૧૨/૨૦૨૫) સુધી ભારે વાહનોનો ટ્રાફીક બંધ રાખવા તથા તેના વિકલ્પ તરીકે નીચે મુજબનો ડાયવર્ઝન વાળો રસ્તો ઉપયોગમાં લેવાય તે અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

વાસ્તે, હું બી. એસ. પટેલ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરા, ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ગુજરાતના ૨૨માની) કલમ-૩૩ની પેટા કલમ(૧)(બી) હેઠળ મળેલ સત્તાની રૂએ જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન માટે વડોદરા જીલ્લાના સાવલી તાલુકાના ધનતેજ-તુલસીપુરા-ચાંપાનેર રોડ ચેનેજ ૦/૮૦ થી ૧/૦૦ પર રીપેરીંગ કામ ચાલુમાં હોય બ્રીજ પરથી હાલ ચાલુ ટ્રાફિક પૈકી ભારે વાહનોનો ટ્રાફીક જાહેર જનતાના વાહન વ્યવહાર માટે બંધ કરવા તથા તેના વૈકલ્પિક રસ્તા તરીકે નીચે મુજબનો ડાયવર્ઝનવાળો રસ્તો ઉપયોગમાં લેવા આદેશ ફરમાવું છું.

વડોદરા જીલ્લાના સાવલી તાલુકાના ધનતેજ-તુલસીપુરા-ચાંપાનેર રોડ ચેનેજ ૦/૮૦ થી ૧/૦૦ પરથી હાલ ચાલુ ટ્રાફિક પૈકી ભારે વાહનોનો ટ્રાફીક જાહેર જનતાના વાહન વ્યવહાર માટે બંધ કરવા તથા વૈકલ્પિક ડાયવર્ઝનવાળો રસ્તો નીચે મુજબ છે.
૧. કંબોલા-નેવારીયા-પલાસા-રતનપુર-ધનતેજ રોડ, કંબોલાથી ધનતેજ તરફ જવું. ૨. ચાંપાનેર-મોટી ભાડોલ-વસનપુરા-મેવલી-સાંઢાસાલ રોડ તરફ જવું.

સદરહું જાહેરનામું પ્રસિધ્ધ થયા તે તારીખથી તા. ૩૧/૧૨/૨૦૨૫ સુધી સદર રસ્તો ભારે વાહનોની અવર-જવર માટે બંધ કરવામાં આવે છે. સદર રસ્તાના બદલે ઉકત જણાવ્યા મુજબનાં ડાયવર્ઝનવાળા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

આ હુકમની અમલવારી હેતુ નિયત રૂટ ઉપર જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા (ગ્રામ્ય)નાઓએ જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ જાહેરનામાંનાં કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ ની જોગવાઈ મુજબ શિક્ષાને

પાત્ર થશે. વડોદરા ગ્રામ્ય જીલ્લામાં ફરજ બજાવતાં નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવતાં તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજે તા.૧૨/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરેલ છે.

વાંચ્યા :-

૧. નાયબ કાર્યપાલક ઈજનેર, પંચાયત (મા. મ) વિભાગ, સબ ડિવીઝન, વાઘોડીયા તથા મામલતદારશ્રી, વાઘોડીયાનો તા.૧૨/૦૭/૨૦૨૫નો બ્રીજ વેરીફીકેશન દરમિયાનનો અહેવાલ.

૨. નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા. મ) પેટા વિભાગ, વાઘોડીયાના પત્ર જા.નં.પીબી/૨૪૧/૨૦૨૫ તા.૧૨/૦૭/૨૦૨૫

૩. પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા (ગ્રામ્ય)ના પત્ર ક્રમાંક: ટ્રાફીક/જાહેરનામું/૬૩૩/૨૦૨૫ તા. ૧૫/૦૭/૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ(૧)(બી) હેઠળનું

No.EC/MAG/WS/6184 To 6210/2025.-વંચાણ-(૧) થી (૩) દર્શિત પત્રોથી જણાવ્યા મુજબ વડોદરા જીલ્લાના વાઘોડીયા તાલુકાના રાજપુરા એપ્રોચ રોડ કી.મી.૧.૦૦ (મુ.જિ.મા.) પર તા.૧૨/૦૭/૨૦૨૫ના રોજ બ્રીજ વેરીફીકેશન દરમિયાન બ્રીજ સર્વે ટીમ તરફથી માયનોર બ્રીજ ઉપરથી ભારે વાહન પર પ્રતિબંધ ફરમાવવાનું જણાવેલ છે. જેથી સદર બ્રીજ પરથી હાલ ચાલુ ટ્રાફિક પૈકી ભારે વાહનોનો ટ્રાફીક બંધ કરી જયાં સુધી બ્રીજના રીપેરીંગની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી એટલે કે (તા.૩૧/૧૨/૨૦૨૫) સુધી ભારે વાહનોનો ટ્રાફીક બંધ રાખવા તથા તેના વિકલ્પ તરીકે નીચે મુજબનો ડાયવર્ઝન વાળો રસ્તો ઉપયોગમાં લેવાય તે અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

વાસ્તે, હું બી. એસ. પટેલ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરા, ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ગુજરાતના ૨૨માની) કલમ-૩૩ની પેટા કલમ(૧)(બી) હેઠળ મળેલ સત્તાની રૂએ જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન માટે વડોદરા જીલ્લાના વાઘોડીયા તાલુકાના રાજપુરા એપ્રોચ રોડ કી.મી.૧.૦૦ (મુ.જિ.મા.) માયનોર બ્રીજ પરથી હાલ ચાલુ ટ્રાફિક પૈકી ભારે વાહનોનો ટ્રાફીક જાહેર જનતાના વાહન વ્યવહાર માટે બંધ કરવા તથા તેના વૈકલ્પિક રસ્તા તરીકે નીચે મુજબનો ડાયવર્ઝનવાળો રસ્તો ઉપયોગમાં લેવા આદેશ ફરમાવું છું.

વડોદરા જીલ્લાના વાઘોડીયા તાલુકાના રાજપુરા એપ્રોચ રોડ કી.મી.૧.૦૦ (મુ.જિ.મા.) માયનોર બ્રીજ પરથી હાલ ચાલુ ટ્રાફિક પૈકી ભારે વાહનોનો ટ્રાફીક જાહેર જનતાના વાહન વ્યવહાર માટે બંધ કરવા તથા વૈકલ્પિક ડાયવર્ઝનવાળો રસ્તો નીચે મુજબ છે.
૧. રાજપુરા ગ્રામજનો માટે રાજપુરા-સરનેજ-ખંડેવાડા થી હાલોલ વડોદરા રોડ તરફ જવું. ૨. ખાખરીયા તરફના ગ્રામજનો માટે મુઢેલા-શંકરપુરા-પાલડી-ધનોરા-હરીપુરા-જરોદ થી હાલોલ વડોદરા તરફ જવું.

સદર જાહેરનામું પ્રસિધ્ધ થાય તે તારીખ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધી સદર રસ્તો ભારે વાહનોની અવર-જવર માટે બંધ કરવામાં આવે છે, સદર રસ્તાના બદલે ઉકત જણાવ્યા મુજબનાં ડાયવર્ઝનવાળા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

આ હુકમની અમલવારી હેતુ નિયત રૂટ ઉપર જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા (ગ્રામ્ય)નાઓએ જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ જાહેરનામાંનાં કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે. વડોદરા ગ્રામ્ય જીલ્લામાં ફરજ બજાવતાં નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવતાં તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજે તા.૧૨/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરેલ છે.

વાંચ્યા :

૧. કાર્યપાલક ઈજનેર, જીલ્લા (મા. મ) વિભાગ, સુપ્રભાત બંગ્લો, હોટેલ વેલકમની પાછળ, અલકાપુરી, વડોદરાના પત્ર જા.નં.પીબી/૩૦૧૨/૨૦૨૫ તા.૧૧/૦૭/૨૦૨૫

૨. સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા (ગ્રામ્ય)ના પત્ર નં.એમએજી/વશી/૨૪૨/૨૦૨૫ તા.૧૫/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ(૧)(બી) હેઠળનું

No.EC/MAG/WS/6211 To 6240/2025.-વંચાણ-(૧) તથા (૨) દર્શિત પત્રોથી જણાવ્યા મુજબ ઓલ્ડ એન.એચ.-૮ રોડ પર આવેલા ઓલ્ડ એન.એચ.-૮ પોર (ઢાઢર નદી)ના પુલની હાલની સ્થિતિ જોતાં Poor Condition જણાયેલ છે. જેથી સદર બ્રીજની ક્ષમતા ચકાસણી માટે લોડટેસ્ટ ન થાય ત્યાં સુધી ભારે વાહનો માટે બંધ રાખવા તથા તેના વિકલ્પ તરીકે નીચે મુજબનો ડાયવર્ઝન વાળો રસ્તો ઉપયોગમાં લેવાય તે અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

વાસ્તે, હું બી. એસ. પટેલ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરા, ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ગુજરાતના ૨૨માની) કલમ-૩૩ની પેટા કલમ(૧)(બી) હેઠળ મળેલ સત્તાની રૂએ જાહેર જનતાના વાહન વ્યવહારના સરળ નિયમન માટે ઓલ્ડ એન.એચ.-૮ રોડ પર આવેલા ઓલ્ડ એન.એચ.-૮ પોર (ઢાઢર નદી)ના પુલની હાલની સ્થિતિ જોતાં Poor Condition હોય, સદર બ્રીજની ક્ષમતા ચકાસણી માટે લોડટેસ્ટ ન થાય (તા.૩૧/૧૨/૨૦૨૫) સુધી ભારે વાહનો માટે બંધ રાખવા તથા તેના વૈકલ્પિક રસ્તા તરીકે નીચે મુજબનો ડાયવર્ઝનવાળો રસ્તો ઉપયોગમાં લેવા આદેશ ફરમાવું છું.

ઓલ્ડ એન.એચ.-૮ રોડ પર આવેલા ઓલ્ડ એન.એચ.-૮ પોર (ઢાઢર નદી)ના પુલ પર ભારે વાહન વ્યવહાર બંધ કરવામાં આવે છે તથા સદર રસ્તાના બદલે નીચે મુજબના વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.
૧. ઓલ્ડ એન. એચ.૮ બ્રીજ પોર તરફ જતાં વાહનોએ અવર-જવર માટે એન.એચ.-૮ રસ્તાનો ઉપયોગ કરવો.

સદર જાહેરનામું પ્રસિધ્ધ થાય તે તારીખ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધી સદર રસ્તો ભારે વાહનોની અવર-જવર માટે બંધ કરવામાં આવે છે, સદર રસ્તાના બદલે ઉકત જણાવ્યા મુજબનાં ડાયવર્ઝનવાળા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

આ હુકમની અમલવારી હેતુ નિયત રૂટ ઉપર જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા (ગ્રામ્ય)નાઓએ જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ જાહેરનામાંનાં કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે. વડોદરા ગ્રામ્ય જીલ્લામાં ફરજ બજાવતાં નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવતાં તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજે તા.૧૨/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરેલ છે.

// **વંચાણે લીધું** //

1) ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયનાં પત્ર ક્ર. VI-23014/IND/2018-VS, Dated:-10/05/19

2) ગુજરાત સરકારશ્રીના ગૃહ મંત્રાલયનાં પત્ર ક્ર &. SB-I/KAV/102019/GOI-175, Dated :-22/05/19

3) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટેલીજન્સ) ગુ.રા.ની કચેરી, પોલીસ ભવન, સેકટર-૧૮, ગાંધીનગરનાં પત્ર ક્ર.જી-૨/એરપોર્ટ સીકક્યુ./ડ્રોન/૩૫૩/૨૦૧૯, તા.૧૮/૦૬/૨૦૧૯

4) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્યના પત્ર ક્ર. SOG/૩૫૬/૨૦૨૫, તા.૦૫/૦૭/૨૦૨૫

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા સને-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ એકટની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ

No.EC/MAG/WS/6245 To 6275/2025.-ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયનાં સંદર્ભ-(૧) દર્શિત પત્રથી "Handling of Sub-Conventional Aerial Platform Threats in the Country" અંગેની SOP પ્રસિધ્ધ કરેલ છે, તથા સંદર્ભ-(૨) દર્શિત પત્રથી આપેલ સુચના મુજબ વાઈટલ ઈન્સ્ટોલેશન એરીયા અને આંતરીક સલામતીને અસર કરે તેવા અન્ય વિસ્તારોને "નો ડ્રોન ઝોન" જાહેર કરવા બાબતે સુચનાઓ આપવામાં આવેલ છે. વધુમાં, સંદર્ભ-(૩) દર્શિત પત્રથી સદરહું SOPનો અમલ કરવા માટે જણાવેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્યનાં સંદર્ભ-(૪) દર્શિત પત્રથી જણાવ્યાનુસાર અત્રેની હકુમત હેઠળના વડોદરા ગ્રામ્ય જીલ્લામાં ડ્રોન ધ્વારા હુમલા થવાની શકયતા ધરાવતા ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વના કુલ-૧૨ ઈન્સ્ટોલેશન આવેલ હોવાનું જણાવેલ છે. જે પૈકી કુલ-૧૦ ઈન્સ્ટોલેશન "રેડ ઝોન" માં તથા કુલ-૦૨ ઈન્સ્ટોલેશન "યલો ઝોન" માં વિભાજીત કરવામાં આવેલ છે. આવા ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતાં ઈન્સ્ટોલેશન જગ્યાની સુરક્ષાની જવાબદારી વડોદરા ગ્રામ્ય જીલ્લા પોલીસની છે. "UAV (Unarmed Aerial Vehicle)" કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલીત કેમેરા લગાડેલ ડ્રોન અથવા કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફટ કે પેરાગ્લાઈડર જેવા સંસાધનોથી દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈને વડોદરા ગ્રામ્ય જીલ્લામાં આવેલ ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશન વાળા સ્થળોને હાની પહોંચાડવાની શક્યતા નકારી શકાય નહીં તેમજ જમ્મુ-કાશ્મીરમાં બનેલ ડ્રોન હુમલાના બનેલ બનાવ તથા આ પ્રકારના સંસાધનોથી જીલ્લામાં આવેલ મહત્વની જગ્યાઓએ આતંક ફેલાવી સુલેહ શાંતી જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શકયતા નકારી શકાય નહીં. જેથી સદર વિસ્તારોની આંતરીક સુરક્ષાને

ધ્યાને રાખી આ સાથે સામેલ પત્રકમાં જણાવેલ ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશનવાળા વિસ્તારમાં "નો ડ્રોન ઝોન" વિસ્તાર જાહેર કરવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું બી. એસ. પટેલ, (GAS) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરા જીલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ એકટની કલમ-૩૭(૩) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, વડોદરા ગ્રામ્ય જીલ્લાનાં આ સાથે સામેલ પત્રક મુજબનાં વિસ્તારોને "રેડ ઝોન" તથા "યલો ઝોન" જાહેર કરવામાં આવે છે.

// જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો //

આ આદેશ તા.૧૬/૦૭/૨૦૨૫ થી તા.૧૫/૦૯/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) ૮૦ દિવસ માટે અમલમાં રહેશે.

// અપવાદ //

પોલીસ વિભાગ, સુરક્ષાબળો અને પોલીસ વિભાગ તરફથી મળેલ પરવાનગીના સંશાધનોને આ જાહેરનામાંમાંથી મુક્તિ આપું છું.

// જાહેરનામાંનો ભંગ કરતાં દંડની જોગવાઈ //

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે વડોદરા ગ્રામ્ય જીલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપલા દરજજાનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે બી.એન.એસ. કલમ ૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

અ નં	ક્રિટીકલસ્ટ્રેટજીકલ ઈસ્ટોલેશનનું નામ	ક્રિટીકલસ્ટ્રેટજીકલ ઈસ્ટોલેશનનું સરનામું	રોડ, યલો, ગ્રીન ઝોન?	મો ડ્રોન પ્રતિબંધીત વિસ્તારનું નું અંતર
૧	ગેઈલ ઈન્ડીયા લી.	જી.આઈ.ડી.આઈ., તા.વાઘોડીયા.	રેડ	૧ કિ.મી
૨	પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા	ખંધા, તા.વાઘોડીયા.	રેડ	૧ કિ.પ..મી.
૩	૪૨૦ કેઆસોજ.વી. સબસ્ટેશન	આસોજ આમલીયારા-, તા.વડોદરા.	રેડ	૩. કિ.મી
૪	બ્લોક ઓઈલ ટર્મીનલ IOCL	આસોજ, તા.વડોદરા	રેડ	૧ કિ ૧૨..મી.
૫	વાઈટ ઓઈલ ટર્મીનલ, IOCL	દુમાડ તા.વડોદરા	રેડ	૧ ૪૨.મી.
૬	એલગેસ ટર્મીનલ .જી.પી., IOCL	દુમાડ, તા.વડોદરા	રેડ	૬ કિ.મી.
૭	GGS, ONGC	ડબકા, તા.પાદરા	રેડ	૫૦૦ મીટર
૮	GGS, ONGC	તાજપુરા, તા.પાદરા	રેડ	૫૦૦ મીટર
૯	પાલેજ પ્રોડકટ ફેસીલીટી, ONGC	માકણ, તા કરજણ	રેડ	૫૦૦ મીટર
૧૦	HPCL(હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરેશન લીમીટેડ (ટર્મીનલ,	પીલોલ, મંજુસર જી.આઈ.ડી.આઈ. સાવલી તા, જી.વડોદરા	રેડ	૧કિ.પ.મી.
૧૧	આજવા સરોવર	આજવા, તા.વાઘોડીયા.	યલો	૧૬. કિ.મી
૧૨	નિમેટા વોટર પ્લાન્ટ	નિમેટા, તા.વાઘોડીયા.	યલો	૧ કિ ૫..મી.

આજ તા.૧૬/૦૭/૨૦૨૫ના રોજ સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

બી. એસ. પટેલ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
વડોદરા

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/હોટલ/એસ.આર.-૬૫/૨૦૨૫.—ગુજરાત રાજ્ય તથા અમદાવાદ શહેરમાં ભુતકાળમાં શ્રેણી બોમ્બ ધડાકા, આતંક્વાદી હુમ્લા ધ્યાને લેતા ભયજનક વ્યક્તિ/સંભવિત આતંકવાદીઓની હરકતોને અનુલક્ષીને વાહન, હોટલ, પીસીઓ, કોલ્સ સેન્ટર, સાયબર કાફે, ટ્રાન્સપોર્ટ કંપનીના ગોડાઉન, સંવેદનશીલ જગ્યાઓ તથા દરિયા કાંઠાના ચેકિંગ દરમયાન રાષ્ટ્રીય સુરક્ષા સલામતી માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્ર હિતમાં મેળવવા માટે પોલીસ તંત્ર અસરકાર કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે મુજબના મુદાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

હોટલ અને ગેસ્ટ હાઉસમાં રહેનાર મુસાફરો અને માલિકો માટે

(૧) હોટલ ગેસ્ટ હાઉસમાં આવનાર દરેક ઈસમના તેમના જ હસ્તાક્ષરમાં રજીસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી મેળવવામાં આવે.

(૨) આ રજીસ્ટરમાં મુસાફરની સહી સાથે પુરુષ મુસાફરના ડાબા હાથનો અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મુસાફર પોતાની સંપુર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર તેમજ હોટલ કે ગેસ્ટ હાઉસથી નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજીસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધાવવાની જવાબદારી સાયબરકાફેના સંચાલક/ માલિકની નિયત કરવામાં આવે.

(૪) મુસાફરના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, કચેરીનું આઈ. કાર્ડ વિ.) ની સેલ્ફ એટેસ્ટેડ ફોટોકોપી સાયબરકાફેના દફતરમાં રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ તમામ હોટલો/ ગેસ્ટ હાઉસો જે તે પીસીઓ, કોલ સેન્ટર, સાયબરકાફે ઈત્યાદીના લાયસન્સમાં નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ હોટલનું સંચાલન કરવું નહી તેમજ આવી હોટલ કોઈપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરો ખતથી ચલાવવા આપવી વિગેરે અન્ય કોઈ વ્યક્તિને સુપ્રત કરવા માટે મનાઈ જાહેર કરવામાં આવે છે.

(૬) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ સાયબરકાફેના માલિક તેમજ મેનેજર/ તમામ કર્મચારીઓના નામ, સરનામું, નજીકના સગાની વિગતો, આંગળાની છાપો વિગેરેની હકીકતો તેમજ આવી સાયબરકાફેની અન્ય સાથી (SISTER CONCERN) કયા કયા સ્થળે આવેલ છે તેમના માલિક/ મેનેજર/સંચાલકના નામ, સરનામુ, ટેલીફોન/મોબાઈલ નંબરની લેખિત માહિતી સંબંધિત પોલીસ સ્ટેશન સંબંધકર્તા સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ તથા એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટને ફરજિયાત આપવી.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૨૧/૦૪/૨૦૨૫ થી તા.૧૯/૦૬/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૯/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/ગોડાઉન/એસ.આર.-૬૬/૨૦૨૫.—અમદાવાદ ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં અસલાલી, સાણંદ, ચાંગોદર, ધોળકા, વિરમગામ ટાઉન, બોપલ વિગેરે પો.સ્ટે. વિસ્તારોમાં મોટા ગોડાઉનો આવેલા છે. જે તમામ ગોડાઉનો હાલમાં કાર્યરત છે. જે ગોડાઉનોમાં બહારથી માલસામાન લાવી સંગ્રહ કરવામાં આવે છે અને આ ગોડાઉનોમાં કામ કરતા મોટા ભાગના પરપ્રાંતના ઈસમો હોય છે. જે ગોડાઉન તેમજ ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલ છે. અને આ ગોડાઉનો ઉપર વોચમેનોની સંખ્યા નહિત હોવાને કારણે ચોરી લૂંટ તથા ધાડ જેવા ગોડાઉનમાં સલામતી બાબતે સિક્યુરીટી ગાર્ડ (વોચમેન) રાખવામાં આવે તેની વિગતો સંબંધિત પો.સ્ટે.માં જાણ કરવા અંગે તેમજ ગોડાઉનની અંદર તથા બહારના ભાગે બહારથી આવતા તથા જતા વાહનોની નંબર પ્લેટ અને તેમાં બેઠેલ વ્યક્તિઓ સ્પષ્ટ રીતે દેખાય તે રીતેની ગુણવત્તા ધરાવતા સીસીટીવી કેમેરા ફરજિયાત પણે લગાવવા અને તેનો ફૂટેજ દિન-૩૦ સુધી સંગ્રહ કરવાનો રહેશે. આથી આવી પ્રવૃતિ આચરતા ઈસમો તેમજ આવા ઈસમોને લાવનાર મુકાદમો અથવા કોન્ટ્રાકટરો ઉપર આવશ્યક નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે મુજબના મુદાઓની અમલવારી કરવા હુકમ બહાર પાડું છું.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ

અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૨૧/૦૪/૨૦૨૫ થી તા.૧૯/૦૬/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૯/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

પ્રસ્તાવના:-

નં.ડીસી/એમએજી/જાહેરનામું/ધ્વનિ પ્રદૂષણ/એસ.આર.૬૭/૨૦૨૫.–પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર ની હુકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં જાહેર સ્થળોએ સામાજિક તથા ધાર્મિક પ્રસંગો તેમજ રાજકીય પ્રસંગો દરમ્યાન ધ્વનિ પ્રદૂષણ થતુ હોવાથી ઘોંઘાટ ઉત્પન્ન કરતા સાધનો જેવા કે ડી.જે. સાઉન્ડ સિસ્ટમ પર અંકુશ લાવવું જરૂરી છે તેમજ અમદાવાદ જિલ્લાના ઉક્ત વિસ્તારમાં કોઈપણ પ્રકારની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ, સલામતિ અને કાયદા પ્રત્યે માન જળવાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે જરૂરી હોઈ જાહેરનામું બહાર પાડવા જરૂરી જણાય છે.

દરેક માઈક સીસ્ટમવાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રીમકોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં. ગુપ્રનિબોર્ડ/ નોઈસ/ યુનિટ- ૪/ જન-પીએન-૫/ ૫૧૨૫૨/ તા.૧૪/૦૫/૨૦૧૦ થી ઘોંઘાટ ઉત્તપન્ન કરતા અને નિપજાવતા શ્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ ની કલમ- ૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ નું તા.૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા.૧૧/૧/૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

::- નોઈઝ સ્ટાન્ડર્ડ -::

એરીયા કોડ વિસ્તાર		ડેસીબલ DB(A) Leq	
		સવારના ૦૬.૦૦ કલાક થી રાત્રીના ૨૨.૦૦ કલાક	રાત્રીના ૨૨.૦૦ કલાક થી સવારના ૦૬.૦૦ કલાક
એ	ઔધોગિક	૭૫	૭૦
બી	વાણિજ્ય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને નવરાત્રીના તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔધોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે.

તા.૧૧/૦૧/૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આકર્ષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રિના સમયગાળામાં રાત્રિના કલાક ૨૨:૦૦ થી સવારના કલાક ૦૬:૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતા બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નકકી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર ધ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્તપન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જેતે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫ - ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

-:: હુકમ ::-

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચેના

કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું

-:: પ્રતિબંધિત કૃત્ય ::-

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક / ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર અમદાવાદ શહેરના પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર ની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી, સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહીં.

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગાયનોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબીબાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો / કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન / ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહી.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલીટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલીટી સ્ટાન્ડર્ડ હોવુ જોઈએ તે જોતા ડી.જે.સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ જોગવાઈઓનો ઉલ્લંઘન કરતા હોય તેવું જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

::- માઈક અને ડી.જે. સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો ::-

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે / ભાગીદારે પરવાનગી અરજી જે તે વિસ્તારના મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની કચેરીએ કરી, દિન-૭ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે. શરતોનો ભંગ થયે પરવાનગી આપોઆપ રદ બાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડા / રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદાર / પરવાનગી લેવા માટે આવનાર વ્યક્તિની રહેશે.

૩. ડી.જે. સિસ્ટમના માલિક કે જે આ સિસ્ટમ ભાડે આપે છે, તેઓએ નજીકના પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવવાની રહેશે.

૪. પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર ની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તારની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ / વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહીં. તેમજ અવાજ નું પ્રદુષણ ફેલાવી શકશે નહીં.

૫. પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૬. પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

૭. અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ / વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે, ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૮. માઈક સીસ્ટમ / વાજીંત્રનો ઉપયોગ ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના કલાક ૦૬:૦૦ થી રાત્રિના કલાક ૨૨:૦૦ સુધી જ થશે.

૯. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ / વાજીંત્રનો ઉપયોગ રાતના કલાક ૧૦:૦૦ થી વહેલી સવારના કલાક ૦૬:૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ / વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

નોંધ:- ઉપરોક્ત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના કલાક ૧૦:૦૦ ના જગ્યાએ કલાક ૧૨:૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૧૦. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ / અવાજ નો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડ્યુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ:- કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી પરંતુ તેનો અવાજ જે તે સ્થળ થી બહાર જવો જોઈએ નહીં.

૧૧. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ / વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

૧૨. ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ / વાજીંત્રનો ઉપયોગ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી / સરકારશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં અથવા ચલાવવો નહીં.

૧૩. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી તરફથી અધિકૃત કરેલ કોઈ પણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ / વાજીંત્ર વાપરવા માટે મનાઈ કરવાનો હુકમ કરી શકશે.

૧૪. ફરજ પરનાં પોલીસ અધિકારી ધ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ / વાજીંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસર કાર્યવાહી કરી શકશે.

--:: અમલવારીનો સમય ::-

આ જાહેરનામું તા.૨૧/૦૪/૨૦૨૫ના ૦૦.૦૦ કલાક થી તા.૧૯/૦૬/૨૦૨૫ના ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

-:: વિસ્તાર ::-

પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર ની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

::- શિક્ષા -::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાં હુકમનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ ગુનો નોંધી ઉપરોકત માલિક, ભાગીદારે, મેનેજર, સંચાલકની જામીન લાયક ગુના માટે ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

આ હુકમ અન્વયે અમદાવાદ પોલીસ અધિક્ષશ્રી, અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીના હોદા ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૯/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/સીસી ટીવી કેમેરા/એસ.આર.-૬૮/૨૦૨૫.—ગુજરાત રાજય તથા અમદાવાદ શહેરમાં ભૂતકાળમાં શ્રેણી બદ્ધ બોમ્બ ધડાકા કરી જાનહાની તેમજ મિલકતોને હાની પહોચાડનાર રાષ્ટ્ર વિરોધી તત્વો રાજય બહારથી આવી ખાસ કરીને ભીડભાડવાળા વિસ્તારોથી માહિતગાર થઈને વાહનો તેમજ હોટલોનો ઉપયોગ કરતા હોવાનું, તેમજ આવા તત્વો બોમ્બ ધડાકા, ચોરી, ધાડ, લૂંટના ગુનાઓ કર્યા બાદ અમુક અંતરે જઈ પેટ્રોલ પંપ ઉપર બળતણ ભરાવતા અથવા તો હોટલો પર ચા- પાણી કરતા તથા જમતા હોવાનું તથા ટોલપ્લાઝા ઉપરથી વાહનો દ્વારા પસાર થતા હોય છે.

જિલ્લામાં થતા આવા ગુના અટકાવવા તથા વણ શોધાયેલ ગુનાઓ શોધવા માટે મહત્વની કડી બને તે માટે પેટ્રોલ પંપો, હોટલો તેમજ જાહેર અવર જવર વાળા વિસ્તારો ઉપર જગ્યાઓ ઉપર સીસીટીવી કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) રેકોર્ડીંગ સિસ્ટમ સાથે મુકવામાં આવે તો ગુનેગારો, ગુનામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફાઈ કરીને ગુનેગાર વિરૂધ્ધ કોર્ટ સમક્ષ સબળ પુરાવો મૂકી શકાય આથી પેટ્રોલ પંપો, હોટલો કે જાહેર સ્થળોએ તથા ટોલપ્લાઝા ઉપર સીસીટીવી કેમેરા રેકોર્ડીંગ સીસ્ટમ સાથે રાખવાનું જરૂરી જણાતું હોઈ,

હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, (અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તારની હકુમતમાં આવેલ તમામ પેટ્રોલ પંપ, શોપિંગ સેન્ટર, કોમર્શિયલ સેન્ટર, હોટલ, ગેસ્ટ હાઉસ, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગ, વધારે ભીડભાડવાળા વિસ્તારો તેમજ ટોલપ્લાઝાના માલિકો/ ઉપભોગતા/ વહીવટ કર્તાઓ એ ગાડીના નંબર દેખાય, ડ્રાઈવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થાય, આવતી જતી વ્યક્તિઓ તથા વાહનોની ઓળખ થઈ શકે તે રીતે અને ૧૫- દિવસ સુધી રેકર્ડીંગ રહી શકે તેવી વ્યવસ્થા સાથેના સીસીટીવી કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) રેકોર્ડીંગ સીસ્ટમ સાથે પુરતા પ્રમાણમાં ગોઠવવા આથી હુકમ કરુ છું.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ -૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૨૧/૦૪/૨૦૨૫ થી તા.૧૯/૦૬/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૯/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/મોબાઈલ શોપ/એસ.આર.-૬૯/૨૦૨૫.—હાલના સંજોગોમાં મોબાઈલ ફોનનો ઉપયોગ ધણો વધેલ છે અને આરોપીઓ તરફથી ગુનો કરવામાં પણ મોબાઈલ ફોનનો ઉપયોગ થાય છે. ચોરી, ઘાડ, લૂંટ, ધાક, ધમકી, ખંડણી ઉઘરાવવામાં તેમજ આતંકવાદી પ્રવૃતિ વિગેરે ગુનાઓમાં તેમજ છેડતી, રોમીયોગીરી, ફોન ઉપર બિભત્સ વર્તન તેમજ અમુક પ્રકારના સ્પેશ્યલ ગુના કરવાના ઈરાદે જુનો મોબાઈલ/ સીમક)ર્ડ ખરીદ કરી ગુજનો આચરવામાં આવે છે. આવા ગુનાઓની તપાસ દરમ્યાન IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે ત્યારે જુના મોબાઈલ/ સીમકાર્ડ ની લે-વેચ કરતા દુકાનદારોએ અજાણ્યા માણસ પાસેથી ખરીદેલાનું અગર તો અજાણયા માણસને વેચેલાનું જાણવા મળે છે. અને મુળ આરોપી સુધી પહોંચી શકાતું નથી તેમજ ઘરફોડ ચોરીના ગુનાઓમાં ચોરીમાં ગયેલ મોબાઈલ ફોન વાપરનાર સુધી પહોંચવામાં આવે તે વખતે પણ મોબાઈલની દુકાનમાંથી ખરીદેદાનું જણાવે છે. અને મોબાઈલ દુકાનદારે ખરીદ કરતી વખતે મોબાઈલ ફોન વેચવા આવનારની કોઇ માહિતી નહી મળતી હોવાનું જાણવા મળે છે. જેથી જુના મોબાઈલ ફોન ખરીદનાર અને વેચનાર વેપારીઓ તથા સીમકાર્ડ વેચનાર વિક્રેતા તરફથી જુના મોબાઈલ તથા વ્યક્તિની સંપૂર્ણ માહિતી તેમજ વેચવામાં આવેલ મોબાઈલ ઈન્સ્યુમેન્ટ/ સીમકાર્ડની સંપૂર્ણ માહિતીનું રજીસ્ટર નિભાવવું ખૂબ જ જરૂરી છે. જેથી પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના મહેસુલી વિસ્તારમાં મોબાઈલ ફોનના ઉપયોગથી થતી ગુનાખોરી અટકાવવા જાહેર જનતાની જાનમાલ મિલકતની સલામતી અને સુરક્ષા માટે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તેમજ જાહેર વ્યવસ્થાની જાળવણી હેતુ અન્વયે અત્રેના જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નિયંત્રણો અમલમાં મુકવાનું મને જરૂરી જણાય છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે અમોને મળેલ અધિકારની રૂઈએ નીચે મુજબના નિયંત્રણનું અવશ્ય પાલન કરવા આથી આદેશ ફરમાવું છું.

પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારનાં વેપારીઓએ જુનો મોબાઈલ ખરીદતી અને વેચાણ વખતે મોબાઈલની વિગત, કંપની, આઇ.એમ.ઈ.આઇ. નંબર, મોબાઈલમાં અગાઉ ઉપયોગમાં લેવાયેલ નંબર, મોબાઈલ/ સીમકાર્ડ વેચનાર અને ખરીદનારનું નામ, સરનામા તથા સંપર્કની વિગત, આઈ.ડી.પ્રુફની વિગત, મોબાઈલ/ સીમકાર્ડ વેચનાર અને ખરીદનારના તાજેતરના ફોટા સાથેની સંપૂર્ણ વિગત સાથેનું નીચે દર્શાવેલ કોલમ મુજબનું રજીસ્ટર અલગ- અલગ નિભાવવાનું રહેશે.

જૂના મોબાઈલ ખરીદતી અને વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ.નં.	મોબાઈલ વેચનાર અને ખરીદનારનું નામ, સરનામા તથા કોન્ટેકટ નંબરની વિગત	મોબાઈલની વિગત/ કંપની	IMEI નંબર	મોબાઈલમાં અગાઉ ઉપયોગમાં લેવાયેલ નંબર	આઇ.ડી.પ્રુફની વિગત	મોબાઈલ વેચનાર અને ખરીદનારનો તાજેતરનો ફોટો
૧	૨	૩	૪	૫	૬	૭

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ.નં.	સીમકાર્ડની વિગત/ કંપનીનું નામ	સીમકાર્ડ નંબર અને તેનો મોબાઈલ નંબર	સીમકાર્ડ ખરીદનારનું નામ અને સરનામું	સીમકાર્ડ ખરીદનારના ફોટાવાળા આઇ.ડી.પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી
૧	૨	૩	૪	૫	૬

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદા ધરાવનાર તમામ

અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ -૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૨૧/૦૪/૨૦૨૫ થી તા.૧૯/૦૬/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૯/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/મજુર/એસ.આર.-૭૦/૨૦૨૫.—અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં તથા બોપલ પો.સ્ટે. વિસ્તારમાં અવારનવાર ધાડ, લુટના ગંભીર બનાવો બનવા પામેલ હોઈ અને બોપલ પો.સ્ટે. વિસ્તારમાં ગુજરાત રાજયની બહારના મજુરો મજુરી કરવા માટે આવતા હોઈ અને મોટા ભાગે આ મજુરો કડીયાકામની મજુરી કામ માટે આવતા હોય છે. બોપલ પો.સ્ટે. વિસ્તારમાં હાલમાં ઘણી જગ્યાએ નવા મકાનોનું બાંધકામ ચાલુમાં હોઈ રાજયના તેમજ રાજય બહારના મોટા ભાગના મજુરો આ કડીયાકામની મજુરી તથા કલર કામની મજુરી માટે આવતા હોય છે. અને મજુરો જે તે સાઈટો ઉપર જ રહેતા હોય છે. આ મજુરોને આ કામ માટે જે વિસ્તારના મુકાદમો અથવા સાઈટના કોન્ટ્રાકટરો લાવતા હોય છે. પરંતુ તેઓની નોંધણી પો.સ્ટેશનમાં કરાવતા નથી. રાજયના તથા રાજય બહારના આવા મજુરો જયા રહેતા હોય છે તે જગ્યા તેમજ તેની આજુબાજુના વિસ્તારોનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈને લુટ ધાડ ઘરફોડ ચોરી જેવા ગંભીર પ્રકારના ગુના આચરતા હોય છે. અગર ગંભીર પ્રકારના ગુનામાં મદદગારી કરતા હોય છે. આથી આવી પ્રવૃતિ આચરતા ઈસમો તેમજ આવા ઈસમોને લાવનાર મુકાદમો અથવા કોન્ટ્રાકટરો ઉપર આવશ્યક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે મુજબના મુદાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) સાઈટ ઉપર આવનાર દરેક મજુર/કારીગરો ના નામ/સરનામાં અંગેની રજીસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી/ અંગુઠાનું નિશાન કોન્ટ્રાકટર દ્વારા મેળવવામાં આવે.

(૨) આ રજીસ્ટરમાં પુરુષ મજુરના ડાબા હાથના અગુઠાનું અને સ્ત્રી મજુરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મજુર/ કારીગર પોતાની સંપૂર્ણ ઓળખ નામ/ સરનામુ, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર તેમજ તેઓના પરિચીત/ સગા/ ઓળખીતાનું નામ/સરનામુ/ ટેલીફોન / મોબાઈલ નંબરની વિગતો આ રજીસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજિયાત પણે કરાવી તેમજ આ હકીકત નોંધવાની જવાબદારી કોન્ટ્રાકટરની નિયત કરવામાં આવે.

(૪) મજુર/ કારીગરના ઓળખ કાર્ડ (ચુંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ) ની ફોટો કોપી સાઈટના સ્થળે ફરજીયાત રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ કામગીરીના દરેક સાઈટ ઉપર મજુર/ કારીગરની નોંધણી કર્યા બાબતની માહિતી પોલીસ સ્ટેશનમાં નિયમીત આપવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૨૧/૦૪/૨૦૨૫ થી તા.૧૯/૦૬/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૯/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/સાયબર કાફે/એસ.આર.-૭૧/૨૦૨૫.—તા.૧૩/૦૭/૨૦૧૧ ના રોજ મુંબઈ શહેરમાં થયેલ સીરીયલ બોમ્બ ધડાકાના અનુસંધાને તેમજ સીમી જેવી પ્રતિબંધિત સંસ્થાના સભ્યોની તેમજ ભયજનક વ્યક્તિઓની સંભવિત હરકતોને અનુલક્ષીને આતંકવાદીઓ કોમપ્યુટર નેટવર્ક દ્વારા આવા કૃત્યોને અંજામ આપતા હોવાનું જાણવા મળેલ છે. તેમજ અત્રેથી સાયબરકાફે ચલાવવા માટે લાયસન્સ આપવામાં આવતા હોઈ હાલના સમય અને સંજોગો જોતાં સાયબરકાફે દ્વારા નિયમોનું પાલન કરવામાં આવે છે કે નહીં તે બાબતની ચકાસણી કરવા તથા સાયબર કાફેના ચેકિંગ દરમ્યાન રાષ્ટ્રીય સુરક્ષા સલામતી માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્ર હિતમાં મેળવવા માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ચાલતા સાયબર કાફે માટે નિયંત્રણો મુકવા જરૂરી છે.

જેથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે મુજબના મુદાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) સાયબર કાફેમાં આવનાર દરેક ઈસમના તેમના જ હસ્તાક્ષરમાં રજીસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી મેળવવામાં આવે.

(૨) આ રજીસ્ટરમાં આવનાર ઈસમની સહી સાથે પુરુષ મુસાફરના ડાબા હાથનો અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મુસાફર પોતાની સંપુર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર તેમજ સાયબરકાફેથી નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચીત/સગા/ ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજીસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધાવવાની જવાબદારી સાયબરકાફેના સંચાલક/ માલિકની નિયત કરવામાં આવે.

(૪) સાયબરકાફેમાં આવનાર દરેક ઈસમના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, કચેરીનું આઈ. કાર્ડ વિ.) ની સેલ્ફ એટેસ્ટેડ ફોટોકોપી સાયબરકાફેના દફતરમાં રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ તમામ સાયબરકાફે જેતે સાયબર કાફે લાયસન્સમાં નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ સંચાલન કરવું નહી તેમજ આવી સાયબરકાફે કોઈપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી ગીરો ખતથી ચલાવવા આપવી વિગેરે અન્ય કોઈ વ્યક્તિને સુપ્રત કરવા માટે મનાઈ જાહેર કરવામાં આવે છે.

(૬) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ સાયબરકાફેના માલિક તેમજ મેનેજર/ તમામ કર્મચારીઓના નામ, સરનામું, નજીકના સગાની વિગતો, આંગળાની છાપો વિગેરેની હકીકતો તેમજ આવી સાયબરકાફેની અન્ય સાથી (SISTER CONCERN) કયા કયા સ્થળે આવેલ છે તેમના માલિક/ મેનેજર/સંચાલકના નામ, સરનામુ, ટેલીફોન/મોબાઈલ નંબરની લેખિત માહિતી અત્રેથી નિયત કરેલ પત્રકમાં સંબંધિત પોલીસ સ્ટેશન સંબંધકર્તા સબ ડિવીઝશન મેજિસ્ટ્રેટ તથા એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટને ફરજિયાત આપવી.

(૭) સાયબરકાફે ખાતે સીસીટીવી કેમેરા લગાવવાના રહેશે.

(૮) સાયબરકાફે ખાતે અધિકૃત અધિકારી તપાસણી કરવા આવે તો તપાસણી કરવા દેવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિત,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકુત કરવામા આવે છે.

આ હુકમ તા.૨૧/૦૪/૨૦૨૫ થી તા.૧૯/૦૬/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૯/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/મકાન ભાડે/એસ.આર.-૭૨/૨૦૨૫.—ગુમચર સંસ્થાઓના અહેવાલ અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસમાજિક તત્વો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરવાની તેમજ માનવ જીંદગીની ખુવારી થાય તેમજ લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે. જેથી પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં પણ આશરો મેળવી આવી પ્રવૃત્તિ કરી શકે તેવું સંભવી શકે છે.

બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા તત્વો કોઈના રહેણાંકના મકાન ઉપરાંત ઔદ્યોગિક વિસ્તારોના મકાનો તથા એકમો ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. તેવું દેશના અમુક પ્રદેશોમાં બનવા પામ્યાના અહેવાલો છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર આવશ્યક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં કોઈ રહેણાંકના મકાન તથા ઔદ્યોગિક વિસ્તારના મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જયારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને ભાડે આપી શકશે નહિં. ભાડે આપેલ મકાનની વિગત

ભાડે રાખનાર અને એજન્ટ કે જેઓએ ભાડે રાખનારની ઓળખાણ આપેલ હોય તે અંગેની નીચે મુજબના પત્રક-અમાં જરૂરી માહિતી સાથે લેખિત જાણ સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરશે. તથા જયારે જયારે કોઈ મકાન માલિક/ એજન્ટ/ બ્રોકર કોઈ મકાનની લે-વેચ કરશે કે કરાવશે કે ભાડેથી મકાન અપાવશે તેની સંપૂર્ણ વિગતોનું રજીસ્ટર નિભવશે. જેમાં થયેલ વ્યવહાર સાથે સંકળાયેલ પક્ષકારોની સંપૂર્ણ ઓળખ સહિતનો બાયોડેટા ફોટો સહીત રાખી નીચેના પત્રક-અ મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે. તથા એક નકલ સંબંધકર્તા તાલુકા મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીને આપવાની રહેશે.

પત્રક-અ

મકાન ભાડે આપતા પહેલા સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની માહિતીનું પત્રક

અ.નં.	મકાન માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ અને સરનામું	મકાન કયારે ભાડે આપેલ છે તથા માસિક ભાડુ કેટલું નક્કી કરેલ છે તે રકમ (રૂા)	કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમનો સંપૂર્ણ બાયોડેટા ફોટોગ્રાફ સહીત જેમાં ભાડુઆતનું નામ મુળ રહેવાસી, ધંધો, ધંધાનું સ્થળ, તેની ઓળખ અંગેના પુરાવાની વિગત વગેરે	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિ, એજન્ટ, બ્રોકરની તમામ વિગતો	અન્ય વિગત
૧	૨	૩	૪	૫	૬	૭

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૨૧/૦૪/૨૦૨૫ થી તા.૧૯/૦૬/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૯/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/ઘરઘાટી/એસ.આર.-૭૩/૨૦૨૫.–અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ચોરી, લૂંટ, ખુન જેવા ગુનાઓમાં ઘરઘાટીની સંડોવણી જણાયેલ છે. જે જોતા ઘરઘાટીઓ જાહેર સુલેહ શાંતિને કેટલાક માણસોની જિંદગી ખુવારી તથા લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડી રહેલ છે. મહદ અંશે ઘરઘાટીઓ પરપ્રાંતના હોય છે અને ગુનો કરી જતા રહેતા હોય છે. અને તેઓ વિશે માલિક પાસે અગર તો પોલીસ પાસે માહિતી હોતી નથી. પરિણામે તેઓને પકડવામાં મુશ્કેલ ભર્યુ બને છે. જેથી ઘરઘાટી તરીકે નોકરીએ રાખતા માલિકો ઉપર થોડુ નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું. કે અમદાવાદ જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરના હકુમત સિવાયના સમગ્ર મહેસુલી વિસ્તારમાં કોઈ મકાન માલિક/ મકાન ભાડુઆત જયારે કોઈ વ્યક્તિને ઘરઘાટી તરીકે કામ ઉપર રાખે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને તેવાં કામ ઉપર રાખી શકશે નહિ અને માલિકે આ બાબતે નીચેનાં કોલમ મુજબની માહિતી ઘરઘાટીના ફોટોગ્રાફ સાથે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

(૧) ઘરઘાટીનું પુરૂ નામઃ

(૨) ઘરઘાટીનું સરનામું તથા તેની સાથેનાં માણસોની વિગત

(૩) જેના ઘરે ઘરઘાટી તરીકે કામ કરતા હોય તે માલિકનું નામ- સરનામુ (બે-ત્રણ તમામ માલિકોના નામ- સરનામા તથા ઘરઘાટી તરીકેનો સમયગાળો)

(૪) બાંહેધરી અગર જેનાં મારફતે ઘરઘાટી તરીકે રાખેલ હોય તેનું નામ, સરનામું

(૫) અગાઉ ઘરઘાટી તરીકે કામ કરેલ હોય તે માલીકનું નામ, સરનામું

(૬) ઘરઘાટીને ઓળખીતાનાં નામ અને સરનામું તથા ટેલીફોન નંબર

(૭) ઘરઘાટીનું વતનનું સરનામું પો.સ્ટે. સહિત તથા વતનમાં રહેતા તેના ભાઈ-બહેન, માતા-પિતાનાં નામો

(૮) ઘરઘાટી પરણીત હોય તો સાસરીનું સરનામું

(૯) ઘરઘાટીનું ચહેરા નિશાન, ઉમર વર્ષ, ઉચાઇ, વર્ણન, અભ્યાસ વિગેરે (ઓળખી શકાય તેવી નિશાની)

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૨૧/૦૪/૨૦૨૫ થી તા.૧૯/૦૬/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૯/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/ભંગારીયા ધંધો/એસ.આર.-૭૪/૨૦૨૫.—અમદાવાદ ગ્રામ્ય જિલ્લો અમદાવાદ શહેરને અડીને આવેલો છે. જેના કારણે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો અમદાવાદ શહેરને સંલગ્ન છે. તેમજ અત્રેના જિલ્લામાં ઈન્ડસ્ટ્રીયલ એરીયા આવેલ હોય જેમાં બોપલ, સાણંદ, સાણંદ જી.આઈ.ડી.સી., વિરમગામ જી.આઈ.ડી.સી, અસલાલી જી.આઈ.ડી.સી, ચાંગોદર જી.આઈ.ડી.સી., બાવળા જી.આઈ.ડી.સી. આવેલ છે. અમદાવાદ શહેરની બોર્ડર ઉપર આવેલ અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના પો.સ્ટે. વિસ્તારમાં ધાડ, લુંટ, ધરફોડ ચોરી, ચોરી જેવા મિલ્કત સંબંધી ગુનાઓ અવાર નવાર બનવા પામે છે. જે મિલ્કત સંબંધી ગુનાઓ બનવા પાછળના કારણો પૈકીનું એક કારણ ભંગારનો ધંધો કરતા માણસો હોય છે. મોટા ભાગના ભંગારનો ધંધો કરનાર તેમજ ભંગારની ફેરી કરનાર માણસો બહારના રાજ્યોના વતનીઓ હોય છે અને આવા ઈસમો ગુનો કર્યા પછી પોતાના વતનમાં જતા રહેતા હોય છે જેના કારણે તેઓને પકડવામાં પણ મુશ્કેલી પડે છે. અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ચોરી, ધાડ, લુટ, મિલકત સંબંધી ગુનાઓમા સંડોવાયેલ છે. જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ અમદાવાદ જિલ્લા વિસ્તારમા ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો ઉપર કાયદાકીય અને વ્યાજબી નિયંત્રણ જરૂરી છે. જે અર્થે તેઓ પોતાનો ધંધો કરે પરંતુ અમુચ ચોક્કસ શરતોને ધ્યાને રાખીને અને તેનુ પાલન કરીને કરે જેથી કાયદો અને વ્યવસ્થાની પ્રક્રિયામાં અડચણરૂપ ન બને તે માટે ચોક્કસ શરતોનું ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો દ્વારા પાલન થાય તે માટે જાહેરનામુ પ્રસિધ્ધ કરવું જરૂરી છે. તેથી નીચે મુજબની શરતો તમામ ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો પાલન કરીને ધંધો કરે/કરાવે તે જરૂરી છે.

જેથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઇએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે મુજબના મુદાઓની અમલવારી કરવા હુકમ બહાર પાડું છું.

(૧) ભંગારનો ધંધો કરતા ઈસમો જે જગ્યાએ ધંધો કરે છે. તે જગ્યા જો પોતાની માલિકીની હોય તો માલીકી પણાના દસતાવેજો અને જો ભાડાની જગ્યા હોય તો ભાડાકરાર કરીને રાખવાના રહેશે અને જમીનના માલીકનું ધંધા અંગેનું સંમતીપત્ર મેળવવાનું રહેશે. તેમજ ગેરકાયદેસર જમીનમા; ભંગારનો ધંધો કરી શકશે નહીં.

(૨) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે મુળ વતની હોય ત્યાથી પોલીસ કલીયરન્સ સર્ટી. લાવીને રાખવુ તેમજ જે જગ્યાએ હાલમાં રહેતા હોય ત્યાંનું પણ પોલીસ કલીયરન્સ સર્ટી. મેળવી રાખવાનું રહેશે.

(૩) ભંગારના ધંધામાં જેટલા માણસો કામે રાખેલ હોય તેઓના મુળ વતનના તેમજ જયાં રહેતા હોય ત્યાંના પોલીસ કલીયરન્સ સર્ટી. મેળવી રાખવાના રહેશે.

(૪) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો જે વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનમા આઇ.ડી. પ્રુફની નકલ આપવાની રહેશે.

(૫) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ કોઇ ગુનાને લગતો અથવા શક પડતો મુદ્દામાલ તેઓના ઉપર આવે ત્યારે તુરંત જ પોલીસને તે બાબતની જાણ કરવાની રહેશે.

(૬) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે ભંગાર જેની પાસેથી ખરીદેલ છે. તે વ્યક્તિના આઇ.ડી.પ્રુફ વિગત તથા જથ્થાની વિગત વર્ણન સાથે તથા તેના કોન્ટેકટ નંબરની માહિતી દર્શાવતુ રજીસ્ટર નિભાવવાનું રહેશ.

(૭) જયારે કોઈપણ વાહન વેચાવવા આવે ત્યારે આવા વાહનની અસલ આર.સી.બુક વિના વેચાણ કે ખરીદ કરી શકશે નહી તથા આવા વાહનના એન્જીન નંબર તથા ચેચીસ નંબર અને રજીસ્ટ્રેશન સાથેની માહિતીની તાત્કાલીક પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

(૮) આ જાહેરનામુ બહાર પડયા પછી તેની શરતોનો ભંગ થવાની પોલીસ અધિકારી જરૂરી કાયદેસરની કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૨૧/૦૪/૨૦૨૫ થી તા.૧૯/૦૬/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૯/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

વંચાણે લીધુ :-

(૧) સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરની તા.૨૮/૦૫/૨૦૨૫ની અખબારી યાદી ક્રમાંક ઈએલસીગ્સી. ઓ. સી.-૩(૮)-૦૫૨૦૨૫-ક.

(૨) નિયામકશ્રી, નશાબંધી અને આબકારી ગાંધીનગરના તા.૩૧/૦૫/૨૦૨૫ ના પર નં. DPEGND/VDR/e-file/450/2025/1367/Excise-1

જાહેરનામું

ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ-૧૪૨ અન્વયે.

નં.ડીસી/એમએજી/જાહેરનામું/ગ્રામ પંચાયત ચૂંટણી/એસ.આર.-૧૦૯/૨૦૨૫.—આમુખ-૧ થી રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા રાજ્યની ગ્રામપંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્રની બેઠકો તેમજ પ્રસંગો પાત ખાલી પડેલ બેઠકોની ચૂંટણી યોજવા કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ અમદાવાદ જિલ્લાની ૨૪૧ જેટલી ગ્રામપંચાયતોની ચૂંટણી યોજાનાર છે. ગ્રામપંચાયતો ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૨૮/૦૫/૨૦૨૫ થી આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. સદરહું ગ્રામપંચાયતોની ચૂંટણીઓ અન્વયે તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ મતદાન અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર છે. તેમજ ચૂંટણી પ્રક્રિયા તા.૨૭/૦૬/૨૦૨૫ના રોજ પૂર્ણ થનાર છે.

આમુખ (૨) થી અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો કે જે વિસ્તારોમાં જ્યાં ગ્રામપંચાયતોની ચૂંટણી યોજાનાર તે વિસ્તારોમાં મતદારો ને આદર્શ લોકશાહીની પ્રતિતી કરાવે તેવી શાંત, સ્વચ્છ અને નિષ્પક્ષ ચૂંટણી યોજાય તેવું વાતાવરણ સર્જવા ચૂંટણી દરમ્યાન નશીલા પદાર્થોના ઉપયોગની અસર અને જાહેર જીવનને પરેશાન કરે તેવી શક્યતા નિવારવા કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા તેમજ જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે દારૂ અને નશાયુકત પદાર્થોનું વેચાણ કે, પિરસવાનું અટકાવવું જરૂરી છે, ચૂંટણી પંચની સુચનાઓ અનુસાર લોક- પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૫ (સી) હેઠળ મતવિભાગની ચૂંટણી દરમિયાન મતદારો નિર્ભયપણે મતદાન કરી શકે તે માટે દારૂ અને નશાકારક ચીજોના વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૧૪૨ થી મને મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ગ્રામપંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર પેટા ચૂંટાણી અન્વયે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ સવારના ૦૭-૦૦ વાગ્યથી સાંજના ૦૬-૦૦ વાગ્યા સુધી યોજાનર હોય, મતદાનનો સમય પૂરો થવાના કલાક સાથે પુરા થાય તે રીતે ૪૮ કલાકનો સમય એટલે કે, તા.૨૦/૦૬/૨૦૨૫નાં સાંજના ૦૫-૦૦ કલાકથી તા.૨૨/૦૬/૨૦૨૫ ના સાંજના ૦૭-૦૦ કલાક (જો પુન: મતદાનનો દિવસ પણ આવરી લેવાનો રહેશે.)

(૨) ગ્રામપંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર પેટા ચૂંટાણી અન્વયે મતગણતરીનો દિવસ એટલે કે તા.૨૫/૦૬/૨૦૨૫ (આખો દિવસ)

આમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલ દારૂ અને નશાયુકત પદાર્થોના વેચાણ માટેના પરવાના ધરાવનારાઓએ તા.૨૦/૦૬/૨૦૨૫ નાં સાંજના ૦૫-૦૦ કલાકથી તા.૨૨/૦૬/૨૦૨૫ના સાંજના ૦૭-૦૦ કલાક (જો પુન: મદતાન થાય તો પુન: મદતાનનો દિવસ પણ આવરી લેવાનો રહેશે.) તેમજ મતગણતરીનો દિવસ એટલે કે તા.૨૫/૦૬/૨૦૨૫ (આખો દિવસ) સુધી નશાયુકત પદાર્થોનું વેચાણ સ્થળ દુકાન/ રેસ્ટોરન્ટ/કલબ કે અન્ય કોઈપણ સ્થળ કે જ્યાં દારૂ અને નશાયુક્ત પદાર્થોનું વેચાણ થતું હોય તેવા સ્થળો બંધ રાખવા.

વિસ્તાર

સમગ્ર અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં પોલીસ કમિશનરશ્રી અમદાવાદની હકુમત સિવાયના અમદાવાદ હુકમ હેઠળના સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ તથા ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૬૮ તથા ૯૦ ની જોગવાઈ મુજબ તેમજ લોક પ્રતિનિધિત્વ (સુધારા) અધિનિયમ-૧૯૯૬ દ્વારા દાખલ કરવામાં આવેલ લોક પ્રતિનિધિત્વ સુધારા અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(સી) મુજબ કેદ અથવા દંડ અથવા બંન્ને શિક્ષાને પાત્ર થશે.

સમયગાળો

આ જાહેરનામું તા.૨૦/૦૬/૨૦૨૫નાં સાંજના ૦૫-૦૦ કલાકથી તા.૨૨/૦૬/૨૦૨૫ના સાંજના ૦૭-૦૦ કલાક (જો પુન: મદતાન થાય તો પુન: મદતાનનો દિવસ પણ આવરી લેવાનો રહેશે.) તથા મતગણતરીનો દિવસ એટલે કે તા.૨૫/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીના હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૬/૦૬/૨૦૨૫ ના રોજ સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટ બહાર પાડવામાં આવેલ છે.

વંચાણે લીધું:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય)ની કચેરીના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક:એલ.આઈ.બી./ પરીક્ષા જાહેરનામું/૪૪૧૨/૨૦૨૫, તા.૧૧/૦૪/૨૦૨૫.

જાહેરનામું:-

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયેનો.

નં.ડીસી/એમએજી/જાહેરનામું/પરીક્ષા/એસ.આર.૧૧૦/૨૦૨૫.–આમુખ-(૧) ના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૧૧/૦૪/૨૦૨૫ના પત્રથી જણાવ્યા મુજબ ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક સંવર્ગોની ૧૨૦૦ જગ્યાઓ માટે લોકરક્ષક કેડરની લેખિત પ્રરીક્ષા આગામી તા.૧૫/૦૬/૨૦૨૫ ના રોજ યોજવામાં આવનાર છે. જે પૈકી અત્રેના અમદાવાદ શહેર તથા અમદાવાદ ગ્રામ્ય વિસ્તારના પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષા યોજવામાં આવનાર છે. જે પૈકી અત્રેના અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના કુલ ૦૫ (કણભા પો. સ્ટે.ની હદના ૦૩ તથા અસલાલી પો.સ્ટે.ની હદના ૦૨) શાળાઓ નક્કી કરવામાં આવેલ છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી શાંત અને સૌહાદપુર્ણ વાતાવરણમાં ગેરરીતી કર્યા વગર તેમજ કોઇપણ પ્રકારના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપી શકે તે માટે પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જીલ્લાના મહેસુલી વિસ્તારમાં ઉક્ત પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રીજ્યાના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કેન્દ્રો/દુકાનો બંધ રાખવા, પરીક્ષા સ્થળોની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા ઉપર તથા સક્ષમ અધિકારી સિવાયના તમામ માટે મોબાઈલ અને અન્ય ઈલેકટ્રોનીક મિડીયા / વિજાણુ ઉપકરણ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવા તેમજ પરીક્ષા કેન્દ્રની આજુબાજુના ૧૦૦ મીટરની ત્રીજયાના વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી નીચે મુજબના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવવાનુ પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩થી મને મળેલ અધિકારની રૂઇએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જીલ્લાના મહેસુલી વિસ્તારમાં નીચેના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવુ છું.

પ્રતિબંધિત વિસ્તાર:

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રીજ્યામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ/વિસ્તાર

(૨) ઝેરોક્ષ કેન્દ્રો/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રની ચોતરફ ૨૦૦ મીટરની ત્રીજ્યાનો વિસ્તાર

પ્રતિબંધિત કૃત્યો:

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવા ઉપર.

(૨) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઇપણ બિનધિકૃત માણસોએ પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવા ઉપર.

(૩) પરીક્ષા સ્થળે ઈલેક્ટ્રોનીક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, ઈલેક્ટ્રીક ડાયરી, સ્માર્ટ વોચ, ઈયરફોન કે અન્ય ઈલેક્ટ્રોનીક ઉપકરણો લઈ દાખલ થવા ઉપર

(૪) પરીક્ષાર્થીઓની શાંતી અને લેખનકાર્યમાં અડચણ, વિશેષ ધ્યાનભંગ થાય તેવુ કોઈપણ કૃત્ય કરવા/કરાવવા ઉપર

(૫) પરીક્ષા સ્થળે ચોરી કરવા/કરાવવાના હેતુથી પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલો લઇ જવા ઉપર

(૬) પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ નકલ કરવાના કેન્દ્રો/દુકાનો પર ઝેરોક્ષ મશીન, ફેક્સ મશીન પરીક્ષા સમયે ચાલુ કરવા/કરાવવા ઉપર

(૭) પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનુ હથિયાર લઇ દાખલ થવા ઉપર

(૮) પરીક્ષા સ્થળની આસપાસના પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ પાનબીડીના ગલ્લા તથા ચા-પાણીના કેન્દ્રો પરીક્ષા સમય દરમ્યાન ચાલુ કરવા/કરાવવા ઉપર

(૯) પ્રતિબંધીત વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવા ઉપર

(૧૦) પ્રતિબંધીત વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર

(૧૧) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવું કોઈપણ સાધન અથવા વસ્તુ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવા

(૧૨) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવા

અપવાદ

આ હુકમ ફરજ પરના પોલીસદળ / હોમગાર્ડના કર્મચારીઓ / અધિકારીઓ તથા પરીક્ષાના અનુસંધાને ફરજ ઉપર બોલાવેલ કર્મચારી / અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

સમયગાળો

આ હુકમ તા.૧૫/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૦૮:૦૦ કલાક થી સાંજના ૦૨:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિત,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આજ તા.૧૩/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/હોટલ/એસ.આર.-૧૧૧/૨૦૨૫.—ગુજરાત રાજ્ય તથા અમદાવાદ શહેરમાં ભુતકાળમાં શ્રેણી બોમ્બ ધડાકા, આતંકવાદી હુમ્લા ધ્યાને લેતા ભયજનક વ્યક્તિ/સંભવિત આતંકવાદીઓની હરકતોને અનુલક્ષીને વાહન, હોટલ, પીસીઓ, કોલ્સ સેન્ટર, સાયબર કાફે, ટ્રાન્સપોર્ટ કંપનીના ગોડાઉન, સંવેદનશીલ જગ્યાઓ તથા દરિયા કાંઠાના ચેકિંગ દરમયાન રાષ્ટ્રીય સુરક્ષા સલામતી માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્ર હિતમાં મેળવવા માટે પોલીસ તંત્ર અસરકાર કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઇએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે મુજબના મુદાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

હોટલ અને ગેસ્ટ હાઉસમાં રહેનાર મુસાફરો અને માલિકો માટે

(૧) હોટલ ગેસ્ટ હાઉસમાં આવનાર દરેક ઈસમના તેમના જ હસ્તાક્ષરમાં રજીસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી મેળવવામાં આવે.

(૨) આ રજીસ્ટરમાં મુસાફરની સહી સાથે પુરુષ મુસાફરના ડાબા હાથનો અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મુસાફર પોતાની સંપુર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર તેમજ હોટલ કે ગેસ્ટ હાઉસથી નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજીસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધાવવાની જવાબદારી સાયબરકાફેના સંચાલક/ માલિકની નિયત કરવામાં આવે.

(૪) મુસાફરના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, કચેરીનું આઈ. કાર્ડ વિ.) ની સેલ્ફ એટેસ્ટેડ ફોટોકોપી સાયબરકાફેના દફતરમાં રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ તમામ હોટલો/ ગેસ્ટ હાઉસો જે તે પીસીઓ, કોલ સેન્ટર, સાયબરકાફે ઈત્યાદીના લાયસન્સમાં નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ હોટલનું સંચાલન કરવું નહી તેમજ આવી હોટલ કોઈપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરો ખતથી ચલાવવા આપવી વિગેરે અન્ય કોઈ વ્યક્તિને સુપ્રત કરવા માટે મનાઈ જાહેર કરવામાં આવે છે.

(૬) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ સાયબરકાફેના માલિક તેમજ મેનેજર/ તમામ કર્મચારીઓના નામ, સરનામું, નજીકના સગાની વિગતો, આંગળાની છાપો વિગેરેની હકીકતો તેમજ આવી સાયબરકાફેની અન્ય સાથી (SISTER CONCERN) કયા કયા સ્થળે આવેલ છે તેમના માલિક/ મેનેજર/સંચાલકના નામ, સરનામુ, ટેલીફોન/મોબાઈલ નંબરની લેખિત માહિતી સંબંધિત પોલીસ સ્ટેશન સંબંધકર્તા સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ તથા એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટને ફરજિયાત આપવી.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૫ થી તા.૧૮/૦૮/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૮/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/ગોડાઉન/એસ.આર.-૧૧૨/૨૦૨૫.–અમદાવાદ ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં અસલાલી, સાણંદ, ચાંગોદર, ધોળકા, વિરમગામ ટાઉન, બોપલ વિગેરે પો.સ્ટે. વિસ્તારોમાં મોટા ગોડાઉનો આવેલા છે. જે તમામ ગોડાઉનો હાલમાં કાર્યરત છે. જે ગોડાઉનોમાં બહારથી માલસામાન લાવી સંગ્રહ કરવામાં આવે છે અને આ ગોડાઉનોમાં કામ કરતા મોટા ભાગના પરપ્રાંતના ઈસમો હોય છે. જે ગોડાઉન તેમજ ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલ છે. અને આ ગોડાઉનો ઉપર વોચમેનોની સંખ્યા નહિત હોવાને કારણે ચોરી લૂંટ તથા ધાડ જેવા ગોડાઉનમાં સલામતી બાબતે સિક્યુરીટી ગાર્ડ (વોચમેન) રાખવામાં આવે તેની વિગતો સંબંધિત પો.સ્ટે.માં જાણ કરવા અંગે તેમજ ગોડાઉનની અંદર તથા બહારના ભાગે બહારથી આવતા તથા જતા વાહનોની નંબર પ્લેટ અને તેમાં બેઠેલ વ્યક્તિઓ સ્પષ્ટ રીતે દેખાય તે રીતેની ગુણવત્તા ધરાવતા સીસીટીવી કેમેરા ફરજિયાત પણે લગાવવા અને તેનો ફૂટેજ દિન-૩૦ સુધી સંગ્રહ કરવાનો રહેશે. આથી આવી પ્રવૃતિ આચરતા ઈસમો તેમજ આવા ઈસમોને લાવનાર મુકાદમો અથવા કોન્ટ્રાકટરો ઉપર આવશ્યક નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે મુજબના મુદાઓની અમલવારી કરવા હુકમ બહાર પાડું છું.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૫ થી તા.૧૮/૦૮/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૮/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

પ્રસ્તાવના:-

નં.ડીસી/એમએજી/જાહેરનામું/ધ્વનિ પ્રદૂષણ/એસ.આર.૧૧૩/૨૦૨૫.–પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર ની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં જાહેર સ્થળોએ સામાજિક તથા ધાર્મિક પ્રસંગો તેમજ રાજકીય પ્રસંગો દરમ્યાન ધ્વનિ પ્રદૂષણ થતુ હોવાથી ઘોંઘાટ ઉત્પન્ન કરતા સાધનો જેવા કે ડી.જે. સાઉન્ડ સિસ્ટમ પર અંકુશ લાવવું જરૂરી છે તેમજ અમદાવાદ જિલ્લાના ઉક્ત વિસ્તારમાં કોઈપણ પ્રકારની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ, સલામતિ અને કાયદા પ્રત્યે માન જળવાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે જરૂરી હોઈ જાહેરનામું બહાર પાડવા જરૂરી જણાય છે.

દરેક માઈક સીસ્ટમવાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રીમકોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં. ગુપ્રનિબોર્ડ/ નોઈસ/ યુનિટ- ૪/ જન-પીએન-૫/ ૫૧૨૫૨/ તા.૧૪/૦૫/૨૦૧૦ થી ધોંધાટ ઉત્તપન્ન કરતા અને નિપજાવતા શ્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ ની કલમ- ૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ નું તા.૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા.૧૧/૧/૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

::- નોઈઝ સ્ટાન્ડર્ડ -::

એરીયા કોડ વિસ્તાર		ડેસીબલ DB(A) Leq	
		સવારના ૦૬.૦૦ કલાક થી રાત્રીના ૨૨.૦૦ કલાક	રાત્રીના ૨૨.૦૦ કલાક થી સવારના ૦૬.૦૦ કલાક
એ	ઔધોગિક	૭૫	૭૦
બી	વાણિજ્ય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને નવરાત્રીના તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔધોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે.

તા.૧૧/૦૧/૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આકર્ષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રિના સમયગાળામાં રાત્રિના કલાક ૨૨:૦૦ થી સવારના કલાક ૦૬:૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતા બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નકકી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર ધ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્તપન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જેતે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫ - ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

-:: હુકમ ::-

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું

-:: પ્રતિબંધિત કૃત્ય ::-

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક / ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર અમદાવાદ શહેરના પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર ની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી, સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહીં.

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો /ગાયનોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબીબાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો / કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન / ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહી.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલીટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલીટી સ્ટાન્ડર્ડ હોવુ જોઈએ તે જોતા ડી.જે.સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ જોગવાઈઓનો ઉલ્લંધન કરતા હોય તેવું જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

::- માઈક અને ડી.જે. સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો ::-

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે / ભાગીદારે પરવાનગી અરજી જે તે વિસ્તારના મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની કચેરીએ કરી, દિન-૭ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે. શરતોનો ભંગ થયે પરવાનગી આપોઆપ રદ બાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડા / રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદાર / પરવાનગી લેવા માટે આવનાર વ્યક્તિની રહેશે.

૩. ડી.જે. સિસ્ટમના માલિક કે જે આ સિસ્ટમ ભાડે આપે છે, તેઓએ નજીકના પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવવાની રહેશે.

૪. પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર ની હુકુમત સિવાયના અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તારની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ / વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહીં. તેમજ અવાજ નું પ્રદુષણ ફેલાવી શકશે નહીં.

૫. પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૬. પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

૭. અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ / વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે, ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૮. માઈક સીસ્ટમ / વાજીંત્રનો ઉપયોગ ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના કલાક ૦૬:૦૦ થી રાત્રિના કલાક ૨૨:૦૦ સુધી જ થશે.

૯. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ / વાજીંત્રનો ઉપયોગ રાતના કલાક ૧૦:૦૦ થી વહેલી સવારના કલાક ૦૬:૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ / વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

નોંધ:- ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના કલાક ૧૦:૦૦ ના જગ્યાએ કલાક ૧૨:૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૧૦. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ / અવાજ નો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડયુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ:- કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી પરંતુ તેનો અવાજ જે તે સ્થળ થી બહાર જવો જોઈએ નહીં.

૧૧. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ / વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

૧૨. ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ / વાજીંત્રનો ઉપયોગ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી / સરકારશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં અથવા ચલાવવો નહીં.

૧૩. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી તરફથી અધિકૃત કરેલ કોઈ પણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ / વાજીંત્ર વાપરવા માટે મનાઈ કરવાનો હુકમ કરી શકશે.

૧૪. ફરજ પરનાં પોલીસ અધિકારી ધ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ / વાજીંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસર કાર્યવાહી કરી શકશે.

--:: અમલવારીનો સમય ::-

આ જાહેરનામું તા.૨૦/૦૬/૨૦૨૫ના ૦૦.૦૦ કલાક થી તા.૧૮/૦૮/૨૦૨૫ના ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

-:: વિસ્તાર ::-

પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર ની હુકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

::- શિક્ષા -::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાં હુકમનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ ગુનો નોંધી ઉપરોકત માલિક, ભાગીદારે, મેનેજર, સંચાલકની જામીન લાયક ગુના માટે ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

આ હુકમ અન્વયે અમદાવાદ પોલીસ અધિક્ષશ્રી, અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીના હોદા ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/સીસી ટીવી કેમેરા/એસ.આર.-૧૧૪/૨૦૨૫.—ગુજરાત રાજય તથા અમદાવાદ શહેરમાં ભૂતકાળમાં શ્રેણી બદ્ધ બોમ્બ ધડાકા કરી જાનહાની તેમજ મિલકતોને હાની પહોચાડનાર રાષ્ટ્ર વિરોધી તત્વો રાજય બહારથી આવી ખાસ કરીને ભીડભાડવાળા વિસ્તારોથી માહિતગાર થઈને વાહનો તેમજ હોટલોનો ઉપયોગ કરતા હોવાનું, તેમજ આવા તત્વો બોમ્બ ધડાકા, ચોરી, ધાડ, લૂંટના ગુનાઓ કર્યા બાદ અમુક અંતરે જઈ પેટ્રોલ પંપ ઉપર બળતણ ભરાવતા અથવા તો હોટલો પર ચા- પાણી કરતા તથા જમતા હોવાનું તથા ટોલપ્લાઝા ઉપરથી વાહનો દ્વારા પસાર થતા હોય છે.

જિલ્લામાં થતા આવા ગુના અટકાવવા તથા વણ શોધાયેલ ગુનાઓ શોધવા માટે મહત્વની કડી બને તે માટે પેટ્રોલ પંપો, હોટલો તેમજ જાહેર અવર જવર વાળા વિસ્તારો ઉપર જગ્યાઓ ઉપર સીસીટીવી કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) રેકોર્ડીંગ સિસ્ટમ સાથે મુકવામાં આવે તો ગુનેગારો, ગુનામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફાઈ કરીને ગુનેગાર વિરૂધ્ધ કોર્ટ સમક્ષ સબળ પુરાવો મૂકી શકાય આથી પેટ્રોલ પંપો, હોટલો કે જાહેર સ્થળોએ તથા ટોલપ્લાઝા ઉપર સીસીટીવી કેમેરા રેકોર્ડીંગ સીસ્ટમ સાથે રાખવાનું જરૂરી જણાતું હોઈ,

હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, (અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ આથી હુકમ કરૂ છેં કે, પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તારની હકુમતમાં આવેલ તમામ પેટ્રોલ પંપ, શોપિંગ સેન્ટર, કોમર્શિયલ સેન્ટર, હોટલ, ગેસ્ટ હાઉસ, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગ, વધારે ભીડભાડવાળા વિસ્તારો તેમજ ટોલપ્લાઝાના માલિકો/ ઉપભોગતા/ વહીવટ કર્તાઓ એ ગાડીના નંબર દેખાય, ડ્રાઈવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થાય, આવતી જતી વ્યક્તિઓ તથા વાહનોની ઓળખ થઈ શકે તે રીતે અને ૧૫- દિવસ સુધી રેકર્ડીંગ રહી શકે તેવી વ્યવસ્થા સાથેના સીસીટીવી કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) રેકોર્ડીંગ સીસ્ટમ સાથે પુરતા પ્રમાણમાં ગોઠવવા આથી હુકમ કરુ છું.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ -૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકુત કરવામા આવે છે.

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૫ થી તા.૧૮/૦૮/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૮/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/મોબાઈલ શોપ/એસ.આર.-૧૧૫/૨૦૨૫.—હાલના સંજોગોમાં મોબાઈલ ફોનનો ઉપયોગ ઘણો વધેલ છે અને આરોપીઓ તરફથી ગુનો કરવામાં પણ મોબાઈલ ફોનનો ઉપયોગ થાય છે. ચોરી, ધાડ, લૂંટ, ધાક, ધમકી, ખંડણી ઉઘરાવવામાં તેમજ આતંકવાદી પ્રવૃતિ વિગેરે ગુનાઓમાં તેમજ છેડતી, રોમીયોગીરી, ફોન ઉપર બિભત્સ વર્તન તેમજ અમુક પ્રકારના સ્પેશ્યલ ગુના કરવાના ઈરાદે જુનો મોબાઈલ/ સીમક)ર્ડ ખરીદ કરી ગુજનો આચરવામાં આવે છે. આવા ગુનાઓની તપાસ દરમ્યાન IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે ત્યારે જુના મોબાઈલ/ સીમકાર્ડ ની લે-વેચ કરતા દુકાનદારોએ અજાણ્યા માણસ પાસેથી ખરીદેલાનું અગર તો અજાણ્યા માણસને વેચેલાનું જાણવા મળે છે. અને મુળ આરોપી સુધી પહોંચી શકાતું નથી તેમજ ઘરફોડ ચોરીના ગુનાઓમાં ચોરીમાં ગયેલ મોબાઈલ ફોન વાપરનાર સુધી પહોંચવામાં આવે તે વખતે પણ મોબાઈલની દુકાનમાંથી ખરીદેદાનું જણાવે છે. અને મોબાઈલ દુકાનદારે ખરીદ કરતી વખતે મોબાઈલ ફોન વેચવા આવનારની કોઈ માહિતી નહી મળતી હોવાનું જાણવા મળે છે. જેથી જુના મોબાઈલ ફોન ખરીદનાર અને વેચનાર વેપારીઓ તથા સીમકાર્ડ

વેચનાર વિક્રેતા તરફથી જુના મોબાઈલ તથા વ્યક્તિની સંપૂર્ણ માહિતી તેમજ વેચવામાં આવેલ મોબાઈલ ઈન્સ્યુમેન્ટ/ સીમકાર્ડની સંપૂર્ણ માહિતીનું રજીસ્ટર નિભાવવું ખૂબ જ જરૂરી છે. જેથી પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના મહેસુલી વિસ્તારમાં મોબાઈલ ફોનના ઉપયોગથી થતી ગુનાખોરી અટકાવવા જાહેર જનતાની જાનમાલ મિલકતની સલામતી અને સુરક્ષા માટે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તેમજ જાહેર વ્યવસ્થાની જાળવણી હેતુ અન્વયે અત્રેના જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નિયંત્રણો અમલમાં મુકવાનું મને જરૂરી જણાય છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે અમોને મળેલ અધિકારની રૂઈએ નીચે મુજબના નિયંત્રણનું અવશ્ય પાલન કરવા આથી આદેશ ફરમાવું છું.

પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારનાં વેપારીઓએ જુનો મોબાઈલ ખરીદતી અને વેચાણ વખતે મોબાઈલની વિગત, કંપની, આઈ.એમ.ઈ.આઈ. નંબર, મોબાઈલમાં અગાઉ ઉપયોગમાં લેવાયેલ નંબર, મોબાઈલ/ સીમકાર્ડ વેચનાર અને ખરીદનારનું નામ, સરનામા તથા સંપર્કની વિગત, આઈ.ડી.પ્રુફની વિગત, મોબાઈલ/ સીમકાર્ડ વેચનાર અને ખરીદનારના તાજેતરના ફોટા સાથેની સંપૂર્ણ વિગત સાથેનું નીચે દર્શાવેલ કોલમ મુજબનું રજીસ્ટર અલગ- અલગ નિભાવવાનું રહેશે.

જૂના મોબાઈલ ખરીદતી અને વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ.નં.	મોબાઈલ વેચનાર અને ખરીદનારનું નામ, સરનામા તથા કોન્ટેકટ નંબરની વિગત	મોબાઈલની વિગત/ કંપની	IMEI નંબર	મોબાઈલમાં અગાઉ ઉપયોગમાં લેવાયેલ નંબર	આઈ.ડી.પ્રુફની વિગત	મોબાઈલ વેચનાર અને ખરીદનારનો તાજેતરનો ફોટો
૧	૨	૩	૪	૫	૬	૭

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર

અ.નં.	સીમકાર્ડની વિગત/ કંપનીનું નામ	સીમકાર્ડ નંબર અને તેનો મોબાઈલ નંબર	સીમકાર્ડ ખરીદનારનું નામ અને સરનામું	સીમકાર્ડ ખરીદનારના ફોટાવાળા આઈ.ડી.પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી
૧	૨	૩	૪	૫	૬

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ -૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૫ થી તા.૧૮/૦૮/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૮/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/મજુર/એસ.આર.-૧૧૬/૨૦૨૫.—અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં તથા બોપલ પો.સ્ટે. વિસ્તારમાં અવારનવાર ધાડ, લુટના ગંભીર બનાવો બનવા પામેલ હોઈ અને બોપલ પો.સ્ટે. વિસ્તારમાં ગુજરાત રાજયની બહારના મજુરો મજુરી કરવા માટે આવતા હોઈ અને મોટા ભાગે આ મજુરો કડીયાકામની મજુરી કામ માટે આવતા હોય છે. બોપલ પો.સ્ટે. વિસ્તારમાં હાલમાં ઘણી જગ્યાએ નવા મકાનોનું બાંધકામ ચાલુમાં હોઈ રાજયના તેમજ રાજય બહારના મોટા ભાગના મજુરો આ કડીયાકામની મજુરી તથા કલર કામની મજુરી માટે આવતા હોય છે. અને મજુરો જે તે સાઈટો ઉપર જ રહેતા હોય છે. આ મજુરોને આ કામ માટે જે વિસ્તારના મુકાદમો અથવા સાઈટના કોન્ટ્રાકટરો લાવતા હોય છે. પરંતુ તેઓની નોંધણી પો.સ્ટેશનમાં કરાવતા નથી. રાજયના તથા રાજય બહારના આવા મજુરો જયા રહેતા હોય છે તે જગ્યા તેમજ તેની આજુબાજુના વિસ્તારોનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈને લુટ ધાડ ઘરફોડ ચોરી જેવા ગંભીર પ્રકારના ગુના આચરતા હોય છે. અગર ગંભીર પ્રકારના ગુનામાં મદદગારી કરતા હોય છે. આથી આવી પ્રવૃતિ આચરતા ઈસમો તેમજ આવા ઈસમોને લાવનાર મુકાદમો અથવા કોન્ટ્રાકટરો ઉપર આવશ્યક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે મુજબના મુદાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) સાઈટ ઉપર આવનાર દરેક મજુર/કારીગરો ના નામ/સરનામાં અંગેની રજીસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી/ અંગુઠાનું નિશાન કોન્ટ્રાકટર દ્વારા મેળવવામાં આવે.

(૨) આ રજીસ્ટરમાં પુરુષ મજુરના ડાબા હાથના અગુઠાનું અને સ્ત્રી મજુરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મજુર/ કારીગર પોતાની સંપૂર્ણ ઓળખ નામ/ સરનામુ, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર તેમજ તેઓના પરિચીત/ સગા/ ઓળખીતાનું નામ/સરનામુ/ ટેલીફોન / મોબાઈલ નંબરની વિગતો આ રજીસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઇ ફરજિયાત પણે કરાવી તેમજ આ હકીકત નોંધવાની જવાબદારી કોન્ટ્રાકટરની નિયત કરવામાં આવે.

(૪) મજુર/ કારીગરના ઓળખ કાર્ડ (ચુંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ) ની ફોટો કોપી સાઈટના સ્થળે ફરજીયાત રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ કામગીરીના દરેક સાઈટ ઉપર મજુર/ કારીગરની નોંધણી કર્યા બાબતની માહિતી પોલીસ સ્ટેશનમાં નિયમીત આપવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૫ થી તા.૧૮/૦૮/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૮/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/સાયબર કાફે/એસ.આર.-૧૧૭/૨૦૨૫.—તા. ૧૩/૦૭/૨૦૧૧ ના રોજ મુંબઈ શહેરમાં થયેલ સીરીયલ બોમ્બ ધડાકાના અનુસંધાને તેમજ સીમી જેવી પ્રતિબંધિત સંસ્થાના સભ્યોની તેમજ ભયજનક વ્યક્તિઓની સંભવિત હરકતોને અનુલક્ષીને આતંકવાદીઓ કોમપ્યુટર નેટવર્ક દ્વારા આવા કૃત્યોને અંજામ આપતા હોવાનું જાણવા મળેલ છે. તેમજ અત્રેથી સાયબરકાફે ચલાવવા માટે લાયસન્સ આપવામાં આવતા હોઈ હાલના સમય અને સંજોગો જોતાં સાયબરકાફે દ્વારા નિયમોનું પાલન કરવામાં આવે છે કે નહીં તે બાબતની ચકાસણી કરવા તથા સાયબર કાફેના ચેકિંગ દરમ્યાન રાષ્ટ્રીય સુરક્ષા સલામતી માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્ર હિતમાં મેળવવા માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ચાલતા સાયબર કાફે માટે નિયંત્રણો મુકવા જરૂરી છે.

જેથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઇએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે મુજબના મુદાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) સાયબર કાફેમાં આવનાર દરેક ઈસમના તેમના જ હસ્તાક્ષરમાં રજીસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી મેળવવામાં આવે.

(૨) આ રજીસ્ટરમાં આવનાર ઈસમની સહી સાથે પુરુષ મુસાફરના ડાબા હાથનો અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મુસાફર પોતાની સંપુર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર તેમજ સાયબરકાફેથી નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચીત/સગા/ ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજીસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઇ ફરજીયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધાવવાની જવાબદારી સાયબરકાફેના સંચાલક/ માલિકની નિયત કરવામાં આવે.

(૪) સાયબરકાફેમાં આવનાર દરેક ઈસમના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, કચેરીનું આઈ. કાર્ડ વિ.) ની સેલ્ફ એટેસ્ટેડ ફોટોકોપી સાયબરકાફેના દફતરમાં રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ તમામ સાયબરકાફે જેતે સાયબર કાફે લાયસન્સમાં નોંધવામાં આવેલ માલિક સિવાય કોઇએ સંચાલન કરવું નહી તેમજ આવી સાયબરકાફે કોઇપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી ગીરો ખતથી ચલાવવા આપવી વિગેરે અન્ય કોઇ વ્યક્તિને સુપ્રત કરવા માટે મનાઇ જાહેર કરવામાં આવે છે.

(૬) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ સાયબરકાફેના માલિક તેમજ મેનેજર/ તમામ કર્મચારીઓના નામ, સરનામું, નજીકના સગાની વિગતો, આંગળાની છાપો વિગેરેની હકીકતો તેમજ આવી સાયબરકાફેની અન્ય સાથી (SISTER CONCERN) કયા કયા સ્થળે આવેલ છે તેમના માલિક/ મેનેજર/સંચાલકના નામ, સરનામુ, ટેલીફોન/મોબાઈલ નંબરની લેખિત માહિતી અત્રેથી નિયત કરેલ પત્રકમાં સંબંધિત પોલીસ સ્ટેશન સંબંધકર્તા સબ ડિવીઝશન મેજિસ્ટ્રેટ તથા એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટને ફરજિયાત આપવી.

(૭) સાયબરકાફે ખાતે સીસીટીવી કેમેરા લગાવવાના રહેશે.

(૮) સાયબરકાફે ખાતે અધિકૃત અધિકારી તપાસણી કરવા આવે તો તપાસણી કરવા દેવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિત,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૫ થી તા.૧૮/૦૮/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૮/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/મકાન ભાડે/એસ.આર.-૧૧૮/૨૦૨૫.—ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસમાજિક તત્વો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરવાની તેમજ માનવ જીંદગીની ખુવારી થાય તેમજ લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે. જેથી પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં પણ આશરો મેળવી આવી પ્રવૃત્તિ કરી શકે તેવું સંભવી શકે છે.

બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા તત્વો કોઈના રહેણાંકના મકાન ઉપરાંત ઔદ્યોગિક વિસ્તારોના મકાનો તથા એકમો ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. તેવું દેશના અમુક પ્રદેશોમાં બનવા પામ્યાના અહેવાલો છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર આવશ્યક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં કોઈ રહેણાંકના મકાન તથા ઔદ્યોગિક વિસ્તારના મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જયારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને ભાડે આપી શકશે નહિં. ભાડે આપેલ મકાનની વિગત ભાડે રાખનાર અને એજન્ટ કે જેઓએ ભાડે રાખનારની ઓળખાણ આપેલ હોય તે અંગેની નીચે મુજબના પત્રક-અમાં જરૂરી માહિતી સાથે લેખિત જાણ સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરશે. તથા જયારે જયારે કોઈ મકાન માલિક/ એજન્ટ/ બ્રોકર કોઈ મકાનની લે-વેચ કરશે કે કરાવશે કે ભાડેથી મકાન અપાવશે તેની સંપૂર્ણ વિગતોનું રજીસ્ટર નિભવશે. જેમાં થયેલ વ્યવહાર સાથે સંકળાયેલ પક્ષકારોની સંપૂર્ણ ઓળખ સહિતનો બાયોડેટા ફોટો સહીત રાખી નીચેના પત્રક-અ મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે. તથા એક નકલ સંબંધકર્તા તાલુકા મામલતદાર અને એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીને આપવાની રહેશે.

પત્રક-અ

મકાન ભાડે આપતા પહેલા સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની માહિતીનું પત્રક

અ.નં.	મકાન માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ અને સરનામું	મકાન કયારે ભાડે આપેલ છે તથા માસિક ભાડુ કેટલું નક્કી કરેલ છે તે રકમ (રૂા)	કઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમનો સંપૂર્ણ બાયોડેટા ફોટોગ્રાફ સહીત જેમાં ભાડુઆતનું નામ મુળ રહેવાસી, ધંધો, ધંધાનું સ્થળ, તેની ઓળખ અંગેના પુરાવાની વિગત વગેરે	મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિ, એજન્ટ, બ્રોકરની તમામ વિગતો	અન્ય વિગત
૧	૨	૩	૪	૫	૬	૭

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૫ થી તા.૧૮/૦૮/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૭/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/ઘરઘાટી/એસ.આર.-૧૧૮/૨૦૨૫.—અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ચોરી, લૂંટ, ખુન જેવા ગુનાઓમાં ઘરઘાટીની સંડોવણી જણાયેલ છે. જે જોતા ઘરઘાટીઓ જાહેર સુલેહ શાંતિને કેટલાક માણસોની જિંદગી ખુવારી તથા લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડી રહેલ છે. મહદ અંશે ઘરઘાટીઓ પરપ્રાંતના હોય છે અને ગુનો કરી જતા રહેતા હોય છે. અને તેઓ વિશે માલિક પાસે અગર તો પોલીસ પાસે માહિતી હોતી નથી. પરિણામે તેઓને પકડવામાં મુશ્કેલ ભર્યુ બને છે. જેથી ઘરઘાટી તરીકે નોકરીએ રાખતા માલિકો ઉપર થોડુ નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું. કે અમદાવાદ જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરના હકુમત સિવાયના સમગ્ર મહેસુલી વિસ્તારમાં કોઈ મકાન માલિક/ મકાન ભાડુઆત જયારે કોઈ વ્યક્તિને ઘરઘાટી તરીકે કામ ઉપર રાખે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને તેવાં કામ ઉપર રાખી શકશે નહિ અને માલિકે આ બાબતે નીચેનાં કોલમ મુજબની માહિતી ઘરઘાટીના ફોટોગ્રાફ સાથે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

(૧) ઘરઘાટીનું પુરૂ નામઃ

(૨) ઘરઘાટીનું સરનામું તથા તેની સાથેનાં માણસોની વિગત

(૩) જેના ઘરે ઘરઘાટી તરીકે કામ કરતા હોય તે માલિકનું નામ- સરનામુ (બે-ત્રણ તમામ માલિકોના નામ- સરનામા તથા ઘરઘાટી તરીકેનો સમયગાળો)

(૪) બાંહેધરી અગર જેનાં મારફતે ઘરઘાટી તરીકે રાખેલ હોય તેનું નામ, સરનામું

(૫) અગાઉ ઘરઘાટી તરીકે કામ કરેલ હોય તે માલીકનું નામ, સરનામું

(૬) ઘરઘાટીને ઓળખીતાનાં નામ અને સરનામું તથા ટેલીફોન નંબર

(૭) ઘરઘાટીનું વતનનું સરનામું પો.સ્ટે. સહિત તથા વતનમાં રહેતા તેના ભાઈ-બહેન, માતા-પિતાનાં નામો

(૮) ઘરઘાટી પરણીત હોય તો સાસરીનું સરનામું

(૯) ઘરઘાટીનું ચહેરા નિશાન, ઉમર વર્ષ, ઉચાઈ, વર્ણન, અભ્યાસ વિગેરે (ઓળખી શકાય તેવી નિશાની)

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૫ થી તા.૧૮/૦૮/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૭/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/ભંગારીયા ધંધો/એસ.આર.-૭૪/૨૦૨૫.–અમદાવાદ ગ્રામ્ય જિલ્લો અમદાવાદ શહેરને અડીને આવેલો છે. જેના કારણે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો અમદાવાદ શહેરને સંલગ્ન છે. તેમજ અત્રેના જિલ્લામાં ઈન્ડસ્ટ્રીયલ એરીયા આવેલ હોય જેમાં બોપલ, સાણંદ, સાણંદ જી.આઈ.ડી.સી., વિરમગામ જી.આઈ.ડી.સી, અસલાલી જી.આઈ.ડી.સી, ચાંગોદર જી.આઈ.ડી.સી., બાવળા જી.આઈ.ડી.સી. આવેલ છે. અમદાવાદ શહેરની બોર્ડર ઉપર આવેલ અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના પો.સ્ટે. વિસ્તારમાં ધાડ, લુંટ, ધરફોડ ચોરી, ચોરી જેવા મિલ્કત સંબંધી ગુનાઓ અવાર નવાર બનવા પામે છે. જે મિલ્કત સંબંધી ગુનાઓ બનવા પાછળના કારણો પૈકીનું એક કારણ ભંગારનો ધંધો કરતા માણસો હોય છે. મોટા ભાગના ભંગારનો ધંધો કરનાર તેમજ ભંગારની ફેરી કરનાર માણસો બહારના રાજ્યોના વતનીઓ હોય છે અને આવા ઈસમો ગુનો કર્યા પછી પોતાના વતનમાં જતા રહેતા હોય છે જેના કારણે તેઓને પકડવામાં પણ મુશ્કેલી પડે છે. અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ચોરી, ધાડ, લુટ, મિલકત સંબંધી ગુનાઓમા સંડોવાયેલ છે. જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ અમદાવાદ જિલ્લા વિસ્તારમા ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો ઉપર કાયદાકીય અને વ્યાજબી નિયંત્રણ જરૂરી છે. જે અર્થે તેઓ પોતાનો ધંધો કરે પરંતુ અમુચ ચોક્કસ શરતોને ધ્યાને રાખીને અને તેનુ પાલન કરીને કરે જેથી કાયદો અને વ્યવસ્થાની પ્રક્રિયામાં અડચણરૂપ ન બને તે માટે ચોક્કસ શરતોનું ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો દ્વારા પાલન થાય તે માટે જાહેરનામુ પ્રસિધ્ધ કરવું જરૂરી છે. તેથી નીચે મુજબની શરતો તમામ ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો પાલન કરીને ધંધો કરે/કરાવે તે જરૂરી છે.

જેથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે મુજબના મુદાઓની અમલવારી કરવા હુકમ બહાર પાડું છું.

(૧) ભંગારનો ધંધો કરતા ઈસમો જે જગ્યાએ ધંધો કરે છે. તે જગ્યા જો પોતાની માલિકીની હોય તો માલીકી પણાના દસતાવેજો અને જો ભાડાની જગ્યા હોય તો ભાડાકરાર કરીને રાખવાના રહેશે અને જમીનના માલીકનું ધંધા અંગેનું સંમતીપત્ર મેળવવાનું રહેશે. તેમજ ગેરકાયદેસર જમીનમા; ભંગારનો ધંધો કરી શકશે નહીં.

(૨) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે મુળ વતની હોય ત્યાથી પોલીસ કલીયરન્સ સર્ટી. લાવીને રાખવુ તેમજ જે જગ્યાએ હાલમાં રહેતા હોય ત્યાંનું પણ પોલીસ કલીયરન્સ સર્ટી. મેળવી રાખવાનું રહેશે.

(૩) ભંગારના ધંધામાં જેટલા માણસો કામે રાખેલ હોય તેઓના મુળ વતનના તેમજ જયાં રહેતા હોય ત્યાંના પોલીસ કલીયરન્સ સર્ટી. મેળવી રાખવાના રહેશે.

(૪) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો જે વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનમા આઈ.ડી. પ્રુફની નકલ આપવાની રહેશે.

(૫) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ કોઈ ગુનાને લગતો અથવા શક પડતો મુદ્દામાલ તેઓના ઉપર આવે ત્યારે તુરંત જ પોલીસને તે બાબતની જાણ કરવાની રહેશે.

(૬) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે ભંગાર જેની પાસેથી ખરીદેલ છે. તે વ્યક્તિના આઈ.ડી.પ્રુફ વિગત તથા જથ્થાની વિગત વર્ણન સાથે તથા તેના કોન્ટેકટ નંબરની માહિતી દર્શાવતુ રજીસ્ટર નિભાવવાનું રહેશ.

(૭) જયારે કોઈપણ વાહન વેચાવવા આવે ત્યારે આવા વાહનની અસલ આર.સી.બુક વિના વેચાણ કે ખરીદ કરી શકશે નહી તથા આવા વાહનના એન્જીન નંબર તથા ચેચીસ નંબર અને રજીસ્ટ્રેશન સાથેની માહિતીની તાત્કાલીક પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

(૮) આ જાહેરનામુ બહાર પડયા પછી તેની શરતોનો ભંગ થવાની પોલીસ અધિકારી જરૂરી કાયદેસરની કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૫ થી તા.૧૮/૦૮/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૭/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

વંચાણે લીધુ :-

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, સહાયક પ્રાદેશિક અધિકારીશ્રીની કચેરી, અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે, અમદાવાદ (ગ્રામ્ય), બાવળા, અમદાવાદના તા.૧૬/૦૫/૨૦૨૪ના પત્ર ક્રમાંક નં.એઆરટીઓ/અનઅધિકૃત વ્યક્તિ/પ્રવેશબંધ/૩૭૬.

-: જાહેરનામું :-

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૪) હેઠળનું

નં.ડીસી/એમએજી/જાહેરનામા/અનઅધિકૃત વ્યક્તિ/પ્રવેશબંદ/એસ.આર.-૧૨૧/૨૦૨૫ .–અમદાવાદ જિલ્લાની પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી(આર.ટી.ઓ. કચેરી), રાજકોટ નેશનલ હાઈવે, બાવળા, અમદાવાદ ખાતે આવેલ છે. . સદરહું કચેરીમાં દરરોજ મોટા પ્રમાણમાં નાગરીકો, અરજદારો અલગ અલગ કામ માટે જેવા કે વાહનોના લાયસન્સ સબંધિત કામગીરી, વાહનની નોંધણી, નોંધણી બાદની કાર્યવાહી, ટેક્ષ ભરવાની કાર્યવાહી, પરમીટ સંબંધિત કામગીરી માટે આવતા હોય છે. આર.ટી.ઓ કચેરીઓમાં તા.૦૧/૦૭/૧૯૮૯ થી કાયદેસર એજન્ટ પ્રથા નથી આમ છતાય ઘણીવાર અરજદારો/નાગરીકોને ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરી આપવાનું જણાવી કેટલાક અન-અધિકૃત ઈસમો/વ્યકિતઓ ધ્વારા કચેરીની અંદર પ્રવેશ કરી કચેરીમાં કામગીરી અર્થે આવતા અરજદારો/નાગરિકોને ઉલટી-સીધી વાતો કરી ભોળવીને/લલચાવીને તેમજ મોટરીંગ પબ્લીકને ગેરમાર્ગે દોરીને સરકારશ્રીની નિઃશુલ્ક સેવાઓ કે નિયત દરની મોટરીંગ સેવાઓ ઉપરાંતનો વધારાનો ચાર્જ ગેરકાયદેસર રીતે વસુલવામાં આવતું હોવાનું તથા જાહેર જનતાના પૈસા લઈ ભાગી જતા હોવાનું તથા છેતરપીડી કરતા હોવાનું ધ્યાન પર આવેલ હોઈ વંચાણે લીધેલ આમુખથી પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, અમદાવાદ ગ્રામ્ય ધ્વારા જરૂરી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત સાદર કરેલ છે.

જેથી આવી પ્રવૃત્તિ અટકાવવા સારૂ તેમજ મોટરીંગ પબ્લીકનું કામ સરળ અને નિયમોનુસાર ઝડપી થાય અને મોટરીંગ પબ્લીક લેભાગુ તત્વોથી છેતરાય નહીં અને બિનઅધિકૃત વ્યક્તિઓને કચેરીમાં અડચણરૂપ ન બને તો કર્મચારીઓ/અધિકારીઓ સ્વસ્થ ચિત્તે, ભયની લાગણી વગર ધારાધોરણ મુજબની કામગીરી તટસ્થતાપૂર્વક નિભાવી શકે અને સારા વાતાવરણમાં કાર્ય કરી શકે તે માટે અનઅધિકૃત વ્યકિત અથવા વ્યકિતઓની ટોળીને પ્રવેશતા અટકાવવા, ઉભા રહેવા તથા ઉપર દર્શાવેલ મુજબની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરતા અટકાવવા તથા આવી પ્રવૃત્તિઓ ઉપર પ્રતિબંધ મુકવો જાહેર જનતાના હિતમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪)થી મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબ હુકમ ફરમાવું છુ.

-: જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર અને પ્રવૃત્તિ:-

મોજે.બાવળા, તા.અમદાવાદ ખાતે આવેલ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી (આર.ટી.ઓ કચેરી)ના મકાન સહિત સમગ્ર કમ્પાઉન્ડ વિસ્તારમાં, આ કચેરીમાં કામ કરતા સરકારી અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ, પોતાના સરકારી કામ માટે આવેલ હોય અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તેવા અરજદારો/નાગરિકો સિવાયના અનઅધિકૃત વ્યક્તિ અથવા વ્યકિતઓની ટોળીને પ્રવેશતા અટકાવવા, ઉભા રહેવા તથા ઉપર દર્શાવેલ મુજબની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરતા અટકાવવા તથા આવી પ્રવૃત્તિઓ કરવા ઉપર

-: જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો :-

આ હુકમ તા.૨૦/૦૬/૨૦૨૫ થી તા.૧૮/૦૮/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

-: જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ :-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ જાહેર હુકમની વ્યકિતગત રીતે બજવણી શકય ન હોઈ એક તરફી ફરમાવવામાં આવે છે અને સંબંધિત તંત્ર ધ્વારા જાહેર પ્રસિધ્ધિ કરવામાં આવશે.

આ હુકમ અન્વયે અમદાવાદ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે..

આજ તા.૧૭/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

-: જાહેરનામું :-

વંચાણે લીધુ :- પો.ઈન્સ. એલ.આઈ.બી, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/સુધારા જાહેરનામું ઓટોરીક્ષા, કેબ, ટેક્ષી / જાહેરનામુ / ૪૫૨૪ /૨૦૨૫, તા.૧૬/૦૬/૨૦૨૪

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.

નં.ડીસી/એમએજી/જાહેરનામા/ ઓટો રીક્ષા/કેબ/ટેક્ષી/એસ.આર.૧૨૨/૨૦૨૫.–અમદાવાદ શહેર ઔધોગિક રીતે વિકસીત શહેર છે.જેથી શહેરમાં માર્ગો મારફતે જાહેર જનતાની અવર જવર મોટા પ્રમાણમાં થતી રહે છે. શહેરમાં આવતા જતા મુસાફરો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીનો બહોળો ઉપયોગ કરે છે. ભુતકાળમાં ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીમાં મુસાફરી કરતા નાગરીકો સાથે છેતરપીડી, ખીસ્સા કાતરવા, મોબાઈલ ચોરી અન્ય કિંમતી સામાનની ચોરી, ચીલઝડપ, લુંટ/ઘાડ, મહીલા/બાળકોની છેડતી અને અપહરણ જેવા ગંભીર પ્રકારના બનાવો બનવા પામેલ છે. આવા બનાવોમાં ભોગ બનનાર નાગરીકો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના નંબર જાણતા નહી હોવાના કારણે ગુન્હાઓ વણશોધાયેલ રહે છે.

ઉપરોક્ત હકિકતો અને સૂચનો ધ્યાને લેતાં, અમદાવાદ ગ્રામ્યની હદ વિસ્તારમાં ચાલતી તમામ ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીમાં મુસાફરી કરતાં મુસાફરો સહેલાઈથી જોઈને વાંચી શકે તે રીતે વાહન ચાલકની સીટની પાછળના ભાગે વાહન નંબર, વાહન માલિકનું નામ તેમજ અમદાવાદ ગ્રામ્ય પોલીસ કંટ્રોલના નંબરો અને હેલ્પ લાઈન નંબરી ફરજીયાતપણે ઓઈલ પેઈન્ટ કે કાયમી માર્કર પેન દ્વારા (એક વાર લખ્યા પછી ભુસાય નહી તે પ્રકારનું લખાણ) લખવા, એ બાબતેનું જાહેરનામું બહાર પાડવાની જરૂર જણાય છે. (વાહન ચાલકો અમુક સમયે બદલાતા હોવાથી વાહન ચાલકનું નામ ભુસી શકાય તેવી સ્કેચ પેનથી લખવુ)

જેથી ઉપરોક્ત જણાવેલ વિગતો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના વાહન ચાલકની સીટ પાછળ દર્શાવવાથી લોકોના જાન અને સલામતીને થતુ જોખમ નિવારવા અને લોકોને સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર જાહેર હિતમાં હું, બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ મને મળેલ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અંતર્ગતની સત્તા અન્વયે નીચે મુજબની બાબતોનો તમામ ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના ચાલક તથા માલિક દ્વારા પાલન થાય તે માટેનો હુકમ કરૂ છું.

-: હુકમ :-

અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં દરેક રિક્ષા ચાલકે નજીકના પોલીસ સ્ટેશન ખાતે પોતાનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે તેમજ પોલીસ સ્ટેશન ખાતેથી રજીસ્ટ્રેશન નંબર ઈસ્યુ કરવામાં આવે તે નંબર સરળતાથી લોકો તથા પેસેન્જર જોઈ શકે તે રીતે રીક્ષાની અંદરના ભાગે તથા બહારના ભાગે આગળ પાછળ બન્ને બાજુ પ્રદર્શિત કરવાનું રહેશે. ઓટો રિક્ષા/ટેક્ષી/કેબનું સંચાલન કરતા ઓટો રિક્ષા/ટેક્ષી/કેબનાં સંચાલકો માલિકે વાહનમાં પેસેન્જર બેસવાની જગ્યાથી નજર સામે સ્પષ્ટ દેખાય તે રીતે વાહન ચાલકની સીટની પાછળના ભાગે અંગ્રેજી ભાષામાં વાહન નંબર, વાહન માલિકનું નામ, વાહન ચાલકનું નામ તેમજ અમદાવાદ શહેર પોલીસ કંટ્રોલના નંબરો અને હેલ્પ લાઈન નંબરો ૧૨ ઈંચ×૧૦ ઈંચની સાઈઝના બોર્ડ ઉપર આશરે ૧૩ m.m. એટલે કે કોમ્પ્યુટરની ૫૦ ની ફોન્ટ સાઈઝ તથા રજીસ્ટ્રેશન માહિતી નંબરની વચ્ચેની જગ્યા (સ્પેસ આશરે 30 m.m. ની રાખી ફરજીયાતપણે ઓઈલ પેઈન્ટ કે કાયમી માર્કર પેન દ્વારા (એક વાર લખ્યા પછી ભુસાંય નહી તે પ્રકારનું લખાણ) નીચે મુજબનું રહેશે. (વાહન ચાલકો અમુક સમયે બદલાતા હોવાથી વાહન ચાલકનું નામ ભુસી શકાય તેવી સ્કેચ પેનથી લખવુ) ડ્રાઈવર સીટના પાછળના ભાગે નીચે મુજબના ફોરમેટમાં જણાવ્યા મુજબની માહિતી લગાવવાની રહેશે. ડ્રાઈવરની સીટની પાછળના ભાગે નીચે મુજબની માહિતી ફરજિયાત ગુજરાતી તથા અંગ્રેજી ભાષામાં માહીતી દર્શાવવાની રહેશે.

ગુજરાતી	English
ફોટોગ્રાફ	Photograph
ડ્રાઈવરનું નામ :	Driver's name :
મોબાઈલ નંબર :	Mobile number :
સરનામું :	Address :
વાહન રજી. નં.	Vehicle registration number :
રીક્ષા માલીકનું નામ :	Rickshaw owner's name :
મોબાઈલ નંબર	Mobile number :
સરનામું :	Address :
પોલીસ રજીસ્ટ્રેશન નંબર :	Police registration number :
નોંધણી થયેલ પોલીસ સ્ટેશન	Registered police station :
પોલીસ હેલ્પ લાઈન નંબર-૧૦૦ તથા	Police help line number-100 and
વુમન હેલ્પ લાઈન નંબર-૧૦૯૫ તથા	Women help line number-1095 and
ટ્રાફીક હેલ્પ લાઈન નંબર-૧૮૧	Traffic help line number-181

-: અમલવારીનો સમય :-

આ હુકમ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના વિસ્તારમાં ભારતીય નાગરિક સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમય મર્યાદાને આધિન બે માસ માટે એટલે કે તા.૨૦/૦૬/૨૦૨૫ ના રાત્રી કલાક ૦૦/૦૦ થી તા.૧૮/૦૮/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

-:શિક્ષા:-

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સહિંતા - ૨૦૨૩ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એક્ટ એક્ટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૬/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/શસ્ત્રો/હથિયાર/એસ.આર.-૧૨૩/૨૦૨૫.—આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવાના ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવી કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું,

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અથવા પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાની

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાદ્ય વગાડવાની

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

-:અપવાદ:-

આ હુકમનો નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો અથવા કામગીરીમાં હોય તેમજ ઉપરી અધિકારીશ્રીએ આવા કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિ. સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવી. મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૧૯/૦૬/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૩/૦૭/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૭/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/સભા-સરઘસ/એસ.આર.-૧૨૪/૨૦૨૫.—આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાણવણી માટે હું બી. આર. સાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઇએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તા.૧૯/૦૬/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૩/૦૭/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ અગર કોઇ સભા કરવી કે બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર:- અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

ખુલાસો:- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ:- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય અથવા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૧૯/૦૬/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૩/૦૭/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૭/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

વંચાણે લીધું:-

(૧) પોલીસ ઈનસ.એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક:એલ.આઈ.બી./UGC-NET JUNE-2025/પરીક્ષા જાહેરનામુ/૪૬૯૧/૨૦૨૫, તા.૨૩/૦૩/૨૦૨૫

જાહેરનામું:-

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/એમએજી/જાહેરનામું/પરીક્ષા/એસ.આર.૧૨૫/૨૦૨૫.—આમુખ-(૧) ના પોલીસ ઈનસ.એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક:એલ.આઈ.બી./UGC-NET JUNE-2025/પરીક્ષા જાહેરનામુ/૪૬૯૧/૨૦૨૫, તા.૨૩/૦૬/૨૦૨૫ થી જણાવ્યા મુજબ, રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી નવી દિલ્હી દ્વારા આગામી તા.૨૫/૦૬/૨૦૨૫ થી તા.૨૯/૦૬/૨૦૨૫ દરમિયાન UGC-NET JUNE-2025 ની પરીક્ષા અત્રેના અમદાવાદ જીલ્લાના ION Digital Zone IDZ Bopal ખાતે લેવામાં છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી શાંત અને સૌહાદપુર્ણ વાતાવરણમાં ગેરરીતી કર્યા વગર તેમજ કોઇપણ પ્રકારના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપી શકે તે માટે પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ મહેસુલી વિસ્તારમાં ઉકત પરીક્ષા કેન્દ્રની આજુબાજુના ૩૦૦ મીટરની ત્રીજ્યાના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કેન્દ્રો/દુકાનો બંધ રાખવા, પરીક્ષા સ્થળોની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા ઉપર તથા સક્ષમ અધિકારી સિવાયના તમામ માટે મોબાઇલ અને અન્ય ઇલેકટ્રોનીક મિડીયા / વિજાણુ ઉપકરણ લઇ જવા પર પ્રતિબંધ ફરમાવવા તેમજ પરીક્ષા કેન્દ્રની આજુબાજુના ૩૦૦ મીટરની ત્રીજયાના વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી નીચે મુજબના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવવાનુ પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩થી મને મળેલ અધિકારની રૂઇએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જીલ્લાના મહેસુલી વિસ્તારમાં નીચેના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવુ છું.

પ્રતિબંધિત વિસ્તાર:

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૩૦૦ મીટરની ત્રીજ્યામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ/વિસ્તાર

(૨) ઝેરોક્ષ કેન્દ્રો/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રની ચોતરફ ૩૦૦ મીટરની ત્રીજ્યાનો વિસ્તાર

પ્રતિબંધિત કૃત્યો:

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈપણ બિનધિકૃત માણસોએ પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવા ઉપર

(૨) પરીક્ષા સ્થળે ઈલેક્ટ્રોનીક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, ઈલેક્ટ્રીક ડાયરી, સ્માર્ટ વોચ, ઈયરફોન કે અન્ય ઈલેક્ટ્રોનીક ઉપકરણો લઈ દાખલ થવા ઉપર

(૩) પરીક્ષાર્થીઓની શાંતી અને લેખનકાર્યમાં અડચણ, વિશેષ ધ્યાનભંગ થાય તેવુ કોઈપણ કૃત્ય કરવા/કરાવવા ઉપર

(૪) પરીક્ષા સ્થળે ચોરી કરવા/કરાવવાના હેતુથી પુસ્તક, કાપલીઓ, નકલો લઈ જવા ઉપર

(૫) પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ નકલ કરવાના કેન્દ્રો/દુકાનો પર ફોટોકોપી/પ્રિન્ટીંગ મશીન, ફેક્સ મશીન પરીક્ષા સમયે ચાલુ કરવા/કરાવવા ઉપર

(૬) પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનુ હથિયાર લઈ દાખલ થવા ઉપર

(૭) પરીક્ષા સ્થળની આસપાસના પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ પાનબીડીના ગલ્લા તથા ચા-પાણીના કેન્દ્રો પરીક્ષા સમય દરમ્યાન ચાલુ કરવા/કરાવવા ઉપર

(૮) પ્રતિબંધીત વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવા ઉપર

(૯) પ્રતિબંધીત વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર

(૧૦) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવું કોઈપણ સાધન અથવા વસ્તુ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવા

(૧૧) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવા

અપવાદ

આ હુકમ ફરજ પરના પોલીસદળ / હોમગાર્ડના કર્મચારીઓ / અધિકારીઓ તથા પરીક્ષાના અનુસંધાને ફરજ ઉપર બોલાવેલ કર્મચારી / અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

સમયગાળો

આ હુકમ તા.૨૫/૦૬/૨૦૨૫ થી તા.૨૯/૦૬/૨૦૨૫ દરમિયાન સવારે ૦૮:૦૦ કલાકથી ૧૯:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિત,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકુત કરવામા આવે છે.

આજ તા.૨૪/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

વંચાણે લીધું:-

(૧) કાર્યપાલક ઈજનેર, સરદાર સરોવર, નર્મદા નિગમ લી. વિભાગ નં.-૩, કપડવંજના પત્ર જા.ન.નયોન. વિ નં.-૩/પીબી/૧૧૨૩ તા.૧૬/૦૭/૨૦૨૫.

(૨) પોલીસ ઈન્સ.શ્રી એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદના પત્ર ક્રમાંક:એલ.આઈ.બી./વૈકલ્પિક રૂટ અભિપ્રાય/૫૨૩૨/૨૦૨૫, તા.૧૯/૦૭/૨૦૨૫.

જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે.

નં.ડીસી/એમએજી/SSNL કપડવંજ ડીવીઝન/ડાયવર્ઝન/એસ.આર.૧૩૯/૨૦૨૫.–કાર્યપાલક ઈજનેર, સરદાર સરોવર, નર્મદા નિગમ લી. વિભાગ નં.-૩, કપડવંજ દ્વારા ઉપર્યુક્ત તા.૧૬/૦૭/૨૦૨૫ના પત્રમાં જણાવ્યા મુજબ, તેઓની કચેરી હસ્તક આવેલા સરદાર સરોવર, નર્મદા નિગમ લી., વહેલાલ શાખા નહેરની સાંકળ ૧૦૧૭૯ મી, ૨૦૩૨૨ મી કેનાલ પર પુલો આવેલા છે. જે પુલ ક્રીટીકલ કંડીશનમાં હોય જાહેર પરિવહન માટે બંધ કરવા અને વૈકલ્પિક માર્ગ નો ઉપયોગ કરવા વંચાણે લીધેલ પોલીસ વિભાગના પત્રન વિગતે જાહેરનામું પ્રસિધ્ધ કર્વાની દરખાસ્ત મળેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, તા.૨૦/૦૭/૨૦૨૫ના રોજથી તા.૧૭/૧૦/૨૦૨૫ સુધી નીચે મુજબની વ્યવસ્થાનું પાલન કરવા જણાવું છું.

ઉપરોક્ત જાહેરનામા પ્રતિબંધિત હુકમ દરમ્યાન ટ્રાફિક વ્યવસ્થા નીચે મુજબ ડાયવર્ટ કરવા જાહેર જનતાને સુચના આપવામા આવે છે.

ક્રમ	પુલ નં.	પ્રતિબંધિત વિસ્તાર (જાહેર પરિવહન)	વૈકલ્પિક રૂટ (જાહેર પરિવહન)
૧	૧૦૧૯૭	વહેલાલ શાખા કુહા/દસક્રોઈ	અમદાવાદ-ઈન્દોર હાઈવે પરથી આશરે ૧૦૦ મીટર અંતરે આવેલ કોઠીયા કેનાલનો પહેલો બ્રિજ છે. આ બ્રિજ કોઠીયા ગામથી નિકળીને કુહા ગામ તરફ જાય છે. આ માર્ગને કોઠીયા-કુહા ગામ વચ્ચેના વાહન વ્યવહાર માટે વૈકલ્પિક રૂટ તરીકે ઉપયોગમાં લઈ શકાશે.
૨	૨૦૩૨૨	વહેલાલ શાખા હરણીયાવ-ધામતવાણ/દસક્રોઈ	બ્રિજથી આશરે ૫૦૦ મીટરના અંતરે, ધામતવાણ ગામથી હરણીયાવની મુવાડી તરફ જવાના માર્ગ ઉપર આવેલ બ્રિજ પણ ઉપલબ્ધ છે, જેને ધામતવાણ ગામ થી હરણીયાવ ગામ તરફ જવાના વૈકલ્પિક માર્ગ તરીકે ઉપયોગ કરી શકશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિકારીશ્રીના દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીના હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૩૧ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૦/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

બી. આર. સાગર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ.

વંચાણે લીધા:-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ), મહીસાગરનો પત્ર જા.નં./પીબી/૧૧૩૭ તા.૧૧/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ -૩૩(૧)(ખ) મુજબનું

નં.એમએજી/જાહેરનામુ/વશી/૯૭૩/૨૦૨૫.-આમુખના પત્રની વિગતે અત્રેના મહીસાગર જીલ્લામાં સંતરામપુર કડાણા ડુંગરપુર રસ્તાના કિમી ૧૪/૦૦ થી ૧૫/૦૦ પર કડાણા ખાતે વર્ષ ૧૯૮૩ માં બનાવવામાં આવેલ જુનો ઘોડીયાર પુલ હાલ જર્જરીત હાલતમાં છે. સદર બ્રીજની ડાબી બાજુમાં જ માર્ગ અને મકાન વિભાગ દ્વારા નવીન હાઈલેવલ મેજર બ્રીજનું બાંધકામ કરવામાં આવેલ હોય સદર લાઈલેવલ બ્રીજ વાહન વ્યવહાર માટે કાર્યરત છે, જેથી જુના જર્જરીત પુલ ઉપર કોઈ અનિચ્છનીય બનાવ કે જાનહાની ન સર્જાય તે માટે સદર બ્રીજ બંધ કરવા દરખાસ્ત કરેલ છે.

ઉપરોક્ત બાબત ધ્યાને લઈ ડુબાઉ પુલ ઉપર કોઈ અનિચ્છનીય બનાવ કે જાનહાની ન સર્જાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ જાહેરહીતમાં,

વાસ્તે, હું, સી. વી. લટા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/ સત્તાસોંપણી જાહેરનામા/વશી/૫૫૮૦/ ૨૦૧૯, તા.૨૯/૦૭/ ૨૦૧૯ થી મળેલ સત્તાની રૂએ ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ મહીસાગર જીલ્લાના કડાણા તાલુકામાં આવેલ જૂનો જર્જરીત 'ઘોડીયાર બ્રીજ' ઉપરથી તમામ પ્રકારના વાહનો તથા રાહદારીઓની અવરજવર માટે અત્રેથી બીજો હુકમ ન થાય ત્યાં સુધી મનાઈ ફરમાવુ છું.

સંબંધિત અધિકારીશ્રીએ આ અંગેના સાઈન બોર્ડ (૪ફુટ*૬ફુટ) ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં લગાવવાની વ્યવસ્થા કરવાની રહેશે.

પોલીસ અધિક્ષકશ્રી મહીસાગરનાઓને સદર બ્રીજના બન્ને છેડેજરૂરી બંદોબસ્ત ગોઠવી સદર જાહેરનામાની અમલવારી ચુસ્તપણે થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ કામે જાહેર જનતાને અગવડ ન પડે તે હેતુસર પુરતી તકેદારી રાખી યોગ્ય જગ્યાએ જરૂરી સાઈન બોર્ડ દર્શાવવાના રહેશે.

સદરહું જાહેરનામાંનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈ પણ વ્યક્તિ ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ -૧૩૧ તથા કલમ-૧૩૫ તથા ભારતીય ન્યાય સંહિતા -૨૦૨૩ ની કલમ - ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી અત્રેથી બીજો હુકમ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તા.૧૨ જુલાઈ - ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

વંચાણે લીધાઃ-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ), મહીસાગરનો પત્ર જા.નં./પીબી/૧૧૩૬ તા.૧૧/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ -૩૩(૧)(ખ) મુજબનું

નં.એમએજી/જાહેરનામુ/વશી/૯૭૪/૨૦૨૫ આમુખના પત્રની વિગતે અત્રેના મહીસાગર જીલ્લામાં રાજ્યધોરી માર્ગ લુણાવાડા - સંતરામપુર રસ્તાના કિમી ૧૬૨/૬૦ થી ૧૬૨/૮૦ પર સંતરામપુર ખાતે ચીબોટા નદી ઉપર વર્ષ ૧૯૮૩ માં બનાવેલ ચીબોટા બ્રીજ આવેલ છે જે હાલમાં જર્જરીત સ્થિતિમાં છે. સદર બ્રીજની જમણી બાજુમાં રાજ્ય માર્ગ અને મકાન વિભાગ દ્વારા નવીન બ્રીજનું બાંધકામ કરવામાં આવેલ હોય સદર બ્રીજ વાહન વ્યવહાર માટે કાર્યરત છે, જેથી જુના જર્જરીત પુલ ઉપર કોઈ અનિચ્છનીય બનાવ કે જાનહાની ન સર્જાય તે માટે સદર બ્રીજ ઉપરથી તમામ પ્રકારની અવરજવર બંધ કરવા દરખાસ્ત કરેલ છે.

ઉપરોક્ત બાબત ધ્યાને લઈ ડુબાઉ પુલ ઉપર કોઈ અનિચ્છનીય બનાવ કે જાનહાની ન સર્જાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ જાહેરહીતમાં

વાસ્તે, હું, સી. વી. લટા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/ સત્તાસોંપણી જાહેરનામા/વશી/૫૫૮૦/ ૨૦૧૯, તા.૨૯/૦૭/ ૨૦૧૯ થી મળેલ સત્તાની રૂએ ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (ખ) હેઠળ મહીસાગર જીલ્લાના સંતરામપુર ખાતે આવેલ જૂના જર્જરીત 'ચીબોટા નદી ઉપરના બ્રીજ' ઉપરથી તમામ પ્રકારના વાહનો તથા રાહદારીઓની અવરજવર માટે અત્રેથી બીજો હુકમ ન થાય ત્યાં સુધી મનાઈ ફરમાવુ છું.

સંબંધિત અધિકારીશ્રીએ આ અંગેના સાઈન બોર્ડ (૪ફુટ*૬ફુટ) ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં લગાવવાની વ્યવસ્થા કરવાની રહેશે.

પોલીસ અધિક્ષકશ્રી મહીસાગરનાઓને સદર બ્રીજના બન્ને છેડેજરૂરી બંદોબસ્ત ગોઠવી સદર જાહેરનામાની અમલવારી ચુસ્તપણે થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

વધુમાં હું એવો આદેશ કરૂં છું કે, આ હુકમને સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવો તથા સદરહું વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોટાડી અને વિસ્તારમાં ઢંઢેરો પીટીને અથવા લાઉડ સ્પિકર મારફતે તેની જાહેરાત કરી સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની પ્રસિધ્ધિ કરી અથવા રેડિયો પર તેનું પ્રસારણ કરવામાં આવે અને આ અંગેના સાઈન બોર્ડ જે તે જગ્યાઓ ઉપર સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), મહીસાગરનાઓએ મુકાવવાના રહેશે.

આ કામે જાહેર જનતાને અગવડ ન પડે તે હેતુસર પુરતી તકેદારી રાખી યોગ્ય જગ્યાએ જરૂરી સાઈન બોર્ડ દર્શાવવાના રહેશે.

સદરહું જાહેરનામાંનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈ પણ વ્યક્તિ ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ -૧૩૧ તથા કલમ-૧૩૫ તથા ભારતીય ન્યાય સંહિતા -૨૦૨૩ ની કલમ - ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી અત્રેથી બીજો હુકમ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તા.૧૨ જુલાઈ - ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

વંચાણે લીધા:-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ), મહીસાગરની તા. ૧૨/૦૭/૨૦૨૫ ની દરખાસ્ત

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ -૩૩(૧)(ખ) મુજબનું

નં.એમએજી/જાહેરનામુ/વશી/૯૭૫/૨૦૨૫.-આમુખના પત્રની વિગતે અત્રેના મહીસાગર જીલ્લામાં મલેકપુર નજીક તાંતરોલી ગામે મહીસાગર નદી ઉપર પર "તાંતરોલી બ્રીજ" આવેલ છે. મહીસાગર નદીમાં પાણીની ભારે આવકને લઈ કડાણા ડેમમાંથી છોડવામાં આવતા પાણીને કારણે સદર બ્રીજ કેટલીક વખત ડુબાણમાં જતો હોય છે જેથી હાલમાં ગંભીરા બ્રીજ દુર્ઘટનાને લક્ષમાં લેતા આ પુલ ઉપર કોઈ અનિચ્છનીય બનાવ કે જાનહાની ન સર્જાય તે માટે સદર બ્રીજ ઉપરથી ભારે વાહનોની અવરજવર બંધ કરવા દરખાસ્ત કરેલ છે.

ઉપરોકત બાબત ધ્યાને લઈ ડુબાઉ પુલ ઉપર કોઈ અનિચ્છનીય બનાવ કે જાનહાની ન સર્જાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ જાહેરહીતમાં,

વાસ્તે, હું, સી. વી. લટા, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામા/વશી/૫૫૮૦/ ૨૦૧૯, તા.૨૯ /૦૭/૨૦૧૯ થી મળેલ સત્તાની રૂએ ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકામાં આવેલ "તાંતરોલી બ્રીજ' ઉપર તમામ પ્રકારના માલવાહક ભારે વાહનોની અવરજવર માટે અત્રેથી બીજો હુકમ ન થાય ત્યાં સુધી મનાઈ ફરમાવુ છું.

સંબંધિત અધિકારીશ્રીએ આ અંગેના સાઈન બોર્ડ (૪ફુટ*૬ફુટ) ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં લગાવવાની વ્યવસ્થા કરવાની રહેશે.

પોલીસ અધિક્ષકશ્રી મહીસાગરનાઓને સદર બ્રીજના બન્ને છેડેજરૂરી બંદોબસ્ત ગોઠવી સદર જાહેરનામાની અમલવારી ચુસ્તપણે થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ કામે જાહેર જનતાને અગવડ ન પડે તે હેતુસર પુરતી તકેદારી રાખી યોગ્ય જગ્યાએ જરૂરી સાઈન બોર્ડ દર્શાવવાના રહેશે.

સદરહું જાહેરનામાંનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈ પણ વ્યક્તિ ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ -૧૩૧ તથા કલમ-૧૩૫ તથા ભારતીય ન્યાય સંહિતા -૨૦૨૩ ની કલમ - ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા.૧૨ જુલાઈ ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

વંચાણે લીધા:-

(૧) અત્રેની કચેરીનો જાહેરનામા ક્રમાંક નં.એમએજી/જાહેરનામુ/વશી/૯૭૫/૨૦૨૫ તા.૧૨/૦૭/૨૦૨૫

-: સુધારા હુકમ :-

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ -૩૩(૧)(ખ) મુજબનું

નં.એમએજી/જાહેરનામુ/વશી/ ૯૭૭ /૨૦૨૫ આમુખના જાહેરનામાની વિગતે અત્રેના મહિસાગર જીલ્લામાં મલેકપુર નજીક તાંતરોલી ગામે મહીસાગર નદી ઉપર આવેલ "તાંતરોલી બ્રીજ' મહીસાગર નદીમાં પાણીની ભારે આવકને લઈ કડાણા ડેમમાંથી છોડવામાં આવતા પાણીને કારણે કેટલીક વખત ડુબાણમાં જતો હોય હાલમાં ગંભીરા બ્રીજ દુર્ઘટનાને લક્ષમાં લેતા આ પુલ ઉપર કોઈ અનિચ્છનીય બનાવ કે જાનહાની ન સર્જાય તે માટે સદર બ્રીજ ઉપરથી ભારે માલવાહક વાહનોની અવરજવર બંધ કરવામાં આવેલ છે.

જે પરત્વે વંચાણે લીધેલ જાહેરનામામાં નીચે મુજબની વિગતે પરિશિષ્ટનો ઉમેરો કરવામાં આવે છે.

":- પરિશિષ્ટ :-

અનુ.નં.	માલવાહક વાહનો માટે બંધ કરવામાં આવેલ માર્ગ	માલવાહક વાહનો માટે ડાયવર્ટ કરવામાં આવેલ રૂટની વિગત. (ચાલુ માર્ગ)
૧	મહી નદી પર બનેલ "તાંતરોલી બ્રીજ"	મલેકપુરથી- દિવડા કોલોની થી કડાણા થઈ મુનપુર થઈ ભાગલીયા લુણાવાડાથી - લીમડીયા થઈ ખાનપુર થી ભાગલીયા થી મુનપુર
- કા.ઈ.શ્રી માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય)નાઓએ સદરહું રૂટ ડાયવર્ઝન અંગેના બોર્ડ જરૂરી જગ્યાઓએ લગાડવાના રહેશે.		

આજ તા.૧૪ જુલાઈ - ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ- ૩૭(૩) હેઠળનું:-

નં.એમએજી/જીપીએ/જાહેરનામું/વશી/૧૦૧૭/૨૦૨૫.-મહીસાગર જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા,રેલી,સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/ તાલુકા રોવા સદને પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઇ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુસર નીચે અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભુખ હડતાળ પર બેસવા કે ઉપવાસ ઉપર બેસવા કે સરઘસ /રેલી કાઢવા ઉપર મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું સી.વી.લટા (જી.એ.એસ.),અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમ એ જી/ સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯,તા.૨૯/૭/૨૦૧૯થી મળેલ સત્તાની રુએ નીચે અનુસૂચિ માં દર્શાવેલ વિસ્તારમાં આ જાહેરનામાં અન્વયે તા.૨૧/૦૭/૨૦૨૫ના કલાક ૦૦:૦૦ કલાકથી તા.૦૪/૦૮/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ કલાક (બન્ને દિવસો સહિત) સુધીની મુદત માટે અનધિકૃત/ગેરકાયદેસર રીતે કોઈપણ વ્યક્તિએ /વ્યક્તિઓને એકી સાથે કોઇ પણ જગ્યાએ ૪(ચાર) થી વધુ માણસો ભેગા થવા કે કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, પ્રતિક દેખાવો, ભુખ હડતાળ પર બેસવા. ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા તેમજ સરઘસ/રેલી કાઢવા ઉપર માટે મનાઈ ફરમાવું છું.

-:: અનુસૂચિ ::-

" જિલ્લા સેવા સદન, મહીસાગર તથા જિલ્લાના લુણાવાડા, બાલાસિનોર, વિરપુર,સંતરામપુર,કડાણા તથા ખાનપુર(બાકોર), તાલુકા સેવા સદન તેમજ અન્ય તમામ સરકારી કચેરીઓની બહાર કે સદર જિલ્લા/તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજયાનો વિસ્તાર"

આ જાહેરનામું નીચેની વ્યક્તિઓ/બાબતોને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓને.

(૩) લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમઅધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

(૫) સરકારશ્રી ધ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાન.

સદરહું જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા

ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર કરશે અને ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ રાબ ઈન્સ્પેકટરના દરવાથી ઉતરતા ન હોય તેવા અધિકારીશ્રીને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો વિરુધ્ધ લેખિત ફરીયાદ નોંધવવા માટે અધિકૃત કરવામાં આવે છે.

મહીસાગર-લુણાવાડા તા.૨૧-૦૭-૨૦૨૫.

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::-

નં.એમએજી/ગણેશ મહોત્સવ/જાહેરનામું /વશી/૧૦૧૮/૨૦૨૫.-આગામી તા.૨૭/૦૮/૨૦૨૫ના રોજ ગણેશ ચર્તુથીના તહેવાર સંદર્ભે ગણેશ મહોત્સવ નિમિત્તે સમગ્ર મહીસાગર જિલ્લામાં ભગવાનશ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવનાર છે અને સ્થાપના બાદ ધાર્મિક રીતિ રિવાજ મુજબ પ્રસંગ વિત્યા બાદ પ્રતિમાઓને મહીસાગર જિલ્લાની જુદી જુદી નદીઓ, તળાવો, જળાશયોના પાણીમાં વિસર્જન કરવામાં આવે છે. પ્રતિમાઓની બનાવટમાં પ્લાસ્ટર ઓફ પેરીસ (P.O.P)નો તથા કેમિકલયુક્ત રંગોનો ઉપયોગ કરવામાં આવે છે. આવી પ્રતિમાઓ નદી, તળાવ, જળાશયોના પાણીમાં વિસર્જન કર્યા બાદ પ્લાસ્ટર ઓફ પેરિસ (P.O.P)નું પાણીમાં વિઘટન ન થવાથી તથા કેમિકલયુક્ત રંગો પાણીમાં ભળવાથી પાણી પ્રદુષિત થાય છે .આવુ પ્રદુષિત પાણી પીવાથી જીવલેણ બિમારીઓ થાય છે અને પાણીમાં રહેતા જળચર જીવોનું અસ્તિત્વ જોખમાય છે. તેમજ પર્યાવરણને ગંભીર નુકશાન થાય છે. ઉપરાંત મહોત્સવ અગાઉ મૂર્તિકારો તરફથી પ્રતિમાના કદ બાબતે ઉચાઈનું યોગ્ય ધોરણે જળવાઇ રહે અને વિસર્જન પ્રક્રિયા સરળતાથી થાય અને વિસર્જન સરઘસનું ટ્રાફીક સરળતાથી ચાલુ રહે તથા કાયદો અને વ્યવસ્થા પ્રશ્નો ઉપસ્થિત ન થાય તદઉપરાંત પ્રતિમાની બનાવટમાં બીજા ધર્મનાં લોકોની લાગણી ના દુભાય એવા કોઈ ચિન્હો કે નિશાની રાખવામાં ના આવે.

પર્યાવરણ (એન્વાયરમેન્ટ પ્રોટેકશન) સંરક્ષણ અધિનિયમ-૧૯૮૬ની કલમ-૫ મુજબ ગુજરાત સરકારશ્રી વન અને પર્યાવરણ વિભાગની વખતોવખતની સુચનાઓ અનુસાર અને નામ.ગુજરાત હાઈકોર્ટ તથા મહારાષ્ટ્ર હાઈકોર્ટની સુચના તથા આપેલ આદેશ મુજબ ગણેશોત્સવ દરમિયાન પર્યાવરણને નુકશાન ન થાય તે હેતુથી સાવચેતીના પગલા રૂપે તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતનાં સાવચેતીના પગલા લેવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું સી.વી.લટા (જી.એ.એસ.),અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/ સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯,તા.૨૯/૦૭/૨૦૧૯થી મળેલ સત્તાની રૂએ સમગ્ર મહીસાગર જીલ્લામાં નીચે મુજબના કૃત્યો કરવા પર આથી પ્રતિબંધ ફરમાવું છું.

-:: પ્રતિબંધિત કૃત્યો ::-

1. ભગવાનશ્રી ગણેશજીની પ્રતિમાની બનાવટમાં કુદરતી વસ્તુઓનો ધાર્મિક રીતે પ્રણાલીકાગત ચીકણી માટીનો ઉપયોગ કરવો, ભઠ્ઠીમાં શેકેલી ચીકણી માટી કે પ્લાસ્ટર ઓફ પેરીસ (P.O.P) નો ઉપયોગ કરવો નહી.

2. ભગવાનશ્રી ગણેશજીની પ્રતિમાની બનાવટમાં પ્રતિમાઓ પાણીમાં સહેલાઈથી ઓગળી શકે તેવા બિન ઝેરી કુદરતી રંગનો જ ઉપયોગ કરવો, ઝેરી અને ઉતરતી અને હલકી કક્ષાના રસાયણ કે કેમીકલ યુકત રંગોથી મૂર્તિને કલર કરવો નહી.

3. કોઈપણ મર્તિકારો કે પ્રતિમા બનાવનાર કારીગરો - કલાકારોએ પ્રતિમાની બેઠક સહિતની "૯" (નવ) ફુટ કરતા વધારે ઉચાઈની બનાવવા, વેચવા,સ્થાપના કરવા તથા જાહેર માર્ગ ઉપર પરિવહન કરવા પર.

4. આયોજકોએ બેઠકની ઉચાઈ સહિત ૧૨ (બાર) ફુટથી વધારે ઉચાઈની પ્રતિમાની સ્થાપના કરવી નહી એટલે કે વિર્સજન -સરઘસમાં સામેલ વાહન સહિત પ્રતિમાની ઉચાઈ કુલ ૧૫ (પંદર) ફુટથી વધારે રાખવી નહી.

5. પ્રતિમાની બનાવટમાં બીજા ધર્મના લોકોની ધાર્મિક લાગણી દુભાય તેવા કોઈ ચિન્હો કે નિશાનીઓ રાખવી નહી.

6. પ્રતિમાનું વેચાણ થયા બાદ વધેલી તથા ખંડિત પ્રતિમાને બિન વારસી હાલતમાં છોડીને જવુ નહી તે અંગે જિલ્લાના તમામ આયોજકો/ નગરપાલિકા/ગ્રામ પંચાયત તથા પોલીસ વિભાગ ધ્વારા ખાસ તકેદારી રાખવાની રહેશે.

7. મૂર્તિકારો જે જગ્યાએ પ્રતિમા બનાવે-વેચે તે જગ્યાની આજુબાજુમાં ગંદકી કરવી નહી તે અંગે નગરપાલિકા / તાલુકા પંચાયત / ગ્રામ પંચાયતોએ તકેદારી રાખવી.

8. વિસર્જન યાત્રા દરમિયાન ધાર્મિક લાગણી દુભાય તેવા કોઈ ગીત/સંગીત વગાડી તેમજ લોકોને ધાર્મિક લાગણી દુભાય તે પ્રકારના ચેનચાળા/ કીલકારીઓ કરી લોકોને ઉશ્કેરવા પર.

9. વિસર્જન યાત્રા દરમિયાનના સરઘસમાં ડી.જે. / લાઉડ સ્પીકરથી વગાડમાં આવતા સંગીતનો અવાજ અત્રેની કચેરીના જાહેરનામા તથા નોઈસ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ તેમજ ગુજરાત સરકારની વખતોવખતની સુચનાથી ઠેરવેલ નિયત મર્યાદા કરતા વધારે રાખવા પર.

10. ઉત્સવ દરમ્યાન લોકો લાલ, સફેદ, અબીલ, ગુલાલ જેવા પાવડરો ઉડાડતા હોય છે જેમાં સફેદ પાવડર કે જે આંખોને નુકશાનકારક હોઈ સફેદ પાવડર નહી વાપરવા અને ઝેરી પાવડરના ઉપયોગ ઉપર તથા જવલનશીલ પદાર્થો ફેંકવા નહી.

11. સ્ફોટક પદાર્થ/અન્ય દારૂગોળો સાથે લઈ જવાની મનાઈ.

12. પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર વિસર્જન કરવા જવા ઉપર.

13. પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર શોભાયાત્રા કાઢવા ઉપર.

-:: વિસ્તાર ::-

"આ જાહેરનામું સમગ્ર મહીસાગર જિલ્લાના વિસ્તારમાં લાગુ પડશે."

-:: અમલવારીનો સમય ::-

આજ પ્રસિદ્ધ થયા તારીખથી તા.૦૫/૦૯/૨૦૨૫ ના ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

-:: શિક્ષા ::-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદો ધરાવનાર પોલિસ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

મહીસાગર-લુણાવાડા તા.૨૨-૦૭-૨૦૨૫.

વંચાણે લીધા :-

(૧) પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ, ૧૯૮૬

(૨) ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ, ૨૦૦૦.

(૩) ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(થ) હેઠળનું

નં.એમએજી/ડીજે/પ્રતિબંધ/જાહેરનામું/વશી/૧૦૫૦/૨૦૨૫.-ધાર્મિક તથા સામાજિક સમારોહો માટે સરઘસો અને રેલીઓ ભુતકાળમાં જ્યારે નિકળતી હતી ત્યારે સદરહુ રેલીઓ અને વરઘોડાઓ પ્રસંગને અનુરૂપ જે ગરીમાં હોવી જોઈએ તે રીતે પ્રસંગ પ્રમાણે વાજીંત્ર અને લયબદ્ધ સંગીતની કર્ણપ્રિય ધુને વાતાવરણને ભાવ અને લયના મૃદુ તરંગોથી તરબોળ કરી દેતી હતી. પરંતુ હવે જ્યારે જિલ્લાની જીવનશૈલી અને જીવનની ગુણવત્તાનું સ્તર ધ્વનિ, વાયુ અને ગીચતાના પ્રદુષણથી સંપુર્ણપણે ત્રસ્ત થયું છે, તે સંજોગોમાં ધાર્મિક અને સામાજિક પ્રસંગોની રૂઢિગત પ્રણાલીકા વિરૂદ્ધ આવા વરઘોડાઓમાં અમુક વર્ષોથી ધ્વનિની તિવ્રતાનો આંક વટાવી દઈ તમામ માપદંડોને તોડી નાખ્યા છે.આથી ઉપરોક્ત ધ્વનિ પ્રદુષણને અંકુશમાં લાવવા સારૂં અને જાહેર જનતાના જીવનધોરણની ગુણવત્તાની જાળવણી માટે નામદાર સુપ્રિમ કોર્ટના નિર્દેશો તથા પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ-૧૯૮૬ના વિભિન્ન પ્રાવધાનોની જાળવણી અને અમલવારી જાહેર જનતાના જીવનધોરણની ગુણવત્તા માટે જરૂરી બની રહે છે. સદર સરઘસો રેલીઓ અને વરઘોડા માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી સીસ્ટમ વગાડનારાઓ લાંબા સમય સુધી જાહેર માર્ગો પર ઉભા રહી ટ્રાફિકને અડચણ કરી ટ્રાફિક જામ કરે છે અને વધુ ધ્વનિ તિવ્રતાથી મોટા કર્ણભેદી અવાજે ઘોંઘાટમય સંગીત ગીતો સાથે રેલાવી વિદ્યાર્થીઓના અભ્યાસમાં દર્દીઓના આરામમાં સિનિયર સીટીઝન અને લોકોના સ્વાસ્થ્યને નુકશાન કરી/કરાવી તબીબોના કામમાં ખલેલ પહોંચાડે છે. તેમજ માઈક, લાઉન્ડ સ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમના અનિયંત્રિત પ્રયોગથી કોમી દૃષ્ટિએ સંવેદનશીલ વિસ્તારમાં સાંપ્રદાયિક અથડામણોના બનાવો પણ બનેલા છે તેના પરિણામે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વિપરીત અસર થવાની સંભાવનાઓ વધી જાય છે,

જિલ્લામાં કોઈ પણ પ્રકારે સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતી તથા કાયદા પ્રત્યે માન જળવાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે માઈક, લાઉડસ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી) સિસ્ટમ દ્વારા થતા અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાના નિર્દેશો તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રુલ્સ, ૨૦૦૦ની જોગવાઈઓ ધ્યાને લેતા માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જૉકી) સિસ્ટમના ઉપયોગ પર નિયંત્રણ કરવું ઘણું જ જરૂરી છે.

દરેક માઈક, લાઉડસ્પીકર તથા ડી.જે.(ડીસ્ક જોડી) સિસ્ટમધારકોએ અવાજના પ્રદુષણને અટકાવવા નામદાર સુપ્રિમ કોર્ટના વખતોવખત ચુકાદાના નિર્દેશો તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રુલ્સ, ૨૦૦૦ની નીચે મુજબની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

Ambient Air Quality Standard in respect of Noise

Area Code	Category of Area/Zone	Limits in dB(A) Leq*	
		Day Time	Night Time
(A)	Industrial Area	75	70
(B)	Commercial Area	65	55
(C)	Residential Area	55	45
(D)	Silence Zone	50	40

Note

1. Day me shall mean, from 6.00 am. to 10.00 pm.

2. Night Time shall mean from 10.00 p.m. to 6.00 a.m

3. Siience zone is defined as an area comprising not less than 100 metres around hospitals, educational institutions and ocurts. The silence zones are zones which are declared as such by the competent authority,

4. Mixed Categories of areas may be declared as one of the four attove mentioned calegcriss by the competent authority

[dB (A) Leg denotes the time weighted average of the level of sound in decibels on acele A ehich is relatable to human hearing. A “decibel” is a unilt in which noise is measured. “A” in dB(A)Leq, denotes the frequency weighting in the measurement of noise and corresponds to frequency response characteristics of the human ear

Leq: it is an energy mean of the noise level, over a specific period.]

અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ, ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ /વાજિંત્રો રાતના ૧૦:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય. આગામી સમયમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની વાર્ષિક/બોર્ડની પરીક્ષાઓ આપનાર વિદ્યાર્થીઓના અભ્યાસમાં ખલેલ ન પહોંચે, લગ્ન તથા ધાર્મિક અને સામાજિક પ્રસંગોમાં નાચગાન કે ઘોંઘાટને કારણે ઝગડા તથા તકરારો ન થાય તેમજ ધ્વનિ પ્રદુષણને અંકુશમાં લેવા તેમજ જિલ્લામાં કોઈ પણ પ્રકારે સુલેહશાંતિનો ભંગ ન થાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે વાસ્તે, હું **સી. વી. લટા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર-લુણાવાડા** ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(થ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તાર માટે નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પરિશિષ્ટ

"મહીસાગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર"

પ્રતિબંધિત કૃત્યો

૧. સરકારી કચેરીઓ, હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારને શાંત વિસ્તાર તરીકે ગણવામાં આવે છે. જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક, લાઉડસ્પીકર તથા ડી.જે.(ડીસ્ક જોકી) સીસ્ટમનો ઉપયોગ કરી શકાશે નહીં.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમી લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગીતોનો માઈક, લાઉડસ્પીકર તથા ડી.જે.(ડીસ્ક જોકી) સીસ્ટમમાં ઉપયોગ કરી શકાશે નહી.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફિકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવો. નાચગાન તથા ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરી શકાશે નહીં.

૪. ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમ Ambient Air Quality Standard in respect of Noise અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતોવખતના ચુકાદાઓના નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ની પર્યાવરણ સંરક્ષણની જોગવાઈઓ મુજબ Ambient Air Quality Standard હોવું જોઈએ તે જોતાં ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનો અને જોગવાઈઓનો ઉલ્લંઘન કરતા હોય તે વગાડવા પર કાયમને માટે પ્રતિબંધ છે, પરંતુ નીચેની શરતોને આધીન અગાઉથી અધિકૃત પરવાનગીના આધારે ફક્ત માઈક સીસ્ટમને પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

૫. રાત્રીના ૧૦:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધીના સમય દરમ્યાન વગાડી શકાશે નહી.

માઈક અને ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમ વગાડવા માટેના પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો

૧. ડી.જે સીસ્ટમના માલીક કે જે આ સીસ્ટમ ભાડે આપે છે તેઓએ નજીકના પોલીસ સ્ટેશનમાં ફરજિયાતપણે નોંધણી કરાવવાની રહેશે.

૨. માઈક સીસ્ટમ અને ડી.જે. વગાડવા માટે તેના માલીક/ભાગીદારે પરવાનગી અરજી જે તે વિસ્તારના મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની કચેરીએ કરી, ૦૭ દિન પહેલાં મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચૂસ્તપણે બિનચુક અમલ કરવાનો રહેશે. શરતોનો ભંગ થયેથી પરવાનગી રદબાતલ થયેલ ગણાશે.

૩. વરઘોડો / રેલી, ધાર્મિક, રાજકીય કે સામાજિક શોભાયાત્રાઓના સમય દરમ્યાનમાં ઉપરોક્ત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની સંપૂર્ણ જવાબદારી પરવાનેદાર / પરવાનગી લેવા માટે આવનાર વ્યક્તિની રહેશે.

૪. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહીસાગરના અધિકાર ક્ષેત્રની જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/ વાજિંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખિત પરવાનગી સિવાય કરી શકાશે નહીં, તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકાશે નહી.

૫. આવી પરવાનગી માટેની અરજી લેખિતમાં હોવી જોઈએ તેમજ તેના ઉપર ઉપયોગ કરનાર વ્યક્તિની સહી હોવી જોઈએ.

૬. આવી પરવાનગીની અરજી તેના ઉપયોગ કરવાના હોય તે દિવસથી ઓછામાં ઓછા સાત દિવસ પહેલા પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે. પરંતુ વ્યાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી તેમ કરવા માટે અધિકૃત અધિકારી પોતાની વિવેકબુદ્ધિ અનુસાર આપી શકશે.

૭. અરજદાર તથા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજિંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ પરના અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાનાધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૮. માઈક સીસ્ટમ/વાજિંત્રનો ઉપયોગ ઉપરોક્ત અવાજની માત્રા દર્શાવતા પત્રક પ્રમાણે સવારના ૦૬:૦૦ કલાકથી રાત્રીના ૨૨:૦૦ કલાક સુધી જ થશે.

૯. અવાજ પ્રદુષણ (નિયમન અને પ્રતિબંધ) નિયમો, ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજિંત્રો રાત્રીના ૧૦:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ, આ સમય માટે માઈક સીસ્ટમ/વાજિંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં તેમજ પરવાનેધારકોએ આ સમય દરમ્યાન માઈક સીસ્ટમ /વાજિંત્ર વગાડવા ઉપયોગ કરી શકશે નહી. જે સુચનાનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. કોઈ પણ વિસ્તારમાં ઘોંઘાટ/અવાજનું હવામાનમાં પ્રમાણ ઉપરોકત પત્રકમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. આ માત્રાનો ભંગ ન થાય તેની પરવાનેદારે/પરવાનગી લેનારે તકેદારી રાખવાની રહેશે.

૧૧. મંદિરો, ચર્ચ, મસ્જિદોમાં માઈક સીસ્ટમ/વાજિંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલો હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહી.

૧૨. ગતિમાન વાહનમાં કોઈ પણ માઈક સીસ્ટમ/વાજિંત્રનો ઉપયોગ જિલ્લા મેજિસ્ટ્રેટ તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈ પણ હેતુ માટે વાપરવો નહીં અથવા ચલાવવો નહીં.

૧૩. માઈક સીસ્ટમ/વાજિંત્રના ઉપયોગથી આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય કે નુકશાન અટકાવવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈ પણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ / વાજિંત્ર વાપરવા પર મનાઈ ફરમાવતો હુકમ કરી શકશે.

૧૪. ફરજ પરના પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજિંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી શકશે.

આ જાહેરનામાના ભંગ બદલ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. અને ગુનો નોંધી, માલીક, ભાગીદાર, મેનેજર, સંચાલકની ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુન્હાના મુદામાલ તરીકે કબજે કરવામાં આવશે.

આ હુકમ અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષક થી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદો ધરાવનાર પોલીસ અધિકારી/કર્મચારીઓને ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું ઈસ્યુ થયા તારીખથી બે માસ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૨૫ જુલાઇ, ૨૦૨૫ના રોજ મારી સહી અને કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

સી. વી. લટા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહીસાગર-લુણાવાડા

વંચાણે લીધું :-

(૧) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ચીખલી (મા.મ.) પેટા વિભાગ ચીખલી ના પત્ર જા.નં.પીબી/૬૩૩/૨૦૨૫ તા.૨૫/૦૪/૨૦૨૫

(૨) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ચીખલીના પત્ર નં. એમએજી/જાહેરનામુ/વશી/૧૧૩૮/૨૦૨૫ તા. ૧૬/૦૫/૨૦૨૫

(૩) પોલીસ અધિક્ષકશ્રી, નવસારીના પત્ર નં. એલઆઈબી/જાહેરનામુ/અભિપ્રાય/૧૮૧૦/૨૫, તા.૦૯/૦૬/૨૦૨૫

(૪) અત્રેના જાહેરનામા નં.ડીસીબી/એમએજી/માર્ગ/ડાયવર્ટ/જા.ના/વશી.૫૩૨૭ થી ૫૩૫૧/૨૫ તા. ૧૧/૦૬/૨૫

(૫) કાર્યપાલક ઈજનેરશ્રી (મા.મ.) વિભાગ નવસારી ના પત્ર જા.નં.બાંધકામ/ પીબી/૨/વશી/૧૨૨૧/૨૦૨૫ તા. ૦૧/૦૭/૨૫

-:: જાહેરનામું ::

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ અન્વયે.

નં.ડીસીબી/એમએજી/માર્ગ/ડાયવર્ટ/જા. ના/વશી. ૫૬૯૧ /૨૦૨૫.-આમુખ(૧)થી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ચીખલી (મા.મ.) પેટા વિભાગ ચીખલી ધ્વારા ચે. કી.મી. ૧૧/૦ (કોલેજ સર્કલ) થી ૧૪/૬૦ (કૌટિલ્ય ફયુલ સ્ટેશન) ની વચ્ચે જમણી બાજુ અત્રેના ઈજારદારશ્રી દ્વારા કામગીરી શરૂ થનાર છે, જેના લીધે સદર ૨૨સ્તા ઉપર ચે. કી.મી. ૧૧/૦ (કોલેજ સર્કલ) થી ૧૭/૦ (બંસીધર મેટલ્સ) ની વચ્ચે જમણી બાજુ ટ્રાફીક બંધ કરી અન્ય રસ્તા અથવા સદર ચે. કી.મી. માં રસ્તાની ડાબી બાજુ ટૂ-વે ટ્રાફિક ડાયવર્ટ કરવાનો થાય છે. તેમ જણાવી બધાજ પ્રકારના વાહનોનો ટ્રાફીક સદર રસ્તા પર ચે. કી.મી. ૧૧/0 (કોલેજ સર્કલ) થી ૧૭/૦ (બંસીધર મેટલ્સ) ની વચ્ચે જમણી બાજુ તા-૦૪/૦૫/૨૦૨૫ થી ૩૦/૦૬/૨૦૨૫ સુધી બંધ કરી અન્ય રસ્તા પર ડાયવર્ટ કરવા અંગે જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ. જે અન્વયે આમુખ(૨)થી સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ચીખલી દવારા ઉપરોકત જાહેરનામુ બહાર પાડવા અત્રે હકારાત્મક અભિપ્રાય અત્રે મોકલી આપેલ છે. અને આમુખ(૩)થી પોલીસ અધિક્ષકશ્રી નવસારી ધ્વારા ડાયવર્ઝન પ્લાનના ક્રમ નંબર - ૧ તથા ૨ માં જણાવેલ વૈકલ્પિક રૂટ ઉપર ડાયવર્ટ કરવા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા હકારાત્મક અભિપ્રાય આપેલ જેના અનુસંધાને આમુખ (૪)થી તા.૧૧/૦૬/૨૦૨૫ થી તા.૩૦/૦૬/૨૦૨૫ સુધી જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવેલ પરંતુ હાલ કાર્યપાલક

ઈજનેરશ્રી (મા.મ.) વિભાગ નવસારીના આમુખ(૫) થી જણાવેલ છે કે, સદર રસ્તાના ચે. કી.મી. ૧૧/૦ (કોલેજ સર્કલ) થી ૧૭/૦ (બંસીધર મેટલ્સ) ની વચ્ચે જમણી બાજુની કામગીરી હજુ પ્રગતિમાં જ હોય, જેના લીધે ટ્રાફિક ડાયવર્ઝનની સમયમર્યાદા વધારવાની જરૂરીયાત પડેલ છે. જેથી બધા જ પ્રકારના વાહનોનો ટ્રાફીક સદર રસ્તા પર ચે. કી.મી. ૧૧/૦ (કોલેજ સર્કલ) થી ૧૭/૦ (બંસીધર મેટલ્સ) ની વચ્ચે જમણી બાજુ તા- ૦૧/૦૭/૨૦૨૫ થી ૩૧/૦૭/૨૦૨૫ સુધી બંધ કરી અગાઉ ડાયવર્ઝન પ્લાનના રૂટમાં જરૂરી સુધારા વધારા કરી નીચે મુજબના ડાયવર્ઝન પ્લાન અનુસાર અન્ય રસ્તા પર ડાયવર્ટ કરવા જરૂરી મંજુરી મળવા દરખાસ્ત કરેલ છે.

સબબ, કાર્યપાલક ઈજનેરશ્રી (મા.મ.) વિભાગ નવસારીના આમુખ(૫)ની દરખાસ્ત અન્વયે સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલીના આમુખ(૨) થી રજુ થયેલ હકારાત્મક અભિપ્રાય તેમજ આમુખ(૩)ના પોલીસ અધિક્ષકશ્રી નવસારી દ્વારા જણાવેલ વિગતે જાહેરનામું બહાર પાડવા અંગેના હકારાત્મક અભિપ્રાય ધ્યાને લઈ આમુખ(૪)થી બહાર પાડેલ જાહેરનામાને અવલોકને લેતા, કોઈ વાહન અકસ્માત ન સર્જાય તેમજ ટ્રાફિક નિયમન જળવાય તે માટે જાહેર જનતાના હિતમાં સલામતીના પગલા લેવા ઉચિત જણાય છે.

વાસ્તે, હું યોગરાજસિંહ બી. ઝાલા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી ગુજરાત પોલ અધિનિયમ- ૧૯૫૧ની કલમ-૩૩ થી મને મળેલ સતાની રૂએ, બીલીમોરા- ચીખલી-વાંસદા-વઘઈ રોડ પર બધાજ પ્રકારના વાહનોનો ટ્રાફીક સદર રસ્તા પર ચે. કી.મી. ૧૧/0 (કોલેજ સર્કલ) થી ૧૭/૦ (બંસીધર મેટલ્સ) ની વચ્ચે જમણી બાજુ તા-૦૨/૦૭/૨૦૨૫ થી ૩૧/૦૭/૨૦૨૫ સુધી બંધ કરી વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે તેમજ પ્રતિબંધના સમયગાળા દરમ્યાન નીચે જણાવેલ વૈકલ્પિક માર્ગ ઉપર વાહનોની અવર જવર ડાયવર્ટ કરવા હુકમ ફરમાવુ છું.

: વૈકલ્પિક માર્ગની વિગત :-

ક્રમ	રૂટ	વાહનનો પ્રકાર	વૈકલ્પીક રૂટ
૧	નાશિક થી વાંસદા થી રાનકૂવા થી ચીખલી તરફ	ફક્ત ભારે વાહન	(૧) રાનકુવા થી ખુડવેલ થી ગોલવાડ થઈ ચીખલી તરફ જશે. (૨) રાનકુવા થી ટાંકલ થી દેગામ થી આલીપોર થઈ ચીખલી તરફ જશે. (૩) રાનકુવા થી ટાંકલ થી ખારેલ થઇ ચીખલી તરફ જશે.
૨	બીલીમોરા ચીખલી વાંસદા વઘઈ રોડ ચે.કી.મી .૧૧/૦ (કોલેજ સર્કલ) થી ચે.કી.મી ૧૭/૦ બંસીધર મેટલ્સ) ડાબી તેમજ જમણી બાજુ નાના વાહનો (સ્થાનિક રહેવાસીઓ માટે) ચીખલી તેમજ વાંસદા તરફ જવા માટે.	નાના વાહનો (સ્થાનિક રહેવાસીઓ માટે)	બીલીમોરા ચીખલી વાંસદા વઘઈ રોડ ચે.કી.મી ૧૧/૦ થી ૧૭/૦ ડાબી બાજુનો ટુ-લેન-ટુ-વે-ટ્રાફિક તરીકે ઉપયોગ કરવાનો રહેશે.

આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર વ્યકિતને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧માં ઠરાવ્યા મુજબની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૦૨/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા કરી છે.

વંચાણે લીધું :-

- પોલીસ અધિક્ષકશ્રી, નવસારીના તા.૦૧/૦૭/૨૦૨૫ના પત્ર નં.એલ.આઈ.બી. / મહોરમ તાજીયા /હેરિનામું/ ૨૧૧૩/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મો)ની કલમ-૩૩(૧)(ખ) હેઠળનું

નં.ડીસીબી/એમએજી/ધાર્મિક/જા.નામુ/વશી ૫૭૩૧ થી ૫૭૩૦/૨૦૨૫.-આગામી તા.૦૫-૦૬/૦૭/૨૦૨૫ ના રોજ અત્રેના જિલ્લામાં મુસ્લીમ ધર્મના મહોરમ (તાજીયા) ના તહેવારની ઉજવણી કરવામાં આવનાર છે. જે તહેવાર અનુસંધાને તા.૦૫/૦૭/૨૦૨૫ ના રોજ તાજીયા શહાદત (કતલ)ની રાત્રે તમામ તાજીયા પરંપરાગત રૂટ પ્રમાણે પોતપોતાના સ્થાનકથી નીકળી રાત્રીના ક.૧૨/૦૦ સુધી મોટા બજાર પો.સ્ટે.સામે આવી પોત પોતાના સ્થાને પરત જનાર છે. ત્યાર બાદ તા.૦૬/૦૭/૨૦૨૫ ના રોજ વિસર્જનના દિવસે તમામ તાજીયા પોતાના સ્થાનકથી નીકળી ક.૧૯/૦૦ સુધી જુનાથાણા સર્કલ ખાતે ભેગા થઈ પાંચહાટડી, મોટાબજાર, નવસારી ટાઉન પો.સ્ટે., ડબગરવાડ, થઈ પારસી અગિયારી પાસે આવી ઠંડા કરવાની પ્રક્રિયા કરવામાં આવે છે. જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના લોકો ભાગ લેતા હોય છે.

જેથી તાજીયા ઝુલુસ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા તેમજ ટ્રાફીક નિયમન જળવાઈ રહે તે સારૂ નવસારી શહેર વિસ્તાર પુરતુ નીચે જણાવ્યા મુજબનું જાહેરનામુ બહાર પાડવા પોલીસ અધિક્ષાકશ્રી,નવસારી ધ્વારા આમુખ(૧)ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ છે.

જાહેર જનતા બહોળા પ્રમાણમાં એકત્રીત થશે તેમજ વાહનોની અવર જવરથી ટ્રાફીક નિયમનને અસર થવા સંભાવના હોય આ અંગે ટ્રાફીક

નિયમન માટે અને જાહેરજનતાનાં હીતમાં સલામતીના પગલાં લેવા મને જરૂરી જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ -૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મો)ની કલમ-૩૩ (૧)(ખ)થી મને મળેલ સત્તાની રૂએ હું યોગરાજસંહ બી. ઝાલા, જી.એ.એસ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી નીચે જણાવેલ વિગતે વાહનોની અવર-જવર માટે આથી મનાઈ ફરમાવું છું.

(૧) તાજીયા (કતલ) શહાદતની રાત તા.૦૫/૦૭/૨૦૨૫

પ્રતિબંધિત માર્ગ	પ્રતીબંધીત સમય
પ્રજાપતિ આશ્રમથી ડેપો, ચારપુલ ચોકી થી પાંચહાટડી અને ઈન્દીરાજીની પ્રતિમા જુનાથાણાથી પાંચહાટડી, મોટા બજાર, ટાવર પો.સ્ટે. થઈ ખાટકીવાડ સુધી	તા.૦૫/૦૭/૨૦૨૫ ના રોજ ક.૨૦/૦૦ થી તા.૦૬/૦૭/૨૦૨૫ ના રાત્રીના ક.૦૧/૦૦ સુધી

વૈકલ્પીક માર્ગ:-

(૧) તાજીયા શહાદતની રાત્રે પ્રતિબંધિત સમય દરમયાન લુન્સીકુઈથી સ્ટેશન જતા-આવતા વાહન ચાલકો દુધિયા તળાવ, આશાનગર સાંઢકુવા થઈ સ્ટેશન અથવા લુન્સીકુઈથી દરગાહ રોડ, માર્કેટ, ગોલવાડ, કુવારા થઈ સ્ટેશન જતા માર્ગનો ઉપયોગ કરી શકાશે.

(૨) પ્રતિબંધિત માર્ગ પારોના રહેણાંક વિસ્તારના વાહન ચાલકો આજુબાજુ તથા ગલી-શેરીઓનો ઉપયોગ કરી શકશે.

(૩) સુરત જતા-આવતા વાહનો વિરાવળ નાકા, ઝવેરી સડક રોડ જુનાથાણા, કાલિયાવાડી નાકા, દશેરા ટેકરી, લુન્સીકુઈ થઈ શહેરમાં પ્રવેશી શકશે.

(૨) તાજીયા વિસર્જન તા.૦૬/૦૭/૨૦૨૫

પ્રતિબંધિત માર્ગ	પ્રતીબંધીત સમય
પ્રજાપતિ આશ્રમથી ડેપો, ચારપુલ ચોકીથી પાંચહાટડી અને જુનાથાણા સર્કલથી પાંચહાટડી મોટા બજાર ટાવર પો.સ્ટે. ખાટકીવાડ થઈ પારસી અગિયારી સુધી	તા.૦૬/૦૭/૨૦૨૫ ના રોજ ક.૧૪/૦૦ થી ક.૨૪/૦૦ સુધી

વૈકલ્પીક માર્ગ:-

(૧) તાજીયા વિસર્જનના દિવસે પ્રતિબંધિત સમય દરમ્યાન લુન્સીકુઈથી સ્ટેશન જતા આવતા વાહન ચાલકો દુધીયા તળાવ, આશાનગર, સાંઢકુવા થઇ સ્ટેશન અથવા લુન્સીકુઈથી ટેકનીકલ સ્કુલ, માર્કેટ, ગોલવાડ, કુવારા થઈ સ્ટેશન જતા માર્ગનો ઉપયોગ કરી શકાશે.

(૨) સુરત જતા આવતા વાહનો વિરાવળ નાકા, ઝવેરી સડક, કાલીયાવાડી નાકા, દશેરા ટેકરી લુન્સીકુઈ થઈ શહેરમાં પ્રવેશી શકાશે.

(૩) પ્રતિબંધિત માર્ગ પાસેના રહેણાક વિસ્તારના વાહન ચાલકો આજુ બાજુના રસ્તા ગલી શેરીઓનો ઉપયોગ કરી શકાશે.

ઉપરોકત હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ – ૧૩૧ માં ઠરાવ્યા મુજબની શિક્ષાને પાત્ર ઠરશે.

આજરોજ તા. ૦૨/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી અને મુદ્દા કરી આપી.

જાહેરનામું

-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૭(૩) અન્વયે :-

નં.એમએજી/જી.પી.એ./કા.વ્ય./હુકમ/વશી. ૫૮૬૧ થી ૫૯૦૦ /૨૦૨૫.-હાલ ગુજરાત રાજયમાં ઠેર ઠેર ગેરકાયદેસર મંડળી રચી ધરણા/ઉપવાસ પર બિન પરવાનગીથી બેસવાની ઘટનાઓ વારંવાર બનવા પામેલ છે. નવસારી જિલ્લામા પણ નાગરીકો પોતાની માંગણી, રજુઆત તરફ ધ્યાન ખેંચવા માટે અથવા તો ચોકકસ ઈરાદાથી જિલ્લા સેવા સદનના પ્રાંગણ અને પ્રાંગણને અડીને પસાર થતા સંકળાયેલ મુખ્ય રોડ ઉપર પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ભુખ હડતાલનું ઓચિંતું અને મનસ્વી આયોજન કરી આ કચેરીમાં તેમજ જાહેરમાર્ગ પર બાધા સર્જે છે.જેના પરિણામે કચેરીમાં આવતા અરજદારો અને સામાન્ય જનતા માટે દુવિધા સર્જાય છે. જેથી નવસારી જિલ્લામા જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઈ રહે તે હેતુસર સાવચેતીના ભાગરૂપે આગોતરા પગલાં ભરી, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ નીચે હુકમ કરવો આવશ્યક અને ઉચિત જણાય છે.

વાસ્તે, હું યોગરાજસિંહ બી. ઝાલા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લો-નવસારી, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી ઉપલબ્ધ જોગવાઈઓ અન્વયે મને મળેલ સત્તાની રૂએ તા.૦૬/૦૭/૨૦૨૫ ના કલાક ૦૦:૦૦ થી તા.૨૦/૦૭/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ (બંને દિવસો સહિત) સુધી કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીની કચેરી,નવસારી, જિલ્લાની તમામ પ્રાંત કચેરીઓ તથા નવસારી જિલ્લા પંચાયત, પોલીસ અધિક્ષકશ્રી, નવસારીની કચેરી તથા તાલુકા ખાતે આવેલ તાલુકા મામલતદારશ્રીની કચેરી, તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરી, જીલ્લાની

તમામ મહાનગરપાલિકા તેમજ નગરપાલિકા તથા પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડ તેમજ કમ્પાઉન્ડ બહારની ૨૦૦ મીટરની ત્રિજયાના હદ વિસ્તારમાં પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ધરણા/ભુખ હડતાલ ઉપર બેસવા કે ચાર કરતા વધુ માણસોએ એકત્રિત થવા કે સભા/સરઘસ જેવા કૃત્યો કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ

આ હુકમ જે વ્યકિત સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહિ.

શિક્ષા :-

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ સજાને પાત્ર થશે. નવસારી જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે

આજ તા.૦૩/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણે લીધુ :-

1. નામ.સુપ્રિમ કોર્ટના રીટ પીટીશન નં.૭૨/૧૯૯૮, તા.૧૮/૦૭/૨૦૦૫,

2. પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ જાહેર કરાયેલ ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો, ૨૦૦૦.

3. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડનાં તા.૦૩/૧૨/૨૦૧૯ ના નોટિફિકેશન નં.GPCB/LGL:NGT: GENERAL: 115(2)/528796.

4. ગૃહ વિભાગનો તા.૦૪/૦૫/૨૦૨૪નો પરિપત્ર ક્રમાંક : HD/COU/e-file/8/2023/0331/M/P.F

5. ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગરના પરિપત્ર નં. HD/COU/e-file/8/2023/0331/M/P.F તા.૧૬/૦૬/૨૦૨૫

જાહેરનામું

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું:-

નં.ડીસીબી/એમએજી/ધ્વનિ/જાહેરનામું/વશી.૫૯૦૧ થી ૫૯૪૦/૨૦૨૫ તા.૪/૦૯/૨૦૨૫.-(વંચાણ (૧) થી (૨) ની વિગતે ધ્વનિ પ્રદુષણને અંકુશમાં લાવવા સારું અને જાહેર જનતાના જીવનધોરણની ગુણવત્તાની જાળવણી માટે નામદાર સુપ્રિમ કોર્ટે જે નિર્દેશો આપ્યા છે તેમજ પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ ના વિભિન્ન પ્રાવધાનોની જાળવણી અને અમલવારી જાહેર જનતાના જીવનધોરણની ગુણવત્તા માટે જરૂરી બની રહે છે. વિભિન્ન પાર્ટી પ્લોટ, જાહેર સંસ્થાઓ, ખાનગી માલિકોના ફાર્મ તથા અન્ય જગ્યાઓએ મોટા અવાજ કરતા યંત્રો વગાડીને જાહેર જનતાને નુકશાન થાય તેવી રીતે વર્તતા હોય છે. સરઘસો, રેલીઓ અને વરઘોડામાં માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી) સિસ્ટમ વગાડનારાઓ લાંબા સમય સુધી જાહેર માર્ગો પર ઉભા રહી ટ્રાફિકને અડચણ કરી ટ્રાફિક જામ કરે છે અને વધુ ધ્વનિ તીવ્રતાથી મોટા કર્ણભેદી અવાજો, ઘોંઘાટમય સંગીત, ગીતો રેલાવી વિદ્યાર્થીઓના અભ્યાસમાં, દર્દીઓના આરામમાં, સિનિયર સીટીઝન અને લોકોના સ્વાસ્થ્યને નુકશાન કરી /કરાવી તબીબોના કામમાં ખલેલ પહોંચાડે છે. માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડીરક જોકી) સિસ્ટમના અનિયંત્રિત પ્રયોગથી કોમી દ્રષ્ટિએ સંવેદનશીલ વિસ્તારોમાં સાંપ્રદાયિક અથડામણોના બનાવો પણ બની શકે છે. તેના પરિણામે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વિપરીત અસર થવાની સંભાવનાઓ વધી જાય છે.

જિલ્લામાં કોઈ પણ પ્રકારની સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતી તથા કાયદા પ્રત્યે માન જળવાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી) સિસ્ટમ દ્વારા થતા અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદાના નિર્દેશો તથા ઘી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રુલ્સ, ૨૦૦૦ ની જોગવાઈઓ ધ્યાને લેતા માઈક, લાઉડ સ્પીક તથા ડી.જે. (ડીરક જોકી) સિસ્ટમ તેમજ તે પ્રકારના અવાજો ઉત્પન્ન કરતા યંત્રોના ઉપયોગ પર નિયંત્રણ કરવું ઘણું જ જરૂરી છે.

અવાજના પ્રદુષણને અટકાવવા અંગે વંચાણ (૩)થી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા તાત્કાલિક અસરથી સમગ્ર રાજ્યમાં ધ્વનિ પ્રદૂષણના અસરકારક નિયંત્રણ માટે તમામ સાઉન્ડ સિસ્ટમ/ પબ્લિક એડ્રેસ સિસ્ટમમાં ''સાઉન્ડ લિમિટર્સ" નો ફરજિયાત ઉપયોગ કરવા સૂચના આપવામાં આવેલ છે. જેના અનુસંધાને ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ધ્વારા વંચાણ (૪) ના પરિપત્રથી "(૧) કોઈપણ ઉત્પાદક/વેપારી/દુકાનદાર/કોઈપણ એજન્સી કે વ્યક્તિ સાઉન્ડ લિમિટર વગરની પબ્લિક એડ્રેસ સિસ્ટમ/લાઉડર પીકર /સાઉન્ડ સિસ્ટમ વેચી/ખરીદી/સપ્લાય કે ઈન્સ્ટોલ કરી શકે નહીં. હાલની સાઉન્ડ સિસ્ટમ માટે પણ સાઉન્ડ લિમિટરનું ઈન્સ્ટોલેશન/રેટ્રોફિટિંગ ફરજિયાત કરવા તથા પોલીસ સત્તાવાળાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી, નગર પંચાયતો તથા ગ્રામ પંચાયતો સહિત તમામ લાઈસન્સિંગ સત્તાવાળાઓને કોઈપણ સરકારી અથવા બિન-સરકારી કાર્યમાં

સાઉન્ડ લિમિટર લગાવ્યા વિના કોઈપણ ઑડિયો સિસ્ટમ અથવા પબ્લિક એડ્રેસ સિસ્ટમ ઈન્સ્ટોલ/ઉપયોગ કરવામાં ન આવે તે બાબતની ખાતરી કરવા સૂચના આપવામાં આવેલ છે. (૨) સરકારશ્રીના ધ્યાને આવેલ છે કે, ઘણા વાહનોમાં સાઉન્ડ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવામાં આવે છે, કે જેમાં સાઉન્ડ લિમિટરનો ઉપયોગ કરવા આવતો નથી. આવા વાહનો અને સાઉન્ડ સિસ્ટમોની જપ્તી કરવાની કાર્યવાહીને વેગવંતી બનાવવી... આથી, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના વંચાણે લીધેલ તા. ૦૩/૧૨/૨૦૧૯નાં નોટિફિકેશનનું ચુસ્તપણ પાલન કરવા, તેમજ ઉપરની કોઈપણ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ વ્યક્તિ, જેવી ઉત્પાદક / વેપારી/ દુકાનદાર /વાહન-ચાલક/ કોઈપણ એજન્સી કે વ્યક્તિ સાઉન્ડ લિમિટર વગરની પબ્લિક એડ્રેસ સિસ્ટમ/લાઉડસ્પીકર/ સાઉન્ડ સિસ્ટમ વેચી/ખરીદી/સપ્લાય કરે તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવા પોલીસ સત્તાવાળાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી, નગર પંચાયતો, ગ્રામ પંચાયતો સહિત તમામ લાઈસન્સિંગ સત્તાવાળાઓને જણાવવામાં આવે છે. " તેવી સુચના પરિપત્રિત કરેલ છે. DITHONA

આ ઉપરાંત ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર દ્વારા વંચાણ (૫) ના પરિપત્રથી '(૧) ધ્વનિ પ્રદૂષણ અંગેની ફરિયાદ કે જાણકારી મળતાં પીસીઆર કે પોલીસ ટીમ દ્વારા અત્યંત વિલંબથી પ્રતિભાવ આપવામાં આવે અથવા માત્ર ધ્વનિ પ્રદૂષણ બંધ કરાવવામાં આવે અને કોઈ કાયદેસરની કાર્યવાહી ન કરવામાં આવે અથવા અપૂરતી અને અયોગ્ય રીતે કાર્યવાહી કરવામાં આવે અથવા સ્થળ-તપાસ જ કરવામાં ન આવે એવા કિસ્સામાં જે તે પીસીઆરના ઈન્ચાર્જ/પોલીસ ટીમના ઈન્ચાર્જ/તપાસ કરનાર અધિકારીની સીધી જવાબદારી ગણવામાં આવશે. (૨) ધ્વનિ પ્રદૂષણ અંગેની ફરિયાદ અંગે માત્ર આયોજક વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવે પણ ડીજે/ લાઉડસ્પીકરના માલિક/સંચાલક/ઓપરેટર વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરવામાં ન આવે અને ડીજે/લાઉડસ્પીકરની જપ્તી અંગે કોઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં ન આવે એવા કિસ્સામાં જે તે પીચીઆરના ઈન્ચાર્જ/પોલીસ ટીમના ઈન્ચાર્જ/તપાસ કરનાર અધિકારીની સીધી જવાબદારી ગણવામાં આવશે.(૩) પીસીઆર કે પોલીસ ટીમ દ્વારા ધ્વનિ પ્રદૂષણ અંગેની ફરિયાદ કે જાણકારી મળતાં ધ્વનિ પ્રદુષણના ચકાસણી કરવા સારૂ ફાળવેલ Digital Sound Level Meter Devices નો ઉપયોગ કરવાનો રહેશે. (૪) આવી કોઈ ફરિયાદ આવે કે બનાવ બને તો તેને ન અટકાવી શકવા માટે કે તે બાબતે કોઈ કાર્યવાહી ન કરવા માટે ઓપી/ચોકી ઈન્ચાર્જ અને થાણા ઈન્ચાર્જ ઉપરાંત જો આ ધ્વનિ પ્રદૂષણના નોટીફિકેશનનું ઉલ્લંઘન નાઈટ રાઉન્ડ દરમિયાન થયેલ હોય તો નાઈટ ડ્યુટી દરમિયાનના સ્થાનિક પોલીસના નાઈટ રાઉન્ડ ઈન્ચાર્જની સીધી જવાબદારી નક્કી કરવામાં આવશે. (૫) આ પ્રકારની ઘટનાઓ નિવારવામાં નિષ્ફળતા બદલ સુપરવાઈઝરી અધિકારીઓની લાગુ પડે ત્યાં નિષ્કાળજી, બેદરકારી, શિથિલતા, નિષ્ક્રિયતા ગણી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે." તેમ જણાવી ડીજે/લાઉડસ્પીકર વગાડવા માટેની પરવાનગી આપતી વખતે આ સાથે બિડેલ સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર(SOP) અનુરારવાની રહેશે તેમ જણાવી, નીચે મુજબની સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર (SOP) નક્કી કરેલ છે.

(૧) કોઈપણ કાર્યક્રમ કે સભા કે સરાસ અંગેની પરવાનગી જે-તે આયોજકે લેવાની રહેતી હોય છે. આ ઉપરાંત સદરહુ કાર્યક્રમ કે રસભા કે સરઘરા અંગે આયોજક સિવાય જે-તે ડીજે/લાઉડસ્પીકર માલિક/સંચાલક/operator દ્વારા પણ અલગથી અને સ્વતંત્ર રીતે આવી સિસ્ટમ વગાડવા માટે The Noise Pollution (Regulation & Control) Rules, 2000 મુજબ સક્ષમ સત્તાધિકારી પાસેથી અલગથી ફરજીયાત પરવાનગી મેળવવાની રહેશે.

(૨) આયોજકની પૂરતી ચકાસણી સક્ષમ સત્તાધિકારીએ પરવાનગી આપતા પહેલા કરવી તથા આયોજક વતી પરવાનગી માંગનારને પરવાનગી ન આપીને ફકત આયોજકની ખરાઈ કરીને જ પરવાનગી આપવાની રહેશે. આ જ નિયમ ડીજે/લાઉડસ્પીકર અંગેની પરવાનગી માંગનારને પણ લાગુ પડશે.

(૩) આયોજકને પરવાનગી આપતી વખતે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના તા.૦૩/૧૨/૨૦૧૯નાં નોટિફિકેશના નિયમોનું પાલન કરવાનું રહેશે તેમજ નિર્ધારિત કરવામાં આવેલ માપદંડો પ્રમાણે મર્યાદામાં ડીજે/લાઉડસ્પીકર વગાડશે તે અંગેની બાહેધરી લેવાની રહેશે. ડીજે/લાઉડસ્પીકર માલિક/ સંચાલક/operator એ પણ અલગથી પરવાનગી લેવાની રહેશે તેમજ તેમના દ્વારા પણ ઉપરોક્ત બાંહેધરી અલગથી અને સ્વતંત્ર રીતે આપવાની રહેશે.

(૪) સાઉન્ડ સિસ્ટમ સાથે સાઉન્ડ લિમિટર ઈન્સ્ટોલ કરેલ ન હોય તેવા માલિક/સંચાલક/operatorને મંજૂરી આપવાની રહેશે નહીં.

(૫) સાયલન્સ ઝોનની યાદી દર વર્ષે જિલ્લા કલેક્ટરશ્રી/પોલીસ કમિશ્નરશ્રી દ્વારા જાહેર કરવામાં આવશે તથા તેની યાદી તેમના public do-main પર પણ મુકવામાં આવશે તથા તેની યાદી સ્થાનિક પોલીસને પણ આપવામાં આવશે. સ્થાનિક પોલીસ દ્વારા ડીજે/લાઉડર પીકરની વપરાશ કરવાની પરવાનગી આપતા પહેલા આ બાબત ધ્યાને લેવાની રહેશે તથા તે અનુસાર રૂટ/સ્થાનની પરવાનગી આપવાની રહેશે.

(૬) રાત્રીના ૧૦:૦૦ થી સવારના 09:00 વાગ્યા સુધી ડીજે/લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવશે નહી.

(૭) જે-તે આયોજક તથા જે-તે ડીજે/લાઉડસ્પીકર માલિક/સંચાલક/operator એ પરવાનગી મેળવતી વખતે પરવાનગી આપનાર સત્તાધિકારીને અલગ-અલગ રીતે બાંહેધરી આપવી પડશે કે "અવાજનુ સ્તર પ્રવર્તમાન ધ્વનિ પ્રદૂષણ નિયમો, ૨૦૦૦ માં નિર્ધારિત ધોરણો મુજબ જાળવવામાં આવશે અને જો અવાજનું સ્તર નિર્ધારિત ધોરણો કરતાં વધી જશે તો તેઓ સક્ષમ સત્તાધિકારી દ્વારા થનાર નિયમાનુસારની તમામ કાયદેસરની કાર્યવાહી માટે જવાબદાર રહેશે."

ઉપરોક્ત સૂચનાઓનું કડકપણે પાલન કરવા તમામ લાયરાન્સિંગ સત્તાવાળાઓ તથા પોલીસ સત્તાવાળાઓને આથી જણાવવામાં આવે છે.

વધુમાં, હાલ ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ધ્વારા વંચાણ (૬) થી પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ જાહેર કરાયેલ ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો, ૨૦૦૦ નું અસરકારક અમલીકરણ થાય તેમજ નિ પ્રદૂષણનું અસરકારક નિયંત્રણ થાય તે હેતુથી પોલીસ

સત્તાવાળાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી, નગર પંચાયતો, ગ્રામ પંચાયતો સહિત તમામ લાઈસન્સિંગ સત્તાવાળાઓને નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવેલ છે.

6. સમગ્ર રાજ્યમાં ધ્વનિ પ્રદૂષણના અસરકારક નિયંત્રણ માટે વંચાણે લીધા ક્રમાંક (૪) અને (૫) થી દર્શાવેલ ગૃહ વિભાગના તા.૨૧/૦૩/૨૦૨૪ અને તા:૦૪/૦૫/૨૦૨૪ ના પરિપત્રોનું ચુસ્તપણે અમલીકરણ કરવાનું રહેશે.

7. લાઉડ સ્પીકર/કોઈપણ પ્રકારની સાઉન્ડ સિસ્ટમ લગાવેલા ડી.જે. ટ્રક ધ્વનિ પ્રદૂષણના નિયમોનું ઉલ્લંઘન કરે તો તેમના વિરુદ્ધ તાત્કાલિક નિયમાનુસાર પગલાં લેવાના રહેશે.

8. લાઉડ સ્પીકર/કોઈપણ પ્રકારની સાઉન્ડ સિસ્ટમ લગાવેલા કોઈપણ નવા ડી.જે. ટ્રકને અન્ય સૂચનાઓ પ્રસિદ્ધ ન થાય ત્યાં સુધી પરવાનગી આપવાની રહેશે નહિ.

9. હાલમાં ઉપયોગમાં લેવાઈ રહેલા ડી.જે. ટ્રક માટે સંબંધિત સત્તાવાળાની પરવાનગી લેવામાં આવેલ છે કે કેમ તે અંગેની સંબંધિત સત્તાવાળાએ પૂરતી ચકાસણી કરવાની રહેશે તેમ પરવાનગી વિના ડી.જે. ટ્રક ઉપયોગમાં લેવાતા હોવાની બાબત ધ્યાનમાં આવે તે કિસ્સામે તાત્કાલિક આવા ડી.જે. ટ્રક જપ્ત કરવાના રહેશે.

10. ગૃહ વિભાગના તા:૨૧/૩/૨૦૨૪ અને તા:૦૪/૦૫/૨૦૨૪ ના પરિપત્રો તેમજ આ પરિપત્રનું ચુસ્તપણે અમલીકરણ કરવામાં જો સંબંધિત સત્તાવાળા નિષ્ફળ રહેશે તો નિષ્કાળજી, શિથિલતા, નિષ્ક્રિયતા ગણી તેની સામે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

સબબ ઉપરોક્ત સૂચનાઓનું કડકપણે પાલન કરવા પોલીસ સત્તાવાળાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી, નગર પંચાયતો, ગ્રામ પંચાયતો સહિત તમામ લાઈસન્સિંગ સત્તાવાળાઓને જણાવવા નવસારી જિલ્લામાં ધ્વનિ પ્રદૂષણ અંગે જાહેરનામું બહાર પાડવુ ઉચિત જણાય છે.

-:: હુકમ ::-

વાસ્તે, હું યોગરાજસિંહ બી. ઝાલા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂઈએ સમગ્ર નવસારી જિલ્લાના હદ વિસ્તારમાં તા. ૪/૦૭/૨૦૨૫ થી તા. ૧/૯/૨૦૨૫ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

:: પ્રતિબંધિત કૃત્ય ::

(૧) ડી.જે. / સાઉન્ડ સિસ્ટમ/ પબ્લિક એડ્રેસ સિસ્ટમ / માઈક સિસ્ટમનો રાત્રિના ૧૦:૦૦ કલાક થી સવારના ૦૬:00 કલાક સુધીના સમય દરમ્યાન ઉપયોગ કરવા ઉપર. (સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન જ આવી પરવાનગી રાતના ૧૦:૦૦ કલાક ની જગ્યાએ ૧૨:00 કલાક સુધી મળી શકશે.)

(૨) ડી.જે./ માઈક સિસ્ટમ ભાડે આપનાર, માલિક, ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર દ્વારા સમગ્ર નવસારી જિલ્લાના હુકમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે ડી.જે./માઈક સિસ્ટમ ભાડે આપવા ઉપર.

(૩) હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને "શાંત વિસ્તાર" તરીકે ગણવામાં આવે છે જેથી "શાંત વિસ્તાર" ની આજુબાજુમાં ડી.જે./ માઈક સિસ્ટમ કે તે પ્રકારના અવાજો ઉત્પન્ન કરતા યંત્રોનો ઉપયોગ કરવા ઉપર.

(૫) એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો, ગીતોનો ડી.જે./માઈક સિસ્ટમ માં ઉપયોગ કરવા ઉપર.

(૫) ટ્રાફિકને અડચણ ન થાય તથા ટ્રાફિકના તમામ નિયમો / કાયદાઓનો અમલ થાય તે માટે જાહેર માર્ગમાં રોકાઈને નાચગાન, ગરબા વિગેરે કરવા ઉપર.

(૬) તમામ સાઉન્ડ સિસ્ટમ/ પબ્લિક એડ્રેસ સિસ્ટમમાં “સાઉન્ડ લિમિટર્સ” વગરના વાજિંત્રો/યંત્રો/ સાધનોના ઉપયોગ કરવા ઉપર.

(૭) "સાઉન્ડ લિમિટર્સ" વગરના વાજિંત્રો/ યંત્રો/ સાધનોના વેચાણ/ખરીદી/સપ્લાય કે ઈન્સ્ટોલ કરવા ઉપર.

(૮) "સાઉન્ડ લિમિટર્સ" ઈન્સ્ટોલ કર્યા વગર સાઉન્ડ સિસ્ટમનો વાહનોમાં ઉપયોગ કરવા ઉપર.

(૯) ડી.જે./ માઈક સિસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલીટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલીટી સ્ટાન્ડર્ડ હોવુ જોઈએ તે જોતા ડી.જે. / માઈક સિસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ જોગવાઈઓનો ઉલ્લંઘન કરતા હોય તે રીતે જાહેર જગ્યાએ

ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

:: ડી.જે./માઈક સિસ્ટમ વગાડવા માટેનાં પ્રતિબંધ માંથી છૂટછાટ માટેની શરતો ::

1. ડી.જે./ માઈક સિસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ ભાગીદારે / અરજદારે પરવાનગી મેળવવાની અરજી સબંધિત મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીને ૭-દિવસ પહેલા કરી પૂર્વ મંજૂરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

2. વરઘોડા/ રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી અરજદારશ્રીની રહેશે.

3. નવસારી જિલ્લાના સમગ્ર હદ વિસ્તારના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં ડી.જે. / માઈક સિસ્ટમનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહીં. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકાશે નહીં.

4. પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યક્તિની તેના ઉપર સહી હોવી જોઈએ.

5. પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીશ્રીને અરજી કરવાની રહેશે. પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

6. માઈક સિસ્ટમ વાજીંત્રનો ઉપયોગ ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના 09:00 કલાક થી રાત્રિના ૧૦:૦૦ સલાક સુધી જ થશે.

7. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ, ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે ડી.જે. / માઈક સિસ્ટમ રાત્રિના ૧૦:૦૦ કલાક થી સવારના ૦૬:00 કલાક સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ, આ સમય માટે ડી.જે./ માઈક સિસ્ટમના ઉપયોગ માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

નોંધ:

ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના ૧૦:૦૦ કલાક ના જગ્યાએ ૧૨:૦૦ કલાક વાગ્યા સુધી મળી શકશે.

8. કોઈપણ વિસ્તારમાં હવામાનમાં ઘોંઘાટ, અવાજનું પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડયુલમાં જણાવ્યાી મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ, ૨૦૦૦ થી ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ:- કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સિસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

9. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સિસ્ટમ / વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે તે સંકુલની હદ બહાર જાય નહીં.

10. ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સિસ્ટમ/ વાજીંત્ર સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવું નહીં તથા ચલાવવું નહીં.

11. ડી.જે./ માઈક સિસ્ટમની પરવાનગી ધરાવનાર વ્યકિત, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન કરે તો તેને અટકાવવા માટે અધિકૃત કોઈ પણ અધિકારીશ્રી તેને યોગ્ય લાગે તેટલી મુદ્દત માટે કોઈપણ જગ્યાએ પરવાનગી ધરાવનારને ડી.જે. / માઈક સિસ્ટમ વાપરવા માટે મનાઈ કરવાનો હુકમ કરી શકશે.

12. ફરજ પરનાં અધિકારીશ્રી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગેની શરતોનો કોઈ ભંગ કરે તો વાહન તથા ડી.જે. / માઈક સિસ્ટમ અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી શકશે.

13. સાઉન્ડ લિમિટર લગાવ્યા વિનાના કોઈપણ ડી.જે./ માઈક સિસ્ટમ/ લાઉડ સ્પિકર /પબ્લિક એડ્રેસ સિસ્ટમ/ સાઉન્ડ સિસ્ટમ વિગેરેનો જાહેરમાં ઉપયોગ કરી શકાશે નહી.

:: શિક્ષા ::

આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર/કરાવનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે તથા નવસારી જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ/ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૪/૦૭/૨૦૨૫ના મારી સહી તથા મુદ્દા કરી આપી છે.

વંચાણે લીધુ :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નવસારીના પત્ર ક્રમાંક.એલઆઈબી/શ્રમિક કામ પો.વે./જાહેરનામું/૨૧૯૫/૨૦૨૫ તા.૦૮/૦૭/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

ડીસીબી/એમએજી-૨/જાહેરનામુ/શ્રમિક કામ પો.વે./વશી.૬૦૦૯ થી ૬૦૪૮/૨૦૨૫.- આમુખ(૧)થી પોલીસ અધિક્ષકશ્રી, નવસારી ધ્વારા રજુ થયેલ દરખાસ્ત પરત્વે નવસારી જીલ્લામાં ભુતકાળમાં બનેલ લુંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા બનાવોની વિગતો જોતા ઘણા ખિસ્સાઓમાં રહેણાંક વિસ્તારના મકાનો/બંગલાઓમાં, કારખાનામાં, મકાન બાંધકામમાં, ટેક્ષટાઈલ ઉધોગોમાં, ફેકટરીઓમાં તથા પ્રાઈવેટ સેકટરમાં કામ કરતા ઘરઘાટી નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી, કારીગરો, મજુરો વિગેરે માલિકોનો વિશ્વાસ કેળવી, તેઓ માલિકોની પ્રવૃતિ પર વોચ રાખી પોતે તથા તેના સાગિરતો ગુનાહિત કૃત્યો રચી ભાગી જતા હોય છે તેમજ ઘણા કિસ્સાઓમાં આવા પરપ્રાંતિયો તેમના વતનમાં કે અન્ય કોઈ શહેર/જીલ્લાઓમાં ગંભીર ગુનાઓ આચરી નવસારી જીલ્લામાં આશરો લેતા હોય છે. તેઓના માલિક/ઠેકેદારો વિગેરેની પુરતી માહિતી ન હોવાના કારણે પોલીસ તેઓ સુધી પહોંચી શકતી નથી અને આવા ઈસમો નકસલી આતંકવાદી વિગરે જેવી રાષ્ટ્રદ્રોહી પ્રવૃતિ સાથે સેંકળાયેલ હોય અથવા સંકળાવાના હોય તેવી સંભાવના નકારી શકાય નહી જેના લીધે જીલ્લાની સલામતી અને શાંતી જોખમાય તે યોગ્ય અને ઈચ્છનીય નથી.

જેથી નવસારી જીલ્લામાં મકાનો/બંગલાઓ, કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ટેક્ષ ટાઈલ્સ ઉધોગ, હિરા ઉધોગ, ઓફિસો, દુકાનો, હોટલો, નગર નિગમો માટે મજુરી કામ કરતા પર પ્રાંતિય કોન્ટ્રાકટરના કર્મચારી/કારીગરો/મજુરો, ખાનગી એકમો, ઈંટના ભઠ્ઠા તથા અન્ય ઉધોગો સાથે સંકળાયેલ તમામ પ્રાઈવેટ સેકટરના માલિકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં ઘરઘાટી નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી કર્મચારી, કારીગરો, મજુરો જે હાલમાં કામ ઉપર છે તેવા તેમજ કામ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરો/નોકરોની માહિતી/હકીકત સીટીઝન અંગેની તમામ નોંધણી પોર્ટલ વેબસાઈટ (www.gujhome.gujarat.gov.in) અથવા સીટીઝન ફસ્ટ એન્ડ્રોઈડ એપ્લીકેશન મારફતે ફરજીયાત નોંધણી કરાવવા તથા પોતાની પાસે રાખવા તથા કામ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરો/નોકરની નાગરિકતા ફરજિયાત ચેક કરવા તથા સબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા અંગેનું તથા ઉકત મુદ્દાની સાથે સામે નીચે દર્શાવેલ કોલમ મુજબની માહિતી પણ પોતાની સાથે રાખવા અંગે જાહેરનામું બહાર પાડવા વિનંતી કરેલ છે.

અ.ન.	વિગત
૧	મકાન/બંગલા, કારખાનેદાર, મકાન બાંધકામ બિલ્ડર્સ, ટેક્ષટાઈલ્સ ઉધોગ, હીરા ઉધોગ તથા અન્ય ઉધોગ સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલિકો/દલાલ/મેનેજમેન્ટ/સ્ટાફનું નામ તથા સરનામું અને ટેલીફોન નંબર.
૨	કામે રાખેલ નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઈવરો/રસોઈયા ઓનું પુરૂ નામ ઓળખ ચિન્હો, હાલનું પુરૂ સરનામુ, સ્થાનિક પો.સ્ટે.નું નામ, ટેલી ફોન નંબર
૩	કામે રાખેલ નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઈવરો/રસોઈયા ઓનું મુળ વતનનું પુરૂ સરનામુ, સ્થાનિક પો.સ્ટે.નું નામ, ટેલી ફોન નંબર.
૪	નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઈવરો/રસોઈયા ઓને રાખ્યાની તારીખ
૫	કોના ભલામણથી/ઓળખાણથી નોકરીએ રાખેલ છે તેનું નામ/સરનામુ/ટેલી ફોન નંબર
૬	નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઈવરો/રસોઈયા નાઓના બે થી ત્રણ સગા સબંધિના નામ સરનામા, (સ્થાનિક તેમજ વતનના)

૭	નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઈવરો/રસોઈયાઓનો ફોટો
૮	નાગરિકતાના પુરાવા (આધારકાર્ડ, પાનકાર્ડ, ચુંટણીકાર્ડ તથા અન્ય વિગેરે)
૯	નોકરો/મજુરો/કારીગરો જો વિદેશી નાગરિક હોય તો ફોરેનર્સ બ્રાંચ (એલ.આઈ.બી.) માં જાણ કરવી.

વાસ્તે હું, યોગરાજસિંહ બી. ઝાલા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩-(BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રુએ હુકમ કરૂં છું કે, નવસારી જીલ્લામાં મકાનો/બંગલાઓ, કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ટેક્ષ ટાઈલ્સ ઉધોગ, હિરા ઉધોગ, ઓફિસો, દુકાનો, હોટલો, નગર નિગમો માટે મજુરી કામ કરતા પર પ્રાંતિય કોન્ટ્રાકટરના કર્મચારી/કારીગરો/મજુરો, ખાનગી એકમો, ઈંટના ભઠ્ઠા તથા અન્ય ઉધોગો સાથે સંકળાયેલ તમામ પ્રાઈવેટ સેકટરના માલિકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં ધરઘાટી નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી કર્મચારી, કારીગરો, મજુરો જે હાલમાં કામ ઉપર છે તેવા તેમજ કામ તમામ નોંધણી સીટીઝન પોર્ટલ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરો/નોકરોની માહિતી/હકીકત અંગેની વેબસાઈટ (www.gujhome.gujarat.gov.in) અથવા સીટીઝન ફસ્ટ એન્ડ્રોઈડ એપ્લીકેશન મારફતે ફરજીયાત નોંધણી કરાવવા તથા પોતાની પાસે રાખવા તથા કામ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરો/નોકરની નાગરિકતા ફરજિયાત ચેક કરવા તથા સબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા અંગેનું તથા ઉકત મુદ્દાની સાથે સામે નીચે દર્શાવેલ કોલમ મુજબની માહિતી પણ પોતાની સાથે રાખવા ફરમાવું છું.

::અમલવારીનો સમય::

આ હુકમ તા.૧૨/૦૭/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૦૯/૦૯/૨૦૨૫ ક. ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

::વિસ્તાર::

સમગ્ર નવસારી જિલ્લો

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૦/૦૭/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

વંચાણે લીધું:-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા×મ) વિભાગ નવસારીના પત્ર ક્રમાંક:જા.નં પંપેવિ/બાંધકામ/ વશી. ૩૪૯૦/૨૦૨૫ તા.૨૭/૦૫/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, નવસારીના પત્ર નં.એલ.આઈ.બી./જાહેરનામુ/અભિપ્રાય/૧૬૬૮/૨૦૨૫ તા.૧૨/૦૬/૨૦૨૫

(૩) સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, વાંસદાના કચેરીના ઈ-સરકાર Letter No: POVNSD/0025/07/2025 તા.૧૧/૦૭/૨૦૨૫

(૪) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ અન્વયે

નં.ડીસીબી/એમએજી/માર્ગ/ડાયવર્ટ/જા.ના./વશી.૬૦૬૨ થી ૬૦૯૧/૨૦૨૫.-આમુખ-(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત(મામ) વિભાગ નવસારીએ વાંસદા તાલુકાના પેટા વિભાગીય કચેરી, સદા હસ્તકના ખાંભલા બિલમોડા રોડ ૧/૬૦ થી ૧/૮૦ ઉપર કાવેરી નદી પર આવેલ હયાત ડુબાઉ ચેકડેમ કોઝ-વેની જગ્યાએ હાઈ લેવલ મેજર બ્રીજ બનાવવાનું કામ બજેટ ઉચ્ચક જોગવાય યોજના હેઠળ કરારનામા નં- બી-૧/૧૭ સને ૨૦૨૪-૨૫ થી મંજુર થયેલ છે. સદર કામ ની સમય મર્યાદા તા. ૦૧/૧૦/૨૦૨૪ થી શરૂ કરી તા.૩૦/૦૯/૨૦૨૫ સુધીની છે. તેમજ કાવેરી નદી પરનો હયાત ચેકડેમ કોઝ-વે નબળો છે. જેથી ચોમાસાની ઋતુ દરમિયાન ભારે વરસાદના કારણે વખતો વખત ડૂબી જવાની શક્યતા હોય, ચોમાસા દરમિયાન કોઈ આકસ્મિક બનાવ ના બને તે હેતુથી ચોમાસા દરમ્યાન ભારે વાહનો માટે ખાંભલા ગામથી બિલમોડા ગામ તરફ અને બિલમોડા ગામ થી ખાંભલા ગામ તરફ ચેકડેમ કમ કોઝ-વે ઉપરથી જતા ભારે વાહનોને ખાંભલા થી ઉગા (જી.ડાંગ) થી વાનરચોંડ (જી.ડાંગ) થી ડોકપાતાળ (જી.ડાંગ) થી જામલાપાડા (જી.ડાંગ) થી બારખાંધ્યા (જી.ડાંગ) થી હડકાઈચોંઢ (મહારાષ્ટ્ર રાજ્ય) થી SH-22 રોડ (મહારાષ્ટ્ર રાજ્ય) થઈ બિલમોડા ગામે આશરે કુલ ૧૫.૫૦ કિમી જેટલું અંતર કાપી જવા વૈકલ્પિક માર્ગ ઉપર રસ્તાને ડાયવર્ઝન આપવા જરૂરી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ. જે અન્વયે આમુખ(૨)થી પોલીસ અધિક્ષકશ્રી નવસારી ધ્વારા ડાયવર્ઝન જણાવેલ વૈકલ્પિક રૂટ ઉપર ડાયવર્ટ કરવા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા હકારાત્મક અભિપ્રાય આપેલ અને આમુખ(૩)થી સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, વાંસદા ધ્વારા ઉપરોકત જાહેરનામુ બહાર પાડવા અત્રે હકારાત્મક અભિપ્રાય અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું યોગરાજસિંહ બી. ઝાલા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ થી મને મળેલ સતાની રૂએ, ભારે વાહનો માટે ખાંભલા ગામથી બિલમોડા ગામ તરફ અને બિલમોડા ગામ થી ખાંભલા ગામ તરફ ચેકડેમ કમ કોઝ-

વે ઉપરથી જતા ભારે વાહનો માટે નવસારી જિલ્લાની હદમાં સમાવેશ થતાં વિસ્તાર સુધી તા.૧૧/૦૭/૨૦૨૫ થી ૦૮/૦૯/૨૦૨૫ સુધી બંધ કરી વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે તેમજ પ્રતિબંધના સમયગાળા દરમ્યાન નીચે જણાવેલ વૈકલ્પિક માર્ગ ઉપર વાહનોની અવર જવર ડાયવર્ટ કરવા હુકમ ફરમાવુ છું.

-વૈકલ્પિક માર્ગની વિગત:-

ક્રમ	રૂટ	વૈકલ્પિક રૂટ
૧	ખાંભલા ગામથી બિલમોડા ગામ તરફ અને બિલમોડા ગામથી ખાંભલા ગામ તરફ ચેકડેમ કમ કોઝ-વે ઉપર	વાહનોને ખાંભલા થી ઉગા (જી.ડાંગ) થી વાનરચોંડ (જી.ડાંગ) થી ડોકપાતાળ (જીડાંગ) થી જામલાપાડા (જી.ડાંગ) થી બારખાંધ્યા (જી.ડાંગ) થી હડકાઈચોંઢ (મહારાષ્ટ્ર રાજ્ય) થી SH-22 રોડ (મહારાષ્ટ્ર રાજ્ય) થઈ બિલમોડા જતાં માર્ગો પૈકી નવસારી જિલ્લાની હદ વિસ્તારમાં આવતાં માર્ગના અંતર સુધી.

આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર વ્યકિતને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ માં ઠરાવ્યા મુજબની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧ /૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા કરી છે.

વંચાણે લીધું:-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા.મ.) વિભાગ નવસારીના પત્ર ક્રમાંક:જા.નં-પંપેવિ/બાંધકામ/વશી./૩૪૯૧/૨૦૨૫ તા.૨૭/૦૫/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, નવસારીના પત્ર નં.એલ.આઈ.બી./જાહેરનામુ/અભિપ્રાય/૧૮૦૯/૨૦૨૫ તા.૦૯/૦૬/૨૦૨૫

(૩) સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, વાંસદાના કચેરીના ઈ-સરકાર Letter No: POVNSD/0026/07/2025 તા.૧૧/૦૭/૨૦૨૫

(૪) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩

-જાહેરનામું:-

નં.ડીસીબી/એમએજી/માર્ગ/ડાયવર્ટ/જા.ના./વશી.૬૧૧૦ થી ૬૧૪૯/૨૦૨૫.-આમુખ-(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા,×મ.) વિભાગ નવસારીએ ખેરગામ તાલુકાના પાટી તોરણવેરા બારતાડ રોડ ચે.૦/૦ થી ૦/૨ ઉપર તાન નદી પર આવેલ હયાત કોઝવે ની જગ્યાએ હાઈ લેવલ સબમર્સીબિલ બ્રીજ બનાવવાનું કામ પી.એમ.જી.એસ.વાય. યોજના હેઠળ કરારનામા નં. બી-૧/૧૪૩ સને ૨૦૨૩-૨૪ થી મંજુર થયેલ છે. સદર કામ બાબતે તાન નદી પરનો હયાત કોઝ-વે હાલ તોડી નાખવામાં આવેલ છે. હાલ સદર સ્ટ્રકચરની બાજુમાં ડાયવર્ઝન આપવામાં આવેલ છે, પરંતુ ચોમાસા દરમિયાન ભારે વરસાદના કારણે વખતો વખત ડાયવર્ઝ ન ડૂબી જવાની શક્યતા હોય, ચોમાસા દરમિયાન કોઈ આકસ્મિક બનાવ ના બને તે હેતુથી સદર રૂટના ડાયવર્ઝન માટેની મંજુરી મેળવવાની અત્રે કરવામાં આવેલ, જે અન્વયે ચોમાસા દરમ્યાન (૧) પાટી ગામમાંથી ખટાણા ગામ તરફ કોઝ-વે ઉપરથી જતા વાહનોને પાટી ચોકડીથી ડાયવર્ટ કરી વડપાડા ચોકડી થઈ રૂમલા કરંજવેલી સ્ટેટ હાઈવે થઈ ખટાણા ગામે ખટાણા ગ્રામ પંચાયત રોડ થઈ આશરે કુલ ૧૦.૦૦ કિમી જેટલું અંતર કાપી જવાનું રહેશે. (૨) ખટાણા ગામથી પાટી ગામ તરફ જતા વાહનોને ખટાણા ગ્રામ પંચાયત રોડ થઈ રૂમલા કરંજવેરી સ્ટેટ હાઈવે થઈ વડપાડા ચોકડી પાસેથી પાટી ચાર રસ્તા થઈ આશરે કુલ ૧૦.૦૦ કિમી જેટલું અંતર કાપી જવા વૈકલ્પિક માર્ગ ઉપર રસ્તાને ડાયવર્ઝન આપવા જરૂરી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ. જે અન્વયે આમુખ(૨)થી પોલીસ અધિક્ષકશ્રી નવસારી ધ્વારા ડાયવર્ઝન જણાવેલ વૈકલ્પિક રૂટ ઉપર ડાયવર્ટ કરવા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા હકારાત્મક અભિપ્રાય આપેલ અને આમુખ(૩)થી સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, વાંસદા ધ્વારા ઉપરોકત જાહેરનામુ બહાર પાડવા અત્રે હકારાત્મક અભિપ્રાય અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું યોગરાજસિંહ બી. ઝાલા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ થી મને મળેલ સતાની રૂએ, ૧) પાટી ગામમાંથી ખટાણા ગામ તરફ કોઝ-વે ઉપરથી જતા તથા (૨) ખટાણા ગામથી પાટી ગામ તરફ જતા વાહનો માટે ફકત નવસારી જિલ્લાની હદમાં સમાવેશ થતાં વિસ્તાર માટે તા-૧૧/૦૭/૨૦૨૫ થી ૦૮/૦૯/૨૦૨૫ સુધી બંધ કરી વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે તેમજ પ્રતિબંધના સમયગાળા દરમ્યાન નીચે જણાવેલ વૈકલ્પિક માર્ગ ઉપર વાહનોની અવર જવર ડાયવર્ટ કરવા હુકમ ફરમાવુ છું.

-વૈકલ્પિક માર્ગની વિગત:-

ક્રમ	રૂટ	વૈકલ્પિક રૂટ
૧	પાટી ગામમાંથી ખટાણા ગામ તરફ કોઝ-વે ઉપર	વાહનોને પાટી ચોકડીથી ડાયવર્ટ કરી વડપાડા ચોકડી થઈ રૂમલા કરંજવેલી સ્ટેટ હાઈવે થઈ ખટાણા ગામે ખટાણા ગ્રામ પંચાયત રોડ થઈ (ફકત નવસારી જિલ્લાના હદ વિસ્તાર પુરતુ)

૨	ખટાણા ગામથી પાટી ગામ તરફ જતા	વાહનોને ખટાણા ગ્રામ પંચાયત રોડ થઈ રૂમલા કરંજવેરી સ્ટેટ હાઈવે થઈ વડપાડા ચોકડી પાસેથી પાટી ચાર રસ્તા થઈ (ફક્ત નવસારી જિલ્લાના હદ વિસ્તાર પુરતુ)

આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર વ્યકિતને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ માં ઠરાવ્યા મુજબની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૧ /૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા કરી છે.

વંચાણે લીધું :-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી રા.ધો.વિ. ભરૂચના પત્ર નં.રા.ધો.વિ./પીબી/૯૪૭/૨૦૨૫ તા.૧૫/૦૬/૨૦૨૫

(૨) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી નવસારીના પત્ર નં. એમએજી /જાહેરનામું/vn / 2404/24 11.9919124

(૩) પોલીસ અધિક્ષાકશ્રી, નવસારીના પત્ર નં. એલઆઈબી/જાહેરનામુ/અભિપ્રાય/૨૩૦૪/૨૫ તા.૧૭/૭/૨૫

(૪) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩

-:: જાહેરનામું :: -

નં.ડીસીબી/એમએજી/માર્ગ/ડાયવર્ટ/જા.ના/વશી. ૬૧૮૨ થી ૬૨૨૧ /૨૦૨૫.-આમુખ(૧)થી કાર્યપાલક ઈજનેરશ્રી રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ ભરૂચ ધ્વારા નવસારી જિલ્લામાં આવેલ રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ (કસ્બાપર-વિરાવળ-નવસારી રોડ) પર આવેલ પૂર્ણા નદી બ્રિજ (ચેઈનેજ કિ. મી. ૩૬3/00 થી ૩૬૩/૪૦૦) જે વર્ષ ૧૯૭૮ માં બનાવવામાં આવેલ હતો. હાલમાં આ બ્રિજ બન્યાને ૪૭ વર્ષ પૂર્ણ થયેલ હોય અને તાજેતરમાં વડોદરા જિલ્લામાં ગંભીરા બ્રિજ પર થયેલ હોનારતને ધ્યાને લેતા સદર બ્રીજનું ઈન્સ્પેકશન ડિઝાઈન સર્કલ, ગાંધીનગરના અધિકારીશ્રીની હાજરીમાં કરવામાં આવેલ. સદર બ્રીજનું ઈન્સ્પેકશન કરતાં ડિઝાઈન સર્કલ, ગાંધીનગર દ્વારા સદર બ્રીજ "પૂવર" કન્ડીશનમાં માલૂમ જણાતા સદર બ્રીજ ભારે વાહનોની અવર જવર માટે બંધ કરવો હિતાવહ છે તેમ જણાવેલ. જેથી સલામતીના ભાગ રૂપે સદર બ્રીજ ભારે વાહનો, એસ.ટી બસ તેમજ અન્ય તમામ હેવી મોટર વહીકલની અવરજવર પર પ્રતિબંધ મૂકી ફક્ત લાઈટ મોટર વ્હીકલ અને લાઈટ ઈમરજન્સી વ્હીકલ જેવા હળવા વજનના વાહનોની અવર-જવર ચાલુ રાખી તેમજ ઉપરોક્ત રોડ સેક્શન બંધ થવાથી વાહનોની અવર-જવર માટે નીચે મુજબ ડાયવર્ઝન રૂટ અન્વયે જાહેરનામું પ્રસિદ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

(૧) સુરત તથા સચિન (SH-6)થી નવસારી તરફ આવતા ભારે વાહનો

- મરોલી-વેસ્મા રોડ(SH-195)થી નેશનલ હાઈવે-૪૮ થી નવસારી તરફ પસાર થઈ શકશે.
- કરબાપર-આમરી-ધોળાપીપળા રોડ (ODR) થી નેશનલ હાઈવે-૪૮ થી નવસારી તરફ પસાર થઈ શકશે.

(૨) નવસારીથી સુરત તથા સચિન (SH-6) તરફ જતાં ભારે વાહનો

- નવસારીથી નેશનલ હાઈવે-૪૮ થી મરોલી-વેસ્મા રોડ(SH-195)થી સુરત તથા સચિન તરફ પસાર થઈ શકશે.
- નવસારીથી નેશનલ હાઈવે-૪૮ થી કરબાપર-આમરી-ધોળાપીપળા રોડ (ODR)થી સુરત તથા સચિન તરફ પસાર થઈ શકશે.

ઉકત દરખાસ્ત અન્વયે આમુખ(૨)થી સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી નવસારી તેમજ આમુખ(૩)થી પોલીસ અધિક્ષકશ્રી નવસારી ધ્વારા ઉપરોકત જાહેરનામુ બહાર પાડવા અન્વયે હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

વાસ્તે, હું યોગરાજસિંહ બી. ઝાલા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) મુજબ મને મળેલ સતાની રૂએ, રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ (કસ્બાપર-વિરાવળ-નવસારી રોડ) પર આવેલ પૂર્ણા નદી બ્રિજ (ચેઈનેજ કિ. મી. ૩૬3/00 થી ૩૬૩/૪૦૦) ઉપર ભારે કોમર્શિયલ વાહનોના અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું તથા નીચે મુજબનાં રસ્તા પર ડાયવર્ઝન આપવા આથી હુકમ કરું છું.

::વૈકલ્પિક માર્ગ::

અ.નં.	ભારે વાહનો માટે પ્રતિબંધિત રૂટ	ડાયવર્ઝન રૂટ
૧	સુરત તથા સચીન (SH-6) થી નવસારી તરફ આવતા ભારે વાહનો (પુર્ણા નદી બ્રિજ ઉત્તર છેડે થી વિરાવળ ગામ તરફના દક્ષિણ છેડા સુધીનો માર્ગ)	● સુરત-સચીન તરફથી આવતા ભારે વાહનો કસ્બાપાર ત્રણ રસ્તા -આમરી-ધોળાપીપળા-ને.હા. નં-૪૮- ગ્રીડ થઈ નવસારી શહેરમાં પ્રવેશ કરી શકશે. ● સુરત-સચીન તરફથી આવતા ભારે વાહનો મરોલી-વેસ્મા રોડ-ને. હા.નં.૪૮-ગ્રીડ થઈ શહેરમાં પ્રવેશ કરી શકશે.

૨	નવસારી થી સુરત તથા રાચીન (SH-6) તરફ જતા ભારે વાહનો (પુર્ણા નદી બ્રિજ વિરાવળ ગામ તરફના દક્ષિણ છેડા થી પુર્ણા નદીના ઉત્તર છેડા સુધીનો માર્ગ)	● સુરત, સચીન, તરફ જવા માટે વિવેકાનંદ સર્કલ થી ગ્રીડ-ને.હા.૪૮ વેસ્મા થી મરોલી રોડનો ઉપયોગ કરી સુરત તરફ જઈ શકશે. ● સુરત, સચીન તરફ જવા માટે- વિવેકાનંદ સર્કલ થી ગ્રીડ-ને.હા. ૪૮ -ધોળાપીપળા થી આમરી-કરબાપાર ત્રણ રસ્તા થઈ સુરત તરફ જઈ શકશે.

:: શિક્ષા ::

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નવસારી જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારી/કર્મચારીશ્રીઓ તથા માર્ગ અને મકાન સ્ટેટ વિભાગ હસ્તકના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીને આ જાહેરનામાના ભંગ/ઉલ્લંઘન બદલ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

::અમલવારીનો સમય::

આ હુકમ તા.૧૬/૦૭/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા. ૧૫/૦૯/૨૦૨૫ના ક.૦૦/૦૦ સુધી અમલમાં રહેશે.

પોલીસ અધિક્ષકશ્રી, નવસારી, કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન સ્ટેટ, નવસારી તથા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, નવસારીએ સદર જાહેરનામાનો ચુસ્તપણે અમલ કરાવવા ઉત્ત મુજબના સુચવેલ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ થાય તે અંગેની કામગીરી કરવાની રહેશે.

આજ તારીખ ૧૭ /૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા કરી છે.

વંચાણે લીધું

● પોલીસ અધિક્ષક નવસારીના પત્ર નં. એલ.આઈ.બી/CCTV કેમેરા/જા. નામું/૨૨૭૨/૨૦૨૫.

જાહેરનામું

: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧)અન્વયેનું :-

નં.ડીસીબી/એમએજી/CCTV/જા.ના./વશી. ૬૨૨૩ થી ૬૨૬૨/૨૦૨૫.-આમુખ-૧થી પોલીસ અધિક્ષકશ્રી, નવસારીની દરખાસ્તને ધ્યાને લેતાં, રાષ્ટ્રીય સુરક્ષા અને રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિઓ ઉપર સતત વોચ રાખવા ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત અહેવાલો તથા ગુજરાતમાં ભુતકાળમાં બનેલ આંતકવાદી તત્વો ધ્વારા અલગ અલગ જગ્યાઓએ શ્રેણી બધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તેમજ મિલ્કત હાની કરવામાં આવેલ આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિ કરતી ગેંગ રાજય બહારથી આવે છે. ગેરકાયદેસર પ્રવૃત્તિને કારણે નાગરીકોના જીવ જોખમાય છે. મિલ્કતને હાની પહોંચે છે. નાગરીકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય છે અને તંત્ર પ્રત્યે ધીમે ધીમે નાગરીકો વિશ્વાસ ગુમાવે છે. મંદિરોમાંથી આભુષણોની ચોરી, વાહન ચોરીઓ, એન્ટીક મુર્તિઓની ચોરી, ધાડ, લુંટના ગુનાનાં કારણે નાગરીકો અસલામતી અનુભવે છે. આ પ્રકારના ગુનાઓ આચરતા ગુનેગારોને પકડવામાં મુશ્કેલ બને છે. જેથી પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક: જી.૧/કા.વ્ય/2.2/જાહેરનામુ/૮૩૯/૨૦૧૨ ના પત્રના પત્રથી મળેલ સુચના અન્વયે.

હું, યોગરાજસિંહ બી.ઝાલા (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ નવસારી જિલ્લો નવસારી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) નવસારી જિલ્લામાં થતી ઘાડ, લુંટ અને ચોરીઓના ગુના અટકાવવા માટે તથા વણશોધાયેલ ગુનાઓ શોધવા માટે જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલપંપ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ મુકવામાં આવે તો ગુનેગારો અને ગુનામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફીકેશન થઈ શકે ગુનો ડીટેકટ કરવામાં આ કડી મહત્વની બને એટલુ જ નહી ગુનેગારોની વિરુધ્ધમાં આ અંગેનો સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય જેથી જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલપંપ ઉપરના ફીલીંગ સ્ટેશનો ઉપર તથા પેટ્રોલપંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે અને ડ્રાઈવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યકિતનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે ગોઠવવા પેટ્રોલપંપ ઉપર આવતી જતી વ્યકિતોઓ તથા વાહનોની ઓળખ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૨) નવસારી જિલ્લામાં આવેલ તમામ હોટલના ભોજનકક્ષ તથા હોટલની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તથા ભોજનકક્ષમાં બેઠેલી વ્યકિતઓનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૩) નવસારી જિલ્લામાં આવેલ તમામ ટોલ પ્લાઝા ઉપર આવતાં જતા દરેક વાહનોનાં નંબર આઈડેન્ટીફીકેશન થાય તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૪) નવસારી જિલ્લામાં આવેલ તમામ એ.ટી.એમ. સેન્ટરો ઉપર સી.સી.ટી.વી. કેમેરા અને ખાનગી સિકયુરીટી ગાર્ડ (૨૪ કલાક માટે) રાખવાં જેથી વ્યકિત ઓનું આઈડેન્ટીફીકેશન થઈ શકે સી.સી.ટી.વી. કેમેરા રાત્રી દરમ્યાન રેકોર્ડીંગ કરી શકે તેવા કવોલીટીનાં રાખવા ૩૦ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તે વ્યવસ્થા રાખવી.

(૫) નવસારી જિલ્લામાં આવેલ તમામ મોલ, પાર્ટી પ્લોટ, સિનેમા ગૃહો, બેન્કો, કલબો, અન્ય વ્યવસાયિક પ્રતિષ્ઠ ઈમારતો વિગેરે જગ્યાઓમાં અંદર બહારના વિસ્તારો પણ આવરી લે તે રીતે નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન સી.સી.ટી.વી. કેમેરા લગાડવા તથા સી.સી.ટી.વી. કેમેરાનું રેકોર્ડીંગ ૩૦-દિવસ સુધી સંગ્રહ કરવાનું અને તે જોવાની જવાબદારી સંચાલક/માલિકની રહેશે.

(૬) સી.સી.ટી.વી. કેમેરા નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશનનાં રાખવા કેમેરા પુરતી સંખ્યામાં રાખવાં જેથી વ્યકિત કે વાહન આઈડેન્ટીફીકેશન થઈ શકે સી.સી.ટી.વી. કેમેરા રાત્રી દરમ્યાન રેકોડીંગ કરી શકે તેવા કવોલીટીનાં રાખવા ૩૦ દિવસ સુધી રેકોડીંગ રહે તે વ્યવસ્થા રાખવી.

(૭) ચીલઝડપ, ચોરી, ધાડ, લુંટ, બોમ્બ બ્લાસ્ટ કરવાના પ્રયત્નો તથા સમાજ વિરોધી તત્વો ખાસ કરીને ભીડ-ભાડવાળા તેમજ લોકોની અવર-જવરવાળા વિસ્તારથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસરની પ્રવૃતિને અંજામ આપતા હોય છે. જેથી માનવ જીંદગીની ખુવારી ન થાય અને લોકોની માલ-મિલકતને નુકશાન ન થાય તે માટે જરૂરી તકેદારી રાખવા સારુ નવસારી જિલ્લામાં આવેલ મોટા ધાર્મિક સ્થળો કે જયાં કાયદો અને વ્યવસ્થા જોખમાવાની શક્યતા હોય, બેંકો, નાણાંકીય સંસ્થાઓ, સોના ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર જવેલર્સની દુકાનો, આંગડીયા પેઢીઓ, સુપર માર્કેટ/શોપીંગમોલ, શોપીંગ સેન્ટરો, કોર્મશીયલ સેન્ટરો, હોટલો, ગેસ્ટ હાઉસો, થિયેટરો, લોજીંગ બોર્ડીંગો, ધર્મશાળાઓ, અતિથીગૃહો,વિશ્રામગૃહોમાં બહુમાળી બિલ્ડીંગોમાં તથા મોટા ધાર્મિક સ્થળોમાં અંદરના ભાગે સી.સી.ટી.વી. કેમેરા મુકવા.

: સમયગાળો :-

આ હુકમ તા. ૧૯-૦૭-૨૦૨૫ થી તા.૧૬-૦૯-૨૦૨૫ સુધી સમગ્ર નવસારી જિલ્લામાં અમલમાં રહેશે.

-: શિક્ષા :-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે. નવસારી જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૮/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

વંચાણે લીધું

- પોલીસ અધિક્ષક નવસારીના પત્ર નં.એલ.આઈ.બી/ભાડુઆત/જાહેરનામું/૨૨૬૯/૨૦૨૫,તા.૧૫/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) હેઠળનું:-

નં.ડીસીબી/એમએજી/ભાડુઆત/વશી.૬૨૬૩ થી ૬૩૦૨/૨૦૨૫.-આમુખ-૧થી પોલીસ અધિક્ષકશ્રી, નવસારીની દરખાસ્તને ધ્યાને લેતાં, બહારના રાજયોમાંથી તથા ગુજરાતના : અન્યવિસ્તારમાંથી અગર દેશ બહારથી આવતાં ત્રાસવાદી/અસામાજીકતત્વોકોઈના મકાન, ધંધાના એકમો, ઓફિસો ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યાવિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતાં હોય છે. જેથી ભાડેથી મકાન, ધંધાના એકમો, ઓફિસોવિગેરેના સંચાલકો/માલિકો ઉપર નિયંત્રણો મુકવા સારૂ તેઓના ભાડુઆતોનાં મુળ રહેઠાણ/ હાલના રહેઠાણ અને અત્રે શું કામ ધંધાથી આવેલ છે અને કોની ભલામણથી ભાડુઆત આવેલ છે તે અંગેની ભાડૂઆતોની માહિતી / આઈ.ડી.પ્રુફ / ભાડા કરાર તથા હાલના ફોટોગ્રાફસ સહિતનીમાહિતી ઉપરાંત તેમનો ગુનાહિત ઈતિહાસ મેળવી સંબધિત પોલીસ સ્ટેશનમાં આપવા અંગેનું જાહેરનામું ઉકત સંદર્ભિત પત્રથી પ્રસિધ્ધ કરવામાં આવેલ જે જાહેરનામાંની મુદત તા.૧૮/૦૭/૨૦૨૫ ના રોજ પૂર્ણ થનાર હોય, સદરહું જાહેરનામું પુનઃ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

જિલ્લામાં ભુતકાળમાં તથા તાજેતરમાં લુંટ, ધાડ,ખુન તથા અપહરણ જેવા બનાવો બનેલ, આવા ગુનાઓની વિગતોમાં એવુ જોવા મળેલ કે કારખાનામાં, મકાન બાંધકામમાં તથા ફેકટરીઓમાં કામ કરતા પરપ્રાંતીય કારીગરો, તથા ગુજરાતના અન્યવિસ્તારના લોકો ઉપરોકત ગંભીર પ્રકારના ગુન્હાપોતે તથા તેના સાગરીતો ધ્વારા આચર્યા બાદ ગુજરાતમાં અથવા અન્ય રાજયોમાં, પોતાના વતનમાં ભાગી જતા હોય છે. જેના કારણે આવા ગુન્હાઓ વણશોધાયેલા રહેવા પામે છે. તેમજ ઘણાં કિસ્સામાં પરપ્રાંતીઓ, ગુજરાતના અન્યવિસ્તારના લોકો તેમના વતનમાં કે અન્ય કોઈ શહેરમાં ગંભીર ગુનાઓ આચરી અત્રેના જિલ્લામાં આશરો લેતા હોય છે તેવી હકીકત જણાઈ આવેલ છે. આવા ઈસમો, જિલ્લાની સલામતી અને શાંતિ જોખમાય તેવા કૃત્ય કરતાં હોય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ સરકારશ્રીના ગૃહવિભાગના નં.વિ.૧-કઅવ-૧૦૨૦૦૮-૧૪૪૫૭, તા.૫/૧૨/૨૦૦૮ ના પત્રથી મળેલ સુચના અન્વયે હું યોગરાજસિંહ બી.ઝાલા, જી.એ.એસ. અધિકજિલ્લા મેજીસ્ટ્રેટ નવસારી, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

૧. સમગ્ર નવસારી જિલ્લામાં આવેલ તમામ કારખાનેદારો, વાણિજય એકમો, ઉત્પાદન એકમો, જુદાજુદા પ્રકારની સેવાઓ મેળવતા તમામ પ્રકારના એકમો કે શૈક્ષણિક એકમોકે બાકી રહેતા તમામ પ્રકારના એકમો કે જેઓ બહારના માણસોની સેવાઓ એક યા બીજી રીતે કાયમી કે કામચલાઉ ધોરણે પ્રાપ્ત કરી પોતાની કામગીરીનું સંચાલન કરે છે. તેમને આ જાહેરનામુ લાગુ પડશે. મકાન બાંધકામ બિલ્ડર્સ તથા અન્યઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો / મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો જે હાલમાં કામ ઉપર છે. તેવા કાયમી, હંગામી, રોજીદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરો તથા મકાન માલિકોએ તેમના રાખેલ ભાડુઆતની માહિતી વિગેરેની હકીકત તૈયાર કરી સબંધિત જે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે તા.૧૯/૦૮/૨૦૨૫ સુધીમાં આપવાની રહેશે.

૨. સમગ્ર નવસારી જિલ્લામાં આવેલ તમામ કારખાનેદારો,વાણિજય એકમો,જુદા જુદા પ્રકારની સેવાઓ મેળવતા તમામ પ્રકારના એકમો કે રહેણાંક એકમો કે શૈક્ષણિક એકમો કે બાકી રહેતા તમામ પ્રકારના એકમો કે જેઓ બહારના માણસોની સેવાઓ એક યા બીજી રીતે કાયમી કે કામચલાઉ ધોરણે પ્રાપ્ત કરી પોતાની કામગીરીનું સંચાલન કરે છે, મકાન બાંધકામ બિલ્ડર્સ તથા અન્યઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો જે હવે પછી કામ ઉપર રાખશે ત્યારે આવા કામ ઉપર રાખનાર કાયમી, હંગામી, રોજીદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરોની હકીકત તૈયાર કરી સબંધીત વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે દિન-૦૫માં આપવાની રહેશે.

ઉક્ત મુદ્દા. નં.૧ અને ૨ ની માહિતી નીચે દર્શાવેલ પરિશિષ્ટ-૧ અને ૨ મુજબની હકીકતતથા અન્ય જરૂરી બાયોડેટાની રજીસ્ટર તૈયાર કરી દિન-૦૫ માં જે તે વિસ્તારના પોલીસ સ્ટેશને આપવાનું રહેશે.

પરિશિષ્ટ-૧

અ.નં.	માલીકનું નામ સરનામું, ટેલીફોન, મોબાઈલ નંબર તથા ધંધાની વિગત	કર્મચારીઓ, કારીગરો, મજુરનું પુરૂ નામ ઓળખચિન્હ તથા, સરનામું, ટેલીફોન નંબર તથા બે થી ત્રણ સગા સબંધીઓના નામ -સરનામા	કર્મચારી, કારીગર, મજુરને નોકરીએ રાખ્યાની તારીખ	કર્મચારી, કારીગર, મજુરને કોના રેફરન્સ, પરિચયથી ભલામણ થી નોકરીએ રાખેલ છે. તેનું નામ-સરનામું ટેલીફોન નંબર	નોકરનો ફોટો
૧	૨	૩	૪	૫	૬

પરિશિષ્ટ-૨

અ.નં.	મકાન/દુકાન/ઓફિસ ઔધોગિક એકમના ભાડે આપેલ તેની વિગત કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ	મકાન/દુકાન/ઓફિસ ઔધોગિક એકમના માલિક તથા સત્તા વ્યક્તિનું સરનામું ધરાવતા નામ, ટેલીફોન નંબર	મકાન/દુકાન/ઓફિસ ઔધોગિક એકમ જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ	મકાન/દુકાન/ઓફિસ સબંધીઓના ઔધોગિક એકમ જે વ્યક્તિને ભાડે આપેલ છે તેનું પુરૂ નામ, સરનામું તથા બે નામ, સરનામાની વિગત	મકાન/દુકાન/ ઓફિસ ઔધોગિક માલિકસંચાલકને ભાડુઆતનો એકમના સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું
૧	૨	૩	૪	૫	૬

-: જાહેરનામાનો સમયગાળો:-

આ હુકમ તા. ૧૯-૦૭-૨૦૨૫ થી તા.૧૬-૦૯-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

જે કોઈ સંસ્થા, એસોસીએશન અથવા એજન્સી આ પ્રકારના કર્મચારી/કારીગરો/મજુરોની માહિતી એકત્ર કરવા માંગતા હોય તેમને સબંધીત એકમો તથા કામ કરતા કર્મચારીઓએ પુરતો સાથ સહકાર આપવો. તેમજ પુરેપુરી માહિતી આપવી.જે કોઈ આવી માહિતી આપવા ઈન્કાર કરે, અથવા અધુરી માહિતી આપે, કે માહિતી આપવામાં વિલંબ કરે તો પણ આ જાહેરનામા અંતર્ગત ભંગ થયેલો ગણાશે. તેમજ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે નવસારી જિલ્લા વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિકારીશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીના હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે બી.એન.એસ.કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ-૧૧૭ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

-:: અપવાદ ::-

સરકારી કચેરીઓ, અર્ધસરકારી કચેરીઓ, ચૂંટાયેલી સંસ્થાઓને ઉપર મુજબનો હુકમ લાગુ પડશે નહિં.

આજ તારીખ ૧૮/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો મહોર લગાડી હુકમ બહાર પાડ્યો.

જાહેરનામું

-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૭(૩) અન્વયે :-

નં.એમએજી/જી.પી.એ./કા.વ્ય./હુકમ/વશી. ૬૩૬૪ થી ૬૪૦૩ /૨૦૨૫.-હાલ ગુજરાત રાજયમાં ઠેર ઠેર ગેરકાયદેસર મંડળી રચી ધરણા/ઉપવાસ પર બિન પરવાનગીથી બેસવાની ઘટનાઓ વારંવાર બનવા પામેલ છે. નવસારી જિલ્લામા પણ નાગરીકો પોતાની માંગણી, રજુઆત તરફ ધ્યાન ખેંચવા માટે અથવા તો ચોકકસ ઈરાદાથી જિલ્લા સેવા સદનના પ્રાંગણ અને પ્રાંગણને અડીને પસાર થતા સંકળાયેલ મુખ્ય રોડ ઉપર પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ભુખ હડતાલનું ઓચિંતું અને મનસ્વી આયોજન કરી આ કચેરીમાં તેમજ જાહેરમાર્ગ પર બાધા સર્જે છે.જેના પરિણામે કચેરીમાં આવતા અરજદારો અને સામાન્ય જનતા માટે દુવિધા સર્જાય છે. જેથી નવસારી જિલ્લામા જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઈ રહે તે હેતુસર સાવચેતીના ભાગરૂપે આગોતરા પગલાં ભરી, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ નીચે હુકમ કરવો આવશ્યક અને ઉચિત જણાય છે.

વાસ્તે, હું યોગરાજસિંહ બી.ઝાલા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લો-નવસારી, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી ઉપલબ્ધ જોગવાઈઓ અન્વયે મને મળેલ સત્તાની રૂએ તા.૨૧/૦૭/૨૦૨૫ ના કલાક ૦૦:૦૦ થી તા.૦૪/૦૮/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ (બંને દિવસો સહિત) સુધી કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીની કચેરી,નવસારી, જિલ્લાની તમામ પ્રાંત કચેરીઓ તથા નવસારી જિલ્લા પંચાયત, પોલીસ અધિક્ષકશ્રી,નવસારીની કચેરી તથા તાલુકા ખાતે આવેલ તાલુકા મામલતદારશ્રીની કચેરી, તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરી, જીલ્લાની તમામ મહાનગરપાલિકા તેમજ નગરપાલિકા તથા પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડ તેમજ કમ્પાઉન્ડ બહારની ૨૦૦ મીટરની ત્રિજયાના હદ વિસ્તારમાં પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ધરણા/ભુખ હડતાલ ઉપર બેસવા કે ચાર કરતા વધુ માણસોએ એકત્રિત થવા કે સભા/સરઘસ જેવા કૃત્યો કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ :

આ હુકમ જે વ્યકિત સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહિ.

શિક્ષા :-

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ સજાને પાત્ર થશે. નવસારી જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે

આજ તા. ૨૧/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણે લીધા :-

(૧) રાજય સરકારશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃવિ.૧/કઅવ/૧૦૨૦૨૧/૧૪૧૧ તા.૨૯/૦૮/૨૨

(૨) સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, નવસારીના પત્ર ક્રમાક:-નં.એમએજી/ગણેશ પ્રતિમા/ઉચાઈ/૨જુઆત/વશી/૨૦૨૫ તા. ૨૯/૦૫/૨૦૨૫

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૪ની કલમ ૧૬૩ અન્વયેનો

નં.ડીસીબી/એમએજી/મૂર્તિ/જા. નામુ/વશી.૬૬૧૫થી ૬૬૫૪/૨૦૨૫.-નવસારી જિલ્લામાં દર વર્ષે ઉજવવામાં આવતા ધાર્મિક તહેવારોની ઉજવણી દરમ્યાન જુદા-જુદા દેવી "ઓની મુર્તિઓની સ્થાપના કરવામાં આવે છે, અને સ્થાપના બાદ ધાર્મિક રીતિ રિવાજ મુજબ પ્રસંગ વિત્યા બાદ મૂર્તિઓને નદી, તળાવ તથા દરિયાનાં પાણીમાં વિસર્જન કરવામાં આવે છે. દેવી / દેવતાઓની મૂર્તિઓની બનાવટમાં કેમીકલ યુકત રંગોનો ઉપયોગ થાય છે. આવી મૂર્તિઓને નદી, તળાવ તથા દરિયામાં વિસર્જન કરવામાં આવે છે. આ મૂર્તિઓ પાણીમાં ભળવાથી પાણીમાં રહેતાં જળચર જીવો, માછલીઓ વિગેરેનું મૃત્યુ થાય છે. જેના કારણે પાણી તથા પર્યાવરણને નુકશાન થાય છે.

